# હજરત મહંમદ અને ઈસ્લામ

હિંદુસ્તાનીમાં મૂળલેખક
પંડિત સુંદરલાલ

# હજરત મહંમદ અને ઇસ્લામ

હિંદુસ્તાનીમાં મૂળ લેખક

પંડિત સુંદરલાલ

નવજીવન પ્રકાશન મંદિર
ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૩૮૦ ૦૧૪

વીસ રૂપિયા

© નવજીવન ટ્રસ્ટ, ૧૯૪૫

પહેલી આવૃત્તિ, પ્રત ૨,૦૦૦, ૧૯૪૫
દસમું પુનર્મુદ્રણ, પ્રત ૩,૦૦૦, ઑક્ટોબર ૨૦૦૫
કુલ પ્રત : ૨૨,૦૦૦

ISBN 81-7229-124-8 (set)

પ્રકાશક
નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ
અને
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ વતી
જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ
વ્યવસ્થાપક ટ્રસ્ટી
નવજીવન ટ્રસ્ટ, અમદાવાદ-૩૮૦ ૦૧૪

મુદ્રક
જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૩૮૦ ૦૧૪

# પ્રયોજકનું નિવેદન

'ધર્મને સમજો' પુસ્તક સંપુટ નવજીવન અને ગૂજરાત વિદ્યાપીઠ તરફથી સંયુક્ત રીતે પ્રકાશિત થાય છે. નવજીવન અને ગૂજરાત વિદ્યાપીઠ તરફથી અત્યાર સુધીમાં સર્વધર્મસમભાવને ધ્યાનમાં રાખી કરવામાં આવેલાં, સામાન્ય વાચકને રસ પડે તેવાં પ્રકાશનો આ સંપુટમાં સમાવી લીધાં છે. જગતના મુખ્ય મુખ્ય ધર્મો તથા તેના સ્થાપકોનો પરિચય વાચકને આ સંપુટમાંનાં પ્રકાશનોમાંથી મળી રહેશે.

ગૂજરાત વિદ્યાપીઠના ધ્યેયોમાં બધા પ્રચલિત ધર્મોને વિશે સંપૂર્ણ આદર રાખવાનું અને વિદ્યાર્થીઓના આત્મવિકાસને અર્થે ધર્મનું જ્ઞાન અહિંસા અને સત્યને દષ્ટિમાં રાખીને આપવાનું ગાંધીજીના સીધા માર્ગદર્શન હેઠળ નક્કી કરવામાં આવેલું છે. તે મુજબ ગૂજરાત વિદ્યાપીઠના પૂર્વ-સ્નાતક મહાવિદ્યાલયોમાં બધા ધર્મોના શિક્ષણનો અભ્યાસક્રમ આધાર પાઠ્યક્રમ તરીકે અનિવાર્ય છે. અન્ય યુનિવર્સિટીઓમાં પણ પ્રથમ વર્ષના અભ્યાસક્રમમાં જગતના ધર્મોનો વૈકલ્પિક પાઠ્યક્રમ પ્રચલિત છે.

નવજીવન ટ્રસ્ટના દસ્તાવેજમાં તેના ઉદ્દેશોની પૂર્તિસાર જે જે પ્રવૃત્તિઓ કરવાનું સૂચવેલું છે તેમાં હિંદમાં વસેલી બધી જુદી જુદી કોમો વચ્ચે એક્યનો પ્રચાર કરવાનું સૂચવવામાં આવ્યું છે. એ હેતુ માટે નવજીવને ગૂજરાત વિદ્યાપીઠમાં પ્રસ્થાપિત કરેલા અનામત કોશમાંથી સહાય મળવાને પરિણામે આ પુસ્તક સંપુટ સામાન્ય વાચકને પરવડી શકે તેવી રાહતદરની કિંમતે આપવાનું શક્ય બન્યું છે.

ગાંધીજી પ્રસ્થાપિત બંને સંસ્થાઓની બધા ધર્મોની સાચી સમજણ ફેલાવવાની જવાબદારી છે. વળી ઉચ્ચશિક્ષણમાં હવે મૂલ્યશિક્ષણ તથા તુલનાત્મક ધર્મોના શિક્ષણનું મહત્ત્વ સ્વીકારાતું જાય છે. કેન્દ્ર સરકારના માનવસંસાધન મંત્રાલયે તથા યોજના પંચે તેમ જ વિશ્વવિદ્યાલય અનુદાન આયોગે આ પ્રકારના નૈતિક મૂલ્યોની કેળવણી કરતા શિક્ષણને પ્રોત્સાહન આપવાનું નક્કી કર્યું છે. આને અનુલક્ષીને આ પુસ્તક-સંપુટ ઉચ્ચશિક્ષણમાં કાર્ય કરતા સહુ કોઈને ઉપયોગી થશે એવી આશા છે.

'ધર્મને સમજો'ના આ પુસ્તક-સંપુટ મારફત ગાંધીજીનો સર્વધર્મ-સમભાવનો સંદેશો સર્વત્ર વસતા ગુજરાતી કુટુંબોમાં પ્રસરશે એવી આશા છે.

અમ્ર લખે છે — મેં પેગંબરને પૂછ્યું, "ઇસ્લામ શી ચીજ છે?" તેમણે જવાબ આપ્યો, "વાણી પવિત્ર રાખવી અને અતિથિનો સત્કાર કરવો." મેં પૂછ્યું, "ઈમાન શી વસ્તુ છે?" તેમણે કહ્યું, "ધીરજ ધરવી અને બીજાઓનું ભલું કરવું." — **અહમદ**

# પ્રસ્તાવના

સદ્‌ગત મુરબ્બી ઈમામસાહેબ અબદુલ કાદર બાવઝીરે મારાં રામ, કૃષ્ણ, ઈશુ વગેરેનાં ચરિત્રો વાંચીને તે જ પ્રમાણે પેગંબર મહંમદનું ચરિત્ર લખવા મને પ્રેરણા કરેલી. પણ તે વખતે મારું તેમને વિશેનું વાચન બહુ ઓછું હતું. તેથી મારી તેમ કરવા હિંમત નહોતી. પણ ઈસ્લામ અને તેના સ્થાપક વિશેનું જ્ઞાન વધારવા મારી ઈચ્છા રહેતી. છતાં, તે વિશે હું સ્વતંત્ર રીતે લખી શકું એટલું જ્ઞાન હું હજુ સુધી વધારી શક્યો નથી.

દરમ્યાનમાં '૪૨ની લડતમાં જેલમાં પં. સુંદરલાલનું हज़रत मुहम्मद और इस्लाम મારા વાંચવામાં આવ્યું. અને મને થયું કે હું સ્વતંત્ર પુસ્તક તો લખી શકવાનો જ નથી, અને આ એટલું સરસ છે કે એ જ જો ગુજરાતીમાં આપી દીધું હોય તો મારે લખવાપણું પણ નહીં રહે અને બીજાની ડાળ પર મારી કલમ બાંધી, હું ઈમામસાહેબની આશા પૂરી કરી શકીશ. એ વિચારે મેં એ પુસ્તકનું ભાષાંતર કરી નાખ્યું. પણ "સર્વ કર્મો તણી સિદ્ધિ થાય જે પાંચ કારણે" તે પૈકી "દૈવ ત્યાં પાંચમું" ન ભળ્યું, તેથી એ પ્રયત્ન એળે ગયો. મારો હસ્તલેખ સરકારી દફતરોમાં ક્યાંક ખોવાઈ ગયો, અને શોધ કરતાંયે હાથ લાગતો નથી એમ સરકારી અધિકારીએ ખેદપૂર્વક જણાવ્યું.

દરમ્યાનમાં એ ખોવાઈ ગયો છે એ ખબર મળ્યા પહેલાં જ મેં પં. સુંદરલાલજીને ભાષાંતર માટે પરવાનગી આપવા વિનંતી કરી દીધી હતી. તે તેમણે તુરત જ આપી. પછી તો આ સમાચાર મળ્યા, એટલે મેં મારી અશક્તિ જણાવી દીધી. અને કોઈ બીજા પાસે તે ભાષાંતર કરાવી લેવા નવજીવનને ભલામણ કરી. પણ પં. સુંદરલાલે મને જતો કરવા નિષ્ઠુર થઈને ઇનકાર કર્યો, અને મારું નામ પુસ્તક સાથે છપાય

એવો આગ્રહ કર્યો. પરિણામે, જે ભાઈએ પરિશ્રમપૂર્વક આ અનુવાદ તૈયાર કર્યો, તે મારે ફરીથી તપાસી જઈ મારી મહોર મારી આપવાનું માથે આવ્યું.

આ અનુવાદ હું તપાસી ગયો છું. મૂળ સાથે બરાબર મેળવી જોયો છે. મારો અનુવાદ આના કરતાં સારો ન નીવડત. બેચાર ઠેકાણે મેં સુધારા કર્યા હોય તો તે ભાષાંતર ખોટું હોવાને કારણે નહીં, પણ એકાદ વધારે સારો શબ્દ કે રચના કરવાની દૃષ્ટિએ. અનુવાદક અજ્ઞાત રહેવા ઈચ્છે છે તેથી જ એમનું નામ મૂકી શકાયું નથી.

પં. સુંદરલાલના આ પુસ્તકનાં વખાણ કરવાની જરૂર નથી. વાચક પોતે જ એની કદર કરશે. ઈસ્લામ અને ઈસ્લામના સ્થાપક વિશે કેવળ અજ્ઞાનને કારણે જ ખોટા ખ્યાલો વસે છે તે દૂર કરવામાં આ પુસ્તક મદદરૂપ થશે. ખુદ મુસલમાનોને પણ આ પુસ્તક પોતાના પેગંબરને અને તેમના સિદ્ધાંતોને નજર આગળ ખડા કરવામાં મદદગાર થશે. અને મારી સાથે વાચક પણ પંડિતજીનો પુસ્તક લખવા તથા ભાષાંતરની પરવાનગી આપવા માટે આભાર માનશે.

**સેવાગ્રામ** — **કિશોરલાલ ઘ૦ મશરૂવાળા**

**તા. ૧૬–૧૦–’૪૫**

# અનુક્રમણિકા


પ્રસ્તાવના  કિશોરલાલ ઘ૦ મશરૂવાળા  ૨

૧. આરબોનો દેશ  ૩

૨. આરબોની રહેણીકરણી  ૪

૩. આરબોનો ધર્મ  ૧૦

૪. પરદેશીઓનું રાજ્ય  ૧૯

૫. મહંમદસાહેબનો જન્મ  ૨૧

૬. પહેલાં પચીસ વર્ષ  ૨૨

૭. વિવાહ  ૨૭

૮. અલ-આમીન  ૨૮

૯. એકાન્તવાસ  ૩૧

૧૦. ઈશ્વરનો અવાજ  ૩૩

૧૧. મિશનની શરૂઆત  ૩૭

૧૨. મુસીબતોનાં તેર વરસ  ૩૭

૧૩. મદીનામાં રાજા તરીકે  ૫૫

૧૪. ઈસ્લામના પ્રચારની રીત  ૬૧

૧૫. મદીના પર કુરેશીઓના હુમલા  ૬૬

૧૬. ઈસ્લામના કેટલાક ઉપદેશકો  ૭૨

૧૭. દેશદ્રોહની શિક્ષા  ૭૯

૧૮. મક્કાની પહેલી યાત્રા  ૮૪

૧૯. હદેબિયાની સુલેહ  ૮૬

૨૦. મક્કાની બીજી યાત્રા  ૮૭

૨૧. યહૂદીઓ અને મુસલમાનો વચ્ચે મેળ  ૮૯

૨૨. રોમનો સાથે લડાઈ અને જીત  ૯૦

૨૩. મક્કાની જીત  ૯૫

૨૪. 'તઈ' કબીલાનું મુસલમાન થવું ૧૦૩
૨૫. મક્કાની છેલ્લી યાત્રા ૧૦૫
૨૬. ઈસ્લામી રાજ્ય ૧૦૮
૨૭. પેગંબરનાં લગ્નો ૧૧૦
૨૮. અંતિમ દિવસો ૧૧૭
૨૯. પેગંબરનું અંગત જીવન ૧૨૪
૩૦. ઈસ્લામ ધર્મનો સાર ૧૨૮
૩૧. ઉપદેશ અને પ્રાર્થનાઓ ૧૩૪
૩૨. યુરોપિયનોના કેટલાક અભિપ્રાયો ૧૪૯

# હજરત મહંમદ અને ઇસ્લામ

# ૧
# આરબોનો દેશ

હજરત મહંમદનો જન્મ અરબસ્તાનમાં થયો હતો.

અરબસ્તાન હિન્દુસ્તાનની પશ્ચિમે એશિયા ખંડના નૈઋર્ત્ય ખૂણામાં આવેલો છે. તેની ત્રણ બાજુએ પાણી છે. પૂર્વમાં ફિરાત નદી અને તેની પછી ઈરાનનો અખાત, દક્ષિણમાં હિંદી મહાસાગર અને પશ્ચિમે લાલ સમુદ્ર છે. ઉત્તરે થોડા ભાગમાં ભૂમધ્ય સમુદ્ર અને તેની પછી સીરિયા દેશ આવેલો છે, જેની સરહદ તુર્કી સાથે મળેલી છે. લાલ સમુદ્ર અરબસ્તાનને આફ્રિકાના પુરાણા દેશો મિસર અને ઈથિયોપિયા-(ઍબિસીનિયા)થી જુદો પાડે છે અને ઈરાનનો અખાત તેને ઈરાનથી જુદો પાડે છે. મુંબઈ અને કરાંચીનાં બંદરોથી અરબસ્તાન એક હજાર માઈલ કરતાં ઓછા અંતરે છે. અરબસ્તાનનું મુખ્ય બંદર એડન, જેને યુરોપથી આવનારાઓ માટે હિંદી મહાસાગરનું દ્વાર કહી શકાય તે અંગ્રેજોના કબજામાં છે.

અરબસ્તાનની લંબાઈ – ઉત્તરથી દક્ષિણ લગભગ ૧૫૦૦ માઈલ અને પહોળાઈ – પૂર્વથી પશ્ચિમ એથી લગભગ અરધી છે. ક્ષેત્રફળ હિંદુ-સ્તાનના અરધા કરતાં કંઈક વધારે છે પણ વસ્તી માંડ હિંદુસ્તાન કરતાં પચાસમા ભાગની છે.

અરબસ્તાનનો મોટો ભાગ, ખાસ કરીને વચ્ચેનો, એક બહુ મોટું રણ છે. તેમાં કેટલેક ઠેકાણે સેંકડો માઈલો સુધી પાણી કે લીલોતરીનું નામનિશાન સુધ્ધાં જણાતું નથી. વચ્ચે વચ્ચે ક્યાંક ક્યાંક, ખાસ કરીને કિનારાઓની આસપાસ ઊંચી ટેકરીઓ અને લીલીછમ ખીણો છે. તેમાં કોઈ કોઈ જગ્યાએ જાતજાતનાં અનાજ અને બુંદદાણા ઉપરાંત સફરજન અને નાસપાતી, અંજીર અને બદામ, દાડમ અને દ્રાક્ષ જેવાં ફળ પણ

ઊંચી જાતનાં અને મોટા પ્રમાણમાં થાય છે. પણ અરબસ્તાનનો ખાસ મેવો ખજૂર છે. જેટલી જાતનું ખજૂર ત્યાં થાય છે તેટલી જાતનું દુનિયામાં બીજે કોઈ ઠેકાણે થતું નથી. ત્યાંનાં ખાસ જાનવરો ઊંટ, ઘોડા અને ગધેડાં છે. અરબસ્તાનના જેવા તેજ અને ઉમદા ઘોડા દુનિયામાં બીજે ક્યાંય થતા નથી અને ત્યાંનાં ગધેડાં પણ દેખાવડાં, ઊંચાં અને તેજ ચાલનાં હોય છે.

યુરોપ અને બીજા દેશોમાંથી આવનારા લોકો અરબસ્તાનની આબોહવાનાં હોંશભેર વખાણ કરે છે. તે એટલે સુધી કે યુરોપના સૌથી ઊંચા આલ્પ્સ પર્વતનો રહેનાર સ્પ્રેંગર નામનો એક વિદ્વાન લખે છે કે, આલ્પ્સ કે હિમાલય બંનેમાંથી એકેની આબોહવા અરબસ્તાનના રણ જેટલી શક્તિ- અને પ્રાણ- દાયક નથી.[1]

એમ કહેવાય છે કે સિકંદરે અરબસ્તાનની આબોહવાથી ખુશ થઈને હિંદુસ્તાનથી પાછા ફરતાં અરબસ્તાન જીતી લેવાનો અને ત્યાં જ પોતાની રાજધાની સ્થાપવાનો ઈરાદો કર્યો હતો, પરંતુ મૃત્યુએ તેને ત્યાં સુધી પહોંચવા ન દીધો.[2]

## ૨
## આરબોની રહેણીકરણી

મહંમદસાહેબના જીવન અને તેમનાં કાર્યોનું વર્ણન કરતાં પહેલાં તેમના જન્મ પહેલાંના સમયની આરબોની સ્થિતિ અને રહેણીકરણી પર એક દૃષ્ટિ નાખી લેવી જરૂરી છે.

મહંમદસાહેબના સમય પહેલાં આખા અરબસ્તાન પર કોઈ એક રાજાની હકૂમત કદી રહી હોય એમ જણાતું નથી.

અનેક નાનીમોટી રાજસત્તાઓ દેશના જુદા જુદા ભાગોમાં

---

૧. *Mohammad and Mohammadanism*, by R. Bosworth Smith, p. 87.

૨. Sale's *Preliminary Discourse*, p. 2.

કોઈ કોઈ વાર સ્થપાતી અને ઈસ્વી સનની છઠ્ઠી સદીમાં પણ મોજૂદ હતી. એમાંની કેટલીક રાજગાદીઓ અનેક સદીઓ સુધી રહી. તેમાંથી કેટલીક તદ્દન સ્વતંત્ર હતી અને કેટલીક પાસેના કોઈ વિદેશી રાજ્યને અધીન હતી. પરંતુ આખું અરબસ્તાન છઠ્ઠી સદી પહેલાં ક્યારેય કોઈ એક દેશી કે વિદેશી સત્તાના કબજામાં આવ્યું નહોતું. એટલે છઠ્ઠી સદી પહેલાંના અરબસ્તાનને રાજકીય દૃષ્ટિએ એક રાજ્ય કે એક પ્રજા કહેવાય એમ નહોતું.

અરબસ્તાન અને ખાસ કરીને હેજાઝ નામનો તેનો મધ્ય ભાગ જેમાં મક્કા અને મદીના શહેરો આવેલાં છે અને જે સૈકાઓથી કોઈ એક રાજા કે હાકેમના તાબામાં રહ્યો ન હતો, તે મહંમદ સાહેબના સમય સુધી સેંકડો કબીલાઓમાં[1] વહેંચાયેલો હતો. એક એક કબીલાની કેટલીય શાખાઓ અને તેમાં કોઈ કોઈ વાર સેંકડો કુળો અને કેટલાંય હજાર પુરુષો, સ્ત્રીઓ અને બાળકો મળીને એક બહુ મોટા કુટુંબની પેઠે રહેતાં હતાં. દરેક કુટુંબનાં બધાં સ્ત્રીપુરુષો પરસ્પર પ્રેમ અને ભાઈચારાને તાંતણે બંધાયેલાં રહેતાં. એકબીજાનો બચાવ કરવો એને સૌ પોતાની ફરજ સમજતા. એકબીજા માટે મોટામાં મોટો ભોગ આપવો એમાં તેઓ પોતાનું ગૌરવ માનતા. કબીલામાં સૌની વસ્તુઓ ખુલ્લી પડી રહેતી અને કદી ચોરી થતી નહીં. કબીલામાંની કોઈ એક વ્યક્તિના અપમાનને આખા કબીલાનું અપમાન માનવામાં આવતું. કબીલાની પ્રતિષ્ઠાનો ખ્યાલ આ લોકોમાં એટલો તીવ્ર હતો કે તેમની અંદર અંદરની બધી લડાઈઓ કે તેમની સુલેહશાંતિમાં આ જ ખ્યાલ મોટો ભાગ ભજવતો.

દરેક કબીલાનો એક સરદાર હતો. તેને શેખ કહેતા. કબીલાનાં સર્વ કુટુંબોના આગેવાનોના મતથી શેખની ચૂંટણી થતી. આ શેખ જ પોતાના કબીલાનો હાકેમ, કબીલાના નવયુવાનોનો સેનાપતિ અને ધર્મની બાબતોમાં આખા કબીલાનો ગુરુ અને પુરોહિત હતો.

---

૧. કબીલો = ટોળી, જેમાં બધાં માણસો નજીકનાં કે દૂરનાં સગાં હોય.
—અનુવાદક

દરેક કબીલામાં પરસ્પર પ્રેમ, કબીલાની પ્રતિષ્ઠાનો ખ્યાલ, સરદારની આજ્ઞાનું પાલન વગેરે સદ્ગુણો ખીલેલા હતા. બહારના લોકોને અથવા બીજા કબીલાવાળાઓને પણ આપેલું વચન પાળવું, મહેમાનની પરોણાગત કરવી તથા જેની બાંય પકડી તેને છેવટ સુધી સાથ આપવો — એ માટે આરબો હંમેશાં પ્રખ્યાત હતા. જુદા જુદા કબીલાના લોકોની રહેણીકરણી, તેમના રીતરિવાજ, તેમની ભાષા અને તેમના ધર્મ વિશેના ખ્યાલો પણ એકબીજાને ઘણા મળતા આવતા હતા. પરંતુ આ બધા કબીલા ન તો કોઈ એક સૂત્રથી બંધાયેલા હતા કે ન તો આ બધાનો કોઈ એક રાજા હતો.

એટલું જ નહીં પણ આખા હેજાઝમાં અને કેટલેક અંશે આખા અરબસ્તાનમાં આ અગણિત કબીલાઓ વચ્ચે વારંવાર લડાઈઓ થતી રહેતી. આ લડાઈઓનું એક કારણ એ હતું કે દરેક કબીલાને પોતાના કુળની મોટાઈનું બેહદ ગુમાન રહેતું, અને જો કોઈ કબીલાનો માણસ બીજા કબીલાના કોઈ માણસ આગળ પોતાના કુળની મોટાઈનું વર્ણન કરે અને બીજાથી તે સહન ન થાય, તો બંને તરફથી તલવારો ખેંચાતી. આને મળતું બીજું કારણ એ હતું કે એક કબીલાના કોઈ માણસે બીજા કબીલાના કોઈ માણસનું અપમાન કે ખૂન કર્યું હોય – અને આ તો રોજની વાત હતી – તો આખા કબીલા તરફથી વેરનો બદલો અને બદલાનો બદલો એમ કેટલીય પેઢીઓ અને કયારેક કેટલાક સૈકા સુધી ચાલ્યા કરતું, અને તેમાં બંને પક્ષના સેંકડોના જીવ જતા.

એ જમાનાના આરબો માનતા કે જે માણસનું ખૂન થયું હોય તેનો આત્મા એક પક્ષી બનીને તેની કબર આસપાસ વરસો સુધી ફર્યા કરે છે, અને 'ઓસ્કૂની, ઓસ્કૂની' ('મને પીવા આપો, મને પીવા આપો') એમ બોલ્યા કરે છે, અને જયાં સુધી તેના ખૂન કરનારનું લોહી તેને પીવા ન મળે અને ખૂનનો બદલો ન લેવામાં આવે ત્યાં સુધી તે આ રીતે કિકિયારી માર્યા જ કરે છે. આથી જ પોતાના કબીલાના કોઈ માણસ અથવા પૂર્વજના ખૂનનો બદલો લેવો, તેને દરેક આરબ પોતાનો ધર્મ માનતો.

આ આપસની લડાઈઓમાં જે પુરુષો, સ્ત્રીઓ કે બાળકોને કેદ પકડવામાં આવતાં તેમને ગુલામોની પેઠે રાખવામાં આવતાં. ગુલામો પ્રત્યે આ લોકોનું વર્તન બહુ જ ખરાબ હતું. તેમને જાનવરોની પેઠે બજારમાં વેચવામાં આવતાં. કોઈ ગુલામને મારી નાખવામાં આવે તો તેને માટે ક્યાંય કશી સજા નહોતી. ગુલામ સ્ત્રીઓને ઘણુંખરું ગાવા-નાચવાનું શીખવવામાં આવતું અને પછી તેમના પ્રત્યે વેશ્યાઓ જેવું વર્તન રાખવામાં આવતું. કોઈ કોઈ વાર તો તેમનો માલિક તેમની પાસે તેવો ધંધો કરાવીને પૈસા કમાતો.

આવી સ્થિતિમાં જુદા જુદા કબીલાઓમાં પરસ્પર પ્રેમ, મેળ કે એકતાની આશા રાખવી એ બહુ મુશ્કેલ હતું.

તે સમયના આરબોનું સ્ત્રીઓ પ્રત્યેનું વર્તન બહુ ખરાબ હતું. જૂના જમાનાના રજપૂતોની પેઠે તે સમયના આરબો કોઈને પોતાનો જમાઈ માનવો કે દીકરીના બાપ હોવું, તેને બહુ શરમની વાત માનતા. છોકરીઓને જીવતી દાટી દેવાનો રિવાજ બહુ સાધારણ હતો. ક્યાંક ક્યાંક તો સ્ત્રીને બાળક અવતરવાનું હોય ત્યારે ત્યાં જ તેની પાસે એક ખાડો ખોદી રાખવામાં આવતો. પુત્ર જન્મે તો તે ખાડો માટીથી પૂરી દેવામાં આવતો, અને છોકરી આવે તો તેને તે ખાડામાં નાખીને ઉપરથી માટી પૂરી દેવામાં આવતી. કોઈ કોઈ જગ્યાએ છોકરી પાંચ વરસની થાય ત્યારે તેનો બાપ એક દિવસ તેની મા પાસે જઈને કહેતો – 'દીકરીને નવાં નવાં કપડાં પહેરાવીને અત્તર-તેલ લગાવો એટલે હું તેને તેની માતાઓ પાસે (મોસાળ) પહોંચાડી આવું.' પછી તે છોકરીને વસ્તીની બહાર એક ખાડા પાસે લઈ જતો. છોકરીને ખાડાની પાળ પર ઊભી રાખીને તેને નીચે જોવા કહેતો અને પછી તેને ઓચિંતો ધક્કો મારીને ખાડામાં ધકેલી પાડતો અને પોતાને હાથે માટી પૂરી દેતો. આરબોમાં તે દિવસોમાં એક કહેવત પ્રખ્યાત હતી : 'સૌથી સારો જમાઈ કબર છે.'

આ રિવાજની કઠોરતા કદી કદી આરબોના દિલમાં પણ ખૂંચતી એમ જણાય છે. એમ કહેવાય છે કે ઉસ્માન નામના એક આરબની આંખમાંથી જિંદગીમાં કેવળ એક જ વાર આંસુ ટપકતાં જણાયાં હતાં :

તે જયારે પોતાની ભલીભોળી દીકરીને જીવતી દાટવા લઈ ગયો હતો, અને ખાડો ખોદતાં બાપાની દાઢીમાં ઊડેલી ધૂળ જોઈને તે સાફ કરવા દીકરીએ પોતાના નાનકડા નાજુક હાથ લંબાવ્યા હતા ત્યારે.

માબાપની મિલકતમાં છોકરીઓને કંઈ ભાગ મળતો નહીં, એટલું જ નહીં પણ જયારે કોઈ માણસ મરણ પામતો ત્યારે તેની બીજી બધી મિલકત સાથે તેની સ્ત્રીઓને પણ તેના વારસની મિલકત ગણવામાં આવતી. આ બૂરા રિવાજને કારણે આરબોમાં તે સમયે ઓરમાન મા સાથે લગ્ન કરવાનો રિવાજ હતો. એક પુરુષને એકીસાથે કેટલીયે પત્નીઓ અને એક સ્ત્રીને એકીસાથે કેટલાયે પતિ, એમ બંને રિવાજો હતા. અને પતિ કે પત્નીની સંખ્યાની બાબતમાં કશો પ્રતિબંધ નહોતો. લગ્નના જાતજાતના રિવાજ હતા. લગ્નબંધન એ ધર્મનું બંધન નહોતું મનાતું. પુરુષ ઈચ્છે ત્યારે પોતાની સ્ત્રીને તલાક (છૂટાછેડા) આપી શકતો અથવા તજી શકતો હતો. આ પ્રમાણે તજાયેલી સ્ત્રી કોઈ બીજા સાથે લગ્ન કરી શકતી. ઉમ્મ ખરીજા નામની એક સ્ત્રીનો ઉલ્લેખ તે સમયમાં મળે છે. તેણે એક પછી એક ચાળીસ પુરુષો સાથે લગ્ન કર્યું હતું. આડા વ્યવહારને તે લોકો અભિમાનની વસ્તુ માનતા અને પોતાના દુરાચારોની કશી શરમ વિના ખુલ્લેખુલ્લી શેખી કરતા.

ખજૂરીના ઝાડની અરબસ્તાનમાં ખોટ નહોતી. એટલે દારૂ પીવાનો રિવાજ એટલો વધી પડયો હતો કે ઘણી વાર લોકો બહુ દારૂ પીવાથી જ મરણ પામતા. દારૂની જોડે જુગાર હોય જ. કોઈ કોઈ આરબ જુગારમાં પોતાનું સર્વસ્વ હાર્યા પછી પોતાની જાતને પણ હોડમાં મૂકી દેતા અને હારી જતા તો જીતનારના સદાને માટે ગુલામ બની જતા.

મક્કા અને તેની આસપાસના કેટલાક કબીલા સેંકડો વરસથી વેપાર કરતા આવ્યા હતા અને તેનાથી જ પોતાનું ગુજરાન ચલાવતા હતા. મદીના અને બીજી કેટલીક જગ્યાના લોકો થોડીઘણી ખેતીવાડી પણ કરતા હતા. હેજાઝ બહારના પણ કેટલાક ભાગોમાં કયાંક કયાંક વેપાર કે ખેતીવાડી થતાં હતાં. પણ આરબોનો સામાન્ય ધંધો કેવળ ઊંટ, બકરાં અને ઘોડા વગેરે ચરાવવાનો હતો. બીજા કબીલાવાળાઓને અથવા રણમાંથી જતા વેપારી કાફલાઓને લૂંટી લેવા, તેને આ લોકો પોતાનો

હક માનતા. બેચાર શહેરો બાદ કરતાં બાકીના લગભગ આખા અરબસ્તાનના લોકો રબારીઓની પેઠે તંબૂઓમાં રહેતા. ઋતુઓના ફેરફારની સાથે સાથે અથવા પાણીની સગવડ જોઈને એ લોકો પોતાનાં રહેઠાણ બદલતા રહેતા. ખેતી કરીને એક જગ્યાએ ઠરીઠામ થઈને રહેવું કે વેપાર કરવો, એને તેઓ ખરાબ ગણતા. આ પ્રકારના જીવનમાં કોઈ જાતની કારીગરી કે ધંધો ખીલી જ ન શકે. પણ આ પ્રકારના જીવન અને રોજરોજની લડાઈઓને કારણે જ એ લોકો સામાન્ય રીતે બહુ બહાદુર અને પોતાના ઘોડાઓની પેઠે ચપળ હતા અને તેમની રહેણીકરણી બહુ સાદી હતી.

એમ જણાય છે કે શરૂઆતથી જ એમને એ વસ્તુ પણ સમજાઈ ગઈ હતી કે રોજરોજની લડાઈઓ અને લૂંટફાટ વચ્ચે થોડા દિવસ એવા પણ હોવા જોઈએ કે જ્યારે માંહોમાંહેની લડાઈઓ તેટલા સમય માટે બંધ કરીને નિર્ભય અને નિશ્ચિત થઈને એકબીજા સાથે હળીમળી શકાય. મહંમદસાહેબ પહેલાં ઘણા સમયથી વરસમાં ચાર મહિના તેને માટે રાખવામાં આવ્યા હતા. આ ચાર મહિનામાં બધા કબીલાઓના માંહોમાંહેના ઝઘડા, ખૂનનો બદલો અને લૂંટફાટ બિલકુલ બંધ રહેતાં. સામાન્ય રીતે બધા કબીલાઓના લોકો આ વસ્તુ ઇમાનદારીથી માનતા અને તે પ્રમાણે વર્તતા.

આ ચાર મહિના દરમિયાન જ અરબસ્તાનના સૌ લોકો મક્કા આવીને કાબાની યાત્રા કરતા. મહંમદસાહેબ પહેલાં હજારો વરસથી કાબા તમામ આરબોનું સૌથી મોટું મંદિર અને સૌથી મોટું તીર્થ મનાતું હતું. આ ચાર મહિનામાં જ 'ઉક્કાઝ' અને 'મુજન્ના'ના બે પ્રખ્યાત મેળા ભરાતા હતા. તેમાં સર્વે કબીલાઓના લોકો ભેગા થઈને ક્યાંક પોતપોતાના લડાઈના કેદીઓનો અદલોબદલો કરતા, ક્યાંક માલનું ખરીદ-વેચાણ કરતા, કોઈ જગ્યાએ પોતાના દેવતાઓની પૂજા કરતા, અને કોઈ ઠેકાણે નાનાંમોટાં કવિસંમેલન ભરતા. મહંમદસાહેબ પહેલાં આરબોમાં લખવાનો રિવાજ બહુ ઓછો હતો. છતાં કવિતા કરવાનો શરૂઆતથી જ તેમને બહુ શોખ હતો. દરેક કબીલામાં એવા કવિ કે શીઘ્રકવિ જાગતા, જેમની નાની નાની કવિતાઓ કે જોડકણાં

સેંકડો વરસો સુધી પેઢી-દર-પેઢી ઊતરી આવતાં. આવા આઝાદ અને લડકણા લોકોને માટે ચાર મહિના સુધી પોતાના દુશ્મનોને, પોતાના બાપ, દીકરા કે ભાઈના ખૂનીઓને, પોતાની આંખ સામે જતા જોવા અને પોતાના ગુસ્સાને કાબૂમાં રાખવો અને તે પણ જ્યારે કોઈ બીજું તેમને વેર વાળતાં રોકનાર કે સજા કરનાર ન હોય ત્યારે—એ વસ્તુ બતાવે છે કે આરબોમાં પોતાની જાતને કાબૂમાં રાખવાની અને વચન પાળવાની તાકાત હતી. પરંતુ તેની સાથે જ આ ચાર મહિનાની મનાઈ એ પણ બતાવે છે કે બાકીના આઠ મહિના કેવી સ્થિતિ રહેતી હશે. આ ચાર માસની મનાઈને કારણે બાકીના આઠ માસ સુધી લડાઈઓનો અને વેર લેવાનો અગ્નિ વધારે જોરથી ભભૂકી ઊઠતો હશે, એમાં શક નહીં.

## ૩
## આરબોનો ધર્મ

ધર્મની બાબતમાં પણ તે સમયના આરબોના સંસ્કાર અને વિચાર બહુ સંકુચિત હતા. જે ધર્મો દેશમાં ચાલતા હતા તેમણે દેશની હાલત વધારે બગાડી નાખી હતી. તેમાં ત્રણ ધર્મ મુખ્ય હતા—પુરાણો આરબ ધર્મ, યહૂદી ધર્મ અને ખ્રિસ્તી ધર્મ. ઈરાન અને ત્યાંના જરથોસ્તી ધર્મ સાથે પણ આરબોનો સેંકડો વરસથી સંબંધ હતો અને તેમના જીવન પર એ ધર્મની અનેક રીતે અસર પડેલી હતી. પરંતુ મોટા ભાગના આરબોએ કદી એ ધર્મને માન્યો નહોતો. કેટલાક 'સાબી' ધર્મ માનનારા પણ હતા; તેઓ એક પરમેશ્વરમાં માનતા છતાં તારાઓ વગેરેની પૂજા કરતા હતા.

જેમણે યહૂદી કે ખ્રિસ્તી ધર્મ અપનાવ્યો હતો એવા થોડા કબીલાઓ બાદ કરતાં બાકીના બધા આરબો પોતાના પુરાણા ધર્મને જ માનતા હતા. દુનિયાની બીજી જૂની પ્રજાઓ પેઠે તેઓ ઘણાં દેવ-દેવીઓને માનતા અને તેમની જ પૂજા કરતા.

દરેક કબીલાનો પોતાનો એક અલગ દેવ હતો. કોઈનો લાકડાનો, કોઈનો પથ્થરનો, કોઈનો પિત્તળનો, કોઈનો તાંબાનો અને કોઈનો ગૂંદેલા લોટનો. કોઈ દેવનું સ્વરૂપ પુરુષનું, કોઈનું સ્ત્રીનું; કોઈનું કોઈ જાનવરનું અને કોઈનું ઝાડનું હતું અને કોઈનું તો કશા ઘાટડોળ વગરનું હતું. બે કબીલાઓ વચ્ચે લડાઈ થતી તો તે તેમના દેવોની પણ લડાઈ મનાતી. અને કોઈ કોઈ વાર તેઓ માણસોની પેઠે બીજાના દેવોને પણ કેદ કરીને લઈ આવતા. દુનિયાની બીજી પુરાણી જાતિઓ જે રીતે દેવદેવીઓની પૂજા કરતી તે જ રીતે આખા અરબસ્તાનમાં પણ અગણિત દેવદેવીઓની પૂજા કરવામાં આવતી હતી. આ દેવદેવીઓ આગળ પશુનો ભોગ પણ આપવામાં આવતો. કોઈક દેવની આગળ મનુષ્યનો પણ ભોગ અપાતો. અને કોઈ તો પોતાના દીકરાને પોતાને હાથે વધેરીને પોતાના દેવને ચડાવતા. ઘણા દેવો એવા પણ હતા જેમને કેટલાયે કબીલા અથવા લગભગ બધા આરબો માનતા અને પૂજતા હતા. તેમાં સૌથી પ્રખ્યાત 'લાત', 'ઉઝ્ઝા' અને 'મનાત' નામની ત્રણ દેવીઓ હતી. એ ત્રણેનાં જુદાં જુદાં મંદિર હતાં. એ જાતનાં બીજાં પણ કેટલાંય દેવદેવીઓનાં નામો તે જમાનાનાં પુસ્તકોમાં મળે છે. કાબાની અંદર પણ વરસના ૩૬૦ દિવસનાં ૩૬૦ દેવદેવીઓ હતાં. તેમાં સૌથી મોટો 'હોબલ' નામનો એક દેવ હતો. આ દેવતાઓ ઉપરાંત પોતાના પ્રકાશ અને તેજથી દિવસે ગરમી આપનાર અને રાત્રે રસ્તો દેખાડનારા સૂર્ય, ચંદ્ર તથા કેટલાક તારાઓની પણ તેઓ પૂજા કરતા.

આ હજારો દેવદેવીઓ સિવાય સર્વના માલિક એક પરમાત્માના મંદિરનો ઉલ્લેખ ક્યાંય નથી મળતો. ઘણાખરા આરબોની કલ્પના આ દેવદેવીઓથી આગળ જઈ શકતી નહોતી. પરંતુ એમ પણ જણાઈ આવે છે કે તેઓમાં કેટલાક એવા લોકો પણ હતા જેઓ બધા દેવતાઓની ઉપર સર્વના માલિક એક પરમાત્માને પણ માનતા હતા. તેને તેઓ 'અલ્લાહ તાલા' કહેતા હતા; અને માનતા કે તે 'અલ્લાહ તાલા'ના હાથ નીચે જુદાં જુદાં દેવદેવીઓ દુનિયાનું બધું કામકાજ

ચલાવે છે અને પરલોકમાં અલ્લાહ તાલા પાસે પોતાને પૂજનારાઓની સિફારસ કરવાની શક્તિ ધરાવે છે.

કેટલાક આરબોમાં એવો પણ રિવાજ હતો: કોઈ માણસ મરી જાય ત્યારે તેની કબર પાસે એક સાંઢણી બાંધવામાં આવતી, અને દાણોપાણી આપ્યા વગર તેને ત્યાં જ મરવા દેવામાં આવતી, જેથી મરનારને પરલોકમાં સવારીની તકલીફ ન પડે. આ સાંઢણીને તેઓ 'બલિયહ' કહેતા.

ટૂંકમાં આ આરબોનો પુરાણો ધર્મ.

હવે બાકી રહ્યા યહૂદી અને ખ્રિસ્તી ધર્મ. એ બંને ધર્મો પણ મહંમદસાહેબથી સદીઓ પહેલાં અરબસ્તાનમાં પહોંચી ગયા હતા.

ઈસ્વી સનની પહેલી સદીમાં રોમના સમ્રાટ ટાઈટસે યહૂદીઓને પૅલેસ્ટાઈનમાંથી કાઢી મૂક્યા હતા. એ જ પ્રમાણે ત્રીજી સદીમાં ઘણા ખ્રિસ્તીઓને અંદર અંદરના ઝઘડાને કારણે સીરિયા અને બીજા દેશોમાંથી કાઢી મૂકવામાં આવ્યા હતા. અરબસ્તાનના લોકો આ બાબતમાં મોટા મનવાળા હતા. તેઓ પોતાને ત્યાં બધા ધર્મવાળાઓને ખુશીથી આવવા દેતા. હજારો યહૂદીઓ અને ખ્રિસ્તીઓ અરબસ્તાનમાં આવીને વસ્યા. એશિયાના આ બે ધર્મોનો જન્મ પણ અરબસ્તાનની ઉત્તરની સરહદ પર થયો હતો. અને તેથી બંને ધર્મો અરબસ્તાનમાં થોડાઘણા ફેલાયા પણ હતા. કેટલાક કબીલાઓએ યહૂદી ધર્મ અને કેટલાકે ખ્રિસ્તી ધર્મ સ્વીકાર્યો હતો. એમ પણ જણાય છે કે બીજા ધર્મોનાં દેવદેવીઓને પોતાનાં દેવદેવીઓમાં સામેલ કરી દેવાનો પણ આરબોમાં રિવાજ હતો. જે આરબોએ આ નવા ધર્મોમાંથી એકેને પૂરેપૂરી રીતે સ્વીકાર્યો નહોતો તેઓ પણ એ બંને ધર્મો પ્રત્યે ઘણી આત્મીયતા બતાવતા, હજરત ઈબ્રાહીમને યહૂદી અને ખ્રિસ્તી બંને પોતાના એક પેગંબર માનતા, અને ઘણા આરબો પણ તેમને પોતાના પૂર્વજ કહેતા તથા પોતાને હજરત ઈબ્રાહીમના દીકરા ઈસ્માઈલના વંશજ કહેતા. કાબામાં બીજી મૂર્તિઓની સાથે સાથે ઈબ્રાહીમ અને ઈસ્માઈલની મૂર્તિઓ પણ મૂકેલી હતી, અને તેમની પણ પૂજા થતી. ખ્રિસ્તીઓ ત્યાં ગયા પછી હજરત ઈશુની મા મરિયમની મૂર્તિ પણ કાબામાં મૂકવામાં આવી અને તેની પણ પૂજા થવા લાગી. પરંતુ યહૂદીઓ

તે સમયે એટલા ઘમંડી અને એટલા સાંકડા વિચારના હતા અને ખ્રિસ્તી ધર્મ એટલી પડતી દશાએ પહોંચી ચૂકયો હતો તથા તેની સાથે એ બંને ધર્મોમાં પરસ્પર દુશ્મનાવટ એટલી બધી વધી ગઈ હતી કે એ ધર્મોની અસર આરબોના જીવન પર સારી ન પડી શકી.

યહૂદીઓ કે ખ્રિસ્તીઓ બંનેમાંથી કોઈ એમ માનવાને તૈયાર નહોતા કે પોતાના પંથ કે જથ્થાથી બહારનો માણસ, ભલે તે અત્યંત સદાચારી હોય તોય, પોતાના મરણ પછી સદ્‌ગતિ પામી શકે.

યહૂદીઓ એક ઈશ્વર અને ઘણા પેગંબરોને માનતા તથા એઝરાને ખુદાનો પુત્ર માનતા. સ્પર્શાસ્પર્શ, ખાવાપીવાનો ભેદ, અને જુદા જુદા કાયદાઓની બાબતમાં દુનિયાના કોઈ ધર્મના રિવાજ આજકાલના હિંદુ રિવાજો સાથે મળતા આવતા હોય તો તે આ પુરાણા યહૂદી ધર્મના રિવાજો છે. બીજા બધા ધર્મના લોકોને તેઓ પોતા કરતાં નીચ અને અપવિત્ર માનતા, તેમની અડેલી કોઈ વસ્તુ ખાતા નહોતા, તેમનું અડકેલું પાણી પીતા નહોતા, તેમ જ તેમને પોતાને ત્યાં ખવડાવી-પિવડાવી કે આદરપૂર્વક બેસાડી શકતા નહોતા. આ જ યહૂદીઓની સૌથી મોટી વિશેષતા હતી. તેમનાં રીતરિવાજ અને પૂજાવિધિ બહુ ગૂંચવણભરેલાં હતાં. આ સિવાય તેમનામાં બીજી કોઈ વિશેષતા હોય તો તે એ હતી કે લેવડદેવડ અને વ્યાજખોરીથી પૈસા કમાવા, પૈસા ભેગા કરવા અને એવી કંજૂસાઈ કરવી કે જે પૈસા વિનાના પણ દિલદાર રણવાસી આરબોને કદી ગમતી નહીં.

ખ્રિસ્તી ધર્મ યહૂદી ધર્મ પછીનો હતો અને તે જમાનાની દૃષ્ટિએ વધારે ઠીક હતો. યહૂદીઓમાં ચાલતા નકામા અને અર્થહીન રૂઢિ-રિવાજોને અને વધતી જતી રૂઢિચુસ્તતાને અટકાવીને લોકોને એકબીજાની સેવા અને ભલાઈનાં કાર્યોમાં લગાડવા માટે આ ખ્રિસ્તી ધર્મ દુનિયામાં આવ્યો હતો. શરૂઆતમાં ખ્રિસ્તી ધર્મ યહૂદી ધર્મની જ એક શાખા ગણાતો અને તેનો ઉદ્દેશ યહૂદી ધર્મને સુધારવાનો હતો. પરંતુ મહંમદસાહેબના જન્મ સુધીમાં ખ્રિસ્તી ધર્મની જે દશા થઈ હતી તે તે સમયના યહૂદી ધર્મની દશા કરતાં કોઈ પણ રીતે ઓછી બૂરી નહોતી.

હજરત ઈશુ પછી થોડા જ સમયમાં ખ્રિસ્તીઓ એક પ્રકારની ત્રિપુટી(ટ્રિનિટી)ની પૂજા કરવા લાગ્યા હતા. આ ત્રિપુટીમાં સામાન્ય

રીતે બાપ (ઈશ્વર), દીકરો (ઈશુ) અને પવિત્ર આત્મા (જેની મારફત હજરત ઈશુની મા કુમારી મરિયમને ગર્ભ રહ્યો હતો એમ કહેવાય છે તે આત્મા), આ ત્રણને ગણવામાં આવતા. પણ કેટલાક લોકો ઈશ્વર, ઈશુ અને મરિયમની પણ ત્રિપુટી માનતા હતા. ખ્રિસ્તી ધર્મની જે શાખા (કૉલીરીડિયન્સ) અરબસ્તાનમાં વધારે ફેલાઈ હતી તે ઈશ્વર, મરિયમ અને ઈશુની જ ત્રિપુટી માનતી હતી.

ખ્રિસ્તી દેવળો ઈશુ, મરિયમ, સેંકડો સંતો, દૂતો અને શહીદોની મૂર્તિઓથી ભરેલાં રહેતાં. મરિયમની ઈશ્વરની મા તરીકે પૂજા કરવામાં આવતી. ઈશ્વર, ઈશુ અને મરિયમ ત્રણેને સરખાં માનવામાં આવતાં અને તેમની સાથે સાથે ઘણા ખ્રિસ્તી સંતોને પણ તેમની પેઠે જ સર્વવ્યાપક, સર્વજ્ઞ અને સર્વશક્તિમાન માનવામાં આવતા. આ બધાની મૂર્તિઓની માનતા માનવામાં આવતી અને તેમને પૂજા ચડાવવામાં આવતી. આ જ તે સમયના ખ્રિસ્તીઓની રોજની પૂજા હતી.

વહેમોની સ્થિતિ એ હતી કે, જેના પર મહાત્મા ઈશુને શૂળી દેવામાં આવી હતી એમ કહેવાતું હતું તે લાકડાનો ક્રૉસ જેરૂસલેમ શહેરમાં હજી સુધી બતાવવામાં આવતો. આ નાનકડા ક્રૉસની સૂકી લાકડી હમેશાં વધતી રહેતી હતી. દરેક ખ્રિસ્તી યાત્રાળુ જેરૂસલેમથી પાછા ફરતાં તે ક્રૉસનો એક ટુકડો પોતાની સાથે લઈ જતો. સામાન્ય લોકો તે ટુકડાને પોતાના ઘરમાં રાખી તેની પૂજા કરતા અને આવા હજારો ટુકડા દુનિયાભરનાં દેવળોમાં પૂજાતા હતા. જેરૂસલેમના પાદરીઓ માટે એ મોટી આવકનું સાધન હતું. કોઈકે લખ્યું છે કે :

ધીમે ધીમે કેવળ યુરોપનાં જ હજારો દેવળોમાં આ ક્રૉસથી એટલું લાકડું ભેગું થઈ ગયું હતું કે તેમાંથી સેંકડો નવા ક્રૉસ બનાવી શકાય. લોકો માનતા કે આ ક્રૉસની લાકડી જાતજાતના ચમત્કાર કરી શકતી અને બધા રોગો મટાડી શકતી. એ જ પ્રમાણે દરેક દેવળમાં મરિયમ અને ખ્રિસ્તી સંતોની મૂર્તિઓ રોજ રોજ ચમત્કારો કરતી એમ કહેવામાં આવતું.

તે સમયે ખ્રિસ્તી સત્તાનું દુનિયામાં સૌથી મોટું સ્થાન રોમના સમ્રાટની રાજધાની કૉન્સ્ટાન્ટિનોપલ હતું. કૉન્સ્ટાન્ટિનોપલ, એલેક્ઝાંડ્રિયા અને રોમ, આ ત્રણ શહેરોના બિશપ (વડા પાદરી), ખ્રિસ્તી ધર્મના

સૌથી મોટા મહંત ગણાતા હતા. આ બિશપોની સલાહથી કૉન્સ્ટાન્ટિનોપલના સમ્રાટ તરફથી આખી દુનિયાના ખ્રિસ્તીઓને ઉદ્દેશીને એવો હુકમ કાઢવામાં આવ્યો હતો કે કોઈ પણ રોગ મટાડવા પ્રાચીન યુનાનીઓની પેઠે દવા કરવી, એ ઈશ્વરનો ઈન્કાર કરવા બરાબર છે, અને પાપ છે; તથા ખ્રિસ્તીઓએ આરોગ્ય માટે દેવળની મૂર્તિ અને પાદરીઓ પાસે જઈને પ્રાર્થના કરવી જોઈએ અને તેમની પાસે મંતરજંતર અને દોરાતાવીજ કરાવવાં જોઈએ. રોમના ખ્રિસ્તી સમ્રાટોની જ્યાં જ્યાં આણ વર્તતી હતી ત્યાં કોઈની દવા કરનાર વૈદ કે હકીમ સુધ્ધાંને મોતની સજા કરવામાં આવતી હતી.

ઈશુમાં ઈશ્વરનો અંશ કેટલો હતો, ઈશ્વરની પેઠે ઈશુ પણ અજરામર છે કે નહીં, મરિયમને 'ઈશુની મા' કહેવી કે 'ઈશ્વરની મા', 'હજરત આદમે પાપ ન કર્યું હોત તો તે કદી મરણ પામત કે નહીં'—આવી આવી બાબતોની લાંબી લાંબી ચર્ચા તે જમાનાના ખ્રિસ્તી પાદરીઓમાં બહુ ચાલતી હતી, અને ક્યારેક તે પેઢીઓ સુધી ચાલુ રહેતી હતી. આ જ કારણે ઘણા અલગ અલગ પક્ષ ઊભા થયા હતા. જ્યારે જે પક્ષનું જોર હોય અથવા કૉન્સ્ટાન્ટિનોપલનો સમ્રાટ જેને માને તે પક્ષની વિરુદ્ધના પક્ષવાળાઓને અધર્મી (હેરેટિક) કહેવામાં આવતા અને તેમને દેશવટો, જાતજાતની હાડમારીઓ અને મોતની સજા સુધ્ધાં ભોગવવાં પડતાં.

અલેક્ઝાંડ્રિયાનો એક વિદ્વાન પાદરી એરિયસ એમ કહેતો હતો કે, હજરત ઈશુ ઈશ્વરના પુત્ર છે એટલે એક સમય એવો જરૂર હતો કે જ્યારે ઈશ્વર હતો પણ હજરત ઈશુ નહોતા. એટલે હજરત ઈશુને ઈશ્વરના બરાબરિયા ન માની શકાય. કેવળ આ જ કારણે તેને પ્રથમ દેશવટાની સજા કરવામાં આવી હતી અને છેવટે તેને મોતની સજા ભોગવવી પડી. રોમના આખા રાજ્યમાં એવો હુકમ બહાર પાડવામાં આવ્યો હતો કે, જેને એરિયસનું પુસ્તક ક્યાંયથી મળી આવે તેણે તે પુસ્તકને તરત બાળી મૂકવું અને જો નહીં બાળી મૂકે તો તેને જ મારી નાખવામાં આવશે.

એક વિદ્વાન ખ્રિસ્તી સાધુ પિલેગિયસે ફક્ત એટલું જ કહ્યું હતું કે, "આદમ પેદા થયા હતા એટલે પાપ કરત કે ન કરત તોપણ મરણ

તો પામત જ, જન્મથી બધાં માણસો આદમની પેઠે નિષ્પાપ હોય છે, સૌ પોતપોતાનાં સારાંમાઠાં કર્મોનું ફળ ભોગવે છે, આદમનાં કર્મોનું નહીં; અને પાપને ધોવા માટે સત્કૃત્યોની જરૂર છે; કેવળ બાપ્ટિઝમના[1] પાણીથી પાપો ધોવાઈ શકે નહીં." આટલા જ કારણે પિલેગિયસની અને તેના મતને સાચો માનનારાઓની માલમિલકત જપ્ત કરીને તેમને બધાને રોમના રાજ્યની બહાર કાઢી મૂકવામાં આવ્યા હતા.

સીરિયાના એક પ્રખ્યાત પાદરી નેસ્તોરિયસે કહ્યું કે મરિયમને 'ઈશ્વરની મા' કહેવી એ બરાબર નથી, 'હજરત ઈશુની મા' કહેવી જોઈએ. આથી તરત જ ખ્રિસ્તી મહંતોમાં બે પક્ષ પડી ગયા. પહેલા વિવાદ થયા, પછી બળવા થયા અને પછી પુષ્કળ લોહી રેડાયું. છેવટે 'ઈશ્વરની મા'વાળો પક્ષ જીત્યો. રોમના સમ્રાટના હુકમથી નેસ્તોરિયસને પહેલાં દેશનિકાલ કરીને આફ્રિકા મોકલી દેવામાં આવ્યો અને પછી ત્યાં તેના મરણ પહેલાં તેની 'અપવિત્ર જીભ' કાપી નાખવામાં આવી.

યુરોપનો એક વિદ્વાન લખે છે :

> "આ ઝઘડાઓને કારણે મોટાં મોટાં શહેરોમાં ઘણી ખુનામરકી થતી અને લોહી રેડાતું. નાનામોટા બધા લોકોમાં બેઈમાની અને દુરાચરણ વધી પડયાં હતાં. આ પરથી સ્પષ્ટ જણાતું હતું કે ખ્રિસ્તી ધર્મ રાજ્ય સાથે મળીને એટલો નીચો પડયો હતો કે લોકોનાં હૃદયોને દુરાચાર તરફ ખેંચાતાં અટકાવીને તેમને બચાવી શકતો નહોતો. ધર્મનો આત્મા નાશ પામ્યો હતો, અને તેની જગ્યાએ ધર્મના સિદ્ધાંત વિશેના વિવાદો બાકી રહ્યા હતા. અને આ વિવાદો પણ પાગલોના વિવાદો હતા."[2]

મહંમદસાહેબના જન્મના સમયના ખ્રિસ્તી ધર્મ અને લોકોનાં જીવન ઉપર થયેલી તેની અસર એ બંનેનું વર્ણન કરતાં તે જ વિદ્વાન આગળ ચાલતાં લખે છે :

---

૧. ખ્રિસ્તી ધર્મનો એક મુખ્ય સંસ્કાર જે ખ્રિસ્તી ધર્મની દીક્ષા આપતી વખતે કરવામાં આવે છે. —અનુવાદક

૨. *A History of Intellectual Development of Europe*, by J. W. Draper, Vol. I, P. 289.

"માણસના સદાચાર-દુરાચારનો કશો વિચાર કરવામાં આવતો નહોતો. માણસનાં પાપ તેનાં દુષ્કૃત્યોથી માપવામાં નહોતાં આવતાં પણ એ ખ્રિસ્તી ધર્મના મનાયેલા સિદ્ધાંતોમાંના કયા સિદ્ધાંતને કેટલો નકારે છે તેનાથી માપવામાં આવતાં. રોમ, કૉન્સ્ટાન્ટિનોપલ અને અલેક્ઝાંડ્રિયાના પાદરીઓ ખાઈપીને એકબીજાથી આગળ વધવાની હરીફાઈમાં પડેલા હતા, અને તે માટે હલકાં, મેલાં અને ભયાનક હથિયારો અને ઉપાયોથી પોતાની મતલબ સાધતા હતા. જ્યારે પાદરીઓ પોતે જ, છાનાં ખૂન કરાવવાં, ઝેર દેવું, દુરાચરણ કરવું, આંખો ફોડવી, હુલ્લડો કરાવવાં, બળવા કરાવવા અને અંદર અંદર મારામારી અને કાપાકાપી કરવી—વગેરે કામોમાં પડયા હતા, જ્યારે પાદરી અને વડા પાદરી (બિશપ અને આર્ક બિશપ) દુન્યવી સત્તાના ભ્રમમાં પડીને એકબીજાને અધર્મી કહીને શિક્ષા કરતા હતા, રાજદરબારોના નોકરોને લાંચ આપવામાં પૈસા ઉડાવતા હતા અને રાજમહેલની સ્ત્રીઓને પોતાના ગંદા પ્રેમથી જીતવાનો પ્રયત્ન કરતા હતા તો પછી સામાન્ય લોકો પાસેથી શી આશા રાખી શકાય? . . . ખ્રિસ્તી મહંતોની ફોજ જ્યારે સમ્રાટોની ફોજમાં જઈ મળતી ત્યારે તેમને ગભરાવી મૂકતી હતી અને જો તે મોટાં શહેરોમાં જતી તો ત્યાં ધાર્મિક દંગાફિસાદ કરાવતી હતી. ધર્મના મહાન સિદ્ધાંતોનો નિર્ણય કરવા તે બહુ બુમરાણ મચાવતી હતી પરંતુ વિચારસ્વાતંત્ર્ય કે માણસના છીનવી લીધેલા હકોને માટે કદી કોઈ અવાજ નહોતો ઊઠતો. આવી સ્થિતિમાં લોકોમાં તિરસ્કાર અને લાચારી વધે નહીં તો બીજું શું થાય? જે ધર્મની અસર લોકોનાં મન પરથી ભૂંસાઈ ગઈ હતી તે ધર્મને જરૂર પડતાં તેઓ મદદ કરશે એવી આશા રાખી શકાય તેમ નહોતું."[1]

આ જ કારણે મહંમદસાહેબના વખતમાં ઈ. સ. ૬૧૧માં જ્યારે ઈરાનના જરથોસ્તી બાદશાહે રોમના વિસ્તૃત રાજ પર હુમલો કર્યો ત્યારે નારાજ ખ્રિસ્તી પાદરીઓ અને ખ્રિસ્તી પ્રજામાંના ઘણાએ એ

૧. *A History of Intellectual Development of Europe*, by J. W. Draper, Vol. 1, pp. 332–33.

વિદેશી અને બિનખ્રિસ્તી હુમલો કરનારાઓને ઠેકઠેકાણે મદદ કરી.

આવા ધર્મ અને આવા મહંતો ભોળાભલા આરબોમાં કોઈ જાતનો સુધારો કરે એવી આશા રાખવી વ્યર્થ હતી. તેઓ તેમનું કશું હિત કરી શકે તેમ પણ નહોતું. સુધારા કે હિતને બદલે યહૂદીઓ અને ખ્રિસ્તીઓના પરસ્પર વિરોધ અને દુશ્મનાવટથી આરબોનાં જીવનને અને તેમની આઝાદીને બહુ મોટો ધક્કો પહોંચ્યો.

બીજા ધર્મોનો તિરસ્કાર કરવામાં ખ્રિસ્તીઓ અને યહૂદીઓ એક-બીજાથી ચડી જતા. પાંચમી સદીના અંતમાં અરબસ્તાનના એક ભાગ, યમનના એક યહૂદી હાકેમ યૂસુફ જુનવાસે યહૂદી ધર્મ માનવાની ના પાડનાર બધા લોકોને અને ખાસ કરીને ખ્રિસ્તી આરબોને રિબાવી રિબાવીને મારી નાખવા માંડ્યા. રિબાવીને મારવાની તેની એક ખાસ રીત ભડ-ભડતી આગમાં નાખીને તેમને જીવતા બાળી મૂકવાની હતી. યમનમાં તે સમયે ખ્રિસ્તીઓ પણ ઘણા હતા. અરબસ્તાનની બહાર યહૂદીઓનું કોઈ રાજ નહોતું, પણ ખ્રિસ્તીઓની એક જબરજસ્ત હકૂમત યમનથી થોડે જ દૂર લાલ સમુદ્રને સામે કિનારે ઈથિયોપિયામાં મોજૂદ હતી. યમનના ખ્રિસ્તીઓએ યહૂદીઓ વિરુદ્ધ ઈથિયોપિયાના ખ્રિસ્તી બાદશાહ સાથે મળીને કાવતરું કર્યું. ઈથિયોપિયાના બાદશાહે લશ્કર મોકલીને જુન-વાસને મારી નખાવ્યો અને યમનનો આખો પ્રાંત કબજે કર્યો. આ વાત મહંમદસાહેબના જન્મથી કેવળ ૭૦ વરસ પહેલાંની છે. યમન પ્રાંત મક્કાની દક્ષિણે આવેલો છે. મક્કામાં આ પ્રાંત સૌથી ફળદ્રુપ અને સૌથી હરિયાળો છે અને તે લાલ સમુદ્રથી ઈરાનના અખાત સુધી ફેલા-યેલો છે. આમ આ બે ધર્મોની પરસ્પરની દુશ્મનાવટને કારણે અરબ-સ્તાનની દક્ષિણ અને પૂર્વનો બહુ મોટો ભાગ વિદેશીઓના હાથમાં આવી ગયો અને ઈ. સ. ૬૧૦ સુધીમાં એક પછી એક ચાર વિદેશી રાજા-ઓએ તેના પર રાજ્ય કર્યું.

નીચેની વાત પરથી યહૂદીઓના અને ખ્રિસ્તીઓના માંહોમાંહેના ઝઘડાનો વધારે ખ્યાલ આવે છે. ખ્રિસ્તીઓનાં પુસ્તકોમાં લખ્યું છે કે "એક વાર ખ્રિસ્તીઓના પાદરીઓ અને યહૂદીઓના પુરોહિતો વચ્ચે ત્રણ દિવસ સુધી વિવાદ ચાલ્યો. આખરે યહૂદીઓએ કહ્યું, 'જો તમારો

ઈશુ પેગંબર ખરેખર આસમાન પર જીવતો હોય અને ત્યાંથી ઊતરીને અત્યારે જ અમને દેખા દે તો અમે તમારો ધર્મ સ્વીકારી લઈએ.' એટલે તે જ વખતે વાદળ ગરજ્યાં, વીજળીનો કડાકો થયો અને એક લાલ વાદળની ઉપર હજરત ઈશુ દેખાયા. તેમને માથે મુગટ હતો અને હાથમાં ખુલ્લી તલવાર હતી. તેમણે આવતાં જ યહૂદીઓને કહ્યું – 'જુઓ, હું તમારી સામે ઊભો છું. હું પોતે, જેને તમારા પૂર્વજોએ શૂળી પર ચડાવ્યો હતો તે.' તેમને જોતાં જ બધા યહૂદીઓ આંધળા થઈ ગયા અને તેમણે ખ્રિસ્તી ધર્મ ન સ્વીકાર્યો ત્યાં સુધી તેમની આંખો ન ઊઘડી."

આ વાતનું અસલ સ્વરૂપ ગમે તે હોય પરંતુ તે તે સમયના યહૂદીઓ અને ખ્રિસ્તીઓના ઝઘડાઓનું, અને જેઓ હજરત ઈશુના હાથમાં પણ ઉઘાડી તલવાર આપી શકતા તે ખ્રિસ્તીઓની સમજશક્તિનું સરસ ચિત્ર દોરે છે.

# ૪
# પરદેશીઓનું રાજ્ય

ધર્મને નામે ચાલતા આવા અંધેરની અને દેશની આવી સ્થિતિની દેશની આઝાદી પર ખરાબ અસર થાય જ. આગળ કહેવામાં આવ્યું કે મહંમદસાહેબના જન્મની કેવળ ૭૦ વરસ પહેલાં યમનના હરિયાળા અને ફળદ્રુપ પ્રાંત પર ઇથિયોપિયાના ખ્રિસ્તી બાદશાહે કબજો કરી લીધો હતો. ઉત્તર અને પશ્ચિમમાં રોમના રાજ્ય સાથે અને પૂર્વમાં ઈરાનના રાજ્ય સાથે પણ અરબસ્તાનની સરહદ મળેલી હતી, અને આ બંને પરદેશી સત્તાઓએ પોતપોતાની પાસેના અરબસ્તાનના પ્રાંતો પર કબજો કરી લીધો હતો. મિરઝા અબુલ ફઝલ લખે છે:

> "મહંમદસાહેબના જન્મ વખતે અરબસ્તાનનો મોટો ભાગ પરદેશીઓના હાથમાં હતો. સીરિયા અને ઈરાનની સરહદ સાથે જોડાયેલા પ્રાંતો કૉન્સ્ટાન્ટિનોપલના રોમના સમ્રાટો અને ઈરાનના સમ્રાટ ખુશરૂના કબજામાં હતા. મક્કાની દક્ષિણનો લાલ સમુદ્રના

કિનારાનો ભાગ ઈથિયોપિયાના ખ્રિસ્તી બાદશાહોના તાબામાં હતો. પરંતુ 'હેજાઝ' પ્રાંત (હેજાઝનો અર્થ 'બાંધ' અથવા 'આટક' કે 'બાધા' થાય છે) હજુ સુધી દુનિયાની સત્તા માટે પોતાની આસ-પાસ લડતી પ્રજાઓની બદદાનત અને હુમલા બંનેને સંપૂર્ણપણે ખાળી રહ્યો હતો. આ જ ભાગની ટેકરીઓમાં મક્કા અને મદીના એ બે પવિત્ર શહેરો આવેલાં છે, જેમાંના એકમાં ઈસ્લામ જન્મ્યો અને બીજામાં પાંગર્યો."[1]

વસ્તી માટે નકામું એવું રણ બાદ કરતાં આખા આરબસ્તાનમાં તે સમયે કેવળ હેજાઝનો ઈલાકો જ પોતાને સ્વતંત્ર કહી શકે તેમ હતું. અને આગળના વર્ણન પરથી જણાશે કે તે ભાગ પર પણ આ ત્રણ પરદેશી સત્તાઓનો ડોળો હતો.

આરબોમાં બહાદુરીની ઊણપ નહોતી. તેમને સ્વતંત્રતા પણ બહુ પ્રિય હતી. બલિદાન અને ત્યાગની ભાવના પણ તેમનામાં પરાકાષ્ઠાએ પહોંચેલી હતી. મહેમાનોની ખાતરબરદાસ્ત કરવાનું અને પોતાની ટેકને માટે મરી ફીટવાનું પણ તેમને સારી પેઠે આવડતું હતું. પરંતુ તેઓ જૂઠા વહેમો અને કુરિવાજોમાં ડૂબેલા હતા. અંદર અંદરની લડાઈઓ અને ખૂનો તેમના રોજના જીવનનો, જાણે, આવશ્યક ભાગ હતો. તેમનું આખું જીવન છિન્નભિન્ન થઈ રહ્યું હતું. તેમનું ભવિષ્યનું જીવન પણ જોખમમાં હતું. તેમને એક એવા મહાન પુરુષની જરૂર હતી જે તેમના બધા કુરિવાજો અને વહેમોની જાળ તોડીને ફેંકી દઈ શકે, તેમને અંધકારમાંથી બહાર કાઢીને પ્રકાશમાં લાવી ખડા કરી શકે, તેમની ઘરગથ્થુ લડાઈઓ હંમેશને માટે બંધ કરીને તેમને એક સૂત્રમાં બાંધી શકે અને સામે ઊભેલા મૃત્યુથી બચાવીને, પ્રગતિ, ભલાઈ અને આઝાદી તરફ લઈ જઈ શકે.

આવા દેશમાં અને આવા માણસોમાં મક્કાના એક ઊંચા કુળમાં રબીઉલઆવલની તા. ૯મી ને સોમવારે, ઈ. સ. ૫૭૧ના[2] એપ્રિલની ૨૦મી તારીખે સૂર્યોદય સમયે મહંમદસાહેબનો જન્મ થયો.

---

૧. *Life of Mohammad*, by Mirza Abul Fazl, Introduction, pp. 1-2.

૨. મહમૂદ પાશા ફલકી, સીરતુન્નબી, લેખક, શિબલી, ભા. ૧, પૃ. ૧૬૦.

# ૫
# મહંમદસાહેબનો જન્મ

મક્કા શહેર દુનિયામાં સૌથી પુરાણાં શહેરોમાંનું એક ગણાય છે. મહંમદસાહેબથી એક હજાર વરસ પહેલાં હિંદુસ્તાન અને એશિયાઈ દેશોનો યુરોપ સાથેનો વેપાર અરબસ્તાનને રસ્તે જ ચાલતો હતો. તે સમયે હિંદુસ્તાનના પૂર્વ અને પશ્ચિમ કિનારા પર આરબ સોદાગરોની સુખસંપન્ન વસાહતો હતી. આરબ વહાણવટીઓ, જેઓ ઘણુંખરું યમન પ્રાંતના રહેવાસી હતા, તેઓ હિંદુસ્તાન અને આસપાસના દેશોનો માલ પોતાનાં વહાણોમાં ભરીને યમન લઈ જતા. ત્યાંથી જમીનમાર્ગે તે માલ સીરિયા જતો અને ત્યાંથી યુનાન, રોમ, મિસર વગેરે દેશોમાં જતો. યમન અને સીરિયાની વચ્ચે ટેકરીઓથી ઘેરાયેલું મક્કા શહેર છે. આથી જ વેપારની દૃષ્ટિએ તે સમયે મક્કા બહુ આગળ વધેલું હતું. વેપારની સાથે જાતજાતનો સંબંધ ધરાવનારા ઘણા લોકોએ મક્કામાં અને તેની આસપાસ વસવાટ કર્યો અને મક્કા અરબસ્તાનનું સૌથી મોટું અને સૌથી સુખ-સંપન્ન શહેર બની ગયું, તથા એક પ્રકારની સારીસરખી હકૂમત ત્યાં સ્થપાઈ.

મક્કાની મહત્તાનું બીજું કારણ ત્યાં આવેલું કાબાનું પુરાણું મંદિર છે. આ મંદિર પણ મહંમદસાહેબ પહેલાં હજારો વરસોથી અરબસ્તાન અને તેની આસપાસના લોકોનું સૌથી મોટું તીર્થ મનાતું આવ્યું હતું. મક્કાનો આગળ વધેલો વેપાર અને કાબાની પૂજા એ બંનેને કારણે અરબસ્તાનમાં મક્કાના હાકેમનાં માન અને ધાક શરૂઆતથી જ બહુ હતાં.

મક્કામાં તે સમયે કુરેશીઓનો કબીલો સૌથી વધારે ઈજ્જત-આબરૂવાળો ગણાતો. કુરેશોનો સરદાર જ મક્કાના નાનકડા રાજનો માલિક કે હાકેમ હતો, અને તે જ કાબાની દેખરેખ રાખતો. જેમના નામ પરથી મહંમદસાહેબના કુળને 'બની હાશિમ'નો વંશ કહેવામાં

આવતો તે હાશિમ મહંમદસાહેબના પરદાદા થાય. તે પોતાના જમાનામાં મક્કાના હાકેમ હતા, અને તેમણે લોકોનો બહુ આદર અને પ્રેમ મેળવ્યો હતો. હાશિમ પછી હાશિમનો ભાઈ મુત્તલિબ અને મુત્તલિબ પછી હાશિમનો પુત્ર અબદુલ મુત્તલિબ ગાદીએ બેઠો. અબદુલ મુત્તલિબને ઘણા પુત્ર હતા. તેમાંનો સૌથી નાનો અબદુલ્લા ૨૫ વરસની ઉંમરે પોતાના લગ્ન પછી બે વરસની અંદર મરણ પામ્યો. અબદુલ્લાના મરણ પછી થોડે દિવસે તેની વિધવા આમિનાએ બાળક મહંમદને જન્મ આપ્યો.

## ૬
# પહેલાં પચીસ વર્ષ

આમિના એટલી દુ:ખી અને બીમાર હતી કે તે બાળકને સાત દિવસ કરતાં વધારે ધવરાવી શકી નહીં. ત્યાર પછી થોડા દિવસ અબદુલ મુત્તલિબના બીજા એક પુત્ર અબુ લહબની દાસીએ મહંમદને ધવરાવ્યો. પછી મક્કા પાસેની એક ટેકરી પરથી 'સાદ' કબીલાની હલીમા નામની એક સ્ત્રીએ બાળકને પોતાને ઘેર લઈ જઈને ઉછેર્યો. તેની ઉંમર પાંચ વરસની થતાં આયા હલીમાએ બાળકને લાવીને માને પાછો સોંપ્યો. પરંતુ બીજે વરસે જ મા આમિના પણ ચાલી ગઈ. આમ એક ઊંચા કુળમાં જન્મ્યા છતાં બાળક મહંમદને માબાપનું સુખ મળી શક્યું નહીં.

મોટા થયા પછી મહંમદસાહેબે કેટલીયે વાર ભરેલે હૃદયે આમિનાની કબરની યાત્રા કરી. આયા હલીમા સાથે પણ જિંદગીમાં ઘણી વાર તેમની મુલાકાત થઈ અને દરેક વખતે તેમણે હલીમા પ્રત્યે ઊંડો પ્રેમ અને આદર દેખાડયો.

માતાના મરણ પછી કેટલાંક વરસ દાદા અબદુલ મુત્તલિબે અનાથ મહંમદની સંભાળ રાખી અને ત્યાર પછી અબદુલ મુત્તલિબના મોટા દીકરા અબુ તાલિબે તેમનું પાલન કર્યું. મહંમદસાહેબની ઉંમર લગભગ દસ વરસની હતી તે અરસામાં તેમનો ઘણો સમય મક્કાની આસપાસની ટેકરીઓ પર અબુ તાલિબની બકરીઓ ચરાવવામાં વીતતો હતો.

હવે અમે બે એવી બિનાઓનું વર્ણન કરવા માગીએ છીએ, જેમની અસર નવજવાન મહંમદના દિલ પર સૌથી ઊંડી થઈ હોય અને જેમણે પોતાની કોમની બગડેલી સ્થિતિનો ચિતાર તેમની નજર આગળ ખડો કર્યો હોય એમ જણાય છે. એમાંની એક વસ્તુ મહંમદસાહેબના જન્મથી ૫૫ દિવસ પહેલાંની છે. તેનું વર્ણન તેમણે મોટા થયા પછી બીજાઓ પાસે સાંભળ્યું. અરબસ્તાનનો યમન પ્રાંત ઇથિયોપિયાના ખ્રિસ્તી બાદશાહના તાબામાં હતો. બાદશાહના હુકમથી યમનના ખ્રિસ્તી હાકેમ અબરાહાએ હાથીસેના સાથે એક બહુ મોટી ફોજ લઈને મક્કા પર હુમલો કર્યો અને કાબાને તોડી પાડવાનો તથા મક્કાને ઇથિયોપિયાના બાદશાહના રાજ્યમાં જોડી દેવાનો વિચાર કર્યો. આરબોના ધર્મ અને તેમની આઝાદી પર આ એક જબરજસ્ત હુમલો હતો. અમે આગળ કહી ગયા છીએ કે તે સમયે આખા અરબસ્તાનમાં હેજાઝનો ઇલાકો જ સંપૂર્ણ રીતે આઝાદ હતો. અબરાહાની ફોજને કોઈ હરાવી નહીં શકે એમ લાગતું હતું. મક્કાવાળાઓનું કહેવું છે કે પરમાત્માએ અબરાહાની ફોજ પર કોઈ ઓચિંતી આફત નાખીને તેને વેરણછેરણ કરી નાખી. ગમે તેમ હોય, અબરાહાને હજારો જીવ ગુમાવીને મક્કાની બહારથી જ કશું મેળવ્યા વગર પાછા ફરવું પડયું એમાં શંકા નથી. મહંમદસાહેબે નાનપણમાં આ વાત સાંભળી. તેમના દિલ પર તેની એટલી ઊંડી અસર પડી કે કુરાનની એક અલગ સૂરા(અધ્યાય)માં આ વાતનું વર્ણન આવે છે. આથી પોતાના દેશના લોકોની લાચારી અને તેમની સામે ઊભેલી આફત મહંમદસાહેબને જણાઈ ગઈ.

બીજી બિના ઉક્કાઝના મેળામાં બની. ઈ. સ. ૫૮૦માં ઉક્કાઝના મેળાને પ્રસંગે મક્કાથી પૂર્વમાં આવેલા એક હવાઝિન નામે કબીલાના કોઈ કવિએ કુરેશીઓ આગળ પોતાના કુળની મોટાઈનું વર્ણન કર્યું. કુરેશીઓથી તે સહન ન થયું. બંને તરફથી તલવારો ખેંચાઈ. બંને પક્ષો એ પણ ભૂલી ગયા કે ચાલતા આવતા રિવાજ પ્રમાણે તે દિવસો લડાઈ બંધ રાખવાના હતા. દસ વરસ સુધી આ અંદર અંદરની લડાઈ ચાલુ રહી. તેમાં બંને પક્ષ તરફથી કેટલાયે કબીલાઓ સામેલ થયા. હજારો માણસ મર્યા. આ લડાઈ ચાલતી હતી ત્યારે મહંમદસાહેબની ઉંમર દસ અને

વીસ વરસની વચ્ચે હતી. અરબસ્તાનના ઈતિહાસમાં આ દસ વરસની લડાઈને 'હરબે ફિજાર' એટલે અપવિત્ર લડાઈ અથવા અધર્મની લડાઈ કહેવામાં આવે છે. કારણ કે જે મહિનાઓમાં લડવાની મનાઈ હતી, તેમાં જ તે શરૂ થઈ હતી.

નાનપણથી જ મહંમદસાહેબને એકાંતમાં રહેવાની અને ચિંતન કરવાની ટેવ હતી. તેમના સાથીઓ જ્યારે રમતગમતમાં વખત ખોતા ત્યારે મહંમદસાહેબ કહેતા કે, "માણસને રમતગમતમાં વખત વિતાડવા માટે નહીં પણ કોઈ ઘણા ઉચ્ચ હેતુ માટે પેદા કરવામાં આવ્યો છે."[૧]

બાર વરસની ઉંમરે મહંમદસાહેબ પોતાના કાકા અબુ તાલિબ સાથે એક વેપારી કાફલામાં મક્કાથી પહેલી વાર સીરિયા ગયા. રસ્તામાં તેમને કેટલીક યહૂદી વસ્તીઓમાં થઈને જવાનું થયું. આથી તેમને તે સમયના યહૂદી ધર્મ વિશે ઘણી માહિતી મળી. સીરિયા દેશ તે સમયે રોમના ખ્રિસ્તી સમ્રાટોના તાબામાં હતો. ત્યાં ખ્રિસ્તી ધર્મનું ખૂબ જોર હતું. મહંમદસાહેબને પોતાની જુવાનીના દિવસોમાં ઘણી વાર સીરિયા જવાના પ્રસંગો આવ્યા. એક વિદ્વાન લખે છે કે, "સીરિયામાં મહંમદને લોકોની બૂરી હાલત અને ધર્મની પડતીનું એટલું સ્પષ્ટ દર્શન થયું કે તેનું ચિત્ર તેમની નજર આગળથી કદી ખસ્યું નહીં."[૨]

સીરિયા દેશ – જેમાં પેલેસ્ટાઈન અને જેરૂસલેમનો સમાવેશ થાય છે – દુનિયાના સૌથી પુરાણા અને સૌથી લીલાછમ તથા ફળદ્રુપ દેશોમાંનો એક ગણાય છે. કહેવાય છે કે સીરિયાની ટેકરીઓ કરતાં વધારે સારો મેવો દુનિયામાં કોઈ પણ જગ્યાએ થતો નથી. યહૂદી ધર્મની બધી ખાસ ખાસ ઘટનાઓ આ જ દેશમાં બની. ઘણા વખત પહેલાં દમાસ્કસ જ્યારે સીરિયાની રાજધાની હતું ત્યારે સીરિયા એશિયાનાં સૌથી સુખી અને જબરજસ્ત રાજ્યોમાં ગણાતું હતું. સીરિયાના એક ઈલાકા ફીનિશિયામાં સૈકાઓ સુધી દુનિયાભરના વેપારનાં સૌથી મોટાં અને સૌથી સમૃદ્ધ બજારો હતાં. સિકંદર પછી આ દેશ સેંકડો વરસો સુધી યુનાનીઓ-(ગ્રીકો)ના હાથમાં રહ્યો. અને યુનાન(ગ્રીસ)ની વિકાસ પામેલી વિદ્યાઓ –

૧. *Life of Mohammad*, by M. A. Fazl, p. 20.
૨. Ibid p. 22.

વિજ્ઞાન અને દર્શનશાસ્ત્રો – ભણવા-ભણાવવાનું એ એક મોટું સ્થળ બન્યો. સેંકડા વરસો સુધી ત્યાં બૌદ્ધ મઠ હતા અને બૌદ્ધ ધર્મ તથા બૌદ્ધ દર્શનની ઘેર ઘેર ચર્ચા ચાલતી હતી. સીરિયાએ જ હજરત ઈશુ અને ખ્રિસ્તી ધર્મને જન્મ આપ્યો. હજરત ઈશુ પછીનાં ત્રણસો વરસ સુધી આ દેશ જ્ઞાન, વિજ્ઞાન, ધનધાન્ય, હસ્તકળા અને વેપાર, એ બધાને માટે પ્રખ્યાત હતો. પરંતુ મહંમદસાહેબના સમયમાં તે કૉન્સ્ટાન્ટિનોપલના ખ્રિસ્તી સમ્રાટના તાબામાં હતો. અને ખ્રિસ્તી ધર્મનું એ ખાસ ધામ મનાતો હતો.

સમ્રાટ થિયોડોસિયસે સીરિયાના પુરાણા ધર્મો એટલે બૌદ્ધ ધર્મ અને યહૂદી ધર્મને ખોટા જાહેર કર્યા, ત્યાંનાં તમામ મંદિરો પડાવી નાખ્યાં અને હુકમ કર્યો કે, "અલેક્ઝાંડ્રિયા અને રોમના ખ્રિસ્તી પાદરીઓએ કહેલા ધાર્મિક સિદ્ધાંતોને જે નહિ માને અને તે પ્રમાણે નહિ વર્તે તેની બધી માલમિલકત જપ્ત કરીને તેને દેશનિકાલ કરવામાં આવશે." વળી એવો પણ હુકમ કર્યો કે, "જે કોઈ યહૂદીઓનો ઈસ્ટરનો તહેવાર ઊજવશે તેને મોતની સજા કરવામાં આવશે." હિંદુસ્તાન, મિસર, યુનાન જેવા દેશના વિદ્વાનોએ સેંકડો વરસ પહેલાં શોધી કાઢ્યું હતું કે પૃથ્વી ગોળ છે. મહંમદસાહેબનો જન્મ થયો તે સદીમાં ખ્રિસ્તી મહંત ઑગસ્ટાઈને આ વાતને કેવળ એટલા જ કારણે જૂઠી ઠરાવી કે બાઈબલમાં પૃથ્વીને ચપટી કહેવામાં આાવી હતી. એવો હુકમ કરવામાં આવ્યો કે, "જે પુસ્તકોમાં પૃથ્વી ગોળ હોવાનું લખ્યું હોય તે પુસ્તકોને બાળી મૂકવાં."

મહંમદસાહેબના સમયના પોપ ગ્રિગરીએ ખ્રિસ્તી ધર્મનાં નકામાં પૂજાપાઠ અને રૂઢિરિવાજ, જેમનું થોડું વર્ણન ઉપર કરવામાં આવ્યું છે, તેમને આજ્ઞા કરીને હંમેશને માટે અસલી ખ્રિસ્તી ધર્મ ઠરાવી દીધો. પરંતુ આ બધી પોકળ વાતો તે સમયના યુનાની જ્ઞાનવિજ્ઞાનના પ્રકાશ આાગળ ટકી શકે એમ નહોતું. એટલે જ પોપ ગ્રિગરીને વિશે લખવામાં આવ્યું છે કે, "વિદ્યાનો એના કરતાં મોટો કટ્ટર દુશ્મન કદી પેદા થયો નથી." તેણે ખુદ રોમના પ્રખ્યાત 'પૅલેસ્ટાઈન' પુસ્તકાલયને આગ લગાડી અને ગણિત, ભૂગોળ, જ્યોતિષ, વૈદક અને તત્ત્વજ્ઞાન ભણાવનારાઓને

દેશમાંથી કાઢી મૂક્યા. "તત્ત્વજ્ઞાનીઓને શોધી શોધીને તેમની કતલ કરવા માંડી. કોઈ પણ પુરાણા પુસ્તકની નકલ મળતી તો તેને તરત બાળી મૂકવામાં આવતી. પોતાના ઘરમાંથી કોઈ પણ પુસ્તકમાંની કોઈ બાબતને કારણે પોતાના આખા કુટુંબની કદાચ કતલ થાય એ બીકથી આખા પશ્ચિમ એશિયાના લોકોએ પોતપોતાનાં પુસ્તકાલયોનાં બધાં પુસ્તકો પોતાના હાથે બાળી નાખ્યાં."[૧] વૈદ્યનો ધંધો કરનારા, એટલે કે દવાઓથી બીમારીનો ઈલાજ કરનારા માટે મોતની સજા હતી. રોગ મટાડવા માટે ખ્રિસ્તી પાદરીઓ અને મહંતોના દોરાધાગા અને તેમની પ્રાર્થનાઓ પૂરતી છે એવો હુકમ કરવામાં આવ્યો. "બાપ્ટિઝમ પ્રસંગે પાણીમાં ત્રણ વાર ડૂબકી મારવી, મધ અને દૂધ મેળવી ચાટી જવું, કપડાં કે જોડા પહેરતી વખતે માથે ક્રૉસનું નિશાન કરવું અને મરિયમ તથા સંતોની મૂર્તિઓ આગળ ધૂપદીપ કરવાં," એ ખ્રિસ્તી પાદરીઓ સુધ્ધાંને માટે સદાચાર કરતાં ક્યાંયે વધારે મહત્ત્વની બાબતો માનવામાં આવતી. જે માણસ એમ માનવાનો ઈન્કાર કરતો કે હજરત ઈશુના જન્મથી સેંકડો વરસ પહેલાં ફિરઓન (એટલે મિસરનો ફેરો) જે રથમાં બેસીને ગયો હતો તે રથનાં પૈડાંનો લાલ સમુદ્રની રેતીમાં પડેલો ચીલો હજી સુધી કાયમ છે અને સમુદ્રનાં મોજાં કે પવનની લહેરો તેને ભૂંસી શકી નથી, તેને અધર્મી ઠરાવી મારી નાખવામાં આવતો હતો.●

આ બધી બાબતો પરથી જણાય છે કે સીરિયાના લોકો જેઓ સેંકડો વરસ પહેલાં યુનાની જ્ઞાનવિજ્ઞાન અને બૌદ્ધ દર્શનનો આનંદ માણી ચૂક્યા હતા, તેમને છઠ્ઠી સદીના અંતમાં ખ્રિસ્તી ધર્મને નામે કેવા કેવા જુલમો અને આફતોનો સામનો કરવો પડતો હતો. આ બધી પરિસ્થિતિ બાળપણમાં જ મહંમદસાહેબની નજર સામે આવી. કેટલીએક વાર ઘણા મોટા મોટા ખ્રિસ્તીઓ સાથે તેમને વાતચીત થઈ. તે ખ્રિસ્તીઓમાં એક ખ્રિસ્તી મહંત નસ્તૂરનો ખાસ ઉલ્લેખ આવે છે. પહેલી જ વારની સીરિયાની મુસાફરીમાં એક ભલા ખ્રિસ્તી સાધુ બુહેરાનું નામ પણ આવે છે. તેના પર બાળક મહંમદના સવાલો, તેનું ઊંડું સંશોધન,

૧. *A History of Intellectual Development of Europe*, By J. W. Draper, Vol. 1, p. 312.

તેનું વિશાળ હૃદય, તેની સમજણ અને તેની ઊંડી દૃષ્ટિ, એ બધાંની બહુ ભારે છાપ પડી.

મહંમદસાહેબના જીવનનાં પહેલાં પચીસ વરસ પોતાના કાકા અબુ તાલિબ સાથે વેપાર કરવામાં અને એ જ જાતના અનુભવ મેળવવામાં વીત્યાં. એ દિવસોમાં મહંમદસાહેબે વેપારમાં એટલી નિપુણતા પ્રાપ્ત કરી લીધી અને પોતાની પ્રામાણિકતા તથા ઈમાનદારી માટે તેઓ ચારે તરફ એટલા પ્રખ્યાત થઈ ગયા કે મક્કાના બીજા ઘણા વેપારી તેમને પોતાના આડતિયા બનાવીને તેમની મારફત વેપાર કરવા લાગ્યા.

## ૭
## વિવાહ

આના થોડા સમય પહેલાં શહેરનો એક મોટો અને પૈસાદાર વેપારી મરણ પામ્યો. તેની વિધવા ખદીજાને પોતાના કામકાજને માટે એક હોશિયાર અને ઈમાનદાર આડતિયાની જરૂર પડી. અબુ તાલિબે પોતાના ભત્રીજા માટે ખદીજાને સિફારસ કરી. ખદીજાએ તેમની વાત માન્ય રાખી. હવે ખદીજાના આડતિયા તરીકે મહંમદસાહેબે કેટલોક વખત સીરિયા, દમાસ્કસ અને બીજા દેશો સાથે વેપાર કર્યો. મહંમદસાહેબની મહેનત અને ઈમાનદારીથી ખદીજાને બહુ લાભ થયો. છેવટે એક વાર તેઓ સીરિયાથી મક્કા પાછા આવ્યા ત્યારે વિધવા ખદીજાએ તેમની સાથે લગ્ન કરવાની માગણી કરી. મહંમદસાહેબ સંમત થયા. મહંમદસાહેબનું આ પહેલું લગ્ન હતું. બંનેની ઉંમરમાં ઘણો ફરક હતો. મહંમદસાહેબની ઉંમર આ વખતે પચીસ વરસની અને ખદીજાની ચાળીસ વરસની હતી. છતાં આ લગ્ન જિંદગીભર બંનેને માટે બહુ કલ્યાણકારી નીવડ્યું અને છેવટ સુધી બંનેમાં ખૂબ પ્રેમ રહ્યો. આમ મહંમદસાહેબનો ઘરસંસાર શરૂ થયો.

# ૮

# અલ-અમીન

તે જમાનાનાં તમામ વર્ણનો પરથી મહંમદસાહેબની પચીસ વરસની ઉંમર સુધીના સમયની તેમની ઈમાનદારી અને સદાચારની પૂરતી સાબિતી મળે છે. જે વખતે તેમની ઉંમરના લોકો મક્કાના રિવાજ પ્રમાણે, કાવ્યો રચવામાં અને રખડતા ફરવામાં પોતાનો વખત ખોતા હતા ત્યારે મહંમદસાહેબ તેમને જ્યારે પણ પોતાના કામમાંથી ફુરસદ મળતી ત્યારે, એકાંતમાં કાંઈ ને કાંઈ ચિંતન કરતા જણાતા હતા. મળવા-કરવામાં સૌની સાથે તેમની રીતભાત ઘણી મધુર બલ્કે શરમાળ ગણાય એવી હતી. તેમની રહેણીકરણી બહુ સાદી, તેમનું મન તેમના કાબૂમાં, તેમની તંદુરસ્તી સારી, દિલ નરમ અને ચહેરો ચમકતો હતો. લોકો તેમને જોઈને જ તેમના તરફ ખેંચાતા.

પોતાની પ્રામાણિકતા અને ઈમાનદારી માટે તેઓ જુવાનીમાં જ એટલા પ્રખ્યાત થઈ ગયા કે આખાયે મક્કાના લોકો તેમને 'અલ-અમીન' એટલે કે શ્રદ્ધેય અથવા વિશ્વાસપાત્ર, કહીને બોલાવતા અને જીવનના અંત સુધી તેમને એ જ નામથી બોલાવવાનું ચાલુ રહ્યું.

મક્કાની રાજસત્તાનો અને મક્કાના ઝઘડાઓનો નિકાલ કરવાનો હક તે સમયે કુરેશીઓના સરદારનો હતો. પરંતુ રોજ રોજ બહારથી આવનારા યાત્રાળુઓ અને બીજા લોકોના જાનમાલના રક્ષણને માટે કશો બંદોબસ્ત નહોતો. મક્કાની આસપાસ અને ખુદ મક્કામાં ઘણી વાર એ લોકોની માલમતા અને ક્યારેક તેમનાં બાળકો સુધ્ધાં લૂંટી લેવામાં આવતાં, અને કોઈ કોરટ-કચેરી નહોતી જ્યાં જઈને તેઓ દાદ-ફરિયાદ કરી શકે. મહંમદસાહેબના સમયથી ઘણી સદીઓ પહેલાં ફઝલ, ફઝાલ, મુફઝ્ઝલ અને ફુઝેલ નામના ચાર બહાદુર અને દયાળુ નવજવાનોએ

મક્કામાં આ પવિત્ર કામ પોતાના હાથમાં લીધું હતું, પરંતુ તેમના પછી આવો કશો બંદોબસ્ત ન રહ્યો. પોતાના લગ્ન પછી મહંમદસાહેબે સર્વ કુળોના મુખ્ય મુખ્ય માણસોને એકઠા કર્યા. તેમણે એક દળ બનાવ્યું. તેનું કામ મક્કામાં અને તેની આસપાસ પરદેશીઓના જાનમાલની રક્ષા કરવાનું હતું. એ દળના દરેક માણસને એવા સોગંદ લેવા પડતા કે તે દરેક પરદેશીનું રક્ષણ કરશે અને તેના પર કોઈને જુલમ નહીં કરવા દે. જૂના વખતમાં થઈ ગયેલા પેલા ચાર વીરોની યાદગીરીમાં આ દળનું નામ 'હિલ ફુલ ફુઝૂલ' રાખવામાં આવ્યું. આ દળ ઓછામાં ઓછાં ૬૦ વરસ સુધી કામ કરતું રહ્યું.

તે સમયે અરબસ્તાનમાં ગુલામોને વેચવાનો સર્વસામાન્ય રિવાજ હતો, કેટલાક લોકો સીરિયાની દક્ષિણમાંથી કોઈ ખ્રિસ્તી કબીલાના ઝેદ નામના એક છોકરાને ક્યાંકથી પકડી લાવ્યા. ઝેદ મક્કાના બજારમાં વેચાયો. ખદીજાના એક સગાએ તેને ખરીદીને ખદીજાને આપી દીધો. ખદીજાએ તેને મહંમદસાહેબને આપી દીધો. મહંમદસાહેબે ઝેદને ગુલામીમાંથી મુક્ત કરીને તેને બહુ પ્રેમપૂર્વક પોતા પાસે રાખી લીધો. થોડા દિવસ પછી ઝેદનો બાપ હારીસ કંઈક પત્તો મેળવીને મક્કા આવી પહોંચ્યો. તેનો ઈરાદો ઝેદને પોતાની સાથે ઘેર લઈ જવાનો હતો. પરંતુ ઝેદ મહંમદસાહેબના વર્તનથી એટલો ખુશ હતો કે તેણે બાપની સાથે જવા ના પાડી.

મહંમદસાહેબની ઉંમર લગભગ ૩૦ વરસની હતી ત્યારે મક્કામાં એક બહુ ભયાનક અને ભેદભરી વાતની ખબર પડી. કૉન્સ્ટાન્ટિનોપલના સમ્રાટે બહુ ખરચ કરીને ઉસ્માન નામના એક ખ્રિસ્તી આરબની મારફતે મક્કા અને હેજાઝ પર કબજો કરી લેવાનો વિચાર કર્યો. આ વાતની ખબર પડતાં જ મહંમદસાહેબે મક્કાવાસીઓને અને ખુદ ઉસ્માનને તેમનાં ટેક, દેશભક્તિ અને સ્વાતંત્ર્યપ્રેમને નામે અપીલ કરી અને મહંમદસાહેબની જ કોશિશથી રોમના સમ્રાટની એ બાજી ઊંધી વળી.

પાંચ વરસ પછી એક બીજો બનાવ બન્યો. એ દેખાવમાં તો બહુ નજીવો હતો, પણ એનું પરિણામ અરબસ્તાનની આઝાદીની બાબતમાં રોમના સમ્રાટે ગોઠવેલી બાજી કરતાં ઓછું ખરાબ ન આવત. આ

બીજા બનાવથી એ પણ જણાઈ આવે છે કે મહંમદસાહેબ કેટલા શાંતિપ્રિય અને કેટલા સમજદાર હતા તથા પોતાના દેશબંધુઓમાં તેમનું માન કેટલું વધેલું હતું.

પાણીની રેલને લીધે કાબાની દીવાલોમાં ફાટો પડી ગઈ. તેની મરામત કરવાની જરૂર જણાઈ. આ મરામત કરાવતાં કાબાના પવિત્ર પથ્થર 'સંગે અસવદ'ને પાછો યોગ્ય જગ્યાએ ગોઠવવાનો સવાલ ઊભો થયો. આ પથ્થર બહુ પુરાણા જમાનાનો છે. તે દોઢ ફૂટ લાંબો અને આઠ ઈંચ પહોળો, ઈંડાના આકારનો છે. તે મહંમદસાહેબની હજારો વરસ પહેલાંની કાબાની મુખ્ય વસ્તુ છે. કાબાના અગ્નિ ખૂણામાં જમીનથી પાંચ-છ ફૂટની ઊંચાઈએ બેસાડેલો છે. સૌ મુસલમાન યાત્રાળુઓ તેને આદરપૂર્વક ચૂમે છે. સંગે અસવદને ઉઠાવીને તેની યોગ્ય જગ્યાએ ગોઠવવાનું માન કોને આપવું, એ બાબત કુરેશ કબીલાની ચાર મોટી મોટી શાખાઓમાં ઝઘડો ઊભો થયો. ઝઘડો વધી પડયો. છેવટે એ ઝઘડાનો નિકાલ કરવા માટે સૌએ મળીને પોતાના અલ-અમીન મહંમદસાહેબને પંચ નીમ્યા. મહંમદસાહેબે ત્યાં જઈને પોતાની ચાદર પાથરી તેની ઉપર પોતાને હાથે સંગે અસવદ મૂક્યો. પછી તે ચાદરનો એકેક છેડો પકડીને ઉઠાવવા ચારેય ખાનદાનોના મુખીઓને કહ્યું. આમ એ બધાએ મળીને સંગે અસવદને તેની દીવાલમાંની જગ્યા સુધી ઊંચકયો. ચાદરને દીવાલ સરસી લાવવામાં આવી એટલે મહંમદસાહેબે ધીરેથી ટેકો આપીને સંગે અસવદને તેની જગ્યાએ સરકાવી દીધો. આમ જે ઝઘડાથી કુરેશીઓમાં માંહોમાંહે લડાઈ સળગી ઊઠત એટલું જ નહીં, જેમાં અરબસ્તાનના બીજા બધા કબીલા પણ ખેંચાઈ આવત અને જે એક રાષ્ટ્રીય આફત થઈ પડત તે સહેલાઈથી પતી ગયો.

## ૯

# એકાન્તવાસ

અરબસ્તાન અને તેની આસપાસના લોકોની સ્થિતિ, તેમની અંદર અંદરની ફાટફૂટ, તેમના વિચિત્ર ધર્મો તથા રિવાજો અને વિદેશી રાજ્યસત્તાઓનો તેમના પર જુલમ, આ બધી વસ્તુઓ વિશે શરૂઆતથી જ મહંમદસાહેબ દુ:ખી અને ઊંડા વિચારમાં ડૂબેલા જણાતા હતા. એકાન્તમાં રહેવાની પણ એમને પહેલેથી જ ટેવ હતી. હવે એક નવી વસ્તુ એમને પોતાના જીવનમાં જણાવા લાગી.

શરૂઆતથી એમના મનમાં એકેશ્વરમાં દૃઢ વિશ્વાસ હતો. યહૂદી અને ખ્રિસ્તી વિદ્વાનો અને ખાસ કરીને સીરિયાના ખ્રિસ્તી સાધુઓ પાસે તેમણે સાંભળ્યું હતું કે લાંબા ઉપવાસો, પ્રાર્થનાઓ અને ચૂપચાપ દુ:ખ સહન કરવાથી ઈશ્વર પોતાના ભક્તો પર દયા કરે છે, અને તેમને સત્યનો માર્ગ બતાવે છે. આ બધા ધર્મોને માટે મહંમદસાહેબના મનમાં આદર હતો. પરંતુ એ ધર્મોની તે સમયની સ્થિતિ જોતાં તેમાંના એકે ધર્મથી મહંમદસાહેબને સાંત્વન મળી શકે તેમ નહોતું. સર વિલિયમ મ્યૂર લખે છે:

> "મહંમદસાહેબમાં શરૂઆતથી જ ચિંતનની આદત અને એક જાતની ગંભીરતા દેખાતી હતી. હવે તે ઘણી વધી ગઈ હતી અને હવે તેઓ પોતાનો ઘણો સમય એકાન્તમાં ગાળવા લાગ્યા હતા. તેમનું મન ધ્યાન અને ચિંતનમાં ચોંટેલું રહેતું. પોતાની કોમની પડતીનો તેમના મન પર ભારે બોજો હતો. સાચો ધર્મ શો, એ વિષય એમના આત્માને અસ્વસ્થ કરતો હતો. તેઓ ઘણુંખરું મક્કાની નજીકની સૂમસામ ખીણો અને ટેકરીઓ પર એકાન્તમાં રહેવા, ચિંતન કરવા અને શાંતિ પ્રાપ્ત કરવા ચાલ્યા જતા. હિરા

પહાડની તળેટીમાં ઉતારની ઉપર આવેલી એક ગુફા તેમની સૌથી પ્રિય જગ્યા હતી."[૧]

ઊંચો અને સૂમસામ હિરા પહાડ મક્કાની ઉત્તરમાં છે. કેટલાંય વરસ સુધી મહંમદસાહેબનો આખો રમજાન મહિનો આ જ પહાડની એક ગુફામાં વીતતો હતો. ઈશ્વરની શોધમાં બેચેન બનેલા મહંમદસાહેબને માટે ધીમે ધીમે બારેય મહિના રમજાન મહિના જ બની ગયા. આ ગુફામાં મહંમદસાહેબે લાંબામાં લાંબા ઉપવાસ કર્યા, જાગરણ કર્યાં, પ્રાર્થનાઓ કરી અને એ જ ગુફામાં પોતાના પરવરદિગાર આગળ તેઓ વારંવાર ધરાઈ ધરાઈને રડયા.

એક વિદ્વાને કહ્યું છે કે, "હીરા જેમ ધરતીના પેટમાં અંધકારમાં જ મળી આવે છે તેમ જ સત્ય ઊંડા ચિંતનથી આત્માના ઊંડાણમાંથી જ મળી શકે છે."

આમ વરસોનાં ચિંતન અને સંશોધનથી મહંમદસાહેબના દિલમાં એક સત્ય દૃઢ થતું જતું હતું કે ઈશ્વર એક છે, તે જ આપણો સૌનો માલિક છે. સર્વ માણસો ભાઈઓ છે, એક ઈશ્વર સિવાય બીજાં કોઈ દેવદેવીઓમાં મન પરોવવું એ પાપ છે, સૌએ બૂરાં કર્મોથી બચવું જોઈએ અને સત્કર્મો તરફ વળવું જોઈએ, તથા સૌને પોતપોતાનાં સારાંમાઠાં કર્મોનું ફળ ભોગવવું પડશે. આ જ તેમને બધા ધર્મોનો અસલ સાર જણાયો અને આ અસલ ધર્મને ભૂલવામાં જ તેમને અરબસ્તાન અને બાકીની દુનિયાની બધી મુસીબતોનું મૂળ જણાવા લાગ્યું.

"મહંમદસાહેબને ઘણા વખતથી જણાવા માંડયું હતું કે અરબસ્તાનના સેંકડો કબીલા અને ધર્મોના લોકો પોતપોતાના કબીલા અને ધર્મોનાં અલગ અલગ દેવદેવીઓને પૂજતા, એ જ તેમનામાં કુસંપ અને ઝઘડા વધી પડવાનું ખાસ કારણ હતું. આથી, જેમ મહંમદસાહેબથી ઘણા સમય પહેલાં યહૂદી મહાપુરુષોએ કહ્યું હતું તે જ પ્રમાણે મહંમદસાહેબે પણ સૌથી મહાન અને સૌના માલિક એક પરમાત્માની પૂજા મારફતે તે સર્વે જાતિઓને સંપૂર્ણપણે ભેળવી દઈને એક કોમ બનાવી દેવાનો ઈરાદો કર્યો.

૧. *Life of Mohammad*, by W. Muir, p. 35.

પરમાત્માના એકત્વની મારફતે અને એ જ એકત્વને આધારે મહંમદસાહેબે પોતાના લોકોમાં ઐક્ય સ્થાપવાનો અને તેમને એક કોમ બનાવવાનો નિર્ણય કર્યો."[૧]

## ૧૦

## ઈશ્વરનો અવાજ

પણ આવા ગંભીર અને એક ઈશ્વર પર જ વિશ્વાસ રાખનાર આત્માને જ્યાં સુધી તેના અંતરમાંથી અવાજ આવતો ન જણાય, જેની આગળ રોઈ રોઈને તેણે રાત્રીઓ વિતાવી હતી તે પ્રભુ પોતે તેને સાંત્વન ન આપે ત્યાં સુધી તેને શાંતિ મળી શકે નહીં. માણસની અક્કલ પર જ ભરોસો ન રાખી શકાય. માણસ એટલો લાચાર અને નિર્બળ છે કે પરમાત્માની મદદ વગર તે કરી પણ શું શકે? વળી સાચા શોધકોએ પહેલાં પણ અંતરનો અવાજ અને આકાશવાણી સાંભળ્યાં હતાં! મહંમદસાહેબની બેચેનીનું આ જ કારણ હતું. આ જ એમના એકાન્ત, લાંબા ઉપવાસો અને પ્રાર્થનાઓનો ઉદ્દેશ હતો.

આખરે મહંમદસાહેબની ઉંમર ચાળીસ વરસની થઈ ત્યારે રમજાન માસની જ એક રાતે હિરા પર્વતની ગુફામાં બેઠા હતા ત્યારે તેમને એક અવાજ સંભળાતો લાગ્યો,—"જા ઊઠ, અને તારા પ્રભુનો સંદેશો દુનિયાને પહોંચાડ." આટલાથી મહંમદસાહેબને સંતોષ ન થયો. વળી પાછા એક રાતે જ્યારે તેઓ એકાન્તમાં ચિંતનમાં ડૂબેલા હતા ત્યારે કોઈએ મોટેથી કહ્યું, "જાહેર કર!" મહંમદસાહેબ ચોંકયા. ફરી વાર અવાજ સંભળાયો, "જાહેર કર!" વળી ત્રીજી વાર અવાજ સંભળાયો, "જાહેર કર!" મહંમદસાહેબે ગભરાઈને પૂછયું, "શું જાહેર કરું?" ઉત્તર મળ્યો:

---

૧ *Islam, Her Moral and Spiritual Value,* by Major Arthur Glyn Leonard, pp 25-26.

"જાહેર કર તે તારા પ્રભુને નામે જેણે આ જગત સરજ્યું છે.

"જેણે પ્રેમથી[૧] પ્રેમનું પૂતળું—આદમી બનાવ્યો, જાહેર કર! તારો પ્રભુ ઘણો જ દયાળુ છે, તેણે માણસને કલમ મારફતે જ્ઞાન આપ્યું અને માણસ જે વસ્તુઓ નહોતો જાણતો તે બધી તેને શીખવી."[૨]

કુરાનની આ તે પાંચ આયતો છે, જેની વહી મહંમદસાહેબ પર સૌથી પહેલાં આવી હતી. આ જ તેમના પેગંબર (ઈશ્વરનો પેગામ એટલે સંદેશો લાવનાર) થવાની શરૂઆત હતી.

અંતરનો અવાજ, વહી, રિવિલેશન (સાક્ષાત્કાર), આકાશવાણી કે ઈશ્વરનો સંદેશો એ શી વસ્તુઓ છે? સત્યનો કોઈ એવો ભંડાર છે કે નહીં, જેનું પ્રતિબિંબ કોઈ ખાસ રૂપે માણસના હૃદયમાં—જ્યારે હૃદય સાફ થતાં તદ્દન નિર્મળ થઈ ગયું હોય ત્યારે—પડી શકે? આત્માની કોઈ એવી અવસ્થા હોઈ શકે કે નહીં જેમાં થોડા વખત માટે અજ્ઞાતમાંથી એટલે કોઈ ન સમજાય એવી જગ્યાએથી જ્ઞાનનો દરવાજો ઊઘડી જતો હોય? આ બધા પ્રશ્નો એવા છે, જેમાં વધારે ઊંડા ઊતરવાનો અત્યારે અમારો ઉદ્દેશ નથી. પરંતુ એટલી વાત તો નિઃશંક છે કે મહંમદસાહેબનો વહીનો દાવો એ દુનિયાના ધર્મોના ઈતિહાસમાં કોઈ અનોખી વસ્તુ નહોતી. દુનિયાના ઘણાખરા ધર્મસંસ્થાપકો, હજારો ઋષિઓ, મહાત્માઓ, પીરો, પેગંબરો અને સિદ્ધો કોઈ ને કોઈ રૂપમાં ઈશ્વરી અવાજ સાંભળ્યો હોવાનો દાવો કર્યો છે, અને વેદ, તોરત—ઈંજીલ(બાઈબલ)-ના માનનારા કરોડો લોકો પોતપોતાનાં ધર્મપુસ્તકો ઈશ્વરપ્રણીત એટલે ઈશ્વરનાં કહેલાં માને છે. વળી એ વાત પણ નિઃસંદેહ છે કે શોધક અને બેચેન બનેલા મહંમદસાહેબને બરાબર એ જ રીતે અને એવી જ પરિસ્થિતિમાં પોતાના અંતરમાંથી કે પોતાના પરમાત્મા પાસેથી પ્રકાશ મળ્યો, જે રીતે અને જે પરિસ્થિતિમાં દુનિયાના કોઈ પણ મોટામાં મોટા પેગંબર, દ્રષ્ટા કે ધર્મસંસ્થાપકોને ક્યારેય મળ્યો હતો. આ જ પ્રકાશમાં મહંમદસાહેબને પોતાના દેશ, પોતાની કોમ અને આખી માણસજાતના

૧. 'અલક' શબ્દનો અર્થ અરબીમાં 'પ્રેમ' અને લોહીનો છાંટો બંને થાય છે. અહીં બંને અર્થ બંધ બેસે છે.

૨. કુરાન, ૯૬, ૧–૫.

ભલાનો રસ્તો જણાયો અને એ જ વસ્તુએ તેમને પોતાનું મિશન ફેલાવવા અને તેને માટે હરેક પ્રકારની મુસીબતો સહન કરવા તૈયાર કર્યા.

"ખરેખર કદી કોઈ માણસ મૃત્યુની પેઠે અટળપણે સાચો લગનીવાળો થયો હોય તો તે આરબભૂમિનો આ વફાદાર બેટો થયો હતો. કદી કોઈ માણસે પોતાનું હૃદય અને પોતાનો આત્મા દુનિયાના સર્જનહાર આગળ ખુલ્લાં કરી દીધાં હોય તો તે આ વેપારી મહંમદે કરી દીધાં હતાં. ખરેખર, દુ:ખમાં ડૂબેલ અને તે દુ:ખ ચૂપચાપ સહન કરતા કોઈ આત્માને કદી પણ આપણા સર્જનહાર પ્રભુનાં દર્શન થયાં હોય તો તે હાજરા દાસીના આ સંતાનને થયાં હતાં."[૧]

એક અનોખા પ્રભાવ અને આવેશમાં મહંમદસાહેબે ઉપરની પાંચે આયતો (કુરાનનાં વાકયો) સ્પષ્ટતાપૂર્વક કહી દીધી. તોપણ તેમને પોતાની સૂધબૂધ પર વિશ્વાસ ન આવ્યો. તેઓ સ્વભાવે બહુ સંકોચશીલ હતા એટલું જ નહીં, કહે છે કે 'સ્ત્રીઓ કરતાં પણ વધારે શરમાળ' હતા. ખદીજા પ્રત્યે તેમને ઊંડો પ્રેમ હતો અને ખદીજાને પણ તેમના પ્રત્યે તેવો જ પ્રેમ હતો. ખદીજાની સમજબૂજ અને સચ્ચાઈ પર પણ તેમને પૂરેપૂરો વિશ્વાસ હતો. ખદીજાની ઉંમર હવે લગભગ ૫૫ વરસની હતી. મહંમદસાહેબ ગભરાયેલા ગભરાયેલા ખદીજા પાસે પહોંચ્યા અને બધી વાત કહી સંભળાવીને બોલ્યા,—"ખદીજા, મને શું થઈ ગયું? હું ગાંડો તો નથી થઈ ગયો?" ખદીજાએ જવાબ આપ્યો,—"કાસમના[૨] બાપ, ડરશો નહીં. તમે ઘણી ખુશ થવા જેવી ખબર લાવ્યા છો. હું અત્યારથી તમને આપણી કોમના પેગંબર સમજીશ. રાજી થાઓ. અલ્લા કદી તમારી લાજ જવા નહીં દે. શું તમે હંમેશાં પોતાના સગાઓ પ્રત્યે પ્રેમભરી વર્તણુક અને પાડોશીઓ પર મહેરબાની નથી રાખી? ગરીબોને દાન, મહેમાનોનો આદરસત્કાર, અને હંમેશાં પોતાનાં વચનનું પાલન અને સત્યનો પક્ષ નથી કર્યો?"

---

૧. *Islam, Her Moral and Spiritual Value*, by Major Arthur Glyn Leonard, pp 69–70.

૨. મહંમદ સાહેબનો એક પુત્ર જે બાળપણમાં જ મૃત્યુ પામ્યો હતો.

વરકા નામનો ખદીજાનો એક સગો યહૂદી અને ખ્રિસ્તી ધર્મ-પુસ્તકોનો પ્રખ્યાત વિદ્વાન હતો. તે બહુ વૃદ્ધ અને અંધ હતો. આજુબાજુના લોકો તેના તરફ આદરની દૃષ્ટિએ જોતા હતા. ખદીજા તરત વરકા પાસે ગઈ અને તેને બધી વાત કહી સંભળાવી. વરકાએ ધ્યાનપૂર્વક બધું સાંભળીને કહ્યું કે, "ધર્મગ્રંથોમાં આવા જ એક સમયે આવા પેગંબરને મોકલવા વિશેનો ઉલ્લેખ છે. ખરેખર જે દૂત હજરત મૂસા પાસે આવ્યો હતો તે જ મહંમદ પાસે પણ આવ્યો છે. મહંમદને કહો કે ગભરાય નહીં અને હિંમતપૂર્વક પોતાનું મિશન પૂરું કરે."

વિદ્વાન વરકાએ દિલાસો આપ્યો તેની મહંમદસાહેબ પર ઘણી અસર થઈ. છતાં તેઓ મેલાંઘેલાં કપડાં પહેરીને, ઊંડું ચિંતન કરતા એક ચાદર વીંટીને પડી રહેતા. છ મહિનાની ભારે બેચેની પછી એક દિવસ ફરીથી અવાજ સંભળાયો :

એ ચાદરમાં વીંટાયેલા,
ઊઠ અને લોકોને ચેતાવ,
અને તારા પ્રભુના મહિમાનું વર્ણન કર,
અને તારાં વસ્ત્ર સાફ કર,
અને અસ્વચ્છતાથી દૂર રહે,
અને બીજાઓની સેવા કરી હોય તો તેનો ઉપકાર ગણાવીશ નહીં,
અને તારા પ્રભુને ખાતર ધીરજથી કામ લે.[૧]

૧. કુરાન, ૭૪, ૧–૭.

## ૧૧
# મિશનની શરૂઆત

આ ઘડીથી જ મહંમદસાહેબને પોતાના મિશનને માટે પૂરેપૂરી શ્રદ્ધા બેઠી. તેમની બાકીની ઉંમર પોતાના જીવનની આ જ ઈચ્છા પૂર્ણ કરવાના પ્રયત્નમાં વીતી. હવે તેમણે દુનિયાનાં બીજાં બધાં કામોથી અલગ થઈને મક્કાના લોકોને પોતાના ઈશ્વરનો સંદેશો સંભળાવવાનું શરૂ કર્યું.

ટૂંકામાં, સૌ દેવદેવીઓની અને મૂર્તિઓની પૂજા છોડી દઈને એક ઈશ્વરની પૂજા કરવી, ઊંચનીચના અને કુળોના ભેદ છોડીને સૌ માણસોને ભાઈ ભાઈ સમજવા; જુગાર, દારૂ, ચોરી, વ્યભિચાર અને છોકરીઓની હત્યા જેવાં બૂરાં કૃત્યોથી બચવું અને સત્કર્મોમાં લાગી જવું—એ જ હવે પછીના મહંમદસાહેબના ઉપદેશોનો સાર હતો.

## ૧૨
# મુસીબતોનાં તેર વરસ

ત્રણ વરસની સતત મહેનત પછી માંડ ચાળીસ માણસોએ મહંમદસાહેબનો ધર્મ સ્વીકાર્યો. તેઓમાં ખદીજા, અબુ તાલિબનો નાની ઉંમરનો પુત્ર અલી, ઝેદ, અબુ બક્ર અને ઉસ્માન એ પહેલા પાંચ હતા. અબુ બક્ર એક ધનવાન સોદાગર હતા. બાકીનામાં ગરીબ અને નાના માણસો વધારે હતા. અને ઘણા તો ગુલામો હતા, જેમને તે સમયે અરબસ્તાનમાં જાનવરોની પેઠે વેચવામાં આવતા હતા.

સફા નામની ટેકરી પર મહંમદસાહેબે કુરેશીઓની એક સભા ભરી, અને તેમને બધાં દેવદેવીઓને છોડીને કેવળ એક અલ્લાની પૂજા કરવા કહ્યું. લોકોને એ ગમ્યું નહીં. મહંમદસાહેબની મજાક ઉડાવતા તેઓ પોતપોતાને ઘેર ચાલ્યા ગયા.

થોડા દિવસ પછી તેમણે ફક્ત પોતાના કુળના એટલે અબ્દુલ મુત્તલિબના વંશના લોકોને પોતાને ઘેર એકઠા કર્યા. તેમને ખૂબ સમજાવ્યા પણ અલી સિવાય બીજા કોઈએ તેમની વાત ન સાંભળી.

મક્કાવાળાઓની આશા છોડીને તેમણે હવે બહારથી આવનારા યાત્રાળુઓ તરફ વધારે ધ્યાન આપવું શરૂ કર્યું.

આથી કુરેશીઓ તેમની વિરુદ્ધ થઈ ગયા. કુરેશીઓની ઘણી આવક કાબાનાં ૩૬૦ દેવદેવીઓની પૂજા મારફતે થતી હતી અને ઘણાંને તો ગુજરાનનુંયે એ જ સાધન હતું. આ જ એમની કમાણી હતી. એમાં જ મક્કાનું માહાત્મ્ય હતું. અને તેના પર જ મહંમદસાહેબનો સૌથી મોટો હુમલો હતો. હજારો વરસથી દૃઢ થયેલી શ્રદ્ધા સહેલાઈથી ડગતી નથી. કુરેશીઓએ દરેક જગ્યાએ મહંમદસાહેબનો વિરોધ કરવા માંડ્યો.

મહંમદસાહેબ જ્યાં જતા ત્યાં તેમની મજાક ઉડાવવામાં આવતી, કટાક્ષભરી ટીકાઓ કરવામાં આવતી અને ગાળો દેવામાં આવતી. તેઓ ઉપદેશ કરવા ઊઠતા ત્યારે તેમના પર મળ અને મરેલાં જાનવરનાં આંતરડાં ફેંકવામાં આવતાં. લોકોને કહેવામાં આવતું કે, "અબદુલ્લાનો પુત્ર પાગલ થઈ ગયો છે. તેનું સાંભળશો નહીં." વળી શોર મચાવીને તેમની વાત કોઈ સાંભળી ન શકે એવો પ્રયત્ન કરવામાં આવતો. કેટલીયે વાર તેમને પથ્થર મારી મારીને ઘાયલ કરવામાં આવ્યા. એક વાર કાબાની અંદર મહંમદસાહેબ પર હુમલો કરવામાં આવ્યો. અને અબુ બક્રે તેમને બચાવ્યા ન હોત તો તેઓ તેમને ત્યાં જ પૂરા કરી નાખત. જ્યારે આ બધાથી કાંઈ ન વળ્યું અને મહંમદસાહેબ ન અટક્યા ત્યારે જે લોકો મહંમદસાહેબની વાત માનીને તે પ્રમાણે વર્તન કરવા માંડતા તેમના પર ત્રાસ ગુજારવા માંડ્યો.

મહંમદસાહેબના કહેવાથી બિલાલ નામના એક હબસી ગુલામે મક્કાની મૂર્તિઓની પૂજા કરવાનો ઇન્કાર કર્યો હતો. તેને સખત તાપમાં રેતી પર સુવાડી તેના પર એક ભારે પથ્થર મૂકવામાં આવ્યો,

અને કહેવામાં આવ્યું કે મહંમદનો સાથ છોડી દે અને અરબસ્તાનના પુરાણા દેવોની પૂજા પાછી શરૂ કર. બિલાલે તે ન માન્યું એટલે કેટલાક દિવસ સુધી આ જ રીતે તેને સતાવવામાં આવ્યો. છેવટે જ્યારે અબુ બક્રને ખબર પડી ત્યારે તેમણે તેને તેના માલિક પાસેથી ખરીદી લીધો અને પછી આઝાદ કરી દીધો.

યાસિર અને તેની પત્ની સમિયા બંનેને આ જ ગુના માટે બરછીઓ ભોંકી ભોંકીને મારી નાખવામાં આવ્યાં. તેમના પુત્ર અમ્મારને પણ આવાં જ દુ:ખ દેવામાં આવ્યાં. અમ્મારે એક વાર ગભરાઈને માફી માગી અને પછી મહંમદસાહેબ પાસે જઈ પોતાની નબળાઈ માટે પસ્તાવા અને રોવા લાગ્યો. મહંમદસાહેબે તેને માફી આપી અને તેને ફરીથી પોતાના મંડળમાં સામેલ કર્યો.

તે શરૂઆતના સમયના ઈસ્લામમાં શહીદોની ખોટ નહોતી. અદીના પુત્ર ખુબેબ પર બહુ નિર્દયતાપૂર્વક ત્રાસ ગુજારવામાં આવ્યો. હેડમાં પૂરીને તેને કહેવામાં આવ્યું કે, "ઈસ્લામ છોડી દે એટલે અમે તને છોડી દઈશું." તેણે જવાબ આપ્યો, "આખી દુનિયા છોડી દઈશ પણ ઈસ્લામ નહીં છોડું." એટલે એક એક કરીને તેના હાથપગ કાપી નાખવામાં આવ્યા. પાછું તેને પૂછવામાં આવ્યું, "શું હજી પણ તું નથી ઈચ્છતો કે તારે બદલે મહંમદ આ સ્થિતિમાં હોય?" તેણે ઉત્તર આપ્યો, "મહંમદને એક કાંટો પણ વાગે તે પહેલાં હું પોતે મારાં બાળબચ્ચાં, કુટુંબ અને માલમતા સહિત નાશ પામવાનું પસંદ કરીશ." ખુબેબના ટુકડેટુકડા કરી નાખવામાં આવ્યા. તેના માંસની એક એક બોટી હાડકાંથી જુદી કરવામાં આવી. ખુબેબ શહીદ થયો. પણ એક પરમેશ્વર પરની કે તેના પેગંબર પરની શ્રદ્ધા તેના હૃદયમાંથી કે તેની જીભ પરથી ચળી નહીં. આ દિવસોમાં ઈસ્લામ ધર્મ સ્વીકારવાના ગુના માટે તેમના માલિકો તરફથી અનેક પ્રકારનાં દુ:ખ પામતા ઘણા ગુલામોને અબુ બક્રે પોતાની પાસેથી પૈસા આપીને ગુલામીમાંથી છૂટા કરાવી દીધા હતા.

ઈસ્વી સન ૬૧૫માં મહંમદસાહેબને પોતાના ધર્મનો ઉપદેશ કરતાં પાંચ વરસ થઈ ગયાં. સો-સવાસો માણસ એમના પંથમાં દાખલ થઈ

ચૂકયા હતા. એમાંના ઘણા લોકો ગરીબ હતા. કુરેશીઓની દુશ્મનાવટ રોજ રોજ વધતી જતી હતી. મહંમદસાહેબ અને તેમના સાથીઓનો જીવ હરઘડી જોખમમાં હતો.

અરબસ્તાનમાં અને ખાસ કરીને મક્કામાં કુરેશીઓનું જોર હતું. લાલ સમુદ્રને પેલે કિનારે થોડે દૂર આફ્રિકામાં ઈથિયોપિયાનો ખ્રિસ્તી સમ્રાટ નજ્જાશી બહુ ઉદાર રાજા મનાતો હતો. ઈ. સ. ૬૧૫માં, પહેલાં, પંદર મુસલમાનો પોતાનો જીવ બચાવવા મક્કાથી ઈથિયોપિયા ચાલ્યા ગયા. ધીરે ધીરે ત્યાં તેમની સંખ્યા ૧૦૧ સુધી પહોંચી. તેમાં ૧૮ સ્ત્રીઓ હતી. કુરેશીઓએ પોતાના બે માણસો—અમ્ર અને અબદુલ્લાને કીમતી નજરાણા સાથે ઈથિયોપિયાના સમ્રાટ પાસે મોકલ્યા. અને તે મુસલમાનોને આશરો ન આપતાં તેમને મક્કા પાછા મોકલી દેવાની માગણી કરી. સમ્રાટે મુસલમાનોને પોતાના દરબારમાં બોલાવ્યા અને તેમના નવા ધર્મ વિશે તથા તેના સ્થાપક વિશે પ્રશ્નો પૂછયા. તેના જવાબમાં અલીના મોટા ભાઈ જાફરે ઈથિયોપિયાના સમ્રાટ આગળ જે કેફિયત રજૂ કરી તેમાં આરબોની તે દિવસોની સ્થિતિ અને મહંમદસાહેબના ઉપદેશોનું સુંદર ચિત્ર છે. જાફરે સમ્રાટને કહ્યું :

> “હે રાજા, અમે લોકો જંગલીપણામાં અને અણસમજમાં ડૂબેલા હતા. અમે મૂર્તિઓની પૂજા કરતા હતા, અશુદ્ધ જીવન ગાળતા હતા, મુડદાલ માંસ ખાતા હતા, અને મોઢામાંથી ગંદા શબ્દો કાઢતા હતા. મનુષ્યમાં જેટલી સારી વસ્તુઓ હોવી જોઈએ તે બધીથી અમે વિમુખ થઈ ગયા હતા. પાડોશીઓ અને પરદેશીઓ બંને પ્રત્યે અમારી ફરજો બજાવવામાં અમે બેપરવા હતા. અમે એક જ કાયદો જાણતા હતા—‘બળિયાના બે ભાગ’. એ સ્થિતિમાં ઈશ્વરે અમારામાં જ એક એવો માણસ ઊભો કર્યો જેનાં ખાન-દાન, ઈમાનદારી, સચ્ચાઈ અને પવિત્ર જીવનને અમે પહેલેથી જ જાણતા હતા. તેણે અમને કહ્યું કે અલ્લા એક છે, અને ઉપદેશ આપ્યો કે અલ્લા સાથે કોઈ બીજાને ભેળવો નહીં. તેણે અમને બીજા દેવો અને મૂર્તિઓની પૂજા કરવાની મના કરી; અને સત્ય બોલવું, કોઈની અનામત ખાઈ ન જવી, બીજાઓ પર દયા

કરવી અને પડોશીઓના હકોનો ખ્યાલ રાખવો—એને અમારો ધર્મ ઠરાવ્યો. તેણે અમને કહ્યું કે કોઈની પણ માબહેન વિશે ગંદી ભાષા ન વાપરો, અને નબાપા કે કોઈ અનાથનો માલ પચાવી ન પાડો. તેણે અમને હુકમ કર્યો કે પાપોથી દૂર ભાગો અને બૂરાઈથી બચતા રહો, નમાજ પઢો, દાન આપો, અને ઉપવાસ કરો. અમે તેની વાત માની છે. અને કેવળ એક નિરાકાર ઈશ્વરની પૂજા તથા ઈશ્વર સાથે બીજા કોઈને સામેલ ન કરવાની બાબતમાં તેના કહેવા પ્રમાણે અમે અમલ કરવો શરૂ કર્યો. એટલા જ માટે અમારી કોમવાળા અમારી વિરુદ્ધ ખડા થયા. એક નિરાકારની પૂજા છોડીને અમે લાકડાંની, પથ્થરની અને બીજી વસ્તુઓની મૂર્તિઓને ફરી પાછા પૂજવા માંડીએ તેને માટે તેમણે અમને દુઃખ દીધાં, તેમણે અમને બહુ હેરાન કર્યા અને અમારું ઘણું નુકસાન કર્યું. જ્યારે અમે જોયું કે અમે તેમની સાથે સહીસલામત રહી શકીએ તેમ નથી ત્યારે અમે આપના દેશમાં આશરો શોધ્યો. અમને વિશ્વાસ છે કે આપ અમને એમના જુલમોથી બચાવશો."[1]

મક્કાથી આવેલા કુરેશીઓના માણસોએ નજ્જાશી આગળ રાવ ખાધી કે મુસલમાનો હજરત ઈશુને ખુદાનો પુત્ર નથી માનતા. બાદશાહે જાફરને પૂછ્યું. તેણે કુરાનની જે આયતોમાં ઈશુને પેગંબર માનવામાં આવ્યા છે તે સંભળાવી. કટ્ટર ખ્રિસ્તીઓની પેઠે નજ્જાશી પોતે કોઈને 'ખુદાનો પુત્ર' માનતો નહોતો. તેના પર ખ્રિસ્તી સુધારકો—એરિયસ અને નેસ્તોરિયસના સ્વતંત્ર વિચારોની અસર પડેલી હતી. આ બધી વસ્તુઓની નજ્જાશી પર એટલી સારી અસર થઈ કે તેણે મુસલમાનોને કુરેશીઓને હવાલે કરવાને બદલે પોતાને ત્યાં રાખી લીધા અને કુરેશીઓના માણસોને તેમના કીમતી નજરાણા સહિત અરબસ્તાન પાછા મોકલ્યા.

મહંમદસાહેબે આ ખ્રિસ્તી બાદશાહનો ઉપકાર હંમેશાં યાદ રાખ્યો. ઘણા સમય પછી જ્યારે તેના મૃત્યુની ખબર તેમને પહોંચી ત્યારે તેમણે તેના આત્માના કલ્યાણ માટે, પોતે મુસલમાનો માટે નમાજ પઢતા

---

૧. *The Spirit of Islam*, by Syed Amir Ali, pp. 100-1

અને પ્રાર્થના કરતા તે જ પ્રમાણે નમાજ પઢી અને પ્રાર્થના કરી. પરંતુ કુરેશીઓની દુશ્મનાવટ આથી વધારે ભભૂકી ઊઠી.

જ્યારે બીજો કોઈ ઈલાજ ન ચાલ્યો ત્યારે કુરેશીઓએ લાલચ આપીને કામ લેવા વિચાર કર્યો. કુરેશીઓના કેટલાક આગેવાનો મહંમદસાહેબ પાસે આવ્યા. તેમણે મહંમદ પર 'દેશમાં ઝઘડો ઊભો કરવાનો', 'ઘરોમાં કુસંપ કરાવવાનો', 'બાપદાદાના ધર્મને વખોડવાનો' અને 'પોતાનાં દેવદેવીઓની નિંદા કરવાનો' આરોપ મૂક્યો. મહંમદસાહેબ પોતે કુરેશી હતા. પરંતુ તેઓ આ બધા કબીલા વચ્ચેના ભેદોનો નાશ કરવા માગતા હતા. ઈસ્લામના ઝંડા નીચે આવતાં જ કુરેશી અને બિનકુરેશી, આરબ અને હબસી, ગુલામ અને માલિક સૌ સરખા થઈ જતા, અને સૌની સાથે એક જ પ્રકારનો વર્તાવ થવા લાગતો. અભિમાની કુરેશીઓ એ કેમ સહન કરી શકે? તેમણે મહંમદસાહેબને કહ્યું કે, "અમે બધા અમારા પર કર નાખીને તમને કબીલાના સૌથી માલદાર આદમી બનાવી દઈશું." "અમે તમને અમારા સરદાર માનીશું, અને તમને પૂછ્યા વગર કદી કોઈ કામ નહીં કરીએ. તમે કેવળ તમારા આ નવા ધર્મનો ઉપદેશ આપવો બંધ કરો." મહંમદસાહેબ પર એની કશી અસર ન થઈ. તેમણે જવાબ આપ્યો:

> "હું પણ તમારી પેઠે કેવળ એક માણસ છું. પણ મને ઈશ્વરની વાણી સંભળાઈ છે કે, આપણા સૌનો ઈશ્વર એક જ છે, એટલે તેના તરફ જ જુઓ અને તેની પાસે જ માફી માગો. જેઓ ઈશ્વર સાથે બીજાઓને સામેલ કરે છે, જેઓ ગરીબો અને દુઃખીઓને દાન નથી કરતા, જેઓ મૃત્યુ પછીના જીવનમાં (આત્માની અમરતામાં) તથા સૌને પોતપોતાનાં કૃત્યોનો બદલો ભોગવવો પડે છે એ વાતમાં વિશ્વાસ નથી રાખતા, તેમને માટે અફસોસ છે. પરંતુ જેઓ શ્રદ્ધાળુ છે અને સત્કર્મો કરે છે તેમને માટે સુખ જ છે."[૧]

એ લોકો પાછા ફરીથી મહંમદસાહેબને મળ્યા અને એ જ જાતની લાલચ આપી. મહંમદસાહેબે એટલો જ સ્પષ્ટ જવાબ આપ્યો:

---

૧. કુરાન, ૪૧, ૬–૮.

> "મારે નથી જોઈતા પૈસા કે નથી જોઈતું રાજ. હું તમને કેવળ મારા ઈશ્વરનો સંદેશો સંભળાવવા માગું છું. જો તમે મારી વાત માની લેશો તો આ લોકમાં અને પરલોકમાં બંનેમાં તમારું ભલું થશે. નહીં માનો તો હું ધીરજ રાખીશ અને અલ્લા સૌનો ફેંસલો કરશે."[૧]

લોકોએ મહંમદસાહેબને કહ્યું, "તમે પેગંબર હો તો કંઈ ચમત્કાર બતાવો." મહંમદ સાહેબે જવાબ આપ્યો:

> "અલ્લાના ગુણ ગાઓ, હું ખુદાના મોકલેલા એક માનવી સિવાય બીજું કશું જ નથી."[૨]

> "મારા પહેલાં પણ અલ્લાએ જેટલા રસૂલ (પેગંબર) મોકલ્યા હતા તે મારી-તમારી પેઠે જ ખાતાપીતા અને શેરીઓમાં ફરતા હતા."[૩]

પોતાની આખી જિંદગીમાં મહંમદસાહેબે કદી કશો ચમત્કાર, પરચો કે કરામત બતાવ્યાં નથી કે બતાવવાનો દાવો પણ કર્યો નથી. કુરાનમાં ઓછામાં ઓછો સત્તર વાર એવો ઉલ્લેખ આવે છે કે લોકોએ મહંમદસાહેબને કોઈ ચમત્કાર બતાવવા કહ્યું અને દરેક વખતે તેમણે જવાબ આપ્યો કે હું કશો ચમત્કાર બતાવી શકતો નથી. તેઓ હંમેશાં પોતાને એક સામાન્ય માણસ કહેતા. તેમનો દાવો કેવળ એટલો જ હતો કે, "ઈશ્વરે મારા હૃદયમાં સત્યનો પ્રકાશ કર્યો છે અને હું જે તમને કહું છું તે તેનો જ સંદેશો છે." પોતાના ઉપદેશોમાં તે દલીલોનો ઉપયોગ પણ કરતા.

> "નથી મારી પાસે અલ્લાનો ખજાનો અને નથી મને ગેબનું જ્ઞાન કે નથી હું ફિરસ્તો. હું તો કેવળ અલ્લાએ જે વસ્તુ મારા દિલમાં ઠસાવી છે તે પ્રમાણે ચાલું છું."[૪]

---

૧. કુરાન, ૩૮, ૯૬, ઇત્યાદિ.

૨. કુરાન, ૧૭, ૯૩.

૩. કુરાન, ૨૫, ૨૦.

૪. કુરાન, ૬, ૫૦.

"મારો પોતાનો લાભ-ગેરલાભ સુધ્ધાં મારા હાથમાં નથી. અલ્લાની ઈચ્છા પ્રમાણે જ થાય છે. જો મને ગેબનું જ્ઞાન હોત તો ખરેખર મને ઘણો ફાયદો થાત અને મને કોઈ પ્રકારનું નુકસાન ન થાત. હું તો કેવળ જેઓ મારી વાત માને તેમને બૂરાઈથી ડરાવનારો અને ભલાઈની ખુશખબર આપનારો છું."[૧]

કુરેશીઓના સરદારોએ હવે બીજો કોઈ ઈલાજ ન જોયો એટલે મહંમદસાહેબના કાકા અબુ તાલિબને કહ્યું કે, "જો આપ આપના ભત્રીજાને આ કામ કરતો નહીં રોકો તો તેનો અને તેને સાથ આપનારાઓનો જીવ સલામત નહીં રહે.

વૃદ્ધ અબુ તાલિબે ભત્રીજાને બોલાવીને સમજાવ્યો કે આટલા બધા લોકોને પોતાના અને પોતાના કુટુંબના લોકોના દુશ્મન બનાવી મૂકવા એ સારું નથી. મહંમદસાહેબ સમજી ગયા કે હવે કાકાજી પણ મારે માથેથી પોતાનો હાથ ઉઠાવી લેવા માગે છે. તેમણે જવાબ આપ્યો:

"જેના હાથમાં મારો જાન છે તે અલ્લાના કસમ લઉં છું કે, લોકો મારા જમણા હાથ પર સૂરજ અને ડાબા હાથ પર ચંદ્ર મૂકે તોપણ અલ્લાનો હુકમ છે ત્યાં સુધી હું મારા સંકલ્પમાંથી ચળીશ નહીં."

આમ કહીને મહંમદસાહેબ રોવા લાગ્યા અને પછી ઊઠીને ચાલ્યા ગયા. અબુ તાલિબ મુસલમાન નહોતા થયા છતાં ભત્રીજાની હિંમત અને તેનાં આંસુ બંનેની તેમના પર ઊંડી અસર થઈ. તેમણે હાશિમ કુળના માણસોને એકઠા કરીને સમજાવ્યા કે, "આપણા વિચારોનો મહંમદના વિચારો સાથે મેળ ખાય કે નહીં તોપણ તેનો જીવ બચાવવો જોઈએ. તે હંમેશાં અનાથો અને લાચારોનો મદદગાર અને સત્યવચની તથા સત્કર્મી રહ્યો છે." અબુ લહબ સિવાયના સૌએ આ વાત મંજૂર રાખી.

તે જ દિવસોમાં હજરત ઉમરે ઈસ્લામ ધર્મનો સ્વીકાર કર્યો એ એક નોંધપાત્ર બિના હતી. ઈથિયોપિયા ચાલ્યા ગયેલા મુસલમાનો ઉપરાંત બીજા માંડ પચાસ માણસ મહંમદસાહેબ સાથે મક્કામાં હતા. તેમાંના

---

૧. કુરાન, ૭, ૧૮૮.

પણ ઘણા તો પોતાના નવા ધર્મને છુપાવતા હતા અને ખુદ મહંમદસાહેબ પણ ક્યારેક એકના ઘરમાં તો ક્યારેક બીજાના ઘરમાં બેસીને છાના છાના પોતાના ધર્મનો ઉપદેશ કરતા હતા.

ઉમર તે સમયે ૩૫ વરસના હશે. તે પુરાણા કટ્ટર વિચારના હતા. તેમને ખબર પડી કે મહંમદસાહેબ અમુક મકાનમાં છે. તેઓ ખંજર લઈને મહંમદસાહેબને મારવા નીકળ્યા. રસ્તામાં તેમણે સાંભળ્યું કે તેમની પોતાની એક બહેન અને બનેવી બંનેએ ઈસ્લામ ધર્મ સ્વીકાર્યો છે. તેઓ ગુસ્સે થઈને પહેલાં બહેનના મકાન તરફ ચાલ્યા. મકાનની અંદર કુરાનની કેટલીક આયતો વંચાતી સંભળાઈ. અંદર જતાં જ તેમણે બનેવીને નીચે પટકીને તેની છાતી પર પગ મૂકયો. અને તેને પૂરો કરવાની તૈયારીમાં હતા ત્યાં બહેન વચ્ચે પડી. એક ઘાથી તેમણે બહેનના ચહેરાને પણ લોહીલોહાણ કરી નાખ્યો. બહેને ગભરાયા વગર કે પાછા હઠયા વગર બહુ શાન્તિથી જવાબ આપ્યો:

> "અલ્લાના દુશ્મન, હું એક સાચા ઈશ્વરને માનનારી છું એટલા માટે જ શું તું મને મારે છે? તારા વિરોધ છતાં અને તારો જુલમ સહન કરીને પણ હું સાચા ધર્મને વળગી રહીશ. હા, હું કહું છું કે એક ઈશ્વર સિવાય બીજો કોઈ ઈશ્વર નથી અને મહંમદ તેનો રસૂલ છે. ઉમર, લે હવે તારું કામ પતાવ."

ઉમરના દિલ પર અસર થઈ, તેમનો હાથ અટકી ગયો. તેઓ વિચારમાં પડી ગયા. પાસે જ કોઈ વસ્તુ પર લખેલી કુરાનની કેટલીક આયતો પડી હતી તે તરફ તેમની નજર ગઈ. આ કુરાનની ૨૦મી સૂરા હતી. ઉમર તે સહેજે જ વાંચવા લાગ્યા. પછી વારંવાર વાંચી. તેમનો વિચાર બદલાયો. બહેન-બનેવી બંને પાસે માફી માગી. બહાર નીકળીને તરત જ તેઓ ખંજરને બદલે દિલ લઈને મહંમદસાહેબ પાસે જઈ પહોંચ્યા. અને તરત ઈસ્લામ ધર્મ અપનાવી લીધો.

તે જ દિવસોમાં મહંમદસાહેબના એક કાકા હમ્ઝા જેઓ પહેલાં તેમના કટ્ટર દુશ્મન હતા તેમણે ઈસ્લામ ધર્મ અપનાવ્યો. કહે છે કે, "મહંમદસાહેબને તે સમયે જેટલા હેરાન કરવામાં આવતા અને ઠેકઠેકાણે તેમનું જે અપમાન કરવામાં આવતું અને જે શાન્તિ અને ધીરજપૂર્વક

તેઓ તે બધું સહન કરતા એ જોઈને હમ્ઝાના દિલ પર એટલી અસર થઈ કે તેઓ કટ્ટર દુશ્મનમાંથી બદલાઈને પક્કા સાથી થઈ ગયા."[૧] આ જ પ્રકારના બીજાયે દાખલા તે સમયના મળે છે.

મહંમદસાહેબને નવા ધર્મનો ઉપદેશ કરતાં સાતમું વરસ ચાલતું હતું. હજી સુધી મક્કાની શેરીઓમાં તેમનો જીવ જોખમમાં રહેતો હતો. આ જોઈને અબુ તાલિબે અને હાશિમ ખાનદાનના બીજા લોકોએ વિચાર કર્યો કે મહંમદસાહેબ અને તેમનો ધર્મ માનનારાઓને લઈને તેઓએ મક્કાની પૂર્વમાં આવેલી એક એવી સાંકડી ખીણમાં જઈને રહેવું જ્યાં કોઈ તેમના પર સહેલાઈથી હુમલો ન કરી શકે. આ ખીણને 'અબુ તાલિબની શેબ'[૨] કહેતા હતા. મહંમદસાહેબ, તેમના સાથી તથા આખા હાશિમ કુળના લોકો ત્યાં જઈને રહેવા લાગ્યા.

કુરેશ કબીલાનાં બે મોટાં કુળો બની હાશિમ અને બની ઉમૈયા વચ્ચે પહેલેથી જ દુશ્મનાવટ ચાલી આવતી હતી. હાશિમો સિવાયના બધા કુરેશીઓ મહંમદસાહેબની વિરુદ્ધ હતા. આ વિરોધીઓમાં ઉમૈયા કુળ પણ સામેલ હતું. ઉમૈયાઓ તરફથી કાબામાં એક લખાણ ટાંગવામાં આવ્યું. તેમાં બીજા બધા કુરેશીઓને કસમ દેવામાં આવ્યા કે જ્યાં સુધી હાશિમો મહંમદનો સાથ ન છોડે અને તેને સજા કરવાને માટે બાકીના કુરેશીઓના હાથમાં સોંપી ન દે ત્યાં સુધી તેમની સાથે રોટીબેટી કે પૈસાનો, બધી જાતનો વહેવાર બંધ કરી દેવો. ત્રણ વરસ સુધી હાશિમો મહંમદ-સાહેબને લઈને એ જ નાનકડી ખીણમાં પુરાઈ રહ્યા. તેમાં મહંમદસાહેબના કુટુંબના એવા માણસો પણ હતા જેમણે હજી ઈસ્લામ ધર્મ સ્વીકાર્યો નહોતો. કેવળ પોતાના કુળની પ્રતિષ્ઠા અને મહંમદસાહેબના પ્રેમને ખાતર તેઓ તેમને સાથ આપતા હતા. આ ત્રણ વરસના સખત બહિષ્કારથી મહંમદસાહેબ અને તેમના સાથીઓને ઘણાં દુઃખ ભોગવવાં પડ્યાં. તે એટલે સુધી કે કોઈ કોઈ વાર તેઓને દહાડાના દહાડા સુધી ઉપવાસ થતા હતા.

---

૧. *The Preaching of Islam*, by T. W. Arnold, p. 13.

૨. શેબ = ખીણ.

આરબસ્તાનમાં એવો રિવાજ ચાલ્યો આવતો હતો કે કાબાના મંદિરના યાત્રાના મહિનાઓમાં આરબોના માંહોમાંહેના બધા ઝઘડા થોડા સમય માટે બંધ રહેતા. તે જ દિવસોમાં હાશિમ કુળના લોકોને પણ બહાર નીકળીને ખાવાપીવાનો સરસામાન એગો કરવાની તક મળી જતી. તે જ દિવસોમાં મહંમદસાહેબને પણ તે ખીણમાંથી નીકળીને બહારથી આવેલા યાત્રાળુઓમાં પોતાના ધર્મનો ખુલ્લી રીતે પ્રચાર કરવાનો અવસર મળતો. એમ કહેવાય છે કે ત્રણ વરસ પછી જ્યારે પેલું લખાણ વાંચી ન શકાય એટલું ઝાંખું પડી ગયું ત્યારે અબુ તાલિબના સમજાવવાથી જેમ તેમ કરીને આ બહિષ્કારનો અંત આવ્યો.

મહંમદસાહેબની ઉંમર હવે ૫૦ વરસની થઈ ગઈ હતી. પોતાના ધર્મનો ઉપદેશ કરતાં તેમને દસ વરસ થઈ ગયાં હતાં. ગયાં ત્રણ વરસના બહિષ્કાર પછી હવે તેઓ નિર્ભયતાથી મક્કામાં રહી શકે અને સ્વતંત્રતાપૂર્વક લોકોને પોતાના ધર્મનો ઉપદેશ આપી શકે એવી આશા રાખવામાં આવતી હતી. પરંતુ આ બહિષ્કાર પૂરો થયા પછી થોડા જ દિવસે તેમના સૌથી મોટા મુરબ્બી અને ચાહક અબુ તાલિબ આ દુનિયામાંથી ચાલ્યા ગયા. તે સમયે અબુ તાલિબની ઉંમર ૮૦ વરસ ઉપરની હતી.

> "પોતે મહંમદસાહેબનો ધર્મ નહોતા માનતા છતાં અબુ તાલિબે પોતાના ભત્રીજા માટે પોતાના પર તથા પોતાના આખા કુળ પર જે જાતની આફતો નોતરી તે પરથી સાબિત થાય છે કે અબુ તાલિબ કેટલા ઉચ્ચ સ્વભાવના, કેટલા વિશાળ હૃદયના, કેટલા બહાદુર અને સાચા પુરુષ હતા. આ વસ્તુ પરથી સાથે સાથે મહંમદસાહેબના દિલની સચ્ચાઈની પણ પાકી ખબર પડે છે. કારણ કે કોઈ સ્વાર્થી દગાખોરને માટે અબુ તાલિબ કદી આવી આફતમાં ન પડત. અને અબુ તાલિબ પાસે મહંમદસાહેબને પારખવાને માટે ઘણાં સાધન હતાં."[૧]

"ઇસ્લામના પેગંબરના મિશનમાં આસ્થા નહીં હોવા છતાં અબુ તાલિબે પેગંબરનું આમ રક્ષણ કર્યું તેમાં તેની બહાદુરી હેરત

---

૧. *Life of Mohammed*, by William Muir.

પમાડનારી છે. અને અબુ તાલિબ જેવા જબરજસ્ત અને સાચા માણસ પર મહંમદસાહેબ આટલી ઊંડી છાપ પાડી શક્યા એ તેમની ઈમાનદારીની બહુ મોટી સાબિતી છે."[૧]

અબુ તાલિબના મૃત્યુને ત્રણ દિવસ પણ નહોતા થયા ત્યાં તો મહંમદસાહેબની બીજી મોટી મદદગાર, તેમની પચીસ વરસની સાથી ખદીજા પણ ચાલી ગઈ. ખદીજાના મહંમદસાહેબ પર ભારે ઉપકાર હતા. "પોતાની આ મહેરબાન પરણેતર સાથે તેમણે બહુ પ્રેમ તથા શાન્તિભર્યા અને સારા દિવસો ગાળ્યા હતા. તેમને તેના પ્રત્યે બીજા કોઈ પ્રત્યે ન હોઈ શકે એવો સાચો પ્રેમ હતો."[૨] મૃત્યુ સમયે ખદીજાની ઉંમર ૬૫ વરસની હતી. ઈતિહાસ સાક્ષી પૂરે છે કે, ખદીજાના જીવતાં સુધી મહંમદસાહેબે પોતાના ઘરમાં કે પોતાના હૃદયમાં કોઈ બીજી સ્ત્રીને સ્થાન નથી આપ્યું. ખદીજાના મૃત્યુ પછી ઘણાં વરસો બાદ એક વાર તેના ઉપકારો યાદ કરતાં મહંમદસાહેબે કહ્યું હતું:

> "અલ્લા જાણે છે કે તેના (ખદીજાના) કરતાં વધારે ભલી કે દયાળુ જીવનસંગિની કદી કોઈ થઈ નથી. હું ગરીબ હતો ત્યારે તેણે મને તવંગર બનાવ્યો, લોકો મને જૂઠો કહેતા ત્યારે તેણે મારા પર વિશ્વાસ આણ્યો, દુનિયા જ્યારે મારી વિરુદ્ધ હતી અને મને દુ:ખ દેતી હતી ત્યારે તેણે મને નિષ્ઠાપૂર્વક સાથ આપ્યો."

મહંમદસાહેબને ખદીજાથી બે પુત્રો અને ચાર પુત્રીઓ થઈ હતી. બંને પુત્રો નાની ઉંમરમાં ખદીજાના જીવતાં જ ગુજરી ગયા હતા. પુત્રીઓ હયાત હતી.

આવે સમયે અબુ તાલિબ અને ખદીજા બંનેનું મરણ એ મહંમદ-સાહેબ પર મોટી આફત હતી. અબુ તાલિબનું મરણ થતાં જ કુરેશીઓએ અને ખાસ કરીને બે કુરેશી સરદાર—અબુ સુફિયાન અને અબુ જહલે-મહંમદસાહેબને માટે મક્કામાં રહેવાનું ફરીથી મુશ્કેલ કરી મૂક્યું. એક દિવસ મહંમદસાહેબ ઉપદેશ આપવા શહેરમાં નીકળ્યા ત્યારે તેમના

૧. *Gillman.*

૨. *Heroes, Hero-worship and the Heroic in History,* by Thomas Carlyle.

માથા પર મળ નાખવામાં આવ્યો. મહંમદસાહેબ ઘેર ગયા. તેમની એક દીકરી, જેણે તેમનું માથું ધોયું, તે આ જોઈને રોઈ પડી. મહંમદસાહેબે તેને શાંત પાડતાં કહ્યું, "બેટી રડીશ નહીં, ખરેખર અલ્લા તારા બાપને મદદ કરશે."

મક્કામાં મહંમદસાહેબનું કામ બહુ આગળ વધતું નહોતું. મક્કાથી ૬૦ માઈલ દૂર આવેલા તાયફ નામના શહેરમાં જઈને ઉપદેશ આપવાનો તેમણે વિચાર કર્યો. પોતાના વફાદાર સાથી ઝેદને તેઓ પોતાની સાથે લઈ ગયા. તે સમયે તાયફ આરબ મૂર્તિપૂજાનો મોટો ગઢ હતો. ત્યાં 'લાત' દેવીનું એક બહુ મોટું મંદિર હતું અને તેની બહુ પૂજા થતી હતી.

થોડા દિવસની મુસાફરી કરીને મહંમદસાહેબ અને ઝેદ તાયફ પહોંચ્યા. ત્યાંના મોટા મોટા લોકોને મળીને તેમને મહંમદસાહેબે પોતાનો ધર્મ સમજાવ્યો. તેના મુખ્ય સિદ્ધાંત એ હતા કે એક નિરાકાર ઈશ્વર સિવાય બીજાં બધાં દેવદેવીઓની પૂજા છોડી દેવી અને સત્કર્મ કરવાં. કોઈ પર કશી અસર ન થઈ. પછી તેમણે શેરીઓમાં ઊભા રહીને ઉપદેશ આપવા માંડ્યો. તેઓ બોલવા માંડતા કે તરત લોકો તેમને ખરુંખોટું સંભળાવવા માંડતા અને શોર મચાવીને તેમનો અવાજ સંભળાવા ન દેતા. ઘણી વાર તેમને પથ્થર મારી મારીને ઘાયલ કરવામાં આવ્યા. તેઓ ત્યાં ઘણા દિવસ સુધી ઉપદેશ કરતા રહ્યા, પણ રોજ આ જ દશા થતી. છેવટે એક દિવસ લોકોએ તેમને જબરજસ્તીથી શહેર બહાર કાઢી મૂક્યા, અને થોડા માઈલો સુધી લોકો તેમની મજાક ઉડાવતા ને ગાળો દેતા તેમની પાછળ પાછળ ગયા. "પથ્થરોના મારાથી તેમના બંને પગમાંથી લોહી વહેતું હતું." ઝેદે તેમને બચાવવાનો પ્રયત્ન કર્યો. તેમ કરતાં એક પથ્થર તેનાયે માથા પર વાગ્યો. શહેરથી લગભગ ત્રણ માઈલ સુધી આવીને લોકો પાછા વળ્યા. મહંમદસાહેબ અને ઝેદ થાકીને એક ઝાડની છાયામાં બેઠા. થોડી વાર પછી મહંમદસાહેબે ઘૂંટણિયે પડીને પ્રાર્થના કરી :

"હે મારા પ્રભુ, મારી કમજોરી, લાચારી અને બીજાઓ આગળ જણાતા મારા ક્ષુદ્રપણાની હું તારી પાસે જ ફરિયાદ કરું

છું. તું જ સૌથી મહાન દયાળુ છે. નિર્બળોનું બળ તું જ છે. તું જ મારો માલિક છે. હવે તું મને કોના હાથમાં સોંપીશ? શું મને ચારે તરફથી ઘેરી વળેલા પરદેશીઓના હાથમાં? કે મારા ઘરમાં જ તે દુશ્મનોના હાથમાં જેમનો પક્ષ તેં મારી વિરુદ્ધ બળવાન બનાવ્યો છે? પણ તું મારા પર નારાજ ન હોય તો મને કશી ફિકર નથી. હું તો માનું છું કે તારી મારા પર બહુ દયા છે. તારા દયાભર્યા ચહેરાના પ્રકાશમાં જ હું આશરો માગું છું. તેનાથી જ અંધકાર દૂર થાય છે અને આ લોક તથા પરલોકમાં શાન્તિ મળી શકે છે. તારો ગુસ્સો મારા પર ન ઊતરો. તું ખુશ ન થાય ત્યાં સુધી ગુસ્સે થવું એ તારું કામ જ છે. તારાથી બહાર નથી કોઈમાં કશું બળ કે નથી બીજો ઉપાય!"

હવે મહંમદસાહેબને પરમાત્મા સિવાય અને પોતાના અંતરની શ્રદ્ધા સિવાય બીજો કોઈ આધાર નહોતો. તાયફમાંથી તેમને આવી રીતે કાઢી મૂકયા પછી તેઓ મક્કા જાત તો તેમની દશા વળી વધારે બૂરી થાત. તેઓ થોડા દિવસ જંગલમાં રહ્યા અને ઝેદને મક્કા મોકલીને ત્યાં એક ઓળખીતાનું ઘર પોતાને રહેવાને માટે ઠરાવ્યું. કેટલાંક વરસ તેઓ આ ઘરમાં રહ્યા અને કેવળ કાબાની યાત્રાના દિવસોમાં બહાર નીકળીને બહારથી આવનાર યાત્રાળુઓમાં પોતાના ધર્મનો ઉપદેશ કરતા રહ્યા.

એક વાર યાત્રાના દિવસોમાં મક્કાની ઉત્તરમાં થોડે દૂર આવેલી અકબાની ટેકરી પર તેઓ ઉપદેશ આપતા હતા ત્યારે યસરબના[1] કેટલાક યાત્રાળુઓનું ધ્યાન તેમના તરફ ખેંચાયું. મહંમદસાહેબના ઉપદેશની અને તેમની સચ્ચાઈની આ લોકો પર અસર થઈ. તેઓમાંથી છ જણાએ ઈસ્લામ ધર્મ અપનાવ્યો અને મક્કાથી ૨૮૬ માઈલ દૂર આવેલા પોતાના શહેરમાં જઈને લોકોને મહંમદસાહેબના ઉપદેશ વિશે વાત કરી.

બીજે વરસે તેમની સાથે બીજા છ માણસો યસરબથી આવ્યા. આ માણસો યસરબના બે મોટા કબીલા—ઑસ અને ખઝરજ—ના મુખ્ય માણસોમાંના હતા. તેમણે પણ ઈસ્લામ ધર્મ સ્વીકાર્યો અને પોતાની સહી સાથે નીચેનાં વચનો મહંમદસાહેબને લખી આપ્યાં :

---

૧. પાછળથી આ જ શહેરનું નામ મદીના પડ્યું.

"અમે એક ઈશ્વર સાથે બીજા કોઈને ભેળવીશું નહીં, એટલે કે એક ઈશ્વર સિવાય કોઈ બીજાની પૂજા નહીં કરીએ. ચોરી નહીં કરીએ. દુરાચાર નહીં કરીએ. અમારાં બાળકોની હત્યા નહીં કરીએ. જાણીબૂજીને કોઈ પર જૂઠો આરોપ નહીં મૂકીએ અને કોઈ પણ સારી વસ્તુની બાબતમાં પેગંબરના હુકમનો ભંગ નહીં કરીએ અને સુખદુ:ખ બંનેમાં પેગંબરને પૂરેપૂરો સાથ આપીશું."

ઈસ્લામના ઈતિહાસમાં આ લખાણ 'અકબાની પહેલી પ્રતિજ્ઞા' તરીકે જાણીતું છે.

યસરબના લોકોના કહેવાથી મહંમદસાહેબે પોતાના એક સમજદાર સાથી મુસઅબને ઈસ્લામ ધર્મનો પ્રચાર કરવા તેમની સાથે યસરબ મોકલ્યો. યસરબમાં એક વરસ સુધી મુસઅબે જે હોંશિયારી અને ધીરજથી પોતાના ધર્મનો પ્રચાર કર્યો તેના ઘણા દાખલા મળે છે.

એક વાર મુસઅબ કોઈકના ઘરમાં બેસીને ઉપદેશ આપતો હતો. એટલામાં ઉસૈદ નામનો એક માણસ ભાલો લઈને એ ઘરમાં ઘૂસ્યો અને કહેવા લાગ્યો, "તમે લોકો અહીં શું કરો છો? તમે કાચા મનના માણસોને તેમના ધર્મથી ચળાવો છો! તમને જીવ વહાલો હોય તો અહીંથી ભાગો." મુસઅબે બહુ શાન્તિથી જવાબ આપ્યો, "બેસો, અને અમારી વાત સાંભળો. અમારી વાત તમને સારી નહીં લાગે તો અમે અહીંથી ચાલ્યા જઈશું." ઉસૈદે પોતાનો ભાલો જમીનમાં ખોસ્યો અને બેસીને સાંભળવા લાગ્યો. મુસઅબે તેને ઈસ્લામના મૂળ સિદ્ધાંતો સમજાવ્યા અને કુરાનના કેટલાક ભાગ વાંચી સંભળાવ્યા. ઉસૈદ પર બહુ ભારે અસર થઈ. થોડી વાર પછી તેણે કહ્યું, "હું આ ધર્મમાં કઈ રીતે દાખલ થઈ શકું?" મુસઅબે જવાબ આપ્યો, "નાહીને આવો અને કહો તથા માનો કે એક ખુદા સિવાય બીજો કોઈ ખુદા નથી અને મહંમદ તેના રસૂલ છે." ઉસૈદે એ પ્રમાણે કર્યું અને તે મુસલમાન થઈ ગયો.

આ જ પ્રકારની બીજી પણ ઘણી વાતો યસરબમાં મુસઅબે કરેલા ધર્મપ્રચાર વિશેની મળે છે. પરિણામે યસરબમાં મુસઅબનું કામ ધાર્યા કરતાં વધારે સફળ થયું. ઘેર ઘેર નવા ધર્મ વિશે ચર્ચા થવા લાગી. બીજે વરસે

ઈ. સ. ૬૨૨માં મુસઅબ સાથે જેમણે ઈસ્લામ ધર્મ અપનાવ્યો હતો તેમાંના ૭૦ માણસો કાબાની યાત્રાના દિવસોમાં મક્કા આવ્યા. તેમનો ઈરાદો મહંમદસાહેબને યસરબ તેડી જઈને મક્કાવાળાઓના જુલમમાંથી બચાવવાનો હતો. મહંમદસાહેબના દિલમાં પણ મક્કા છોડીને યસરબમાં પોતાના નવા ધર્મનું કિસ્મત અજમાવવાનો વિચાર આવ્યો જ હતો.

મધરાતે પેલી અકબાની ટેકરી પર જ વાતચીત થઈ. ગઈ સાલની પ્રતિજ્ઞામાં નીચેનો ભાગ ઉમેરવામાં આવ્યો :

> "અમે (યસરબમાં) પેગંબર અને તેમના સાથીઓનું અમારાં કુટુંબીઓની જેમ રક્ષણ કરીશું."

સૌએ સોગંદ લીધા. આને 'અકબાની બીજી પ્રતિજ્ઞા' કહે છે.

હવે મહંમદસાહેબે પોતાના સાથીઓને લઈને યસરબમાં જઈ વસવાનો નિર્ણય કર્યો. પણ પોતે શહેર છોડે તે પહેલાં પોતાના બધા સાથીઓને ત્યાં પહોંચાડી દેવા તેઓ ઈચ્છતા હતા. બે-બે ચાર-ચાર કરીને તેમના ઘણા સાથીઓ યસરબ જવા ઊપડી ગયા. મહંમદસાહેબ, અબુ બક્ર અને તેમના ઘરનાં માણસો મક્કામાં બાકી રહ્યાં.

કુરેશીઓને આ વાતની ખબર પડી. તેમણે વિચાર કર્યો કે ક્યાંક એવું ન બને કે યસરબમાં ગયા પછી મહંમદનું બળ વધી જાય અને પછી કોઈ વખતે અમને અને અમારા શહેરને મહંમદ વધારે નુકસાન કરે. કુરેશીઓની દુશ્મનાવટ વધારે ભડકી ઊઠી. અબુ સુફિયાન મક્કાનો હાકેમ હતો. તેણે કુરેશીઓના સરદારને એકઠા કરીને નક્કી કર્યું કે મહંમદને શહેરમાંથી જીવતો ન જવા દેવો. કોઈ એક જ માણસ મહંમદનું ખૂન કરે તો હાશિમ ખાનદાનના લોકો અથવા મહંમદના સાથી ખૂની ઉપર અને તેના કુળ પર તેનું વેર વાળે એવો ડર હતો. એટલે એમ નક્કી કરવામાં આવ્યું કે દરેક કુળનું એક એક માણસ જઈને પોતપોતાનું ખંજર એકીવખતે મહંમદના શરીરમાં ભોંકી દે.

રાત્રે આ બધા મહંમદસાહેબના મકાન પાસે એકઠા થયા. એમણે મસલત કરી હતી કે બરાબર સવારે મહંમદસાહેબ ઘરમાંથી બહાર નીકળે તેવો જ તેમના પર હુમલો કરવો.

દીવાલના એક બાકોરામાંથી તેમણે મહંમદસાહેબને પથારી પર પડેલા જોઈ લીધા હતા. મહંમદસાહેબને ખબર પડી ગઈ. તેમણે પોતાની જગ્યાએ પોતાને બદલે અલીને પથારી પર સુવાડી દીધો. તેના પર પોતાની લીલી ચાદર ઓઢાડી અને પોતે રાતોરાત પાછલે રસ્તે ઘરમાંથી નીકળી ગયા.

મહંમદસાહેબ સીધા અબુ બક્રને ઘેર ગયા. રાતોરાત બંને જણ મક્કાથી ચાલતા નીકળ્યા અને શહેરથી ત્રણચાર માઈલ દૂર એક પહાડી ગુફામાં જઈને સંતાઈ ગયા. ત્રણ દિવસ સુધી તેઓ એ જ ગુફામાં રહ્યા અને ચોથે દિવસે ઊંટોની વ્યવસ્થા કરીને યસરબ જવા રવાના થયા.

આ દરમિયાન કુરેશીઓએ જાહેર કર્યું હતું કે, જે કોઈ મહંમદને જીવતો કે મરેલો લાવીને હાજર કરશે તેને સો ઊંટ ઇનામ આપવામાં આવશે. ઘણા ઘોડેસવારો ચારે તરફ તેમની શોધમાં નીકળ્યા. પોતાનો પીછો પકડનારાઓથી અનેક ઠેકાણે માંડ માંડ બચતા મહંમદસાહેબ રબી-ઉલ અવલની આઠમી ને સોમવારે ઈ. સ. ૬૨૨ના સપ્ટેમ્બરની ૨૦મી તારીખે યસરબ પહોંચ્યા.[૧] થોડા દિવસ પછી મહંમદસાહેબ અને અબુ બક્રના ઘરનાં માણસો પણ આવીને તેમને મળ્યાં.

યસરબવાળાઓએ મહંમદસાહેબનો ભારે સત્કાર કર્યો અને તેમના આવવાની ખુશાલીમાં પોતાના શહેરનું નામ 'યસરબ' બદલીને 'મદીન-તુન્નબી' એટલે 'નબીનગર' રાખ્યું. આ ઉપરથી પાછળથી 'મદીના' નામ પડયું.

ઇસ્લામના ઇતિહાસમાં આ હિજરતથી મુસલમાનોનો હિજરી સન શરૂ થાય છે. હિજરતનો અર્થ (ધર્મ માટે) પોતાનું ઘર છોડીને બીજી જગ્યાએ જવું એવો થાય છે. તે દિવસથી મહંમદસાહેબ અને ઇસ્લામ બંનેના જીવનમાં એક નવો દરવાજો ખૂલે છે.

એમ કહેવાય છે કે મહંમદસાહેબ મદીના પહોંચ્યા તે પહેલાં મક્કાથી લગભગ દોઢસો મુસલમાન ત્યાં જઈ પહોંચ્યા હતા. કેટલાકને મક્કાવાસીઓએ પકડીને જબરજસ્તીથી અટકાવ્યા હતા. જેઓ મદીના

---

૧. શિબલી, પૃ. ૨૫૭.

ગયા તેમાંના કેટલાકને પોતાનો ધર્મ સાચવવા માટે ઘણું ખોવું પડયું હતું. તેઓમાં સુહેબ નામનો એક યુનાની હતો. સુહેબ પહેલાં ગુલામ હતો. તેના માલિકે તેને આઝાદ કરી દીધો હતો. આઝાદ થઈને સુહેબે મક્કામાં વેપાર શરૂ કર્યો. થોડા વખતમાં તે મક્કામાં તવંગરમાં તવંગર લોકોમાંનો એક ગણાવા લાગ્યો. મુસલમાન થઈને તેણે જ્યારે મક્કાથી મદીના જવાનો વિચાર કર્યો ત્યારે મક્કાના લોકોએ તેને એ શરતે જ જવા દેવા કહ્યું કે તે પોતાની ધનદોલત અને જરજમીન મક્કામાં જ મૂકી જાય અને હમેશ માટે તેની આશા છોડી દે. સુહેબે એમ જ કર્યું. તેણે પોતાની બધી માલમતા છોડી પણ પોતાના પેગંબરનો સાથ ન છોડયો.

ઈ. સ. ૬૧૦થી ઈ. સ. ૬૨૨ સુધીનાં તેર વરસમાં જે દૃઢતા, વિશ્વાસ, ધીરજ અને હિંમતથી તરેહ તરેહની મુસીબતો વેઠતાં વેઠતાં મહંમદસાહેબે પોતે જેને પોતાના દેશ અને દુનિયા બનેનાં દુ:ખોનો એક જ ઈલાજ માનતા હતા તે સત્યનો પ્રચાર કરવાનું ચાલુ રાખ્યું, એ જગતના ઈતિહાસમાં એક અનોખી વસ્તુ હતી. આ તેર વરસોમાં માંડ ત્રણસો માણસોએ તેમનો ધર્મ સ્વીકાર્યો. તેમાંના ૧૦૧ ઈથિયોપિયા ચાલ્યા ગયા હતા અને બાકીના ઘણા હવે પોતાનાં ઘરબાર અને જરજમીન હંમેશને માટે છોડીને પોતાના પેગંબર પાસે મદીના આવી ગયા હતા.

> "જે રીતે અરબસ્તાનમાં પેગંબરે સતત ૧૩ વરસ સુધી દરેક દિશાએથી મળતી નિરાશા, ધમકીઓ, બેપરવાઈ અને તકલીફોનો સામનો કરતાં કરતાં પોતાનો વિશ્વાસ અટળ રાખ્યો, લોકોને બૂરાં કાર્યો માટે પશ્ચાત્તાપ કરવાનો ઉપદેશ આપ્યો અને એક ઈશ્વરને માનવાનો ઇનકાર કરનારા પોતાના શહેરવાળાઓને ઈશ્વરના કોપનો ડર બતાવ્યો – તે બધી પ્રવૃત્તિનો બીજો નમૂનો જગતના ઈતિહાસનાં પૃષ્ઠોમાં શોધ્યો જડતો નથી. થોડાંક વફાદાર પુરુષો અને સ્ત્રીઓને સાથે લઈને અને પોતાની ભાવિ સફળતાની આશા પર ભરોસો રાખીને બધી જાતનાં અપમાન, ધમકીઓ અને મુસીબતો તેઓ ધીરજપૂર્વક સહન કરતા રહ્યા."[1]

---

1. *Life of Mohammed*, by Sir William Muir, Vol. IV, pp. 314-15.

# ૧૩

# મદીનામાં રાજા તરીકે

મદીને પહોંચ્યા પછી ધીરે ધીરે મહંમદસાહેબ અને ઈસ્લામનો દહાડો સુધરવો શરૂ થયો. ઈસ્લામ ધર્મ માનનારાઓની સંખ્યા ઝપાટા-બંધ વધવા લાગી. તેઓમાં બે પ્રકારના લોકો વધારે હતા. એક મક્કાથી આવેલા, તેઓ 'મોહાજિર' એટલે હિજરતીઓ કહેવાતા હતા. બીજા મદીનાવાળા જેમણે તેમને મદીના બોલાવીને આશરો આપ્યો હતો, તેઓ 'અન્સાર' એટલે કે 'મદદગાર' કહેવાતા હતા. ઘણા મોહાજિરો તે વખતે ઘરબાર કે સરસામાન વગરના હતા. મહંમદસાહેબની સલાહથી એક એક અન્સારે અકેક કે બબ્બે મોહાજિરોને પોતાના ભાઈ બનાવીને પોતાના ઘરમાં રાખી લીધા. આ રીતે એક નવો 'ભાઈચારો' મદીનામાં ઊભો થયો તથા અન્સાર અને મોહાજિરમાં પરસ્પર પ્રેમ વધતો ગયો. પહેલાં કેટલાંક વરસો સુધી એવો રિવાજ રહ્યો કે જ્યારે કોઈ મોહાજિરને પોતાનો ભાઈ બનાવીને રાખનાર અન્સાર મરણ પામતો ત્યારે તેની બધી માલમિલકત તે મોહાજિરને મળતી. પાછળથી આ રિવાજની જરૂર ન રહી અને તે બંધ થઈ ગયો.

મદીનાના બે સૌથી મોટા કબીલા, બની ઑસ અને બની ખઝરજ વચ્ચે ૧૨૦ વરસથી સતત લડાઈ ચાલી આવતી હતી. શહેરમાં કોઈ વાર એક કબીલાનું તો કોઈ વાર બીજા કબીલાનું જોર રહેતું. પરિણામે શહેરની સુલેહશાંતિ હમેશાં જોખમમાં રહેતી હતી. હવે આ બંને કબીલાઓમાંના જેમણે જેમણે આ નવો ધર્મ સ્વીકાર્યો તેમનામાં આ પુરાણા ઝઘડાને બદલે એકતા અને પ્રેમ દેખાવા લાગ્યાં. આમ સેંકડો વરસના આ કુસંપ અને ૧૨૦ વરસની લડાઈઓ હંમેશને માટે મટી જવાની અને શહેરમાં ફરીથી સુખશાંતિ સ્થપાવાની આશા બંધાઈ. જ્યાં કોઈ સરકાર નહોતી કે કોઈ હાકેમ નહોતો, જ્યાં માંહોમાંહેના ઝઘડા પતાવવા માટે તલવાર સિવાય બીજી કોઈ રીત નહોતી, ત્યાં હવે

મહંમદસાહેબ મારફતે એક સારીસરખી સરકાર સ્થપાવા માંડી અને લોકોના ઝઘડા ન્યાયપૂર્વક ચૂકવાવા લાગ્યા. આ બધાથી ઈસ્લામના ફેલાવામાં ઘણી મદદ થઈ.

મહંમદસાહેબને ઉપદેશ આપવા માટે અને મુસલમાનોને નમાજ પઢવા માટે એક અલગ જગ્યાની હવે જરૂર પડી. બે યતીમ (નબાપા) ભાઈઓએ પોતાની જમીન મફત આપવા કહ્યું. પરંતુ મહંમદસાહેબની આજ્ઞાથી અબુ બક્રે તેમને તેની કિંમત આપી દીધી. ખજૂરીના ઘડયા વગરના થાંભલા પર ખજૂરીની જ ઝાવલીઓથી એક મોટું છાપરું છાઈ દેવામાં આવ્યું; અને તેની ચારે તરફ ઈંટ અને ગારાની દીવાલો ઊભી કરવામાં આવી. આ જ મદીનાની સૌથી પહેલી મસીદ હતી. તેનો એક ભાગ પરદેશીઓને ઊતરવા અને ઘરબાર વગરના લોકોને રહેવા માટે અલગ રાખવામાં આવ્યો. રાત્રે પ્રકાશને માટે તેલના દીવાને બદલે ખજૂરીનાં તાડછાં સળગાવવામાં આવતાં હતાં.

થોડા જ વખતમાં શહેરના રાજકારભારનો બધો બોજો મહંમદસાહેબને પોતાને માથે લેવો પડયો. અરબસ્તાનનાં બીજાં નગરોના હાકેમોની પેઠે મદીનાનો હાકેમ પણ ત્યાંનાં બધાં કુળોના આગેવાનોના મતથી ચૂંટવામાં આવતો હતો. મુસલમાનોની દૃષ્ટિએ મહંમદસાહેબ કરતાં વધારે સારો બીજો કોઈ હાકેમ દેખાતો નહોતો. જે લોકોએ હજી ઈસ્લામ ધર્મ નહોતો સ્વીકાર્યો તેઓ પણ બની ઔસ અને બની ખઝરજની ૧૨૦ વરસની અંદર અંદરની લડાઈઓથી કંટાળી ગયા હતા. એટલે મદીનાના લોકોએ મહંમદસાહેબને, જેમને હજુ સુધી બધા અલ-અમીન જ કહેતા, લગભગ એકમતે શહેરના હાકેમ ચૂંટયા. આ બોજો પોતા પર લેતાં જ મહંમદસાહેબે શહેરના લોકોને ઉદ્દેશીને એક ફરમાન બહાર પાડયું. તેનો કેટલોક ભાગ નીચે આપ્યો છે :

> "અલ્લાના નામ પર જે સૌની પર દયા કરનારો અને રહીમ (કરુણામય) છે, અબદુલ્લાના પુત્ર અને અલ્લાના રસૂલ મહંમદ તરફથી સૌ મુસલમાનો અને બીજા સૌ લોકો જેઓ, ભલે ગમે તે વંશના હોય, સૌ સાથે મળી સંપીને રહેવા તૈયાર છે

તેમના જોગ : આ બધા લોકો એક ઉમ્મત (કોમ) બનશે . . . કોઈ-(બહારના)ની સુલેહ થશે તો તે બધા સાથે થશે અને લડાઈ થશે તો તે પણ બધા સાથે. તેઓમાંથી કોઈને કેવળ પોતાના ધર્મ-વાળાઓના દુશ્મન સાથે અલગ સંધિ કરવાનો અથવા તેમની સાથે અલગ લડાઈ શરૂ કરવાનો હક નથી.

"...ઓફ, નજ્જાર, હારિસ, જશ્મ, સાલબા તથા ઑસ કબીલાઓની જુદી જુદી શાખાઓના યહૂદી અને બધા લોકો જેઓ મદીનામાં આવી વસ્યા છે, તેઓ મુસલમાનો સાથે મળીને એક 'મુત્તહિદા ઉમ્મત' (સંયુક્ત કોમ) ગણાશે. તેઓ પોતપોતાના ધર્મનું પાલન મુસલમાનોના જેટલી જ સ્વતંત્રતાથી કરી શકશે. . . જે કોઈ અપરાધ કરશે તેને સજા કરવામાં આવશે. મુસલમાનોનો ધર્મ છે કે તેઓ બીજાઓનો અપરાધ કરનારા કે બીજાઓને હેરાન કરનારા કે સતાવનારા દરેક માણસથી અલગ રહે. કોઈ પણ માણસ કોઈ અપરાધ કરનારનો પક્ષ નહીં કરે, પછી ભલેને ગુનો કરનાર તેનો ગમે તેટલો નજીકનો સગો કેમ ન હોય. . . . જેઓ આ ફરમાન માનશે તેઓમાં કદી કોઈ ઝઘડો થાય તો તે અલ્લાને નામે મહંમદ આગળ લાવવામાં આવશે."

મદીનાના લોકોએ આ ફરમાન બહુ ખુશીથી માન્યું.

મદીનાની બહાર પણ ચારે બાજુ ઘણા ખ્રિસ્તી, યહૂદી અને બીજા કબીલા હતા. તેમની સાથે કેવું વર્તન રાખવું તે નક્કી કરવાની જરૂર હતી. નવા ધર્મનો સંદેશો પ્રેમ અને શાંતિપૂર્વક તેમના કાન સુધી પહોંચાડવાનું પણ આવશ્યક હતું. તેઓમાંથી જેમણે મદીનાવાળાઓ સાથે મળીને એક કોમ બનીને અને એક રાજ નીચે રહેવાનું પસંદ કર્યું, તેમને ખુશીથી અપનાવી લેવામાં આવ્યા, અને જેમણે સુલેહ કરવાની ઈચ્છા કરી તેમની સાથે તેની શરતો નક્કી થઈ ગઈ. આ દિવસોમાં સિનાઈ પહાડ પરના સેંટ કેથેરાઈનના ખ્રિસ્તી મઠના મહંતો અને અરબ-સ્તાનના બીજા બધા ખ્રિસ્તીઓને માટે મહંમદસાહેબનું જે ફરમાન નીકળ્યું તે બહુ નોંધવા જેવું હતું. આગળ આવી ગયું છે કે તે જમાનાના

ખ્રિસ્તીઓ મૂર્તિઓની પૂજા કરતા હતા અને તેમનાં દેવળો મૂર્તિઓથી ભરેલાં રહેતાં હતાં. ફરમાનનો કેટલોક ભાગ આ છે :

"અલ્લાના નામથી (કે જે) સૌ પર દયા કરનાર ને રહીમ છે. અલ્લાના રસૂલ મહંમદ તરફથી સિનાઈ પહાડના મહંતો અને સામાન્યપણે સૌ ખ્રિસ્તીઓ માટે.

"ખરેખર અલ્લા સૌથી મોટો અને સૌથી મહાન છે. બધા જ પેગંબરો એની જ પાસેથી આવ્યા; અને કયાંય લખ્યું નથી કે અલ્લાએ કોઈને અન્યાય કર્યો હોય.

"મારો ધર્મ માનનારાઓમાંથી જે કોઈ, પછી ભલે તે બાદશાહ હોય કે ગમે તે હોય, નીચેના ફરમાનનું મારું વચન અને આ પ્રતિજ્ઞાને તોડવાની હિંમત કરશે તે અલ્લાના વચનને તોડવાનું અને પ્રતિજ્ઞાને જૂઠી પાડયાનું અને (અલ્લા ન કરે!) પોતાના ઈમાનને તોડવાનું પાપ કરશે.

"જ્યારે કોઈ ખ્રિસ્તી મહંત યાત્રા કરતાં કરતાં (મદીનાના રાજ્યમાં) કોઈ પર્વત કે ટેકરી ઉપર, ગામ કે વસ્તીમાં, સમુદ્ર પર કે રણમાં અથવા કોઈ મઠ, દેવળ કે બીજા પ્રાર્થનાલયમાં જઈને મુકામ કરે, તો સમજવું કે તેના જાનમાલનો મારા જીવને જોખમે બંદોબસ્ત અને રક્ષણ કરવા માટે હું પોતે ધર્મના સૌ અનુયાયીઓ સમેત તે મહંતની સાથે છું. કેમ કે એ લોકો આપણી જ ઉમ્મત(કોમ)નો એક ભાગ છે અને તેમના વડે આપણી પ્રતિષ્ઠા છે.

"હું આ ફરમાન દ્વારા મારા સૌ અધિકારીઓને હુકમ કરું છું કે તેઓ એ લોકો પાસે કોઈ પ્રકારનો કર કે બીજું કંઈ દાણ વગેરે ન માગે. તેમને કોઈ એવી બાબત માટે હેરાન ન કરવા જોઈએ.

"તેમના કાજીઓ અને સરદારોને બદલવાનો કોઈને હક નહીં હોય અને કોઈ તેમને આ હોદ્દાઓ પરથી ખસેડી શકશે નહીં.

"સડક પર ચાલતાં કોઈ તેમને કોઈ પ્રકારનું દુ:ખ ન દે.

"તેમનાં દેવળ તેમની પાસેથી છીનવી લેવાનો કોઈને હક નથી.

"તેમના ન્યાયાધીશ, સરદાર, મહંત, નોકર અને ચેલા પાસેથી અથવા તેમના કોઈ પણ માણસ પાસેથી કોઈ પણ પ્રકારનો કર લેવામાં નહીં આવે કે તેમને કોઈ રીતે પજવવામાં નહીં આવે. કેમ કે મારા આ વચનમાં અને આ ફરમાનમાં તેઓ અને તેમના સર્વે માણસોનો સમાવેશ થઈ જાય છે.

"જે ખ્રિસ્તીઓ સામાન્ય ઘરબારવાળા છે અને ધંધારોજ-ગારમાંથી કર આપી શકે એમ છે તેમની પાસે પણ જેટલું વાજબી હશે તેથી વધારે કદી નહીં લેવામાં આવે.

"ઈશ્વરનો સાફ હુકમ છે કે આ સિવાય તેમની પાસે બીજું કશું લેવામાં ન આવે.

"જો કોઈ ખ્રિસ્તી સ્ત્રી કોઈ મુસલમાન સાથે લગ્ન કરે તો તે મુસલમાન તેના માર્ગમાં કશી અડચણ નહીં નાખે. તેને દેવળમાં જતાં, પ્રાર્થના કરતાં કે પોતાના ધર્મ પ્રમાણે વર્તતાં રોકશે નહીં.

[કોઈ પણ યહૂદી કે ખ્રિસ્તી માના મુસલમાન પુત્રની ફરજ છે કે માને ટટ્ટુ વગેરે પર બેસાડીને તેને તેના દેવળના દરવાજા સુધી પહોંચાડે અને ટટ્ટુની વ્યવસ્થા ન કરી શકે એટલો ગરીબ હોય અથવા મા એટલી વૃદ્ધ અને અશક્ત હોય કે સવારી ન કરી શકે તો મુસલ-માન પુત્રનો ધર્મ છે કે માને પોતાને ખભે બેસાડીને તેને તેના પૂજાસ્થાન સુધી પહોંચાડે.]

"પોતાનાં દેવળોની મરામત કરતાં તેમને કોઈ રોકી શકશે નહીં. પોતાનાં દેવળો કે મઠોની મરામતને માટે કે પોતાના ધર્મની કોઈ બીજી બાબત માટે મદદની જરૂર હોય તો તેમને મદદ કરવાનો મુસલમાનોનો ધર્મ છે.

* * *

"તેમની સામે કોઈ હથિયાર નહીં ઉઠાવે. હા, તેમના રક્ષણ માટે હથિયાર ઉઠાવવાનો મુસલમાનોનો ધર્મ છે, દેશ બહારની કોઈ ખ્રિસ્તી સત્તા સાથે મુસલમાનોની કદી લડાઈ થાય તો

દેશમાંના કોઈ ખ્રિસ્તી સાથે, તે ખ્રિસ્તી છે એ કારણે, અપમાનભર્યું વર્તન કરવામાં નહીં આવે.

"આ ફરમાનથી હું હુકમ કરું છું કે જગતનું અસ્તિત્વ રહે ત્યાં સુધી મારા ધર્મનો માનનાર મારા આ હુકમની વિરુદ્ધ વર્તવાની હિંમત ન કરે. જે મુસલમાન એની વિરુદ્ધ વર્તશે તેને ઈશ્વર અને તેના રસૂલ સામે બંડખોર અને પોતાના ધર્મથી 'મુરતદ' (વિમુખ) માનવામાં આવશે."[૧]

આ ફરમાન હજરત અલીએ પોતાને હાથે લખ્યું. સાક્ષી તરીકે મહંમદસાહેબના સોળ સાથીઓએ તેના પર સહી કરી અને મહંમદ-સાહેબે મસીદમાં બેસીને હિજરી સનના બીજા વરસના મોહરમની ત્રીજી તારીખે તેના પર પોતાને હાથે પોતાની મહોર લગાવી.

મદીના અને તેની આસપાસ વધતા જતા દેશના હાકેમ કે રાજા તરીકે મહંમદસાહેબે જુદા જુદા ધર્મના લોકો સાથે કદી કોઈ પ્રકારનો ભેદભાવ ન રાખ્યો, સૌને પોતપોતાનો ધર્મ પાળવાની પૂરેપૂરી સ્વતંત્રતા આપી, અને ધર્મનો ભેદ હોવા છતાં હમેશાં સૌને 'એક ઉમ્મત' એટલે એક કોમ કે એક રાષ્ટ્ર કે એક નેશન તરીકે વર્ણવ્યા.

---

૧. *A Description of the East and Other Countries*, by Richard Pococke, Bishop of Meath, Vol. 1, p. 268. Edn. 1743.

## ૧૪

# ઇસ્લામના પ્રચારની રીત

મદીના ગયા પછી પહેલી વાર મહંમદસાહેબને ખુલ્લી રીતે અને પૂરેપૂરી શાન્તિ તથા સ્વતંત્રતાપૂર્વક પોતાના વિચારો ફેલાવવાની તક મળી. હવે રોજ તેઓ બહુ ઉત્સાહપૂર્વક ઉપદેશ દેવા લાગ્યા. હજારો માણસો તેમનો પયામ (સંદેશો) સાંભળવા માટે ભેગા થતા હતા. તેમના આ કામમાં કોઈના પર કોઈ પણ પ્રકારની જબરજસ્તીને સ્થાન નહોતું. જે સમયે મદીનામાં મહંમદસાહેબની સત્તા પૂરેપૂરા જોરમાં હતી તે સમયની એક સ્પષ્ટ આયત કુરાનમાં છે :

"લા ઈકરાહ ફિદ્દીન" એટલે કે, "ધર્મની બાબતમાં કોઈ પ્રકારની જબરજસ્તી ન હોવી જોઈએ." (૨–૨૫૬)

કુરાનમાં પહેલેથી છેલ્લે સુધી ઠેકઠેકાણે પોતાનો ધર્મ લોકોમાં કેમ ફેલાવવો તે બતાવનારી આયતો છે. તેમાં શરૂઆતની કેટલીક આયતો આ છે :

> "લોકોને તેમના રબ્બ(પાલનહાર)ના રાહ પર આવવા કહે ત્યારે તેમને હોશિયારીથી અને સરસ શબ્દોમાં સમજાવ. તેમની સાથે ચર્ચા કરે તો ઉત્તમ અને મધુર શબ્દોમાં કર." (૧૬–૧૨૫)
>
> "અને તેઓ જે કંઈ કહે તે ધીરજથી સાંભળ અને સહન કર અને જ્યારે તેમનાથી જુદો પડે ત્યારે બહુ પ્રેમ અને ભલાઈથી જુદો પડ." (૭૩–૧૦)
>
> "જે લોકોએ તારો ધર્મ સ્વીકાર્યો છે તેમને કહી દે કે જેઓ તારી વાત માનતા નથી અને જેમને પોતાનાં કૃત્યોનાં ફળ ઈશ્વર તરફથી મળશે એવો ડર નથી તેમના પર તેઓ ગુસ્સે ન થાય. જે કોઈ ભલાઈ કરશે તે પોતાના આત્મા માટે જ કરશે અને જે કોઈ બૂરાઈ કરશે તે પણ પોતાના આત્મા

માટે જ. પછી સૌઓ એ જ રબ્બ (પાલનહાર) પાસે પાછા જવાનું છે." (૪૫–૧૪, ૧૫)

"તારું અથવા કોઈ પણ રસૂલ(પેગંબર)નું કામ પોતાની વાત સ્પષ્ટ શબ્દોમાં કહી દેવા ઉપરાંત વધારે કંઈ નથી. પછી તેઓ મોં ફેરવીને ચાલ્યા જાય તો ભલે જાય. તારું કામ કેવળ તારી વાત સમજાવી દેવા પૂરતું જ હતું." (૧૬–૩૫, ૮૨)

"જે લોકો પાસે બીજાં ધર્મપુસ્તકો છે તેમની સાથે ચર્ચા ન કરો અને કરો તો બહુ જ મધુર શબ્દોમાં કરો. પછી કોઈ હઠ કરે અને ન માને તો ભલે ન માને. તેમને કહો કે ઈશ્વરે જે પુસ્તક અમને આપ્યું છે તેને અમે માનીએ છીએ અને જે પુસ્તક તેણે તમને આપ્યું છે તેને પણ માનીએ છીએ. અમારો અને તમારો અલ્લા એક જ છે અને તે જ એક અલ્લા આગળ આપણે માથું નમાવીએ છીએ." (૨૯–૪૬)

"આ જ વિચારો તરફ લોકોનું ધ્યાન ખેંચતો રહે, અને તને હુકમ કરવામાં આવ્યો છે તે જ પ્રમાણે તારું પોતાનું જીવન ગુજાર. બીજાઓના વહેમોમાં ફસાઈશ નહીં. અને કહી દે કે હું અલ્લાનાં બધાં પુસ્તકોને માનું છું. મને ન્યાયથી વર્તવાનો હુકમ છે. અલ્લા મારો અને તમારો સૌનો રબ્બ છે. તમે જે કરશો તેનું ફળ તમને મળશે અને હું જે કરીશ તેનું ફળ મને મળશે. આપણી વચ્ચે કશો ઝઘડો નથી. અલ્લા આપણ સૌને ભેગા કરશે. આપણે બધાને તેની જ પાસે પાછા જવાનું છે." (૪૨–૧૫)

"છતાં તેઓ તારું ન સાંભળે અને મોઢું ફેરવે તો તને કાંઈ તેમના પર દેખરેખ રાખનાર બનાવીને મોકલ્યો નથી. તારું કામ તો કેવળ સમજાવવાનું છે." (૪૨–૪૮)

"તારો પ્રભુ ઇચ્છત તો ખરેખર જગતના સૌ લોકો એક વિચારના બની જાત. તો પછી બધાને તારી જ વાત મનાવવા માટે શું તું કોઈ પર જબરજસ્તી કરશે?" (૧૦–૯૯)

"અને અમે તને કેવળ એટલા જ માટે મોકલ્યો છે કે તું સૌને ભલાં કામોના બદલામાં સારાં ફળની અને બૂરાં કામોના બદલામાં બૂરાં ફળની વાત જણાવે." (૩૪–૨૮)

ઉપરની બધી આયતો મહંમદસાહેબ મક્કામાં હતા ત્યારની છે.

નીચેની આયતો મહંમદસાહેબ મદીનામાં હતા ત્યારની છે. આ આયતો વળી વધારે સ્પષ્ટ છે :

"ધર્મની બાબતમાં કોઈ પણ પ્રકારની જબરજસ્તી ન હોવી જોઈએ." (૨–૨૫૬)

"અલ્લા અને તેના પેગંબરનું કહેવું માનો. ન માનો તો તમારી મરજી. પેગંબરનું કામ કેવળ ચોખ્ખેચોખ્ખું કહી દેવાનું છે." (૬૪–૧૨)

"તેઓ તારી સાથે વિવાદ કરે તો તેમને કહી દે કે મેં મારી જાતને અલ્લાને હાથ સોંપી છે. ઈસ્લામ શબ્દનો એ જ અર્થ છે. જેમણે મારી વાત માની તેમણે સૌએ પણ પોતાની જાતને એ જ અલ્લાની મરજી પર સોંપી છે. જે લોકો પાસે બીજાં ધર્મપુસ્તકો છે તથા જે લોકો પાસે નથી તે બધાને કહે કે, તમે પણ પોતાને ઈશ્વરની મરજી પર સોંપી દો. તેઓ માનશે તો સારું જ કરશે. ન માને તો તારું કામ તો કહી દેવાનું જ છે. અલ્લા પોતાના સૌ બંદાઓને (ભક્તોને) જુએ છે." (૩–૧૯)

"તમારામાં એવા માણસ હોવા જોઈએ જેઓ લોકોને સૌ સાથે ભલાઈથી વર્તવાનો ઉપદેશ કરે. સૌને સારાં કામોમાં જોડે અને બૂરાં કામોથી બચાવે. એવા લોકોનું જ ભલું થશે." (૩–૧૦૩)

"અમે દરેક કોમને માટે પૂજાની જુદી જુદી રીત ઠરાવી છે. તે રીત પ્રમાણે તેઓ વર્તે છે એટલે એ વિશે ઝઘડો ન કરવો જોઈએ. તારે તેમને કેવળ ઈશ્વર તરફ બોલાવવા જોઈએ. ખરેખર તું સાચા રાહ પર છે. તેઓ તારી સાથે ઝઘડો કરે તો તેમને કહી દે કે, તમે જે કરો છો તે બધું અલ્લા જાણે છે." (૨૨–૬૭, ૬૮)

> "અને જો બિનમુસલમાનોમાંથી કોઈ તારા શરણમાં આવવા માગે તો તેને તારી પાસે બોલાવી લે, જેથી કરીને તે તારી પાસે રહીને અલ્લાનાં વચન એટલે કે અલ્લાએ જણાવેલી બાબતો સાંભળે; અને છતાં જો એ તારી વાત ન માને તો તેને સંભાળપૂર્વક તેના ઘર સુધી અથવા કોઈ સુરક્ષિત સ્થળે પહોંચાડી દે; કેમ કે એ લોકો અજ્ઞાન છે." (૯–૬)

એક વાર પુરાણો ધર્મ માનનાર કોઈ આરબે હજરત આલીને પૂછ્યું કે, ઈસ્લામ ધર્મ વિશે અથવા બીજી કોઈ બાબત વિશે કાંઈ જાણવા માટે હું પેગંબર પાસે જવા માગું તો તેમાં કાંઈ ડરવાનું કારણ તો નથી ને? હજરત આલીએ ઉપરની આયત સંભળાવી અને કહ્યું કે કોઈને કશો ડર નથી. (ઈબ્ને અબ્બાસ)

> "તેઓમાં એવા માણસ મળી આવશે જેઓ એક વાર તારી વાત માનીને પછી ફરી જાય એટલે કે દગો કરે. તેમને માફી આપવી અને છોડી દેવા. ખરેખર બીજાના પર ઉપકાર કરનારાઓ પર અલ્લા પ્રેમ રાખે છે." (૫–૧૩)

મહંમદસાહેબની પોતાનો ધર્મ ફેલાવવાની રીત આખી જિંદગી સુધી કુરાનમાંની આ આયતો અનુસાર હતી. તેમના જીવનમાં એક પણ દાખલો એવો નથી મળતો જેમાં તેમણે કોઈને પણ તલવારને જોરે કે કોઈ પણ જાતનું દબાણ કરીને પોતાના ધર્મમાં સામેલ કર્યો હોય, કોઈ કબીલા કે ટોળીને પોતાના ધર્મમાં લાવવા માટે તેના પર કદી ચડાઈ કરી હોય, અથવા એ કામને માટે એક પણ લડાઈ લડયા હોય.[૧] ધર્મની બાબતમાં બીજાઓ પાસેથી જેટલી સ્વતંત્રતાની તેઓ આશા રાખતા તેટલી સ્વતંત્રતા બીજાને આપતા.

મદીને પહોંચ્યા પછી મહંમદસાહેબે પોતાનો ધર્મ ફેલાવવા મદીના બહાર દૂર દૂરના કબીલાઓમાં સમજુ માણસો મોકલવા શરૂ

---

૧. તફસીરુલ કુરાન, લેખક સૈયદ અહમદખાં, પૃ. ૪; *The Preaching of Islam*, by T. W. Arnold, Ch. II, p. 33; *The Holy Quran*, by Mohammad Ali, p. 97.

કર્યા. સામાન્ય રીતે જે દિવસે કોઈ એવા માણસને કોઈ જગ્યાએ મોકલવાનો હોય તે દિવસે વહેલી સવારે તેને તેઓ પોતાની પાસે બોલાવતા. સવારની નમાજ પછી ફરીથી ઈશ્વરની સ્તુતિ કરીને, પ્રાર્થના કરીને તેઓ પેલા માણસને આમ સમજાવતા:

> "અલ્લાના બંદાઓ સાથે હળવામળવામાં અલ્લાની આજ્ઞાનો ભંગ ન કરવો. લોકોનું કામ જેને સોંપવામાં આવે તે માણસ જો સચ્ચાઈથી લોકોની સેવા ન કરે તો અલ્લા તેને માટે સ્વર્ગના દરવાજા બંધ કરી દે છે.
>
> "લોકો સાથે નમ્રતાથી વર્તવું, કોઈ સાથે સખતાઈ ન વાપરવી. તેમનાં દિલ રાજી રાખવાં. તેમનું અપમાન ન કરવું. તેઓ તમને પૂછે કે, સ્વર્ગની કૂંચી શી છે? તો જવાબ દેજો કે – 'ઈશ્વર એક છે' એ સત્યમાં અને ભલાઈમાં વિશ્વાસ આણવો અને ભલાં કામ કરવાં એ જ સ્વર્ગની કૂંચી છે."[૧]

કહે છે કે આ ઉપદેશકો, જે લોકોને ઉપદેશ કરવા તેમને મોકલવામાં આવતા તે લોકોની જ ભાષા બોલવા માંડતા અને તે જ ભાષામાં તેઓ તેમને સમજાવતા હતા. મહંમદસાહેબને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે તેમણે કહ્યું – "અલ્લાના બંદાઓ પ્રત્યેનો અલ્લાએ બતાવેલો તેમનો સૌથી મોટો ધર્મ (ફરજ) એ જ છે."[૨] (ઇબ્ન સાદ, ૧૦)

---

૧. *Life of Mohammad*, by Mirza Abul Fazal, p. 144.
૨. *The Preaching of Islam*, by T. W. Arnold, p. 25.

# ૧૫
# મદીના પર કુરેશીઓના હુમલા

મહંમદસાહેબનો ધર્મ માનનારાઓની સંખ્યા હવે ઝપાટાબંધ વધવા લાગી. સાથે સાથે મદીનાનું રાજ્ય અને તેનું ગૌરવ પણ વધતું જતું હતું. અરબસ્તાનમાં જ મક્કાથી કેવળ ૨૮૬ માઈલ પર એક બીજું બરોબરિયું રાજ્ય સ્થપાય અને વધતું જાય એ કુરેશીઓ કેમ સહન કરી શકે? મક્કાનું અને ત્યાંના મંદિર કાબાનું બંનેનું પુરાણું ગૌરવ પણ હવે ઘટવા લાગ્યું. કુરેશીઓ જાણતા હતા કે જો મહંમદની તાકાત વધવા દીધી તો કોઈ ને કોઈ દિવસ મક્કાનો પુરાણો ધર્મ અને મક્કાનું ગૌરવ નાશ પામશે.

કુરેશીઓ તેનો ઉપાય શોધવા લાગ્યા. તેમણે મહંમદ અને મદીના-ની સત્તાને કચડી નાખવાનો નિર્ણય કર્યો. જે થોડાક મુસલમાનો મક્કામાં રહી ગયા હતા તેમને તેઓ બરાબર કનડતા રહ્યા. વળી ઓચિંતા હુમલા કરીને મદીનાવાળાઓનાં શહેર બહાર ચરતાં ઊંટો અને ઘોડા ભગાડી જવાનું તેઓએ શરૂ કર્યું. શરૂઆતમાં મદીનાવાસીઓ તરફથી આનો કશો જવાબ વાળવામાં ન આવ્યો.

મહંમદસાહેબને મદીના આવ્યે .બે વરસ વીતી ગયાં. એક દિવસ ખબર મળી કે ૭૦૦ ઊંટ અને ૧૦૦ ઘોડા સહિત ૧,૦૦૦ કુરેશીઓ મદીના પર હુમલો લઈ આવે છે. આ વખતે મહંમદસાહેબની ઉંમર ૫૫ વરસની હતી. પોતાનો ધર્મ – જેને તેઓ દુનિયા માટે ઈશ્વરનો સંદેશો માનતા – તેનો ઉપદેશ કરતાં તેમને ૧૫ વરસ થઈ ગયાં હતાં. આ ૧૫ વરસમાં, બલકે ૫૫ વરસની તેમની આખી જિંદગીમાં તેમણે માત્ર પોતાના નાનપણમાં થયેલી 'હરબે ફિજાર'ની લડાઈમાં જ ભાગ લીધો હતો. આનું વર્ણન આગળ ૨૩–૨૪મે પાને આવી ગયું છે. એમાંયે તેમનો ભાગ પોતાના કાકાને તીર લઈ લઈને આપવા પૂરતો જ હતો. તે એક પ્રસંગ સિવાય તેમણે કદી કોઈ લડાઈમાં કોઈ જાતનો ભાગ લીધો નહોતો. પરંતુ આજે આખા શહેરના જાનમાલના રક્ષણનો

બોજો તેમને માથે હતો. તેમની ટેવ પ્રમાણે ઉપવાસ અને પ્રાર્થના મારફત તેમણે પોતાના પાલનહાર પાસે આદેશ માગ્યો. કુરાનમાં પહેલવહેલી લડાઈની પરવાનગી આપતી આયતો આ રીતે ઊતરી :

"જેમની સાથે બીજાઓ લડવા આવે છે તેમને પણ લડવાના રજા આપવામાં આવે છે, કારણ કે એ એમના પર જુલમ છે. ખરેખર અલ્લા તે લોકોને મદદ કરવાને શક્તિમાન છે, જેમને ફક્ત એટલું કહેવાના ગુના માટે કે 'એક અલ્લા જ અમારો પાલનહાર છે,' તેમનાં ઘરોમાંથી અન્યાયપૂર્વક કાઢી મૂકવામાં આવ્યા છે.

"જો અલ્લાએ આ પ્રમાણે કેટલાક લોકો(આતતાયીઓ અથવા લડાઈખોરો)ને બીજા લોકોની માફક હઠાવ્યા ન હોત તો ખરેખર દુનિયાના મઠ, દેવળ, યહૂદીઓનાં મંદિર અને બીજાં બધાં (ધર્મવાળાનાં) પૂજાલય જેમાં વારંવાર અલ્લાનું નામસ્મરણ થાય છે તે ક્યારનાં પાડી નાખવામાં આવ્યાં હોત." (૨૨–૩૮થી ૪૦)

"અલ્લાને માર્ગે તે લોકો સાથે લડો જેઓ તમારી સાથે લડે છે. પણ હદ બહાર કદી ન જાઓ. ખરેખર હદ બહાર જનારાઓને અલ્લા ચાહતો નથી.

"અને જો તેઓ લડાઈ બંધ કરી દે તો તમે, જેઓ જુલમ કરવાનું ચાલુ રાખે તેમના સિવાય બીજાઓ સાથે દુશ્મનાવટ ચાલુ ન રાખો." (૨–૧૯૦, ૧૯૩)

મહંમદસાહેબને કે તેમના સાથીઓને આથી સંતોષ ન થયો. પોતાના બચાવને નામે પણ લડાઈ કરવાથી તેમનું દિલ દૂર ભાગતું હતું. તેઓ વિચારવા લાગ્યા કે મક્કાથી આવનાર લશ્કરમાં ઘણા અમારા નજીકના સગા હશે. આ લોકો અને તેઓ બધા એક દાદાનાં સંતાન હતા. કુરુક્ષેત્રના મેદાનમાં અર્જુનની સામે જે ધર્મસંકટ હતું, જે જાતની મૂંઝવણમાં તે પડયો હતો તે જ જાતની મૂંઝવણમાં મુસલમાનો પડયા હતા. મહંમદસાહેબે ફરીથી ઉપવાસ કર્યા અને પ્રાર્થના કરી. પોતાના અંતરમાં બેઠેલા ઈશ્વર તરફથી તેમને આદેશ મળ્યો :

"તમને લડાઈની રજા આપવામાં આવી છે પણ તમને લડાઈ માટે તિરસ્કાર છે. એમ બને કે જે વસ્તુ તમારે માટે

લાભદાયક હોય તેનો તમે તિરસ્કાર કરો અને જે વસ્તુ તમારે માટે બૂરી હોય તેને માટે તમને પ્રેમ હોય અને અલ્લા જાણે છે, તમે નથી જાણતા." (૨–૨૧૬)

"શું તમે એવા લોકો સાથે નહીં લડો જેમણે પોતે જ પહેલાં લડાઈ શરૂ કરી?" (૯–૧૩)

"અને તમને શું થઈ ગયું છે કે તમે અલ્લાને માર્ગે નિર્બળો, સ્ત્રીઓ અને બાળકોના રક્ષણ માટે નથી લડતા?" (૪–૭૫)

ફક્ત ૩૧૩ માણસોને સાથે લઈને મહંમદસાહેબ મક્કાથી આવતી ફોજને રોકવા નીકળ્યા. કુરેશીઓ મક્કાથી અર્ધે રસ્તે આવી પહોંચ્યા હતા. 'બદ્ર' નામની હરિયાળી ખીણમાં (ઈ. સ. ૬૨૪) બંને ફોજો વચ્ચે ભયંકર યુદ્ધ થયું. મદીનાની ફોજમાં ધર્મ અને ન્યાયને ખાતર લડનારાઓનો જુસ્સો હતો. કુરેશીઓને રણક્ષેત્ર છોડીને ભાગવું પડ્યું. મદીનાવાળાઓના ૧૪ અને કુરેશીઓના ૪૯ માણસ યુદ્ધમાં મરાયા અને તેટલા જ કેદ પકડાયા.

લગભગ બધા જ દેશોમાં એ સમયે એવો રિવાજ હતો કે લડાઈમાં કેદ પકડાયેલાઓને કાં તો મારી નાખવામાં આવતા અથવા ગુલામ કરીને રાખવામાં આવતા. પણ આ પ્રસંગે મહંમદસાહેબની આજ્ઞાથી તેઓમાંના ઘણા જે ગરીબ હતા તેમને એવું વચન લઈને છોડી મૂકવામાં આવ્યા કે તેઓ ફરીથી કોઈ દિવસ મુસલમાનો અથવા મદીનાવાળાઓ સામે હથિયાર નહીં ઉઠાવે. અને બાકીનામાંથી કેટલાકને તેમની પાસે નુકસાની લઈને છોડી દેવામાં આવ્યા. કેટલાક ભણેલાગણેલા કેદીઓને લખતાં-વાંચતાં શીખવવાનું કામ આપવામાં આવ્યું અને તેમને કહેવામાં આવ્યું કે દરેકે દસ દસ મદીનાવાળાઓને લખતાં-વાંચતાં શીખવીને પછી ચાલ્યા જવું. તે કેદીઓ જેટલા દિવસ મદીનામાં રહ્યા તેટલા દિવસ – "મહંમદસાહેબની આજ્ઞાથી મદીનાવાળાઓએ અને જેમને પોતાનું ઘર હતું એવા હિજરતીઓએ તેમને પોતપોતાને ત્યાં રાખીને તેમની સાથે બહુ માનભરી વર્તણૂક બતાવી. પાછળથી આ કેદીઓએ પોતે જ કહ્યું, 'મદીનાવાળાઓ પર અલ્લાની કૃપા થાઓ. તેઓ પોતે પગે

ચાલતા અને અમને વાહન પર બેસાડતા. જ્યારે રોટલાની અછત થતી ત્યારે તેઓ અમને ઘઉંના રોટલા ખવડાવતા અને પોતે ખજૂર ખાઈને રહેતા.' "[1]

બદ્રની લડાઈ પછી ઉમેર ઈબ્ન વાહબ નામનો એક નવજુવાન મહંમદસાહેબનો જાન લેવાના ઈરાદાથી મદીના આવ્યો. ત્યાં કેટલાક દિવસ સુધી તેમનો ઉપદેશ તેણે સાંભળ્યો. તેની તેના પર એટલી અસર થઈ કે તેણે પોતે મહંમદસાહેબ આગળ આવીને પોતાના દિલનું પાપ પ્રગટ કર્યું અને ઈસ્લામ ધર્મ અપનાવ્યો.

ત્યાર પછી કુરેશીઓ સાથે સુલેહ થઈ જાય તેને માટે મહંમદસાહેબે કોશિશ કરી. તેમણે કહેવડાવ્યું :

> "હે મક્કાવાળાઓ, તમે ચુકાદો માગતા હતા તે આવી ગયો. હવે તમે મુસલમાનો પર હુમલો ન કરો તો સારું. પણ જો તમે ફરી હુમલો કરશો તો અમારે પણ લડવું પડશે અને તમારી સાથે ગમે તેટલી ફોજ હશે તોપણ તમને કશો લાભ નહીં થાય, કારણ કે અલ્લા ઈમાનવાળાઓ સાથે છે."
>
> "... જો હવે તેઓ હુમલો ન કરે તો અત્યાર સુધી જે કંઈ થઈ ચૂક્યું તે બધું માફ કરી દેવામાં આવશે." (૮–૧૯, ૩૮)

પરંતુ આનું કશું પરિણામ ન આવ્યું. કુરેશીઓ તરફથી હુમલા ચાલુ જ રહ્યા.

બદ્રની લડાઈ પછી તરત જ અબુ સુફિયાન બસો ઝડપી ઘોડેસવાર લઈને મક્કાથી નીકળ્યો અને મદીનાથી ત્રણ માઈલ દૂર બે મુસલમાનોને મારી નાખીને, ત્યાંની ખેતી ભેલાડીને તથા ખજૂરીના ઝાડને આગ લગાડીને મદીનાવાળાઓ નીકળે તે પહેલાં પાછો ચાલ્યો ગયો.

બીજે વરસે ત્રણ હજાર માણસો સાથે અબુ સુફિયાને મદીના પર હુમલો કર્યો. આ હુમલાનો ઉદ્દેશ ગયે વરસે બદ્રની લડાઈમાં માર્યા

---

૧. *Life of Mohammad*, by Sir W. Muir, Vol. III, p. 122.

ગયેલા કુરેશીઓનું વેર લેવાનો હતો એમ જણાવવામાં આવ્યું. કુરેશીઓ મદીના નજીક આવી પહોંચ્યા. લગભગ એક હજાર માણસ લઈને મહંમદ-સાહેબ મદીના બહાર નીકળ્યા. ઓહદની ટેકરી પર બંને સૈન્ય વચ્ચે લડાઈ થઈ. એમ કહેવાય છે કે મહંમદસાહેબની ફોજમાં ફક્ત બે ઘોડેસવાર હતા અને કુરેશીઓની ફોજમાં બસો હતા. આ લડાઈમાં અબુ બક્ર, ઉમર અને અલી ત્રણે ભયંકર રીતે ઘાયલ થયા. ખુદ મહં-મદસાહેબને પહેલાં એક પથ્થર વાગ્યો અને પછી એક તીર વાગ્યું જેથી તેમનો હોઠ કપાઈ ગયો અને આગળનો એક દાંત તૂટી ગયો. કુરેશીઓનો પક્ષ જીતમાં હતો. પણ એ એટલા થાકી ગયા હતા કે આગળ ન વધતાં આસપાસ લૂંટફાટ કરીને ત્યાંથી જ પાછા ફર્યા.

ઓહદની લડાઈમાં જે મુસલમાનો કુરેશીઓના હાથમાં પડયા તેમના પર ખૂબ ત્રાસ ગુજારવામાં આવ્યો. તેનું વર્ણન કરવાની જરૂર નથી. મુસલમાનોમાં વેરની આગ સળગી ઊઠી, તે પ્રસંગે કુરાનમાં આયત ઊતરી :

> "જો તમે બદલો લો તો જેટલું નુકસાન તમને કરવામાં આવ્યું છે તેટલો જ લો. પણ જો તમે ધીરજપૂર્વક સહન કરી લો તો, ખરેખર સહન કરનારાઓ માટે સૌથી વધુ સારું છે."

લડાઈ પછી દુશ્મનોનાં મડદાં અને ઘાયલ થયેલાનાં નાક-કાન કાપી લેવાનો જંગલી રિવાજ તે સમયે યહૂદીઓ, ખ્રિસ્તીઓ અને બધા લોકોમાં હતો. ઓહદની લડાઈ પછી કુરેશીઓએ પણ એમ જ કર્યું હતું. મહંમદસાહેબે પોતાના માણસોને એમ કરવાની મનાઈ કરી અને મહંમદસાહેબની આજ્ઞાથી જ એ રિવાજ અરબસ્તાનમાંથી ધીરે ધીરે હંમેશને માટે બંધ થઈ ગયો.

કુરેશીઓની દુશ્મનાવટ હવે વધારે દૃઢ થઈ. તેમણે હવે મદીના બહારના આરબોના મોટા મોટા કબીલાઓને મહંમદસાહેબની સામે ઉશ્કેરવા માંડયા. કેટલીયે લડાઈઓ થઈ. આ બધી નાનીમોટી લડાઈઓનું વર્ણન કરવાની જરૂર નથી. મદીનાથી જેટલી ફોજોને બહાર મોકલવામાં આવતી તે બધી ફોજોના સરદારોને મહંમદસાહેબ તરફથી આ કડક આદેશ આપવામાં આવતો હતો :

"કોઈ પણ સ્થિતિમાં કપટ કે દગાથી કામ ન લેવું અને કદી કોઈ બાળકની હત્યા ન કરવી.

"આપણને જે જે નુકસાન કરવામાં આવે તેનો બદલો લેવામાં પોતાના ઘરની અંદર રહેનાર નિર્દોષ લોકોને દુઃખ ન દેવું. કદી સ્ત્રીઓ પર હુમલો ન કરવો. ધાવણાં બાળકો અને પથારીવશ બીમારોને કદી હાથ ન અડકાડવો. વસ્તીના જે લોકો તમારી સાથે લડતા ન હોય તેમનાં ઘરો કદી ન પાડવાં. લોકોનાં ધંધારોજગારનાં ઓજારો અને ફળવાળાં વૃક્ષોનો નાશ ન કરવો. ખજૂરીઓને કદી હાથ ન લગાડવો. કારણ કે તેમની છાયા લોકોને ફાયદાકારક છે અને તેમની હરિયાળી લોકોનાં દિલને ખુશ કરે છે."

ત્યાર પછી કુરેશીઓ સાથે એક મોટી લડાઈ ઈ. સ. ૬૨૬ના માર્ચ મહિનામાં થઈ. તે 'ખંદકની લડાઈ'ને નામે પ્રખ્યાત છે. તે લડાઈ આ રીતે થઈ :

કુરેશ સરદાર અબુ સુફિયાને બની ગિતફાન અને બીજા કબીલાઓને — જેમાં કેટલાક યહૂદી કબીલા પણ હતા — પોતાના પક્ષમાં મેળવી લઈને દસ હજાર હથિયારબંધ માણસો લઈને મદીના પર ચડાઈ કરી. આ ખબર મળતાં મહંમદસાહેબે શહેરના બચાવનો વિચાર કર્યો. તેમના એક ઈરાની સાથી સલમાને સલાહ આપી કે શહેરના કોટની બહાર એક ઊંડી ખાઈ ખોદવી જેથી કરીને દુશ્મન સહેલાઈથી આ પાર ન આવી શકે. મહંમદસાહેબની આજ્ઞાથી ખાઈ ખોદાવા માંડી. બીજા બધાની સાથે મહંમદસાહેબ પણ પાવડો અને ટોપલો લઈને માટી વહેવા લાગ્યા અને આવાં ગીત ગાઈ ગાઈને લોકોને હિંમત આપવા લાગ્યા :

"હે ઈશ્વર, તારા સિવાય અમને સાચો રસ્તો કોણ બતાવત!

"અમે ન તો દાન કરતા હોત કે ન તારી બંદગી કરતા હોત!

"તું જ અમને શાંતિ આપ અને લડાઈમાં અમારા કદમ મજબૂત કર!

"કારણ કે તે લોકો અમારી વિરુદ્ધ ખડા થયા છે. તેઓ અમને ખરે માર્ગેથી ખસેડવા ઈચ્છતા હતા, પણ અમે સાફ ઈન્કાર કરી દીધો."

છેવટની કડી મહંમદ સાહેબ વધારે મોટેથી ગાતા હતા.

ખાઈ પૂરી ખોદાઈ રહી નહોતી એટલામાં તો દુશ્મનો આવી પહોંચ્યા. દસ હજારની ફોજ ખાઈની પેલી પાર અને ત્રણ હજારની આ પાર. વીસ દિવસ સુધી બન્ને તરફથી પથ્થર અને તીરનો વરસાદ વરસ્યા કર્યો. વીસ દિવસ પછી એક જગ્યાએ ખાઈ સાંકડી રહી ગઈ હતી ત્યાંથી દુશ્મનની કેટલીક ફોજ આ પાર આવી ગઈ. બહુ ભયંકર લડાઈ થઈ. ખૂબ નુકસાન વેઠીને દુશ્મનને ખાઈની પેલી પાર ચાલ્યા જવું પડ્યું. ટાઢ, વરસાદ અને સીધાસામાનની અછતને લીધે પણ કુરેશીઓને ઘણું નુકસાન થયું. આખરે થાકીને અને લાચાર થઈને બચેલા કુરેશીઓ મક્કા તરફ અને બીજા કબીલાવાળા પોતપોતાને ઘેર પાછા ફર્યા. કુરેશીઓનો મદીના પર આ છેલ્લો હુમલો હતો.

## ૧૬

## ઈસ્લામના કેટલાક ઉપદેશકો

કુરેશીઓ પરની આ જીતથી મદીનાની નવી રાષ્ટ્રીય સરકાર અને મહંમદસાહેબ બંનેનો પ્રભાવ વધતો ગયો. ઈસ્લામના ફેલાવામાં પણ એને લીધે બહુ મદદ મળી. મદીનામાં મહંમદસાહેબ પોતે ઉપદેશ આપતા હતા અને મદીના બહારના પ્રદેશ માટે તે સમયે એક સામાન્ય રિવાજ એ હતો કે દૂર દૂરના કબીલાના મોટા મોટા માણસો અથવા આગેવાનો મહંમદસાહેબને મળવા મદીના આવતા હતા. તેઓમાંના ઘણા મુસલમાનો થઈને જતા. પછી તેમને જ અથવા કોઈ વાર તેમની સાથે કેટલાક બીજાઓને પણ તે કબીલાઓમાં ઉપદેશ કરવા માટે મોકલવામાં આવતા હતા.

આ જુદા જુદા કબીલાઓના જે લોકો મહંમદસાહેબને મળવા આવતા હતા તેમની સાથેની મહંમદસાહેબની વર્તણૂક એટલી સારી અને પ્રેમાળ હતી, તેમની ફરિયાદો તરફ તેઓ એટલી સારી રીતે ધ્યાન આપતા હતા અને તેમના માંહોમાંહેના ઝઘડા એટલી સુંદર રીતે પતાવતા કે તેથી મહંમદસાહેબની ખ્યાતિ વધતી અને ઈસ્લામ પ્રત્યે લોકોનો પ્રેમ વધતો હતો.[૧]

જુદા જુદા કબીલાઓમાં ઈસ્લામ કેવી રીતે ફેલાયો અને કોઈ કોઈ ઠેકાણે કેવી મુશ્કેલીઓ આવી તેના કેટલાક દાખલા નીચે આપવામાં આવ્યા છે :

(૧) હિજરી સનના ચોથા (ઈ. સ. ૬૨૫) વરસમાં નજદ ઈલાકાના બનુ આમિર કબીલાના સરદારના કહેવાથી ચાળીસ મુસલમાનોને તે કબીલામાં ઈસ્લામનો પ્રચાર કરવા મોકલવામાં આવ્યા. આ ચાળીસમાંથી આડત્રીસને ત્યાં દગાથી મારી નાખવામાં આવ્યા. બે જ જીવતા પાછા મદીના પહોંચ્યા.

(૨) હિજરી સનની પાંચમી સાલમાં ઝિમામ નામનો એક બદુ સરદાર અચાનક મહંમદસાહેબ પાસે આવ્યો. તેણે તેમને ઈસ્લામ વિશે ઘણા સવાલ પૂછ્યા. છેવટે તે મુસલમાન થઈને પાછો ગયો અને તેણે પોતાના કબીલામાં ઈસ્લામ ફેલાવ્યો.

(૩) મદીના અને લાલ સમુદ્ર વચ્ચે બનુ જુહેના નામનો એક કબીલો રહેતો હતો. તેનું એક ખાસ મંદિર હતું. મંદિરમાં પથ્થરની મૂર્તિઓ હતી. અમ્ર ત્યાંનો પૂજારી હતો. તેને મહંમદસાહેબને મળવાનો વિચાર થયો. મહંમદસાહેબ મક્કામાં હતા. અમ્ર ભણેલોગણેલો અને કવિ હતો. તે મક્કા આવ્યો. મહંમદસાહેબ સાથે વાતચીત થયા પછી તેણે નવો ધર્મ સ્વીકારી લીધો અને મહંમદસાહેબની આજ્ઞાથી પોતાના કબીલામાં જઈને નવા ધર્મનો ઉપદેશ કરવાનું તેણે શરૂ કર્યું. એની અસર એટલી બધી થઈ કે થોડા જ દિવસમાં ત્યાં એક જ માણસ એવો બાકી રહ્યો કે જેણે તેની વાત ન માની અને પોતાના

---

૧. Muir, (2) Vol. IV, pp. 107-8.

પુરાણા વિચારોને વળગી રહ્યો. બાકીના સૌ મુસલમાન થઈ ગયા. (ઈબ્ન સાદ, ૧૧૮)

(૪) હિજરી સનના છઠ્ઠા વરસમાં મહંમદસાહેબને મક્કાવાળાઓ સાથે સુલેહ થઈ. આ સુલેહની વાત આગળ આવશે. અહીં એટલું જ જણાવવું બસ છે કે એ સુલેહને લીધે ઈસ્લામના ફેલાવામાં વળી વધારે મદદ મળી. મક્કાના ઘણા લોકો જેમણે કેટલાંક વરસ પહેલાં પોતાના શહેરમાં મહંમદસાહેબનો ઉપદેશ સાંભળ્યો હતો અને જેઓ કુરેશીઓના ડરથી નવા ધર્મનો સ્વીકાર કરતા અટકયા હતા તેઓ એ સુલેહ પછી મદીના જઈને નવો ધર્મ સ્વીકારવા લાગ્યા.

ખાસ કરીને મક્કાની દક્ષિણના ઈલાકાઓમાં ઈસ્લામનો ફેલાવો થવાને માટે સુલેહ પછી જ રસ્તો ખૂલ્યો.

(૫) યમનની ઉત્તરે આવેલ ટેકરીઓમાં બનુ દોસ નામે કબીલો રહેતો હતો. આ કબીલાના કેટલાક જણ મહંમદસાહેબના સમય પહેલાંથી જ કોઈ નવા અને વધારે ઉચ્ચ ધર્મની શોધમાં હતા. મહંમદસાહેબના ઉપદેશની ખબર સાંભળીને દોસ કબીલાનો સરદાર તુફેલ મહંમદસાહેબને મળવા મક્કા આવ્યો. તે કવિ પણ હતો. તેણે પોતાની કેટલીક કવિતા મહંમદસાહેબને સંભળાવી. મહંમદસાહેબે તેને કુરાનના કેટલાક અધ્યાય સંભળાવ્યા. તુફેલને નવો ધર્મ પસંદ પડયો. તે મુસલમાન થઈ ગયો. મહંમદસાહેબની પરવાનગીથી તેણે પોતાના કબીલામાં જઈને ઈસ્લામનો પ્રચાર કરવાનું શરૂ કર્યું. પણ તેના બાપ, તેની પત્ની અને તેના કેટલાક મિત્રો સિવાય બીજા કોઈએ તેનું ન માન્યું. તુફેલ મહંમદસાહેબ પાસે આવ્યો. મહંમદસાહેબે તેને સબૂરી, ધીરજ અને પ્રેમપૂર્વક પોતાનું કામ ચાલુ રાખવાની સલાહ આપી. તે ફરી પાછો પોતાના કબીલામાં ગયો. આ વખતે એક બીજા સાથીઓ તેને મદદ કરી. તેઓ બંને ઘેર ઘેર જઈને નવા ધર્મના સિદ્ધાંતો સમજાવતા હતા. આમ ધીરે ધીરે એ કબીલાના થોડા થોડા માણસો ઈસ્લામ ધર્મ સ્વીકારતા જતા હતા. તુફેલ અને તેના સાથીઓએ પોતાનું કામ ચાલુ રાખ્યું. છેવટે હિજરી સનના

આઠમા વરસ સુધીમાં એટલે કે લગભગ દસ વરસની અંદર તે કબીલાના બધા માણસોએ નવો ધર્મ સ્વીકારી લીધો. એ લોકો મુસલમાન થયા તે પહેલાં લાકડાના એક ડીમચાને પોતાના કબીલાનો દેવ માનીને તેની પૂજા કરતા હતા. હવે તેઓ બધા એક નિરાકાર ઈશ્વર, જે આખી દુનિયાનો માલિક છે તેની ઇબાદત (ઉપાસના) કરવા લાગ્યા, જ્યારે આખા કબીલામાં કોઈ પણ માણસ પેલા લાકડાના દેવને પૂજનારો ન રહ્યો ત્યારે કબીલાના સરદાર તુફેલે તેને સૌની સામે મૂકીને સળગાવી મૂક્યો.

આ જ અરસામાં અને આ જ રીતે બીજા પંદર કબીલાઓએ ઈસ્લામનો સ્વીકાર કર્યો.

(૬) તાયફ શહેરનો એક સરદાર ઉરવા મહંમદસાહેબને મળવા મદીના આવ્યો. તેણે ઇસ્લામ ધર્મ સ્વીકારી લીધો. તે ઘણો જુસ્સાવાળો હતો. તેણે પોતાના શહેરમાં જઈને ઈસ્લામનો પ્રચાર કરવા મહંમદ-સાહેબ પાસે રજા માગી. મહંમદસાહેબે પહેલાં ના પાડી, પણ પછી તેણે જીદ કરી એટલે રજા આપી દીધી. તે તાયફ ગયો. તાયફ પુરાણા વિચારનો મુખ્ય કિલ્લો હતો. તેણે ખુલ્લંખુલ્લા મૂર્તિપૂજાની નિંદા કરી. એક દિવસ તે ઉપદેશ આપતો ઊભો હતો ત્યારે તેને એક તીર આવીને વાગ્યું. ઉરવાએ ઈશ્વરનું સ્તવન કર્યું અને ત્યાં જ તે શહીદ થઈ ગયો.

(૭) મહંમદસાહેબે યમનના મોટા મોટા ત્રણ કબીલાઓના સરદારોને એક પત્ર લખ્યો. તે પત્રમાં તેમણે ઉત્તમ અને પ્રેમાળ શબ્દોમાં તેમને ઈસ્લામ સ્વીકારવા કહ્યું. આ પત્ર મહંમદસાહેબે અયાશ નામના એક માણસ સાથે મોકલ્યો. અયાશ મદીનાથી નીકળ્યો ત્યારે મહંમદસાહેબે તેને શિખામણ આપી :

"તું ત્યાં પહોંચે ત્યારે રાત્રે શહેરમાં દાખલ ન થઈશ. સવાર સુધી બહાર જ રહેજે. પછી સવારે સારી રીતે નાહજે. 'બે રકાત'[1] નમાજ પઢજે અને અલ્લા પાસે પ્રાર્થના કરજે

---

૧. નમાજનો એક પેટાવિભાગ. એક ભાગમાં બે, ત્રણ કે ચાર રકાત હોય છે. — અનુવાદક

કે તારી ઈચ્છા પૂરી થાય, લોકો તને પ્રેમપૂર્વક મળે અને તું દરેક પ્રકારની આફતમાંથી બચી જાય. પછી મારો પત્ર તારા જમણા હાથમાં લેજે અને તારે જમણે હાથે તેમના જમણા હાથમાં આપજે. તેઓ તે લઈ લેશે. પછી તેમને કુરાનનો ૯૮મો અધ્યાય વાંચી સંભળાવીને કહેજે—'મહંમદે આમાં વિશ્વાસ મૂક્યો છે અને મારા કબીલાના માણસોમાંથી સૌથી પહેલાં મેં એમાં વિશ્વાસ મૂક્યો છે.' ત્યાર પછી તું તેમના દરેક પ્રશ્નનો જવાબ આપી શકશે, અને તેઓ તારી વિરુદ્ધ જે કાંઈ કહેશે તે મોળું પડી જશે. જો તેઓ કોઈ પરદેશી ભાષામાં વાત કરે અથવા પરદેશી ભાષામાં કોઈ ઉદાહરણ આપે તો કહેવું કે એનો તરજુમો કરી આપો. અને તેમને કહેજે—'મારે માટે એક અલ્લા બસ છે. મને અલ્લાના પુસ્તકમાં વિશ્વાસ છે. મને ન્યાયથી વર્તવાની આજ્ઞા આપવામાં આવી છે. અલ્લા અમારો અને તમારો સૌનો માલિક છે. અમને અમારાં કર્મોનું ફળ મળશે અને તમને તમારાં કર્મોનું ફળ મળશે. અમારી અને તમારી વચ્ચે કશો ઝઘડો નથી. અલ્લા આપણને સૌને એક કરી દેશે. આપણે સૌએ તેની જ પાસે જવાનું છે.' ત્યાર પછી જો તેઓ બ''ા જ ઈસ્લામનો સ્વીકાર કરી લે તો તેઓ જે ત્રણ છડીઓ આગળ ભેગા મળીને પ્રાર્થના કરે છે તે તેમની પાસે માગજે. એમાં એક છડી સફેદ અને પીળા ડાઘાવાળી 'ઝાઉ'ની છે. બીજી નેતર જેવી ગાંઠોવાળી છે અને ત્રીજી અબનૂસ (સીસમ) જેવી કાળી છે. આ છડીઓને બજારમાં લાવીને સૌની રૂબરૂ સળગાવી દેજે."

અયાશ લખે છે:

"હું ગયો. મેં એ પ્રમાણે જ કર્યું. હું ત્યાં પહોંચ્યો ત્યારે મેં જોયું કે બધા લોકોએ કોઈ તહેવારને કારણે સારાં સારાં કપડાં પહેર્યાં હતાં. હું તેમને મળવા આગળ વધ્યો. અંતે હું ત્રણ દરવાજે પહોંચ્યો. તે દરવાજા પર ત્રણ મોટા મોટા પડદા હતા. હું વચ્ચેના દરવાજાનો પડદો ઉઠાવીને અંદર ગયો. મેં જોયું કે

લોકો તે મકાનના આંગણામાં એકઠા થયા હતા. મેં જઈને તેમને કહ્યું કે, હું અલ્લાના પેગંબરનો સંદેશો લાવ્યો છું. ત્યાર પછી મેં મહંમદસાહેબના કહેવા પ્રમાણે કર્યું. તેમણે મારી વાત ધ્યાનપૂર્વક સાંભળી, અને પછી પેગંબરે કહ્યું હતું તે પ્રમાણે જ બન્યું." (ઈબ્ન સાદ, ૫૬)

પેલી છડીઓને બાળી મૂકવાની રજા, એ કબીલામાં એક પણ માણસ તેમને પૂજનારો ન રહે તો જ, આપવામાં આવી હતી. આ બાબતમાં મહંમદસાહેબ અને તેમના સાથીઓ બધી જ જગ્યાએ બરાબર એ જ રીતે વર્તતા હતા.

કુરાનના જે ૯૮મા અધ્યાયનો ઉપર ઉલ્લેખ છે તેની ખાસ આયત આ છે:

"તેમને માત્ર આટલી જ આજ્ઞા કરવામાં આવી છે કે તેઓ સચ્ચાઈપૂર્વક એક ઈશ્વરની ઉપાસના કરે, તેની જ આજ્ઞા માને, સાચા અને ઈમાનદાર રહે, ઈશ્વરની પ્રાર્થના કરતા રહે, અને ગરીબોને દાન આપે. આ જ સાચો અને નક્કી ધર્મ છે." (૯૮–૫)

(૮) યમનમાં સૌથી મોટો કબીલો હમદાન નામનો હતો. એ કબીલાનાં માણસોને આ નવા ધર્મની ખબર મળી એટલે તેમણે આમિર નામના પોતાના એક માણસને મક્કા મોકલ્યો. આમિર મક્કામાં મહંમદ-સાહેબને મળ્યો અને મુસલમાન થઈને પાછો પોતાને ઘેર ગયો. મદીને ગયા પછી થોડા દિવસે મહંમદસાહેબે ખાલિદને તે કબીલામાં ઈસ્લામનો ઉપદેશ કરવા મોકલ્યો. ખાલિદ ખાસ કાંઈ કરી ન શક્યો. છ મહિના પછી તે મદીને પાછો આવ્યો. ત્યાર પછી મહંમદસાહેબે ખાલિદને બદલે અલીને ત્યાં મોકલ્યો. ધીરે ધીરે થોડાં વરસમાં હમદાન કબીલાનાં બધાં માણસો મુસલમાન થઈ ગયાં. (બુખારી)

(૯) યમનમાં જ ઈરાનના પણ કેટલાક લોકો વસતા હતા. હિજરી સનના દસમા વરસમાં મહંમદસાહેબે બરબન યખનસ નામના એક માણસને તેમને ઉપદેશ કરવા મોકલ્યો.

(૧૦) ત્યાર પછી મહંમદસાહેબે મુઆઝ અને અબુ મૂસા નામના બે માણસોને યમનના એક એક જિલ્લામાં ઉપદેશ કરવા મોકલ્યા, અને તેઓ ત્યાં જવા નીકળ્યા ત્યારે તેમને કહ્યું :

"તમારું કામ નમ્રતાથી કરજો. કોઈ સાથે કદી જબરદસ્તી ન કરશો. લોકોનાં દિલ ખુશ રાખજો. તમારા પર કોઈને તિરસ્કાર થવો ન જોઈએ. હળીમળીને કામ કરજો. લોકોને સમજાવજો કે એક ખુદા જ સૌનો ઈશ્વર છે અને તેની જ સૌએ ઈબાદત કરવી જોઈએ. પછી તેમને દાનનો અર્થ આ પ્રમાણે સમજાવજો — તમારામાં જે માલદાર છે તેમની પાસેથી લઈને જે ગરીબ છે તેમને આપવું. તેઓ દાન આપે ત્યારે તેમાંથી વીણીને સારી સારી ચીજો ન લઈ લેવી. જે માણસ ઉપર કોઈ પણ પ્રકારનો જુલમ કે જબરદસ્તી કરવામાં આવે છે તેના નિસાસાથી ડરતા રહેજો. કારણ કે તેના નિસાસા અને પરમાત્મા વચ્ચે કશી આડ નથી." (બુખારી)

ઈસ્લામના આ ઉપદેશોને લીધે પુરાણા કબીલા અને તેમનું બળ તૂટતું ગયું. અને તેમની જગ્યાએ એક જબરજસ્ત અને મહાન ભાઈચારો બંધાતો ગયો તથા એક નવી કોમ બનતી ગઈ, જેથી સેંકડો વરસના લડાઈઝઘડા મટી જઈને દેશભરમાં સુલેહશાંતિનાં દર્શન થવા લાગ્યાં.

જે લોકો હવે પોતાના પુરાણા કબીલાઓ વચ્ચેના ઝઘડાની અને વેર લેવાની વાત મહંમદસાહેબ આગળ કરતા તેમને તેઓ હમેશાં કુરાનની આ આયતો સંભળાવતા :

"બૂરાઈનો બદલો ભલાઈથી આપો." (૨૩-૯૬)

"અલ્લા તમને ક્ષમા કરે એમ તમે ઈચ્છતા હો, તો તમારે બીજાઓના દોષો માફ કરવા જોઈએ અને ભૂલી જવા જોઈએ. અલ્લા ક્ષમા કરનારો અને દયાળુ છે." (૨૪-૨૨)

"જેઓ બૂરાઈથી વેગળા રહે છે, તેઓ ગરીબી કે અમીરી બંનેમાં પુષ્કળ દાન કરે છે, જેઓ પોતાના ગુસ્સાને કાબૂમાં

રાખે છે અને જેઓ લોકોના બધા દોષોની ક્ષમા આપી દે છે તેમને માટે જમીન અને આસમાન કરતાં મોટું સ્વર્ગ તૈયાર છે. જેઓ બીજા ઉપર ઉપકાર કરે છે તેમને જ ખુદા ચાહે છે." (૩-૧૩૨, ૧૩૩)

## ૧૭

## દેશદ્રોહની શિક્ષા

મદીનામાં અને તેની આસપાસ કેટલાક યહૂદી કબીલા રહેતા હતા. જેટલું જાણવા મળે છે, તે પરથી એમ લાગે છે કે તેઓ કેટલીક સદીઓ પહેલાં રોમન સમ્રાટ હદ્રિયનના સમયમાં રોમના જુલમોથી લાચાર થઈને પોતાના દેશ પૅલેસ્ટાઈનમાંથી નાસીને અરબસ્તાનમાં આવી વસ્યા હતા. એ લોકો મહંમદસાહેબને અરબસ્તાનના બીજા કબીલાઓની જેમ જલદીથી પોતાના ધર્મગુરુ કે સરદાર માનવા તૈયાર થાય એમ નહોતા. એનું એક સ્પષ્ટ કારણ એ પણ હતું કે, આરબો-માં આથી પહેલાં કદી કોઈ પેગંબર નહોતો થયો, પણ યહૂદીઓમાં હજરત ઇબ્રાહીમથી માંડીને હજરત મૂસા સુધીના ઘણા પેગંબર થઈ ચૂકયા હતા. આથી યહૂદીઓ એટલી સહેલાઈથી કોઈ નવી વ્યક્તિને અને તે પણ એક આરબને પેગંબર માનવા તૈયાર નહોતા. અને રાજ-કાજમાં તેમને પોતાના રાજા કે સરદાર માનવામાં પણ પોતાની હીણપત માનતા હતા.

મદીના આવતાં જ મહંમદસાહેબે આ યહૂદીઓ સાથે સલાહ-સંપથી રહેવાનો ઘણો પ્રયાસ કર્યો; પરંતુ યહૂદીઓ પર તેની બહુ અસર ન થઈ. કેટલાક યહૂદીઓ કોઈ કોઈ વાર અંદરખાને કુરેશીઓ સાથે મળી જઈને દગો કરવાનો વિચાર કર્યા કરતા હતા. તેઓમાંથી કેટલાકે ખંદકની લડાઈમાં અણીને વખતે કુરેશીઓ સાથે મળી જવાનો પ્રયત્ન કર્યો હતો અને કેટલાકે તેમને અંદરખાનેથી મદદ પણ કરી હતી.

પ્રખ્યાત ઈતિહાસકાર સ્ટેનલી લેન પુલ લખે છે:

"...યહૂદીઓએ ઈસ્લામની નિંદા કરવાનું, તેની મજાક ઉડાવવાનું અને તેમને સૂઝ્યું તે પ્રમાણે ઈસ્લામના પેગંબરને હેરાન કરવાનું શરૂ કર્યું...બની શકયું ત્યાં સુધી મહંમદસાહેબે તેમની સાથે દયાભર્યો વતાવ રાખ્યો એમાં શક નથી. તેમણે તેમની સાથે એક કરાર કરી લીધો હતો. તેમાં મુસલમાનોના અને યહૂદીઓના સૌના અલગ અલગ હકો નક્કી કરવામાં આવ્યા હતા. તેમને પોતાનો ધર્મ પાળવાની સંપૂર્ણ આઝાદી હતી. આ કરારમાં જેટલા લોકો સામેલ હતા તેમને બધાને રક્ષણનું વચન આપવામાં આવ્યું હતું, અને તેમનો ભય દૂર કરવામાં આવ્યો હતો. ગમે તેની ઉપર બહારથી કોઈ હુમલો કરે તો તેને મદદ કરવી એ સૌનો ધર્મ છે એમ ઠરાવવામાં આવ્યું હતું....

"આટલાથી પણ યહૂદીઓને સંતોષ ન થયો. તેમણે વિના કારણે પજવણી શરૂ કરી.'

"એ લોકોએ મદીનાના રાજ્યવિરુદ્ધ છાનાંછૂપાં મંડળો સ્થાપ્યાં. મહંમદસાહેબ કેવળ ઈસ્લામ ધર્મના સંચાલક જ નહોતા, તેઓ મદીનાના બાદશાહ પણ હતા, અને શહેરની સુલેહશાંતિને માટે જવાબદાર હતા. પેગંબર તરીકે તેઓ યહૂદીઓના આ હુમલાઓ બાબત કાંઈ કરવાનું મુલતવી રાખી શકત ...પણ શહેરના હાકેમ તરીકે, સતત લડાઈઓ થતી હતી એવા દિવસોમાં મહંમદસાહેબ દગા પ્રત્યે બેપરવા રહી શકે એમ નહોતું. જે પક્ષની મદદથી દુશ્મનનું લશ્કર ગમે ત્યારે શહેર લૂંટી શકે એમ હતું—અને એક વાર લગભગ લૂંટી જ લીધું હતું—તે પક્ષને દબાવી દેવો એ મહંમદસાહેબનો પોતાની આખી પ્રજા પ્રત્યેનો ધર્મ હતો.

"જેઓ જુલમ કરવા માટે અને મદીનાના દુશ્મનોને ખબર પહોંચાડવા માટે પ્રખ્યાત હતા એવા લગભગ અડધો ડઝન યહૂદીઓને મોતની સજા કરવામાં આવી. ત્રણ યહૂદી કબીલાઓમાંથી બે કબીલા જે બહારથી દેશનિકાલની સજા લઈને અહીં આવ્યા

હતા, તેમને ફરીથી એ જ દેશનિકાલની સજા કરવામાં આવી . . .

"ત્રણ કબીલાઓને સજા કરવામાં આવી તેમાં બે કબીલાઓને જે દેશનિકાલની સજા કરવામાં આવી તે બહુ હળવી હતી. આ લોકો રાજદ્રોહ કરતા હતા. મદીનાના લોકોને એકબીજા સાથે લડાવતા હતા. છેવટે એક વાર કાંઈક ઝઘડો થયો અને શહેરમાં બળવો થયો. પરિણામે ત્રણ કબીલાઓમાંથી એકને દેશમાંથી કાઢી મૂકવામાં આવ્યો. તે જ પ્રમાણે સરકારી હુકમ ન માનવાના, દુશ્મન સાથે મળી જવાના, અને ખુદ પેગંબરનું ખૂન કરવા માટે કાવતરું કરવાના અપરાધ માટે બીજા કબીલાને દેશનિકાલની સજા કરવામાં આવી. આ બંને કબીલાઓએ પાછલા કરારની શરતોનો ભંગ કર્યો હતો, અને મહંમદસાહેબ અને તેમના ધર્મ બંનેની મજાક ઉડાવવાનો અને તેમનો નાશ કરવાનો દરેક રીતે પ્રયત્ન કર્યો હતો. પ્રશ્ન કેવળ એ છે કે જે સજા તેમને કરવામાં આવી તે વધારે પડતી હળવી હતી કે નહીં?"[૧]

જે બે કબીલાઓને દેશનિકાલ કરવામાં આવ્યા તેમને ફક્ત એવો હુકમ કરવામાં આવ્યો હતો કે હથિયાર સિવાય તમારો બીજો બધો સરસામાન તમારી સાથે લઈ જાઓ, અને મદીનાના રાજ્ય બહાર ગમે ત્યાં ચાલ્યા જાઓ.[૨]

આ યહૂદીઓ કેવા હતા?

એક વાર કેટલાક યહૂદીઓએ આવીને મહંમદસાહેબને કહ્યું કે, અમારો કબીલો ઈસ્લામ ધર્મ સ્વીકારવા માગે છે. તેમને સમજાવવા માટે થોડા માણસો અમારી સાથે મોકલો. તેમના કહેવાથી છ માણસો તેમની સાથે મોકલવામાં આવ્યા. રસ્તામાં આ છ મુસલમાનો જ્યારે એક નાળાને કાંઠે આરામ લેતા હતા ત્યારે સાથેના યહૂદીઓ ઓચિંતા તેમના પર તૂટી પડ્યા. તેમણે તેમાંના ચાર જણાને ત્યાં જ મારી

---

૧. Stanley Lane Pool in his Introduction to E. W. Lane's *Selections from the Quran.*

૨. *Life of Mohammad*, by Mirza Abul Fazal.

નાખ્યા અને બાકીના બેને મક્કા લઈ જઈને કુરેશીઓને હવાલે કર્યા. ત્યાં તેમને વળી વધારે નિર્દયતાપૂર્વક મારી નાખવામાં આવ્યા.

એક બીજા પ્રસંગે કેટલાક યહૂદીઓ આવ્યા. તેમણે પોતાને મુસલમાન તરીકે ઓળખાવ્યા અને કહ્યું કે, કોઈ દુશ્મને અમારા પર હુમલો કર્યો છે, અમને મદદ કરવા માણસો મોકલો. તરત સિત્તેર માણસો તેમની સાથે મોકલવામાં આવ્યા. રસ્તામાં એક નદીને કિનારે તેમાંના ૬૯ને એવી જ રીતે દગાથી મારી નાખવામાં આવ્યા.

એક વાર એક યહૂદી કબીલાએ મહંમદસાહેબને જમવાનું નિમંત્રણ આપ્યું. મહંમદસાહેબ દીવાલને અઢેલીને નિ:શંક રીતે જમતા હતા. બાજી એવી ગોઠવવામાં આવી હતી કે ઉપરથી એક ભારે ઘંટીનું પડ ઓચિંતું તેમના પર ગબડાવી મૂકવામાં આવે જેથી તેઓ ત્યાં જ પૂરા થઈ જાય. આ ચાલબાજીની વેળાસર ખબર પડી ગઈ અને મહંમદસાહેબ બચી ગયા.

એ જ ઈતિહાસકાર આગળ ચાલતાં લખે છે:

"ત્રીજા કબીલાને ભવિષ્યમાં સજ્જડ દાખલો બેસે એવી સજા કરવામાં આવી. આ ચુકાદો મહંમદસાહેબે નહોતો આપ્યો પણ એક પંચે આપ્યો હતો. એ પંચને યહૂદીઓએ જ પોતા તરફથી નીમ્યો હતો. જ્યારે કુરેશીઓએ અને તેમના સાથીઓએ મદીનાને ઘેરો ઘાલ્યો હતો અને શહેરની દીવાલો લગભગ તોડી નાખી હતી તે વખતે આ યહૂદી કબીલાવાળાઓએ દુશ્મન સાથે મળી જઈને કાવતરું રચવા માંડ્યું. પેગંબરની હોશિયારીથી વાત જાહેર થઈ ગઈ અને તેમનું કાંઈ વળ્યું નહીં. દુશ્મનો હારીને પાછા ગયા ત્યારે મહંમદસાહેબે સ્વાભાવિક રીતે યહૂદીઓ પાસે જવાબ માગ્યો. યહૂદીઓએ જવાબ આપવાનો ઈન્કાર કર્યો એટલે તેમને ઘેરી લેવામાં આવ્યા. પછી લાચાર થઈને તેમણે હાર સ્વીકારી અને વિનંતી કરી કે અમુક એક કબીલાનો સરદાર જેને તેમની (યહૂદીઓની) સાથે મેળ હતો, તે તેમને માટે સજા નક્કી કરે. મહંમદસાહેબે તેમની આ વિનંતી માન્ય રાખી. પેલા માણસે ચુકાદો આપ્યો કે રાજદ્રોહી

કબીલાના બધા યહૂદી પુરુષોની (એટલે લગભગ ૬૦૦ પુરુષોની) કતલ કરવી અને સ્ત્રીઓ તથા બાળકોને ગુલામ બનાવી દેવાં.

"આ ચુકાદો કઠોર અને ઘાતકી હતો. પરંતુ આપણે ભૂલવું ન જોઈએ કે એ લોકોનો અપરાધ રાજ્યની સામે કાવતરું અને દગો કરવાનો હતો. અને તે પણ એવે વખતે કે જ્યારે દુશ્મને શહેરને ઘેરો ઘાલ્યો હતો. જે લોકોએ ઇતિહાસમાં વાંચ્યું છે કે ડયૂક ઑફ વેલિંગ્ટનની કૂચનો આખો રસ્તો ઓળખાઈ આવવાની નિશાની એ હતી કે તે માર્ગ પર ફોજને છોડી જનાર અને લૂંટ કરનારનાં મડદાં ઝાડે લટકાવેલાં હતાં, તેમને દેશને દગો કરનાર એક કબીલાને આ પ્રમાણે મારી નાખવામાં આવે તેથી આશ્ચર્ય ન થવું જોઈએ."[1]

મિરઝા અબુલ ફઝલે લખ્યું છે કે, આ ચુકાદો ખુદ યહૂદીઓમાં લડાઈના જે કાયદા હતા તેને અનુસરીને હતો. પરંતુ મહંમદસાહેબે સ્ત્રીઓ અને બાળકો પ્રત્યે આ સખ્તાઈ કરવાની રજા ન આપી. અને "પાછળથી બધી સ્ત્રીઓ અને બાળકોને આઝાદ કરી દેવામાં આવ્યાં. એકને પણ ગુલામ બનાવીને વેચવામાં ન આવ્યું." જે ૬૦૦ પુરુષોને મોતની સજા ફરમાવવામાં આવી હતી, તેમાંથી પણ ૪૦૦ને મહંમદસાહેબે માફી આપી. ફક્ત "બસોને જ એ સજા કરવામાં આવી."

મહંમદસાહેબના જીવનનું આ જ એક સૌથી કઠોર કાર્ય ગણવામાં આવે છે.

---

૧. Stanley Lane Pool in his Introduction to *Selections from the Quran*, by E. W. Lane.

# ૧૮

# મક્કાની પહેલી યાત્રા

મક્કાથી આવેલા મુસલમાનોને પોતાની જન્મભૂમિ છોડ્યે છ વરસ થઈ ગયાં હતાં. તેઓમાંથી ઘણાનાં બાળબચ્ચાં હજી મક્કામાં હતાં. તેમના પર કુરેશીઓ જે જુલમ કરતા તેની ખબરો મહંમદસાહેબને કાને વારંવાર પહોંચતી હતી એવો કુરાનમાં ઉલ્લેખ છે. મહંમદસાહેબની ઉંમર હવે લગભગ ૬૦ વરસની થઈ હતી. મક્કા અને મદીનાની બે જબરજસ્ત સત્તાઓ એકબીજીની દુશ્મન રહે ત્યાં સુધી અરબસ્તાનમાં સુલેહશાંતિ ન રહી શકે એ ખુલ્લું હતું. મહંમદસાહેબ શરૂઆતથી જ આરબોના વિચારોમાં સુધારો કરવાને જેટલા આતુર હતા તેટલા જ અથવા તેથી પણ વધારે આતુર આખા અરબસ્તાનને એક કોમ બનેલી જોવા માટે હતા. તે સિવાય અરબસ્તાન આઝાદ અને સુખી રહી શકે એ અસંભવિત હતું. કાબાને માટે મુસલમાનોને પણ પુરાણા વિચારના આરબો જેટલો જ પ્રેમ હતો. કાબાનો પાયો નાખનાર હજરત ઈબ્રાહીમને મુસલમાનો પેગંબર માનતા હતા. દુનિયાભરનાં મોટામાં મોટાં અને જૂનામાં જૂનાં તીર્થો પૈકી ગણાતા કાબાનો મહિમા અને તેની યાત્રાની કિંમત પણ મહંમદસાહેબ સારી રીતે સમજતા હતા. હજના દિવસોમાં બીજા આરબોની પેઠે મુસલમાનોને પણ કાબાની યાત્રા કરવાનો હક હતો. મહંમદસાહેબે શાંતિથી, વગર લડ્યે અને વગર હથિયાર ઉઠાવ્યે, આજના શબ્દોમાં 'અહિંસાત્મક સત્યાગ્રહ' મારફતે પોતાનો આ હક બજાવવાનો અને તેની જ મારફતે મક્કાવાળા અને મદીનાવાળાઓને એક પ્રેમદોરીમાં બાંધવાનો નિર્ણય કર્યો.

મહંમદસાહેબે મક્કાની યાત્રા કરવાનો વિચાર કર્યો. હજના મહિનામાં જ, જ્યારે આરબોની આપસની તમામ લડાઈઓ બંધ થઈ જતી હતી ત્યારે ૧૪૦૦ માણસો સાથે મહંમદસાહેબ મક્કાની હજ કરવા નીકળ્યા. નીકળતા પહેલાં "હુકમ કરવામાં આવ્યો કે, કોઈ માણસ

હથિયાર બાંધીને ન આવે" (શિબલી). લડાઈનાં ખાસ હથિયારો તીરકામઠાં કે ભાલા વગેરે એક પણ હથિયાર કોઈ પાસે નહોતું. વળી મક્કાવાસીઓને પૂરેપૂરો વિશ્વાસ પડે એટલા માટે સૌએ હજનાં (લીલાં) કપડાં (એહરામ) પહેર્યાં. એ કપડાં પહેરીને માણસ કીડીનેય મારી શકે નહીં કે ઝાડનું પાંદડું તોડી શકે નહીં. રસ્તામાંથી માણસ મોકલીને મહંમદસાહેબે કુરેશીઓ પાસે હજ કરવાની રજા માગી. કરેશીઓએ ના પાડી. અને એક હથિયાર-બંધ ફોજ નિઃશસ્ત્ર મુસલમાનોનો રસ્તો રોકવા ખડી કરી. મહંમદસાહેબ સૌને લઈને આગળ વધ્યા. ૮૦ કુરેશીઓની એક ટુકડીએ તેમના પર હુમલો કર્યો, અને ખુદ મહંમદસાહેબ પર તીર ફેંક્યાં. મુસલમાનો તરફથી એનો કાંઈ જવાબ વાળવામાં ન આવ્યો. તેમની સંખ્યા વધારે હતી. તેમણે તે ૮૦ કુરેશીઓને જીવતા પકડીને મહંમદસાહેબ આગળ રજૂ કર્યા. મહંમદસાહેબે તે બધાને ક્ષમા આપી અને મુસલમાનો પર તેઓ ફરી હથિયાર નહીં ઉઠાવે એવું તેમની પાસેથી વચન લઈને તેમને છોડી દીધા. આ પ્રસંગે મહંમદસાહેબ અને તેમના સાથીઓનું વર્તન સાચા 'સત્યાગ્રહીઓ'ના જેવું હતું. ૧૪૦૦ માણસો કોઈ પણ જાતના હથિયાર વગર અને બીજા કોઈ પર હાથ ઉઠાવ્યા સિવાય પોતાના હકને માટે ખડા હતા. કુરેશીઓ પર તેમની ઊંડી અસર થઈ.

# ૧૯

# હુદેબિયાની સુલેહ

બંને પક્ષના મુખ્ય મુખ્ય માણસો ભેગા થયા. સુલેહની શરતો લખાવા માંડી. મહંમદસાહેબ બોલતા જતા હતા અને અલી લખતા જતા હતા. મહંમદસાહેબ બોલ્યા, "અલ્લાના નામ પર જે દયાળુ અને માયાળુ છે," એટલે કુરેશીઓએ તેમને રોકયા અને લખાવ્યું: "અલ્લા તારા નામ પર." મહંમદસાહેબે તે માન્ય રાખ્યું અને આગળ લખાવવા માંડયું, "મહંમદ, અલ્લાના રસૂલ તરફથી." કુરેશીઓએ ફરીથી તેમને અટકાવ્યા અને લખાવ્યું: "અબદુલ્લાના પુત્ર મહંમદ તરફથી." મહંમદસાહેબે એ પણ તરત જ માન્ય રાખ્યું અને પોતાને હાથે છેકીને સુધાર્યું. મુખ્ય શરતો આ નક્કી થઈ:

૧. કુરેશીઓમાંનો કોઈ પોતાના વડીલોને કે સરદારને પૂછ્યા સિવાય મહંમદ પાસે જાય તો તેને કુરેશીઓ પાસે પાછો મોકલવામાં આવે.

૨. મુસલમાનોમાંથી કોઈ મક્કાવાળાઓ પાસે ચાલ્યો જાય તો તેને પાછો આપવામાં નહીં આવે.

૩. દરેક કબીલાને પોતાની ઈચ્છા પ્રમાણે, કુરેશીઓ સાથે અથવા મહંમદ સાથે મળીને રહેવાની છૂટ હોય.

૪. આ વખતે મુસલમાનો હજ કર્યા વગર ત્યાંથી જ પાછા મદીના ચાલ્યા જાય.

૫. આવતાં દસ વરસ સુધી કુરેશીઓ અને મુસલમાનો વચ્ચે લડાઈ બંધ રહે.

૬. આવતે વરસે મુસલમાનોને હજ કરવા મક્કા આવવાની અને ત્રણ દિવસ સુધી મક્કામાં રહેવાની છૂટ રહેશે.

કુરેશીઓ અને મહંમદસાહેબની વચ્ચેની આ સુલેહ 'હુદેબિયાની સુલેહ'ના નામથી પ્રખ્યાત છે. તેની છેલ્લી બે શરતો મહંમદસાહેબના સંતોષ માટે પૂરતી હતી.

મહંમદસાહેબે આ સુલેહની શરતોનો સચ્ચાઈપૂર્વક અમલ કર્યો. એક નવજવાન કુરેશી છોકરો મહંમદસાહેબ પાસે આવ્યો. તે પોતાને મુસલમાન કહેતો હતો. તેને મહંમદસાહેબ સાથે રહેવાની ઈચ્છા હતી. છોકરાના બાપે આવીને મહંમદસાહેબને સુલેહની શરતોની યાદ આપી. મહંમદસાહેબે છોકરાને તેના બાપ સાથે જવાની ફરજ પાડી અને તેને દુ:ખી થતો જોઈને આશ્વાસન આપતાં કહ્યું – "ધીરજ રાખ, અને અલ્લા પર ભરોસો રાખ. તારા અને તારા જેવા બીજાઓના છુટકારાને માટે તે જરૂર કોઈ ને કોઈ માર્ગ કાઢશે."

આ જ પ્રકારના બીજા પણ કેટલાય દાખલા મળે છે. મક્કામાં એવા લોકો વધતા જતા હતા, જેમનાં દિલ મહંમદસાહેબ સાથે હતાં, પરંતુ કુરેશીઓના ડરના માર્યા તેઓ મહંમદસાહેબને સાથ નહોતા દઈ શકતા.

છતાં હુદેબિયાની સુલેહથી મહંમદસાહેબનો પ્રભાવ સ્પષ્ટ રીતે વધ્યો.

## ૨૦

# મક્કાની બીજી યાત્રા

નક્કી થયા પ્રમાણે એક વરસ પછી મુસલમાનોને મક્કા જવાનો સમય આવ્યો. ઈ. સ. ૬૨૯માં ૨૦૦૦ મુસલમાનોને સાથે લઈને મહંમદ-સાહેબ કાબાની હજ કરવા માટે ફરીથી મક્કા તરફ ચાલ્યા. આ વખતે પણ આ ૨૦૦૦માંથી કોઈની પાસે કશું હથિયાર નહોતું. તેમનો પહેરવેશ હાજીઓનો હતો. એમનામાંના કેટલાક સાત વરસ પર પોતાનાં ઘરમાંથી નીકળેલા હતા; મક્કા પહોંચતાં તેમની ખુશીનો પાર ન રહ્યો.

> "ખરેખર, મક્કાની ખીણમાં તે વખતે જે ચીજ જોવામાં આવી તે દુનિયાના ઈતિહાસમાં અનોખી હતી. મક્કાના બધા નાનામોટા માણસોએ ત્રણ દિવસ માટે એ પુરાણું શહેર ખાલી

કર્યું. દરેક ઘર સૂનું પડ્યું હતું. તેઓના ચાલ્યા ગયા પછી સ્વજનોથી વિખૂટા પડેલા અને વરસો સુધી પોતાના ઘરથી દૂર રહેલા મુસલમાનો પોતાના ઘણા નવા સાથીઓને લઈને પોતાના બાળપણનાં ખાલી ઘરોમાં પાછા આવ્યા અને થોડાક સમયમાં તેમણે હજની વિધિઓ પૂરી કરી. મક્કાવાળા ચારે તરફથી ટેકરીઓ પર, તંબૂઓમાં કે ખીણોની છાયામાં ભેગા થયા. અબુ કુબેસની ઊંચી ટેકરી પરથી તેઓ, નીચેના યાત્રાળુઓને પોતાના પેગંબર સાથે કાબાની પ્રદક્ષિણા (તવાફ) કરતા અને પુરાણા રિવાજ પ્રમાણે સફા અને મરવાની ટેકરીઓ વચ્ચે દોડતા જોવા લાગ્યા. આટલે દૂરથી તેઓ બહુ ઉત્સુકતાથી દરેક માણસનો ચહેરો જોતા હતા—એવી આશામાં કે એ યાત્રાળુઓમાં તેમને પોતાના કોઈ જૂના ખોયેલા સગા કે મિત્રનો ચહેરો કદાચ નજરે પડે. પ્રસૂતિની પીડા કરતાં કેટલીયે વધારે પીડાપૂર્વક ઈસ્લામનો જન્મ થયો. એવી પીડામાં જ આ પ્રકારની ચીજ જોવા મળી શકે."[૧]

મહંમદસાહેબ અને તેમના સાથીઓએ કાબાની બધી રીતરસમો પૂરી કરી અને ત્રણ દિવસ સુધી બહુ નમીને, બહુ નમ્રતાથી, બહુ પ્રેમથી અને બહુ મીઠાશથી મક્કામાં રહીને ચોથે દિવસે બધા જ મક્કા બહાર ચાલ્યા આવ્યા. એ વસ્તુ ધ્યાનમાં રાખવાની છે કે જ્યારે મહંમદસાહેબ અને તેમના સાથીઓ કાબાની પ્રદક્ષિણા કરી રહ્યા હતા અને બધી રીતરસમો કરતા હતા અને જ્યારે તેમના દિલમાં એક નિરાકાર અલ્લા સિવાય બીજાનો ખ્યાલ નહોતો, ત્યારે કાબાની બધી—૩૬૦—મૂર્તિઓ કાબામાં મોજૂદ હતી. પણ મહંમદસાહેબ અથવા તેમના કોઈ સાથીએ કશું એવું ન કર્યું જેથી કોઈ મૂર્તિનું અપમાન થયું ગણાય અથવા જેથી કરીને કોઈ પુરાણા ખ્યાલના મક્કાવાસીનું દિલ દુખાય. મક્કાના લોકો મુસલમાનોનું આ વર્તન જોઈને દિંગ થઈ ગયા અને તેમણે નિરાંતનો દમ ખેંચ્યો. મુસલમાનો મદીના જવા નીકળ્યા ત્યાર પછી તેઓ ફરી પાછા પોતપોતાનાં ઘરોમાં આવી ગયા.

---

૧. *Life of Mohammad*, by Sir W. Muir, p. 420.

## ૨૧

# યહૂદીઓ અને મુસલમાનો વચ્ચે મેળ

મુસલમાનોના આવા વર્તનથી લોકોના દિલમાં ઈસ્લામનાં મૂળ દૃઢ થયાં. ઘણા મોટા મોટા કુરેશીઓ મુસલમાન થઈ ગયા. ઈસ્લામ ધર્મ માનનારાઓની સંખ્યા ઝડપથી વધવા લાગી અને આસપાસના કબીલાઓ નવા પેગંબરના ધર્મને અને તેના રાજને બંનેને ઝપાટાબંધ સ્વીકારવા માંડયા.

પરંતુ યહૂદીઓની દુશ્મનાવટ હજી પૂરેપૂરી ઠંડી પડી નહોતી. મક્કાથી પાછા આવ્યા પછી મહંમદસાહેબને તેમની સાથે છેવટનો મોરચો માંડવો પડયો. મદીનાની ઉત્તરે લગભગ ૧૦૦ માઈલ પર આવેલું ખૈબર શહેર યહૂદીઓનો અરબસ્તાનમાં સૌથી મોટો ગઢ હતો. કેટલાક બળવાખોર યહૂદીઓ અને કેટલાક બીજા કબીલા મદીના પર હુમલો કરવાના ઈરાદાથી ખૈબરની આસપાસ ભેગા થયા.

મહંમદસાહેબે ૧૪૦૦ માણસો લઈને ખૈબર પર ચડાઈ કરી. તેમણે યહૂદીઓને સુલેહ કરવા કહ્યું. પણ તે વ્યર્થ ગયું. આ પ્રદેશ પહાડી હતો અને તેમાં ઘણા મજબૂત કિલ્લા હતા. કેટલાંક અઠવાડિયાં લડાઈ ચાલી. તેમાં અબુ બક્ર, ઉમર અને અલી ત્રણેએ ભાગ લીધો. અંતે એકે એકે બધા કિલ્લા મુસલમાનોના હાથમાં આવી ગયા. હવે યહૂદીઓએ સુલેહ કરવાની માગણી કરી. તેમની માગણી માન્ય રાખવામાં આવી. તેમને પોતાનો ધર્મ પાળવાની પૂરેપૂરી છૂટ આપવામાં આવી. તેમની જમીન અને માલમતા બધું તેમને પાછું આપવામાં આવ્યું. તેમણે મદીનાની રાષ્ટ્રીય સરકારને પોતાની સરકાર તરીકે માન્ય રાખી. યહૂદીઓ અને મુસલમાનો હવેથી એક સંયુક્ત કોમ—એક 'ઉમ્મત' બની ગયા.

મહંમદ સાહેબ હજી ખૈબરના કિલ્લામાં જ હતા ત્યાં તો તેમનો જાન લેવાનો વળી પાછો એક પ્રયત્ન કરવામાં આવ્યો. એક યહૂદી સ્ત્રીએ મહંમદસાહેબ અને તેમના સાથીઓને ઝેર ભેળવેલું ખાણું પીરસ્યું. તેમનો એક સાથી બેચાર કોળિયા ખાઈને મરી ગયો. ઝેરની ખબર પડે

તે પહેલાં મહંમદસાહેબ પણ તે સહેજ ચાખી ચૂક્યા હતા. તેમનો જીવ બચી ગયો. પણ જે ઝેર તેમના ખાવામાં ગયું હતું તેને કારણે બાકીની આખી જિંદગી સુધી તેમને દુઃખ ભોગવવું પડયું. તેમણે પેલી સ્ત્રીને સંપૂર્ણ ક્ષમા આપી અને સુલેહની શરતો પર આ બનાવની કશી અસર થવા ન દીધી.

કુરેશીઓ સાથે ઓછામાં ઓછાં દસ વરસને માટે સુલેહ થઈ ગઈ હતી. યહૂદીઓની દુશ્મનાવટ પણ શાંત થઈ ગઈ હતી. મદીનાની તાકાત વધતી જતી હતી. આથી જે મુસલમાનો પોતાનો ધર્મ સાચવવા ૧૫ વરસ પહેલાં ઈથિયોપિયા નાસી ગયા હતા તેમાંના ઘણા હવે પોતાના દેશમાં પાછા આવીને મદીનામાં રહેવા લાગ્યા.

## ૨૨

# રોમનો સાથે લડાઈ અને જીત

અરબસ્તાનનો મધ્ય પ્રદેશ, જે તે સમયે સ્વતંત્ર હતો, તેમાં હવે મહંમદસાહેબનો કોઈ ખાસ દુશ્મન રહ્યો નહોતો. આ આખા પ્રદેશના લોકો ધીરે ધીરે એક ઈશ્વર અને એક ધર્મ માનનારા અને એક કોમ બનતા જતા હતા. મહંમદસાહેબનું ધ્યાન હવે દક્ષિણ અને ઉત્તરના જે આરબ ઈલાકા પરદેશી બાદશાહોના તાબામાં હતા તેમના તરફ ગયું. દક્ષિણમાં યમન અને તેની પાસેના ફળદ્રુપ ઈલાકા, આ દરમિયાન, ઈથિયોપિયાના ખ્રિસ્તી બાદશાહના તાબામાંથી ઈરાનના જરથોસ્તી સમ્રાટ ખુશરૂ પરવીઝના તાબામાં આવી ગયા હતા. અને સીરિયાની સરહદ સાથે મળેલા ઉત્તરના કેટલાક પ્રાંત રોમના ખ્રિસ્તી સમ્રાટના તાબામાં હતા, અને ત્યાંની આરબ પ્રજાને પણ ખ્રિસ્તી બનીને જ રહેવું પડતું હતું.

ઈરાન અને રોમ—આ બે મહાન સત્તાઓની આપસની ચાલુ લડાઈઓ અને બંનેની પડતી દશા મહંમદસાહેબ બરાબર જાણતા હતા. રોમના રાજ્યમાં ખ્રિસ્તી ધર્મની પડતી અને ઈરાનના પુરાણા પારસી

ધર્મની તે સમયની બૂરી દશા પણ તેમનાથી છૂપી નહોતી. તેમને ખબર હતી કે રોમના આખા રાજ્યમાં ધાર્મિક સ્વાતંત્ર્યનું ક્યાંય નામનિશાન નહોતું. ખ્રિસ્તી સમ્રાટો અને પાદરીઓની ટૂંકી દૃષ્ટિ એટલી હદે પહોંચી હતી કે વિજ્ઞાન, વૈદક વગેરે ભણવાં-ભણાવવાં એ ત્યાં ગુનો ગણાતો હતો અને ધર્મને નામે આડે દિવસે હજારો કે લાખો માણસોને જીવતા બાળી મૂકવામાં આવતા હતા અને કતલ કરવામાં આવતા હતા. એવી જ રીતે ઈરાનમાં સોની, લુહાર વગેરે જેમને પોતાના ધંધામાં અગ્નિનો ઉપયોગ કરવો પડતો એવા લાખો લોકોને તે સમયના જરથોસ્તી ધર્મે હિંદના અસ્પૃશ્યો કરતાં પણ ખરાબ દશાએ પહોંચાડી દીધા હતા. મહંમદસાહેબે વિચાર કર્યો કે આ બન્ને સ્થળના સમ્રાટો જો ઈસ્લામ ધર્મ અપનાવી લે, એટલે કે બીજી બધી વસ્તુઓ છોડી દઈને ફક્ત એક અલ્લાની પૂજા કરવા માંડે અને બધા માણસોને સરખા સમજવા માંડે તો આ બંને દેશોની સુધારણા સહેલી થઈ જાય અને તેમની આરબ પ્રજાને પણ ઈસ્લામ સ્વીકારવાની સગવડ થઈ જાય.

તેમણે બેધડક, આસપાસના બાદશાહોને ઈસ્લામ ધર્મ માની લેવા લખ્યું. અને ઈ. સ. ૬૨૮માં ખાસ માણસો સાથે તેમને પત્રો મોકલ્યા. તે પત્રોમાં તેમણે તેમને પોતાનાં અનેક દેવદેવીઓ અને મૂર્તિઓની પૂજા અને નકામી ચર્ચા છોડી દઈને એક નિરાકાર અલ્લાની બંદગી કરવાનો ઉપદેશ કર્યો. તેમાં બે પત્રો મુખ્ય હતા—એક કૉન્સ્ટાન્ટિનોપલમાં રોમના સમ્રાટ હિરેકિલયસને લખેલો અને બીજો ઈરાનના સમ્રાટ ખુશરૂ પરવીઝને લખેલો. ત્રણ બીજા પત્રો—એક યમનના હાકેમને, એક મિસરના હાકેમને અને એક ઈથિયોપિયાના બાદશાહને લખ્યા હતા. હિરેકિલયસને પત્ર મળતાં તેણે મહંમદસાહેબના વર્તન વગેરે વિશે વધારે જાણવાની ઈચ્છા બતાવી; પણ પરવીઝે બહુ ઘમંડપૂર્વક પત્ર ફાડીને ફેંકી દીધો.

હવે મહંમદસાહેબે આ બધા અરબસ્તાનની સરહદના ઈલાકાઓમાં ઈસ્લામના ઉપદેશકો મોકલવા શરૂ કર્યા. તેમાં કેટલાક ઉત્તરમાં સીરિયાની સરહદ પરના આરબ કબીલાઓ પાસે ગયા. રોમનો સમ્રાટ પોતાના રાજ્યમાં ધાર્મિક સ્વાતંત્ર્યનું નામ સાંભળવું પણ સાંખી શકતો નહોતો.

મહંમદસાહેબે મોકલેલા માણસો અને રોમના હાકેમો વચ્ચે અથડામણ અનિવાર્ય હતી.

રોમના તાબાના અમ્માનનો હાકેમ ફરવા એક ખ્રિસ્તી આરબ હતો. તેને મહંમદસાહેબનો નવો ધર્મ ગમી ગયો. તેણે તે અપનાવી લીધો અને મહંમદસાહેબને કહેવડાવ્યું. ત્યાંના રોમન ગવર્નરને ખબર પડતાં તેણે ફરવાને પાછા ખ્રિસ્તી થઈ જવા લખ્યું અને સાથે સાથે તેના પગાર અને હોદ્દામાં વધારો કરવાની લાલચ આપી. ફરવાએ ના પાડી દીધી એટલે તેને મોતની સજા કરવામાં આવી.

એટલે મહંમદસાહેબે રોમની હકૂમત સાથે એક પ્રકારનો સત્યાગ્રહ શરૂ કર્યો. તેઓ પોતાના દેશવાસી આરબોમાં ઈસ્લામનો પ્રચાર કરવાની સ્વતંત્રતા માગતા હતા. સીરિયાની સરહદમાં આરબ કબીલાઓમાં ઈસ્લામનો પ્રચાર કરવા માટે મહંમદસાહેબે દસ દસ વીસ વીસ મુસલમાનોની ટુકડીઓ મોકલવી શરૂ કરી. આ ટુકડીઓમાંથી કોઈ એકલદોકલ માણસ બચીને મદીના સુધી પાછો આવતો હતો. બાકીના બધાને મારી નાખવામાં આવતા હતા. આટલા મોટા રાજ્યમાં આ નાની નાની ટુકડીઓ મોકલવાનો કોઈ લશ્કરી કે રાજદ્વારી હેતુ હોઈ ન શકે. મહંમદસાહેબનો આશય કેવળ આરબોમાં ઈસ્લામનો પ્રચાર કરવાનો હતો. પણ રોમના સત્તાધીશો પોતાની પ્રજાને આ પ્રકારની આઝાદી આપવા માગતા નહોતા.

મહંમદસાહેબે બધી ફરિયાદો લખીને એક પત્ર બોસરા(પૅલેસ્ટાઈન)ના ગવર્નરને એક ખાસ માણસ સાથે મોકલ્યો. રસ્તામાં જ મોતાના ખ્રિસ્તી હાકેમ શુરહબીલે તેને મારી નાખ્યો.

એ યાદ રાખવું જોઈએ કે આ ઉપદેશકો જે ઈલાકાઓમાં જતા અને માર્યા જતા તે બધા ઈલાકા અરબસ્તાનના જ ભાગો હતા અને, ત્યાં આરબોની જ વસ્તી હતી. મહંમદસાહેબ પાસે હવે લડાઈ સિવાય બીજો ઉપાય નહોતો, અને લડાઈ પણ આટલા મોટા રાજ્ય સાથે. મહંમદસાહેબના પુરાણા સાથી ઝેદની સરદારી નીચે ત્રણ હજાર હથિયારબંધ સિપાઈ મોતા તરફ મોકલવામાં આવ્યા. આ ફોજમાં ઝેદ ઉપરાંત બીજા

કેટલાક પ્રખ્યાત મુસલમાન સરદાર હતા. તેમાં એક અબુ તાલિબનો પુત્ર અલીનો ભાઈ જાફર હતો જેણે ઈથિયોપિયાના ખ્રિસ્તી બાદશાહ આગળ મુસલમાનોની વકીલાત કરી હતી. બીજો જાણીતો મુસલમાન વીર તેમ જ કવિ અબદુલ્લા હતો. ત્રીજો વલીદનો પુત્ર ખાલિદ હતો, જે એક સમયે મહંમદસાહેબનો કટ્ટર દુશ્મન હતો અને પાછળથી જે ઈસ્લામના સૌથી મોટા લશ્કરી સરદારોમાંનો એક થયો. આ આરબ સરદારો હોવા છતાં એક આઝાદ થયેલ હબસી ગુલામ ઝેદની આખી ફોજના તથા બધા સરદારોના સરદાર તરીકે નિમણૂક કરીને મહંમદ સાહેબે આરબોના વંશ અને ખાનદાનના ઘમંડ પર એક ભારે ફટકો લગાવ્યો ગણાય.

ચાલતી વખતે ઝેદને મહંમદસાહેબે આજ્ઞા આપી :

> "લોકો સાથે નમ્રતાથી વર્તવું. સ્ત્રીઓ, બાળકો, ખ્રિસ્તી સાધુઓ અને દુર્બળો પર કોઈ પણ સ્થિતિમાં હુમલો ન કરવો, કોઈનું ઘર પાડી નાખવું નહીં તેમ જ કોઈ ફળવાળું વૃક્ષ કાપવું નહીં."

રસ્તામાં આ લોકોને ખબર પડી કે રોમની એક બહુ મોટી સેના સમ્રાટ હિરેક્લિયસના ભાઈ થિયોડોરસની સરદારી નીચે મુસલમાનોને કચડી નાખવા આવે છે. મસલત થવા લાગી. કેટલાક લોકોનો અભિપ્રાય એવો હતો કે મહંમદસાહેબ પાસે માણસ મોકલીને ફરીથી તેમની સલાહ લેવી. અબદુલ્લાએ ગર્જના કરતાં કહ્યું—"આપણે સંખ્યાને ભરોસે આગળ નથી વધ્યા, આપણે કેવળ અલ્લાહના રાહમાં અને તેની મદદની આશાએ ઘેરથી નીકળ્યા છીએ. જીતીશું તો કીર્તિ છે, મરીશું તો જિન્નત (સ્વર્ગ) છે."[1]

પોતાના નવા ધર્મની સચ્ચાઈમાં રહેલા આ અટલ વિશ્વાસે જ સાતમી સદીના આરબોમાં એવી તાકાત પેદા કરી હતી જેથી તેઓ મોટામાં મોટી તાલીમ પામેલી સેનાઓ અને મોટાં મોટાં રાજ્યો સામે પણ લડાઈ પર લડાઈ જીતતા ગયા.

---

૧. 'हतो वा प्राप्स्यसि स्वर्गं जित्वा वा मोक्ष्यसे महीम्'

— भगवद्‌गीता

મોતાનગર પાસે બન્ને લશ્કરો વચ્ચે લડાઈ થઈ. ઈસ્લામનો ઝંડો ઝેદના હાથમાં હતો. તેને કારી ઘા થયો. ઝંડો તેના હાથમાંથી પડતો હતો તેટલામાં જાફરે આગળ વધીને ઝંડો ઊંચો કર્યો. લડાઈનું બધું જોર આ ઝંડાની આસપાસ હતું. જાફરે જે હાથમાં ઝંડો પકડયો હતો તે હાથ કપાઈ ગયો. તેણે બીજે હાથે ઝંડો સંભાળ્યો. બીજો હાથ પણ કપાઈ ગયો. જાફરે પોતાનાં બંને લોહીલોહાણ બાવડાથી ઝંડો દાબી રાખ્યો. એક બીજા ઝાટકાથી જાફરની ખોપરીના ટુકડેટુકડા થઈ ગયા, અને તે પડયો. પછી અબદુલ્લાએ આગળ વધીને ઝંડો પોતાના હાથમાં લીધો. અબદુલ્લા પણ કપાઈ ગયો. એટલે અબદુલ્લાની જગ્યા ખાલિદે લીધી અને તે રોમનોની ફોજને ભેદીને કેટલેય દૂર સુધી અંદર ઘૂસી ગયો. એટલામાં સાંજ પડી. બંને સેનાઓને એકબીજાની બહાદુરીનું બરાબર માપ આવી ગયું હતું. બંનેએ નક્કી કર્યું કે રાત્રે પોતપોતાની જગ્યાએ આરામ લેવો અને બીજે દિવસે સવારે લડાઈ શરૂ કરવી. કહે છે કે તે દિવસની લડાઈમાં ખાલિદના હાથમાં નવ તલવારો ભાંગી ગઈ.

બીજે દિવસે ખાલિદ, જે હવે ઝેદને બદલે આખી ફોજનો સરદાર હતો તેણે પોતાની ફોજને એવી હોશિયારીથી ગોઠવી અને મુસલમાન ટુકડીઓ પાસે જુદી જુદી જગ્યાએથી એવી રીતે હુમલા કરાવ્યા કે થોડી જ વાર પછી રોમની ફોજ પાછળ હઠવા લાગી. તેમનામાં નાસભાગ થઈ. ખાલિદે થોડે દૂર સુધી તેમનો પીછો પકડયો. પરંતુ બે દિવસની લડાઈમાં ઘણા મુસલમાનો મરણ પામ્યા હતા અને ઘણા ઘાયલ થયા હતા એટલે થોડે દૂર સુધી નાસતા દુશ્મનની પાછળ પડીને તેમનો ઘણો કીમતી માલ અને તેમનાં રહી ગયેલાં હથિયારો લઈને ખાલિદ મદીના તરફ પાછો ફર્યો. આ ખાલિદ દુનિયાના મોટામાં મોટા સેનાપતિ અથવા લશ્કરી સરદારોમાંનો એક ગણાય છે.

આ જીતથી મદીનામાં આનંદ અને શોક બંનેની મિશ્ર લાગણીઓ ફેલાઈ હતી. મહંમદસાહેબ ખાલિદને ભેટયા. પણ પોતાના પ્રિય જાફરના નબાપા પુત્રને અને વફાદાર ઝેદની નાની બાળકીને જોઈને મહંમદ-સાહેબ તેમને વળગીને એવા ધ્રુસકે ધ્રુસકે રોઈ પડયા કે પાસે ઊભેલો

એક માણસ આશ્ચર્યચકિત થઈને પૂછ્યા વગર ન રહી શક્યો કે, "હે અલ્લાના રસૂલ, શું આપ પણ આમ રુઓ છો?"

આ લડાઈથી મહંમદસાહેબ દુનિયામાં મશહૂર થઈ ગયા. ઉત્તર અરબસ્તાનના લોકો હવે મોટી મોટી સંખ્યામાં ઈસ્લામનો સ્વીકાર કરવા લાગ્યા અને ઉત્તરના પ્રાંતો એકે એકે રોમના રાજ્યથી છૂટા પડીને મદીનાની સ્વતંત્ર રાષ્ટ્રીય સરકારને પોતાની સરકાર માનવા લાગ્યા.

## ૨૩

# મક્કાની જીત

મહંમદસાહેબનું ધ્યાન હવે પાછું મક્કા તરફ ગયું. કુરેશીઓ સાથે સુલેહ થઈ ગઈ હતી. પણ કેટલાક કુરેશીઓએ પાછો આ સુલેહનો ભંગ કરી ખુજાઆના કબીલા પર હુમલો કર્યો. આ કબીલો મદીના સરકારની રૈયત હતો. મહંમદસાહેબે આ વખતે ૧૦,૦૦૦નું હથિયારબંધ લશ્કર લઈને મક્કા પર ચડાઈ કરી. આ લશ્કરની સરદારી ઉમરને આપવામાં આવી.

સાંજે આ ફોજ મક્કાની બહાર જઈને રોકાઈ. સિપાઈઓને હુકમ કરવામાં આવ્યો હતો કે, બનતા સુધી કોઈ પર હથિયાર ન ઉગામવું અને કોઈ દુશ્મન મળે તો તેને પકડી લાવવો. થોડી વાર પછી પહેરા પરના કેટલાક સિપાઈઓ શહેર બહારથી બે માણસોને પકડીને મહંમદ-સાહેબ પાસે લાવ્યા. તેમાંનો એક પ્રખ્યાત કુરેશ સરદાર અબુ સુફિયાન હતો. પોતાના જિંદગીભરના દુશ્મનને—જેને કારણે મુસલમાનોને વીસ વરસ સુધી આટલી મુસીબતો ભોગવવી પડી હતી—પોતાની સમક્ષ જોઈને મહંમદસાહેબની આંખોમાંથી ટપટપ આંસુ ટપકવા લાગ્યાં. તેમણે અબુ સુફિયાનના બધા જૂના અપરાધ વગર શરતે માફ કરી દીધા અને તેને આદરપૂર્વક બેસાડ્યો. અબુ સુફિયાનના દિલ પર આની ઊંડી અસર

થઈ, તે ઉપકાર નીચે દબાઈ ગયો. તેની મારફતે મક્કાવાસીઓને સંદેશો મોકલવામાં આવ્યો. એમ કહેવાય છે કે કેવળ મુઠ્ઠીભર માણસો સિવાય અબુ સુફિયાને અને બીજા બધાએ મહંમદસાહેબને પોતાના સરદાર અને મદીનાની સરકારને પોતાની રાષ્ટ્રીય સરકાર માની લીધી. આમ એક પણ માણસનું લોહી રેડયા સિવાય મક્કા જીતી લેવામાં આવ્યું.

બીજે દિવસે વહેલી પરોઢમાં પોતાના સાથીઓને લઈને મહંમદ-સાહેબ શહેર તરફ ચાલ્યા. એક ટુકડી ખાલિદ સાથે હતી. લશ્કરના લોકોને આજ્ઞા હતી કે સૌની સાથે નમ્રતા અને સહનશીલતાથી વર્તે અને પોતા તરફથી કોઈ પર હુમલો ન કરે. કહે છે કે કેટલાક કુરેશી-ઓએ ખાલિદની ટુકડી પર બેચાર તીર ફેંકયાં, તેનો જવાબ ખાલિદે પણ તલવારથી આપ્યો. પણ મહંમદસાહેબે તે જ વખતે પોતે આગળ આવીને ખાલિદને રોકયો. શહેર બહાર મહંમદસાહેબે પોતાનાં સામાન્ય કપડાં ઉતારીને અને હથિયાર વેગળાં મૂકીને 'એહરામ' એટલે કે કાબાના યાત્રાળુનાં કપડાં પહેર્યાં અને વગર હથિયારે એકલા ઊંટ પર બેસીને બરાબર સૂર્યોદય વખતે શહેરની અંદર દાખલ થયા.

> "જે લોકોએ મહંમદસાહેબને શરૂઆતથી આટલું કષ્ટ આપ્યું હતું તેઓ હવે તેમના ચરણોમાં હતા . . . આવા જ વખતે માણસ પોતાના અસલ સ્વરૂપે દેખાય છે . . . ખરી વાત બહુ નક્કર હોય છે, અને આ એક ખરી વાત છે કે પોતાના જિંદગીભરના દુશ્મનો પરનો મહંમદસાહેબનો વિજય-દિન એ જ તેમના પોતાના આત્મા ઉપર તેમનો સૌથી મહાન વિજય-દિન હતો. કુરેશીઓએ વરસો સુધી તેમને જે દુ:ખ દીધાં હતાં, અપમાન કર્યાં હતાં તથા જુલમો કર્યા હતા તે બધું મહંમદસાહેબે ખુલ્લા દિલથી માફ કરી દીધું. તેમણે મક્કાના તમામ લોકોને નિર્ભય કર્યા. જે વખતે તેમણે પોતાના સૌથી કટ્ટર દુશ્મનોના શહેરમાં વિજયનું દિલ લઈને પગ મૂકયો ત્યારે તેમની પાસે કેવળ ચાર નામ એવી વ્યક્તિઓનાં હતાં જેમને ન્યાયની દૃષ્ટિએ શિક્ષા કરવી જરૂરી હતી. પેગંબર સાહેબ પછી તેમના લશ્કરે પણ તેમનો જ દાખલો લઈને ઠંડા

દિલથી અને શાંતિથી શહેરમાં પ્રવેશ કર્યો. એકે મકાન લૂંટવામાં ન આવ્યું કે એકે સ્ત્રીનું અપમાન કરવામાં ન આવ્યું."[1]

તે જમાનાના લશ્કરી ઈતિહાસમાં આ એક ખરેખર ન મનાય એવી વાત હતી. જે ચાર માણસોને શિક્ષા કરવાનું આવશ્યક હતું તેમાંના પણ ત્રણને પાછળથી ક્ષમા આપવામાં આવી.

મક્કાવાસીઓના દિલ પર મહંમદસાહેબની આ બેહદ નમ્રતાની એટલી ઊંડી છાપ પડી કે તેમના કટ્ટરમાં કટ્ટર દુશ્મનોએ—એટલે સુધી કે અબુ સુફિયાન અને કાબાના પુરોહિતોએ સુધ્ધાં ઈસ્લામ ધર્મ સ્વીકાર્યો.

મક્કા હવે મુસલમાન હતું. કાબાના મંદિરમાં મૂર્તિઓ રાખવાનું હવે કોઈ પ્રયોજન નહોતું. હવે એક દિવસ મહંમદસાહેબ સીધા કાબાના મંદિર તરફ ગયા. આગળ આવી ગયું છે કે કાબાના મંદિરમાં ૩૬૦ મૂર્તિઓ હતી. એક એક મૂર્તિ આગળ મહંમદસાહેબ આ આયત બોલતા જતા હતા અને તેમના સાથી મૂર્તિને તેની જગ્યાએથી ખસેડતા જતા હતા—"ખરેખર હવે સત્યની પ્રતિષ્ઠા થઈ છે અને અસત્ય ઊખડી ગયું છે." (૧૭-૮૧)

આ પ્રમાણે તે દિવસે બપોર સુધીમાં મક્કા અને તેની આસપાસની તે બધી મૂર્તિઓને પોતપોતાની પૂજાની જગ્યાએથી ખસેડીને હમેશને માટે દૂર કરવામાં આવી. મૂર્તિઓ દૂર થઈ છતાં કાબા પહેલાં કરતાં પણ વધારે ગૌરવપૂર્વક બધા આરબોના સૌથી મોટા તીર્થ તરીકે કાયમ રહ્યું.

ઉપર કહેવામાં આવ્યું છે કે મહંમદસાહેબ ધર્મની બાબતમાં કોઈ પર કોઈ જાતની જબરજસ્તીને યોગ્ય માનતા નહોતા. યમનના ખ્રિસ્તી હાકેમે આ જ કાબાના મંદિર પર હુમલો કરીને તેને તોડી પાડવાનો વિચાર કર્યો હતો. ખુદ કુરાનમાં તેના આ કાર્યને વખોડવામાં આવ્યું છે. હુમલો કરનારાઓ ઉપર જે સંકટ આવ્યું તેને કુરાને 'ઈશ્વરે મોકલેલી આફત' કહી છે. સૌને માટે ધાર્મિક સ્વાતંત્ર્યના હકની બાબતમાં ઈસ્લામ મૂર્તિપૂજકો અને નિરાકારની બંદગી કરનારાઓમાં કશો ભેદ નથી પાડતો. દરેક ધર્મનાં મંદિરો, મઠો, દેવળો—બધાંનું રક્ષણ કરવું તેને

---

૧. Stanley Lane pool.

મહંમદસાહેબે સ્પષ્ટ શબ્દોમાં અને વારંવાર મુસલમાનોનો ધર્મ (ફરજ) કહ્યો છે.

પરંતુ હવે મક્કાની અંદર જ નહીં, બલકે આખા અરબસ્તાનમાં લગભગ બધા લોકોએ મૂર્તિપૂજા છોડીને એક નિરાકાર ઈશ્વરની ઉપાસના સ્વીકારી લીધી હતી. કુરાનમાં લખ્યા પ્રમાણે તે માનતા હતા કે કાબાની સ્થાપના કરનાર હજરત ઈબ્રાહીમે ત્યાં કોઈ મૂર્તિ નહોતી બેસાડી; તેઓ ફક્ત એક નિરાકારની ઉપાસના કરતા હતા અને પાછળથી અજ્ઞાનના દિવસોમાં ત્યાં મૂર્તિઓ ગોઠવી દેવામાં આવી હતી. તે ગમે તે હોય, એટલું ખરું કે કોઈ પણ ધર્મના સ્થાનમાં ત્યાં પૂજા કરનારાઓને પોતે ઈચ્છે તે ફેરફાર કે સુધારો કરવાનો સંપૂર્ણ હક છે.

સંભવ છે કે મહંમદસાહેબે એમ પણ માન્યું હોય કે, જેમ મેં આરબોનાં મન મૂર્તિપૂજામાંથી ખસેડી લીધાં તે જ પ્રમાણે, જો કાબાના મંદિરમાંથી સેંકડો રંગબેરંગી, સુડોળ અને બેડોળ, લાકડાની, પથ્થરની, તાંબાની અને આટા સુધ્ધાંની મૂર્તિઓ મારા જીવતાં જ હું દૂર નહીં કરું તો સંભવ છે કે મારા જતાં જ મારું બધું કાર્ય સમુદ્રના એક મોજાની પેઠે નાશ પામે.

તે ઉપરાંત કાબામાંથી આ મૂર્તિઓ તે સમયે ખસેડવી એ કોઈ એક માણસ બીજા કોઈની પૂજાની વસ્તુઓ ખસેડે તેના જેવું નહોતું, પણ એક આખી કોમે વીસ વરસ સુધી બરાબર વિચાર કર્યા પછી પોતાની મરજીથી પોતાની સેંકડો વરસોની પૂજાની રીતમાં કરેલો એક ભારે ફેરફાર કે સુધારો હતો. આરબોની આખી કોમ તે સમયે પોતાની કાંચળી બદલતી હતી, તેનો કાયાપલટો થઈ રહ્યો હતો. અથવા ઊંડી પીડા સાથે એક નવી આરબ કોમનો જન્મ થતો હતો. અને મહંમદસાહેબ ઈશ્વરના હાથમાં આ કાયાપલટા કે કાંચળી બદલવા માટેનું સાધન હતા અથવા એ દેશનું વેગથી ધડકતું હૃદય હતા.

બપોરે મહંમદસાહેબની આજ્ઞાથી બિલાલ — જે પહેલાં એક હબસી ગુલામ હતા — તેમણે કાબાની છત પર ઊભા રહીને મોટે અવાજે શહેર અને બહારના તમામ લોકોને નમાજ પઢવા માટે બોલાવ્યા. બિલાલ

ઈસ્લામના સૌથી પહેલા મુઅઝ્ઝિન (અઝાન દેનાર, બાંગી) તરીકે પ્રસિદ્ધ છે. ઈસ્લામમાં અઝાન નમાજનો કોઈ ભાગ નથી. ફક્ત જ્યાં જ્યાં આસપાસ મુસલમાન હોય ને તેમને નમાજ પઢવા બોલાવવાના હોય ત્યાં અઝાન તેમને બોલાવવાની રીત છે. નમાજ પઢતી વખતે કાબા તરફ મોં રાખવામાં આવે છે એ વિશે એવું છે કે મહંમદસાહેબ પેગંબર બન્યા પછી તેર વરસ સુધી એટલે કે તેઓ મક્કામાં રહ્યા ત્યાં સુધી નમાજમાં કોઈ એક ખાસ દિશા તરફ મોઢું રાખવાનું આવશ્યક નહોતું. મદીના પહોંચ્યા પછી બધા મુસલમાનોને એક જગ્યાએ એકઠા થઈને જાહેરમાં નમાજ પઢવાનો પ્રસંગ આવ્યો. ત્યાં ૧૬ મહિના સુધી મહંમદસાહેબ ઉત્તર તરફ મુખ કરીને નમાજ પઢાવતા, અને કાબા તો મદીનાની બરાબર દક્ષિણમાં છે. મદીનાથી ઉત્તરમાં, બલકે વાયવ્ય ખૂણામાં જેરુસલેમ આવેલું છે. યહૂદીઓ પોતાની ઉપાસના વખતે તે તરફ મોઢું કરતા હતા. મદીના ગયા પછી ૧૬ મહિના સુધી મુસલમાનોનો પણ એ જ કિબલો (નમાજ પઢતી વખતે જે દિશામાં મોઢું રાખવામાં આવે તે દિશાને કિબલો કહે છે) હતો. ત્યાર પછી મહંમદસાહેબે ઉત્તર દિશા બદલીને દક્ષિણ દિશા તરફ મોં કરીને નમાજ પઢાવવાનું શરૂ કર્યું. યહૂદીઓએ આ ફેરફારનું કારણ પૂછ્યું. એ વિશે કુરાનમાં આ આયત છે:

> "અજ્ઞાન લોકો પૂછશે કે, આ લોકોએ પોતાનો કિબલો કેમ બદલી નાખ્યો. તેમને કહે કે, પૂર્વ અને પશ્ચિમ બંને અલ્લાની છે. તે જેને ઇચ્છે તેને ખરે રસ્તે દોરે છે." (૨—૨૪૨)

ત્યાર પછીની આ આયત વળી વધારે સ્પષ્ટ છે:

> "અને પૂર્વ અને પશ્ચિમ બંને અલ્લાની છે, એટલે જે તરફ મોં ફેરવો તે તરફ અલ્લા સામે જ છે. ખરેખર અલ્લા સર્વવ્યાપી અને સર્વજ્ઞ છે." (૨—૧૧૫)

કાબાની યાત્રા, જેને હજ કહેવામાં આવે છે તેની કેટલીક પુરાણી ઢંગધડા વગરની રીતરસમોમાં મહંમદસાહેબે સુધારો કર્યો. દાખલા તરીકે, પહેલાં લોકો બિલકુલ નગ્ન થઈને કાબાની પ્રદક્ષિણા કરતા, એ રિવાજ

મહંમદસાહેબે બંધ કરી દીધો અને હવેથી કપડાં પહેરીને પ્રદક્ષિણા કરવાની આજ્ઞા કરી.

બપોરની નમાજ પછી મહંમદસાહેબે એક નિરાકાર ઈશ્વર વિશે અને સૌ માણસો ભાઈ ભાઈ છે એ વિશે ઉપદેશ આપ્યો. ત્યાર પછી કુરેશ સરદારોએ મહંમદસાહેબને પોતાના સરદાર તરીકે સ્વીકાર્યા અને પોતાના પાછળના અપરાધો માટે દિલગીરી બતાવી. મહંમદસાહેબની આંખોમાંથી આંસુ ટપકવા લાગ્યાં. તેમણે જવાબ આપ્યો :

> "હા, આજે તમારા પર મારો કશો આરોપ નથી. અલ્લા તમને ક્ષમા આપશે. તે બધા દયાળુઓ કરતાં મોટો દયાળુ, (રહમુર્રહમીન) છે." (૧૨–૯૨)

ત્યાર પછી પોતાના સાથીઓ તરફ ફરીને મહંમદસાહેબે તેમને કુરાનની આ આયતો સંભળાવી :

> "બૂરાઈનો ઉપાય ભલાઈથી કરો." (૨૩–૯૬)
>
> "તે સૌથી સારી વાણી બોલે છે, જે લોકોને અલ્લા તરફ બોલાવે છે અને પોતે સત્કાર્યો કરે છે અને પછી કહે છે કે, મેં મારી જાતને અલ્લાને સોંપી છે"
>
> "ભલાઈ અને બૂરાઈ એકસમાન નથી. બીજો તારા પ્રત્યે બૂરાઈ કરે તો તેને બદલે તેના પ્રત્યે ભલાઈ કર. અને જેને તારી સાથે દુશ્મનાવટ હતી તે તારો જિગરજાન મિત્ર થઈ જશે." (૪૧–૩૩, ૩૪)
>
> "જેમના દિલમાં વિશ્વાસ છે તેઓને કહે કે તેઓ એ લોકોને ક્ષમા આપે જેમને અલ્લા સમક્ષ જવાના દિવસનો ડર નથી." (૪૫–૧૪)
>
> "અને તમારી ભૂલો માટે તમારા પાલનહારની જલદી ક્ષમા માગી લો અને જે સ્વર્ગ ધરતી અને આકાશની પેઠે વિસ્તરેલું છે તેને માટે પ્રાર્થના કરો. તે એવા લોકો માટે છે જેઓ પરહેજગાર એટલે સદાચારી છે, ગરીબી અને અમીરી બંનેમાં દાન કરતા રહે છે, પોતાના ગુસ્સા પર કાબૂ રાખે છે અને માણસોને ક્ષમા

આપે છે; કારણ કે અલ્લા બીજા પ્રત્યે સદ્‌વર્તન કરનારાઓને ચાહે છે." (૩–૧૩૨, ૩)

થોડા દિવસ મક્કામાં રહીને ત્યાંથી જ મહંમદસાહેબે ચારે તરફ પોતાનો ધર્મ સમજાવનારા માણસો મોકલ્યા. એ લોકોને ફરીથી સ્પષ્ટ સૂચના આપવામાં આવી કે, તેમણે કોઈ સાથે સખ્તાઈથી ન વર્તવું. ખાલિદ પહેલેથી જ ગરમ સ્વભાવનો હતો. તે જુઝેમા કબીલાના કેટલાક લોકો સાથે લડી પડ્યો. તેમાં તે કબીલાના કેટલાક માણસો માર્યા ગયા. મહંમદસાહેબને આ વાતની ખબર પડી ત્યારે તેમણે દુ:ખી થઈને મોટેથી બે વાર કહ્યું — "હે અલ્લા, હું આ સંબંધમાં નિર્દોષ છું." પછી ખાલિદને બોલાવીને ઠપકો આપ્યો અને તરત જ અલીને મોકલીને જેને જેને નુકસાન થયું હતું તેમની બધાની પાસે ક્ષમા માગી અને બધાને પૂરેપૂરી નુકસાની અપાવી. લખ્યું છે કે અલીએ "પોતાની નમ્રતાથી તેમ જ ખુલ્લે દિલે અને છૂટે હાથે તેમને મદદ કરીને સૌને રાજી કરી દીધા." જુઝેમા કબીલાના જે લોકોને ખાલિદે માર્યા હતા, તેમણે પહેલાં અબદુર્રહમાન નામના એક મુસલમાન છોકરાના વૃદ્ધ બાપને તથા ખુદ ખાલિદના કાકાને મારી નાખ્યા હતા. ખાલિદે આવીને અબદુર્-રહમાનને ખુશ કરવા માટે કહ્યું — "મેં તારા બાપના ખૂનનો બદલો લીધો છે." પણ મહંમદસાહેબે ખૂનનો બદલો લેવાની મનાઈ કરેલી હતી. એટલે નવજવાન અબદુર્રહમાને તરત જ જવાબ આપ્યો — "લોકો કેમ નથી કહેતા કે તેં તારા કાકાના ખૂનનું વેર લીધું છે? તેં તારા આ કામથી ઇસ્લામને કલંક લગાડ્યું છે."

હવે એ પ્રશ્ન ઉપસ્થિત થયો કે મહંમદસાહેબે પોતાનું બાકીનું જીવન મક્કામાં ગાળવું કે મદીનામાં. મહંમદસાહેબે મદીનામાં રહેવાનો નિર્ણય કર્યો. તેમણે કહ્યું કે, મારી સાથે જ્યારે કોઈ નહોતું ત્યારે મદીના-વાળાઓએ મને સાથ આપ્યો હતો અને મેં તેમને વચન આપ્યું હતું કે હું તેમની વચ્ચે જ મરીશ.

મક્કા પછી બીજે નંબરે તાયફનગર — ત્યાં 'લાત' દેવીનું પ્રખ્યાત મંદિર હતું — પુરાણા આરબ રિવાજોનું સૌથી મોટું ધામ હતું. દસ વરસ

પહેલાં મહંમદસાહેબને આ જ નગરમાંથી લોહીલુહાણ કરીને કાઢી મૂકવામાં આવ્યા હતા. તાયફનગરની આસપાસના કેટલાક કબીલાઓએ હજી સુધી મદીનાની નવી રાષ્ટ્રીય સરકાર કે ઈસ્લામ ધર્મ બંનેમાંથી એકેનો સ્વીકાર નહોતો કર્યો. આ વખતના મહંમદસાહેબના મક્કાના વિજયથી તે કબીલાઓની દુશ્મનાવટનો અગ્નિ વધારે પ્રજ્વલિત થયો. કેટલાક પહાડી કબીલા મુસલમાનો પર હુમલો કરવાને માટે તાયફની નજીક ઓતાસની ખીણમાં એકઠા થયા. તેમને અટકાવવા મહંમદસાહેબ મક્કાથી નીકળ્યા, અને હુનેન અને ઓતાસની લડાઈઓમાં ઓછામાં ઓછી ખૂનખરાબી પછી નવી આરબ રાષ્ટ્રીય સરકાર વિરુદ્ધનો આ છેવટનો બળવો તેમણે શાંત કર્યો. આ લડાઈઓમાં મહંમદસાહેબના હુકમથી મુસલમાનોએ દુશ્મનોને મારવાને બદલે તેમને કેવળ પકડી લાવવાની હિંમત કરી. ઓતાસની લડાઈમાં હવાઝિન કબીલાના છ હજાર માણસોને પકડી લેવામાં આવ્યા. એ જ કબીલાની ધાવ હલીમાએ પાંચ વરસ સુધી બાળક મહંમદને ધવરાવ્યો હતો. વૃદ્ધ હલીમા હજી જીવતી હતી. મહંમદસાહેબની જીત પછી તે તેમને મળવા આવી. મહંમદસાહેબે ઊભા થઈને બહુ આદરપૂર્વક તેનો સત્કાર કર્યો. પોતાની ઓઢેલી ચાદર તેને બેસવા માટે પાથરી આપી અને તેના કહેવાથી તે જ વખતે છયે હજાર હવાઝિન કેદીઓને છોડી દીધા.

મક્કા પાછા આવીને મહંમદસાહેબે ત્યાંના લોકોને ધર્મનો ઉપદેશ દેતા રહેવાને માટે મુઆઝ નામના એક માણસને 'ઈમામ' બનાવ્યો અને શહેરના બંદોબસ્ત માટે ઉતબા નામના એક નવજવાનને શહેરના હાકેમ તરીકે પસંદ કર્યો. પછી પોતાના સાથીઓને લઈને તેઓ મદીના પાછા આવ્યા. મદીના પહોંચ્યા પછી થોડા દિવસમાં જ તાયફના કેટલાક ખાસ ખાસ માણસો મહંમદસાહેબ પાસે આવ્યા. તેમણે દસ વરસ પહેલાંના અપરાધ માટે મહંમદસાહેબની માફી માગી અને પોતાના આખા કબીલા વતી ઈસ્લામ ધર્મ સ્વીકારવાની રજા માગી. આમ તાયફને મદીનાની રાષ્ટ્રીય સરકારમાં સામેલ કરવામાં આવ્યું.

# ૨૪

# 'તઈ' કબીલાનું મુસલમાન થવું

આ જ દિવસોમાં 'તઈ' કબીલાએ ઈસ્લામ ધર્મ અપનાવ્યો. તેની વાત બહુ મનોરંજક છે. આ કબીલો મદીનાની ઉત્તરમાં લગભગ ૨૦૦ માઈલ પર સીરિયાની સરહદ પર રહેતો હતો. સીરિયાના રોમન હાકેમોએ તેને મદીનાની નવી સરકારની વિરુદ્ધ કાવતરાંખોર મંડળોનો અડ્ડો બનાવી દીધો હતો. ત્યાં ધાર્મિક સ્વાતંત્ર્ય નહોતું. ઈસ્લામનો પ્રચાર કરનારાઓને ત્યાં મારી નાખવામાં આવતા હતા. મહંમદસાહેબે અલીને લશ્કર લઈને ત્યાં મોકલ્યા. તેમનો આશય, 'તઈ' કબીલાના સરદારો પોતાના ઈલાકામાં લોકોને ધાર્મિક સ્વાતંત્ર્ય આપે અને ઈસ્લામના પ્રચારકોને ઉપદેશ કરવાની છૂટ આપે તેને માટે તેમના પર દબાણ લાવવાનો હતો. આ કબીલો એવી જગ્યાએ રહેતો હતો કે આરબ સરકારને તેની દોસ્તી બહુ કામની હતી. હુનેનની લડાઈ સુધીમાં મહંમદસાહેબના લશ્કરમાં એવા માણસો મોજૂદ હતા જેમણે ઈસ્લામ ધર્મ સ્વીકાર્યો નહોતો અને હજી પોતાનો પુરાણો ધર્મ પાળતા હતા. પરંતુ તેમણે 'સૌને માટે ધાર્મિક સ્વાતંત્ર્ય'નો સિદ્ધાંત સ્વીકાર્યો હતો. અને તેઓ કાં તો મદીનાની સરકારની પ્રજા હતા અથવા તો તેમના કબીલાઓ મદીનાની સરકાર સાથે દોસ્તી કરી લીધી હતી.

અલી 'તઈ' કબીલાના ઈલાકામાં પહોંચ્યા ત્યારે અદી તાઈ એ કબીલાનો સરદાર હતો. આ અદી તાઈ જગવિખ્યાત હાતિમ તાઈનો પુત્ર હતો. અદી પોતાનાં બાળબચ્ચાંને લઈને સીરિયા નાસી ગયો. તેની બહેન સફના અને બીજાં કેટલાંકને પકડી લેવામાં આવ્યાં અને મદીનામાં મહંમદસાહેબ આગળ રજૂ કરવામાં આવ્યાં. મહંમદસાહેબને જ્યારે ખબર પડી કે સફના તે હાતિમ તાઈની પુત્રી છે જે પોતાના દિલ, દયા અને દાનને માટે આખી દુનિયામાં મશહૂર હતો, ત્યારે તેમણે કહ્યું –"એક મુસલમાનમાં હોવા જોઈએ એ બધા જ સદ્‌ગુણ હાતિમમાં

મોજૂદ હતા. અલ્લા એવા લોકોને ખચીત ચાહે છે." આમ કહીને તેમણે સફના અને તેની સાથેનાં બધાં માણસોને તે જ વખતે કશી પણ શરત વગર છોડી દીધાં. અદીને આ વાતની ખબર પડી ત્યારે તે મહંમદસાહેબને મળવા મદીના આવ્યો. મહંમદસાહેબ એ સમયે અરબસ્તાનના બહુ મોટા ભાગના માલિક હતા; છતાં તેમની સાદી રહેણીકરણી જોઈને અદી પર ઊંડી છાપ પડી, તે લખે છે :

"તેમણે (મહંમદસાહેબે) મને મારું નામ પૂછ્યું. મેં મારું નામ કહ્યું એટલે તેમણે કહ્યું કે, મારી સાથે ઘેર ચાલો. રસ્તામાં એક અશક્ત અને દૂબળી સ્ત્રીએ તેમને કાંઈક કહેવાની ઇચ્છા બતાવી, એટલે તેઓ ઊભા રહીને તેના પ્રશ્ન વિશે વાતચીત કરવા લાગ્યા. મેં મનમાં વિચાર કર્યો, કે આ તો કાંઈ બાદશાહોના જેવી રીત નથી. અમે તેમને ઘેર પહોંચ્યા ત્યારે તેમણે મને ખજૂરીનાં તાડછાં ભરેલું ચામડાનું એક ગાદલું બેસવા માટે આપ્યું અને તેઓ પોતે ખુલ્લી જમીન પર બેસી ગયા. મને ફરી વિચાર આવ્યો કે, આ તો કાંઈ બાદશાહોની રીત નથી."

થોડા જ દિવસમાં ધીરે ધીરે 'તઈ' કબીલાના બધા માણસોએ ઈસ્લામ ધર્મ અપનાવી લીધો. પોતાનો ઈલાકો તેમણે મદીનાના રાજ્યમાં જોડી દીધો. અને એ રાજ્યની હદ ઉત્તરમાં દૂર સુધી વધી ગઈ.

આપણે યાદ રાખવું જોઈએ કે આ બધા સમયમાં મહંમદસાહેબના જીવનનાં બરાબર બે પાસાં હતાં. તેઓ એક નવા ધર્મના પ્રવર્તક પણ હતા અને મદીનાની નવી સ્વતંત્ર સરકારના સરપંચ અને સરદાર પણ હતા. ઈ. સ. ૬૩૧માં ખબર પડી કે સીરિયાની સરહદ પર રોમના સમ્રાટ તરફથી, અરબસ્તાનની આ નવી રાષ્ટ્રીય હકૂમતનો નાશ કરવા માટે, પાછું એક મોટું લશ્કર ભેગું કરવામાં આવે છે અને રોમન સમ્રાટે સિપાઈઓને એકેક વરસનો પગાર અગાઉથી આપીને તેમની ભરતી કરી છે. મહંમદસાહેબ ચારે તરફથી આરબ યુવાનોને ભેગા કરીને અરબસ્તાનની આઝાદી માટે આગળ વધ્યા. એટલામાં રોમના સમ્રાટને પોતાની રાજધાનીમાં નવા બળવાનો સામનો કરવો પડ્યો એટલે રોમના લશ્કરને સરહદ પરથી ખસેડી લેવામાં આવ્યું. મહંમદસાહેબ પણ કશી લડાઈ વગર સીરિયાની સરહદ પરથી પાછા ચાલ્યા આવ્યા.

# ૨૫

# મક્કાની છેલ્લી યાત્રા

ઈ. સ. ૬૩૨માં મહંમદસાહેબે પોતાની જન્મભૂમિ મક્કાની છેલ્લી યાત્રા કરી. મુસ્લિમ ઈતિહાસમાં આ યાત્રાને 'હજજતુલવિદા' એટલે વિદાયની યાત્રા અથવા 'હજજલ-આકબર' એટલે મોટી યાત્રા કહે છે. આ વખતે તેમની સાથે મદીનાથી એક લાખ ચાળીસ હજાર માણસો મક્કા ગયાં. હવે મહંમદસાહેબની ઉંમર ૬૨ વરસની થઈ હતી.

મક્કામાં હજની વિધિઓ પૂરી કર્યા પછી અરફાતની ટેકરી પર બેસીને મહંમદસાહેબે ભરેલે હૃદયે સૌને આ ઉપદેશ આપ્યો :

"હે લોકો, મારી વાત ધ્યાનપૂર્વક સાંભળો કેમ કે આ વરસ પછી હું ફરી કદી તમારી પાસે આવી શકીશ કે નહીં તેની મને ખબર નથી.

"જેમ આ નગરમાં આ મહિનામાં આ દિવસ પવિત્ર મનાય છે, બરાબર તે જ રીતે તમારામાંથી દરેકનાં તન, ધન અને માલ-મિલકત એકબીજાને માટે પવિત્ર વસ્તુ છે. કોઈ બીજાના જાન, કે માલમિલકતને હાથ ન લગાડી શકે.

"અલ્લાએ દરેક માણસને માટે તેના બાપદાદાની માલ-મિલકતમાંથી તેનો હિસ્સો મુકરર કરી દીધો છે. એટલે જે જેનો હક છે તે તેની પાસેથી છીનવી લેનારું કોઈ વસિયતનામું ખરું માનવામાં નહીં આવે.

"રબિયાનો પુત્ર હારિસનો પૌત્ર અબદુલ મુત્તલિબનો પ્રપૌત્ર અને મારો ભત્રીજો આયાસ જેને લેસના કબીલાવાળાઓએ દૂધ પાઈને ઉછેર્યો હતો અને જેને અજ્ઞાનના દિવસોમાં હુઝેલના કબીલાવાળાઓએ મારી નાખ્યો હતો તેના ખૂનથી માંડીને આજ

સુધીમાં જેટલાં ખૂન થયાં હોય તેમાંથી કોઈ ખૂનનો બદલો લેવાની કોઈને રજા નથી. અને ભવિષ્યને માટે વેર લેવાનો આ રિવાજ હંમેશને માટે બંધ કરવામાં આવે છે.

"કોઈ અપરાધ કરનાર પર તેણે પોતે કરેલા અપરાધ સિવાય બીજી કોઈ વાતનો આરોપ મૂકવામાં નહીં આવે. કોઈ પિતાને તેના પુત્રના અપરાધ માટે કે પુત્રને પિતાના અપરાધ માટે પૂછવામાં નહીં આવે.

"વ્યાજ લેવાનો રિવાજ એ ખરેખર અજ્ઞાનના સમયનો છે. હવે પછી આ રિવાજ બિલકુલ બંધ કરવામાં આવે છે. તમે લોકો કેવળ તમારી મૂડી પાછી લઈ શકશો. આ બાબતમાં તમે કોઈ સાથે અન્યાય ન કરો તેમ જ કોઈ તમારી સાથે પણ અન્યાય ન કરે અને મારા કાકા અબ્બાસનું જેટલું વ્યાજ લોકો પાસે લેણું છે તે બધું રદ કરી દેવામાં આવે છે.

"દરેક મુસલમાન બીજા મુસલમાનનો ભાઈ છે અને પોતાના ભાઈની કોઈ ચીજ જ્યાં સુધી તે કોઈ યોગ્ય રીતે ન મેળવે ત્યાં સુધી કોઈ મુસલમાનને માટે હલાલ (ધર્મથી મેળવેલી) ન ગણાય.

"દરેક મુસલમાન બીજા મુસલમાનનો ભાઈ છે. કોઈ કોઈ પર જુલમ ન કરે, કોઈનો સાથ ન છોડે તથા કોઈને નાનો ન સમજે. કોઈએ પણ પોતાના મુસલમાન ભાઈને નાનો માનવો એ બહુ બૂરી વસ્તુ છે. દરેક મુસલમાનની દરેક ચીજ – તેનો માલ, તેનો જાન, તેની પ્રતિષ્ઠા – દરેક મુસલમાનને માટે આદરની વસ્તુ છે. ખબરદાર, કોઈ આપસમાં એકબીજાની વિરુદ્ધ કોઈ જાતનો વેપાર કે લેવડદેવડ ન કરશો. તમે બધા અલ્લાના બંદા અને એકબીજાના ભાઈ બનીને રહેજો.

"હે પુરુષો, તમારા હક છે અને હે સ્ત્રીઓ, તમારા પણ હક છે. હે લોકો, તમારી પત્નીઓ પર પ્રેમ રાખો અને તેમની સાથે દયાભર્યો વર્તાવ રાખો. ખરેખર, અલ્લાને વચ્ચે રાખીને તમે તેમને તમારી સાથી બનાવી છે, અને અલ્લાના હુકમથી જ તેમનો

દેહ તમારે માટે હલાલ ઠરાવવામાં આવ્યો છે. ધ્યાનમાં રાખો કે અલ્લા તલાક(છૂટાછેડા)ને બૂરામાં બૂરી વસ્તુ માને છે.

"તમારા ગુલામો વિશે ખબરદાર! તેમને તમે પોતે ખાતા હો તેવું જ ખવડાવજો અને તમે પોતે પહેરતા હો તેવાં જ કપડાં પહેરાવજો. તેમના ગજા ઉપરવટનું કામ કરવાની તેમને કદી આજ્ઞા ન કરશો અને એવું જ કામ હોય તો તમારો ધર્મ છે કે તે કામ કરવામાં તમે પોતે તેમને મદદ કરો. તમારામાંથી કોઈ પોતાના ગુલામને વગર ગુને માર મારે અથવા તેના મોં પર તમાચો મારે તો તેનું પ્રાયશ્ચિત્ત એ છે કે તે ગુલામને તે જ સમયે આઝાદ કરી દેવો. ધ્યાનમાં રાખો કે જે માણસ પોતાના ગુલામ પ્રત્યે ખરાબ વર્તન ચલાવશે તેને માટે સ્વર્ગનો દરવાજો બંધ થઈ જશે. તમારા ગુલામને દિવસમાં સિત્તેર વાર ક્ષમા આપો કારણ કે તેઓ એ જ અલ્લાના બંદા છે જે અલ્લા તમારો પણ માલિક છે. તેમની સાથે કોઈ પ્રકારના જુલમનો વર્તાવ ન હોવો જોઈએ. ગુલામોને આઝાદ કરવાથી અલ્લા જેટલો રાજી થાય છે તેટલો તમારા કોઈ પણ કાર્યથી નથી થતો.

"તમે તમારા માલિક સમક્ષ જશો અને તે તમને તમારાં કૃત્યો વિશે પૂછશે એમાં શક નથી. ખબરદાર! મારા (મૃત્યુ) પછી તમે પાછા સત્ય શ્રદ્ધાને છોડીને અસત્ય ભ્રમોમાં ન ફસાતા, એટલે કે શ્રદ્ધા ખોઈ ન બેસતા અને ફરીથી એકબીજાનાં ગળાં કાપવા મંડી ન જતા.

"જેઓ અહીં હાજર છે તેઓ આ બધી વસ્તુઓ જેઓ અહીં હાજર નથી તેમને જઈને કહે. એ બનવાજોગ છે કે જેણે અહીં સાંભળ્યું છે તેના કરતાં જેને કહેવામાં આવે તે વધારે સારી રીતે યાદ રાખે."

ત્યાર પછી આકાશ તરફ જોઈને મહંમદસાહેબે બૂમ પાડીને કહ્યું:

"હે માલિક, મેં તારો પેગામ [સંદેશો] પહોંચાડી દીધો અને

મારી ફરજ અદા કરી. હે માલિક, મારી પ્રાર્થના છે કે, તું જ મારો સાક્ષી રહેજે."

પછી મહંમદસાહેબે પોતાના સાથીઓને લઈને મદીના પાછા જવાની તૈયારી કરવા માંડી.

# ૨૬

# ઇસ્લામી રાજ્ય

હવે ઉત્તરે સીરિયાની સરહદથી દક્ષિણે હિંદી મહાસાગર સુધી મહંમદસાહેબના રાજ્યમાં અને તેમની સત્તામાં કોઈ ભાગીદાર નહોતું. રોમ અને ઈરાન બંનેના સમ્રાટો પોતાના ઘરના ઝઘડાઓમાં ફસાયેલા હતા. તેમનામાંથી કોઈનામાં પણ આરબોની નવી વધતી જતી તાકાતને રોકવાની હિંમત રહી નહોતી. ખુશરૂ પરવીઝે મહંમદસાહેબના જે પત્રને કાંઈ વિસાતમાં ન ગણતાં ફાડીને ફેંકી દીધો હતો તે પત્ર લઈ જનાર હજી પાછો મદીના પહોંચ્યો પણ નહોતો એટલામાં પરવીઝના પુત્રે પરવીઝને મારી નાખ્યો. યમનના આરબ હાકેમને વિદેશી ઈરાન સાથેના સંબંધ તોડીને મદીનાની રાષ્ટ્રીય સરકાર સાથે સંબંધ બાંધવામાં જ પોતાનું અને પોતાની પ્રજાનું આ લોક અને પરલોકનું કલ્યાણ દેખાયું. યમનના હાકેમ અને ત્યાંના લગભગ બધા માણસોએ ઇસ્લામ ધર્મ અપનાવી લીધો હતો. મહંમદસાહેબે હવે પોતાના વિસ્તૃત રાજ્યનો સારી રીતે બંદોબસ્ત કરવાનું કામ પોતાના હાથમાં લીધું. જુદા જુદા પ્રાંતોમાં એવા નવા હાકેમોને પસંદ કરીને મોકલવામાં આવ્યા કે જે મુસલમાનોને ધર્મની બાબતમાં માર્ગ દેખાડે અને ન્યાયપૂર્વક દેશનું રાજ્ય ચલાવે.

જબલના પુત્ર મુઆઝને યમન મોકલવામાં આવ્યો. જતી વખતે મુઆઝને મહંમદસાહેબે પૂછ્યું :

"તારા પ્રાંતના રાજ્યકારભારમાં કઈ વસ્તુને પ્રમાણ માનીને નિર્ણય કરીશ?"

મુઆઝે જવાબ આપ્યો – "કુરાનની આજ્ઞાને."

"પરંતુ કોઈ પ્રસંગને બરાબર લાગુ પડી શકે એવી આજ્ઞા કુરાનમાં ન મળે તો?"

"ત્યારે હું પેગંબરનો દાખલો મારી સમક્ષ રાખીને વર્તીશ."

"પણ જો પેગંબરના દાખલામાં પણ ત્યાં બરાબર બંધબેસતી વસ્તુ ન મળે તો?"

"ત્યારે હું મારી અક્કલ ચલાવીશ."

મહંમદસાહેબે રાજી થઈને બીજાઓને પણ આ જ રીતે કામ કરવા કહ્યું.

અલીને પૂર્વની સરહદ પર યમામા પ્રાંતનો બંદોબસ્ત કરવા માટે મોકલ્યા અને ત્યાં જવા નીકળ્યા ત્યારે મહંમદસાહેબે તેમને ઉપદેશ આપ્યો – "જ્યારે બે માણસો તારી પાસે ન્યાય કરાવવા આવે ત્યારે તે બંનેની વાત સારી રીતે સાંભળી લીધા વિના કદી ચુકાદો ન આપીશ."

રાજા કે હાકેમ તરીકે મહંમદસાહેબ મુસલમાન અને બિન-મુસલમાનમાં કદી કોઈ જાતનો ભેદભાવ કરતા નહોતા તેના ઘણા દાખલા મળે છે. એટલે સુધી કે એક વાર તો કેટલાક લોકો આ કારણે નાખુશ થયા અને ઈસ્લામનો ત્યાગ કરીને પાછા પુરાણા ધર્મમાં ચાલ્યા ગયા. કુરાનમાં સ્પષ્ટ આયત છે કે, આવા લોકો ઈસ્લામમાંથી ચાલ્યા જાય તેની કશી પરવા ન કરવી જોઈએ.[1]

---

૧. કુરાન, ૪–૧૦૫, ૧૫.

## ૨૭

# પેગંબરનાં લગ્નો

હવે આપણે પેગંબર સાહેબના ગૃહજીવન એટલે કે તેમનાં લગ્નો પર એક દૃષ્ટિ કરવી આવશ્યક છે.

આગળ આવી ગયું છે કે પેગંબર સાહેબનું પહેલું લગ્ન ૨૫ વરસની ઉંમરે થયું. એ પચીસ વરસ સુધી અરબસ્તાન અને ખાસ કરીને મક્કાના બગડેલા વાતાવરણમાં પણ મહંમદસાહેબનું જીવન કલંકરહિત હતું. જ્યારે તેમની ઉંમરના છોકરાઓ એશઆરામ અને રખડપટ્ટીમાં પોતાનો વખત ખોતા ત્યારે મહંમદસાહેબ કાં તો ટેકરીઓમાં એકલા બકરીઓ ચરાવતા અથવા એકાંતમાં બેસીને ચિંતન કરતા.

મહંમદસાહેબના તે સમયના સદાચરણ વિશે આજ સુધી કોઈ આંગળી ચીંધી શક્યું નથી.

૨૫થી ૫૦ વરસની ઉંમર સુધી તેમણે પોતાની સાચી સાથી ખદીજા જે તેમનાથી ૧૫ વરસ મોટી હતી તેની પ્રત્યે પોતાનો ધર્મ નિષ્ઠાપૂર્વક બજાવ્યો. તે સમયે બહુપત્નીત્વનો રિવાજ આખા યુરોપમાં, અરબસ્તાનમાં અને તે સમયના લગભગ બધા દેશોમાં એટલો સર્વસામાન્ય હતો કે મહંમદસાહેબ ઉપરાંત તે વખતે મક્કાના મોટા માણસોમાં એવા થોડા જ હશે જેમને એક જ પત્ની હોય.

આ બીજાં પચીસ વરસ વિશે એક ઇતિહાસકાર લખે છે :

> "પચીસ વરસ સુધી મહંમદસાહેબ પોતાની મોટી ઉંમરની પત્ની સાથે વફાદારીપૂર્વક રહ્યા. તેમની પત્નીની ઉંમર ૬૫ વરસની હતી ત્યારે પણ તેઓ તેને લગ્ન વખતે ચાહતા હતા તેટલી જ ચાહતા. એ પચીસે વરસોમાં મહંમદસાહેબના સદ્‌વર્તન સામે ક્યાંય કશો શ્વાસ સુધ્ધાં સંભળાયો નથી. તે સમય સુધીનું તેમનું

જીવન ખૂબ ધ્યાનપૂર્વક સૂક્ષ્મદર્શક કાચમાંથી જોતાં પણ તેમાં ક્યાંય કશો ડાઘ દેખાતો નથી."[૧]

ખદીજાના મૃત્યુ પછી મહંમદસાહેબના જીવનનાં અંતિમ ૧૩ વરસમાં તેમનાં નવ લગ્નો થયાં. આ નવ લગ્નો વિશે એ જ ઇતિહાસકાર લખે છે :

"એમાંનાં કેટલાંક લગ્નો તો, તે કેટલીક સ્ત્રીઓના પતિ ઈસ્લામની લડાઈઓમાં માર્યા ગયા હતા, તેમનો વિચાર કરીને કરવામાં આવ્યાં હતાં. તે સ્ત્રીઓને કશો આધાર નહોતો રહ્યો. તેમના પતિઓને મહંમદસાહેબે ઉત્સાહ આપીને લડાઈમાં મોકલ્યા હતા. એટલે મહંમદસાહેબ પાસે આશરો શોધવાનો એ વિધવાનો હક હતો. અને મહંમદસાહેબ દયાળુ હતા. બાકીનાં લગ્નોનો ઉદ્દેશ કેવળ રાજકીય – એટલે એકબીજાની વિરુદ્ધના પક્ષોના સરદારોને એક પ્રેમસૂત્રમાં બાંધવાનો – હતો."[૨]

એ વસ્તુ પણ ધ્યાનમાં રાખવી જોઈએ કે તે સમયે અરબસ્તાનમાં કોઈ પણ ઇજ્જતઆબરૂવાળી સ્ત્રી લગ્ન કર્યા વગર કોઈ પણ બીજી રીતે કોઈના ઘરમાં રહેવાનું પસંદ કરી શકે એમ નહોતું. એક બીજો ઇતિહાસકાર લખે છે :

"ચારિત્ર્યની બાબતમાં મહંમદસાહેબ બહુ ઊંચા પ્રકારના માણસ હતા. જીવનના ઊંડાણમાં તેઓ એટલા ઊંડા ઊતર્યા હતા કે તેઓ પોતાની તાકાત ભોગવિલાસમાં ખોઈ નાખે એ અસંભવિત હતું. . . . તેઓ સમજતા હતા કે પોતાની અસર અને તાકાતને દૃઢ કરવા માટે લગ્ન એક બહુ જબરજસ્ત સાધન છે. કાનખજૂરાના હજાર પગની જેમ લગ્ન ઠેકઠેકાણે પોતાની ભુજાઓ ફેલાવી દે છે, અને એવા એવા સગાઈ-સંબંધ ઊભા કરે છે કે જે જેમ ઘોંઘા પથ્થરને કે વેતાળ માછલી પોતાના શિકારને ચોંટી

---

૧. Stanley Lane pool.

૨. Stanley Lane pool in his Introduction to Lane's *Selection from the Quran.*

પડે તેમ ચોંટી પડે છે. લગભગ આપણા જમાના સુધી આ જ સિદ્ધાંત યુરોપના રાજકારણનો એક મોટો ભાગ રહેલો છે. . . .

"આ જ આશયથી મહંમદસાહેબ કેટલાંક લગ્ન કરવા તૈયાર થયા. તેમના મહાન મિશનનો એ એક આવશ્યક ભાગ હતો."[૧]

મહંમદસાહેબનાં આ નવ લગ્નોનું વૃત્તાંત ટૂંકામાં આ પ્રમાણે છે:

ખદીજા સાથેના લગ્ન પછી મહંમદસાહેબનું બીજું લગ્ન તેમના જિંદગીભરના સાથી અબુ બક્રની પુત્રી આયશા સાથે થયું. આયશા કુમારી હતી. તેની ઉંમર ૧૮ વર્ષની હતી. અબુ બક્રે પોતાનાં તનમનધનથી ઈસ્લામની તેના આપત્તિકાળમાં ઘણી સેવા કરી હતી; એનું કેટલુંક વર્ણન ઉપર આવી ગયું છે. ખદીજાના મૃત્યુ પછી અબુ બક્રના મનમાં એમ વસી ગયું કે મારી પુત્રીને પેગંબર સાથે પરણાવું. તેમણે બહુ આગ્રહપૂર્વક પેગંબરને વિનંતી કરી. અરબસ્તાનમાં કોઈની આવી વિનંતીને તરછોડવી એ તેનું ભારે અપમાન મનાતું. મહંમદસાહેબે આ વિનંતી માન્ય રાખીને અબુ બક્રને હંમેશને માટે આભારી બનાવી દીધા અને સાથે સાથે બંને કટુંબોને હમેશને માટે એક કરી દીધાં. આ લગ્ન પછી જિંદગી સુધી તેમણે કોઈ કુમારી સાથે લગ્ન કર્યું નથી.

તેમનું ત્રીજું લગ્ન એક ગરીબ વૃદ્ધા સવદા સાથે થયું. સવદા મહંમદસાહેબના એક શરૂઆતના સાથી સકરાનની પત્ની હતી. કુરેશીઓના જુલમોથી બચવા તે પોતાના પતિ સાથે ઈથિયોપિયા ચાલી ગઈ. ત્યાં સકરાન મરણ પામ્યો. સવદા મક્કા પાછી આવી. મક્કામાં તેને મદદ કરનાર કે ખબર પૂછનાર પણ કોઈ નહોતું. તેનાં સગાં સંબંધીઓએ તેનું ભરણપોષણ કરવાનો ઈન્કાર કર્યો. વૃદ્ધ અને લાચાર સવદાની માગણીથી મહંમદસાહેબે તેની સાથે લગ્ન કરીને તેને પોતાના ઘરમાં રહેવાનો રસ્તો કરી આપ્યો.

---

૧. *Islam, Her Moral and Spiritual Value*, by Major H. G. Leonard, pp. 79-80.

મહંમદસાહેબનું ચોથું લગ્ન હજરત ઉમરની વિધવા પુત્રી હફસા સાથે થયું. હફસાનો પતિ બદ્રની લડાઈમાં માર્યો ગયો હતો. ઉમરે પોતાની વિધવા દીકરીનું પુનર્લગ્ન કોઈ સારા મુસલમાન સાથે કરવા વિચાર કર્યો. તેણે ઉસ્માનને કહ્યું પણ ઉસ્માને ના પાડી દીધી. પછી તેણે અબુ બક્રને વિનંતી કરી. અબુ બક્રે પણ ઇન્કાર કર્યો. આનું કારણ એ હતું કે હફસાની ઉંમર અને તેના રૂપરંગ કોઈને ગમે એમ નહોતાં. અબુ બક્ર, ઉમર અને ઉસ્માનની પ્રતિષ્ઠા મુસલમાનોમાં બહુ ભારે હતી. ઉમર ગરમ સ્વભાવના હતા. ઉસ્માન તથા અબુ બક્ર તરફથી મળેલા ઇન્કારને તેમણે પોતાનું અપમાન માન્યું. કહે છે કે આ ઝઘડો બધા મુસલમાનોમાં ફેલાય એવો ડર હતો. મહંમદસાહેબને ખબર પડી એટલે ઉમરને ઠંડા પાડવા અને ઝઘડો મટાડવા તેમણે હફસા સાથે પોતે લગ્ન કરી લીધું.

પાંચમું લગ્ન ઓહદની લડાઈ પછી એક વરસે ઉમૈયાની પુત્રી હિંદ સાથે થયું. ઉમૈયા બહુ લાગવગવાળો માણસ હતો. ઓહદની લડાઈમાં હિંદનો પતિ ઘાયલ થયો અને આઠ માસ પછી મરણ પામ્યો. વિધવા હિંદને ઘણાં બાળકો હતાં. બાળકોના પાલનપોષણને અર્થે તેણે પુનર્લગ્ન કરવાનો વિચાર કર્યો. તે ગરમ સ્વભાવની અને ઝઘડાખોર તરીકે પ્રખ્યાત હતી. તેની સાથે પણ અબુ બક્ર અને ઉમર બંનેએ લગ્ન કરવાનો ઇન્કાર કર્યો. હિંદના સૌથી મોટા પુત્રનું નામ સલમા હતું તેથી તે 'ઉમ્મ સલમા' એટલે 'સલમાની મા' કહેવાતી હતી. દુ:ખી થઈને તેણે પોતે મહંમદસાહેબને પોતાની સાથે લગ્ન કરવા વિનંતી કરી. મહંમદસાહેબે તે માન્ય રાખી અને તેને તથા તેનાં બાળકોને પોષવાની જવાબદારી લીધી.

છઠ્ઠું લગ્ન આમ થયું:

ઝેનબ તેમની ફોઈની દીકરી હતી. ઝેનબનો બાપ જહશ કુરેશીઓના દૂદાન કુળની શાખાનો હતો. આ દૂદાન કુળવાળા ઇસ્લામના પ્રખ્યાત દુશ્મન અબુ સુફિયાનના પાસેના સગા હતા. છતાં તેઓ મહંમદસાહેબ અને ઇસ્લામ પર એટલો બધો પ્રેમ રાખતા હતા કે

મક્કાથી હિજરત કરવામાં આવી ત્યારે તેઓ બધાં—પુરુષો, સ્ત્રીઓ અને બાળકો પોતાનાં મક્કાનાં મકાનોને તાળાં મારીને મહંમદસાહેબ સાથે મદીના ચાલ્યાં આવ્યાં હતાં. અબુ સુફિયાનને અટકાવવા માટે આ ખાનદાનની મદદ મહંમદસાહેબને માટે બહુ કીમતી હતી. મદીના પહોંચ્યા પછી ઝેનબનાં માબાપે તેનું લગ્ન મહંમદસાહેબ સાથે કરવા ઈચ્છા કરી. પણ મહંમદસાહેબે ના પાડી. કુરેશીઓમાં ખાનદાનનો ઘમંડ અત્યંત હતો. મહંમદસાહેબ આ ઘમંડ દૂર કરવા માગતા હતા અને માણસ માણસ વચ્ચે સમાનતા સ્થાપવા માગતા હતા. તેમણે દૂદાન કુળવાળાઓને ઝેનબનું લગ્ન ઝેદ સાથે કરવાની સલાહ આપી. ઝેદ મહંમદસાહેબે આઝાદ કરેલો ગુલામ હતો. ઘમંડી દૂદાન કુળને આ વાત ગમી નહીં, છતાં મહંમદસાહેબની સમજાવટથી તેમને ઝેનબનું લગ્ન ઝેદ સાથે કરવું પડ્યું.

ઝેનબના પોતાના મનમાંથી પોતાના કુળનો ઘમંડ ન નીકળી શક્યો. એક ગોરા આરબ સરદારની પુત્રીને એક ગુલામ સાથે પરણાવવામાં આવે એ એનાથી સહ્યું જતું નહોતું. બંનેનું જીવન સુખી નહોતું. ઝેદે થાકીને ઝેનબને તલાક આપવાનો વિચાર કર્યો. અને તેને માટે મહંમદસાહેબ પાસે રજા માગી. મહંમદસાહેબે તેને પૂછ્યું,— "કેમ? તેં ઝેનબમાં કશો દોષ જોયો?" ઝેદે ઉત્તર આપ્યો: "ના, પણ હવે હું તેની સાથે રહી શકું એમ નથી." મહંમદસાહેબે ગુસ્સે થઈને કહ્યું: "જા, તારી પત્નીને તારી સાથે રાખ અને અલ્લાથી ડર."[1]

પણ આ ઠપકાથી બહુ દિવસ ન ચાલ્યું. છેવટે ઝેદે ઝેનબને તલાક આપી દીધી.

ઝેનબ પોતાના પિતાને ત્યાં પાછી આવી. બાપે વારાફરતી કેટલાક જણ સાથે તેનું લગ્ન કરવા વિચારી જોયું. પણ જે સ્ત્રી એક ગુલામની પત્ની તરીકે રહી હતી તેની સાથે લગ્ન કરવાની કોઈની ઈચ્છા નહોતી.

દૂદાન કુળને આમાં પોતાનું બહુ ભારે અપમાન જણાયું. તેમને બહુ દુઃખ થયું. તેમની આ બધી બેઆબરૂની જવાબદારી મહંમદસાહેબ

---

૧. કુરાન, ૩૩–૩૭.

પર હતી. તેમણે મહંમદસાહેબને ઝેનબ સાથે લગ્ન કરવા ફરીથી વિનંતી કરી. મહંમદસાહેબે ઝેદ અને ઝેનબને બોલાવીને તેમની વચ્ચે મેળ કરાવવાની ફરીથી કોશિશ કરી. પણ તેનું કશું પરિણામ ન આવ્યું. હવે મહંમદસાહેબ પાસે કોઈ બીજો માર્ગ ન રહ્યો. તેમણે ઝેનબ સાથે લગ્ન કરી લીધું. ઝેનબની ઉંમર આ લગ્ન વખતે પાંત્રીસ વરસ ઉપરની હતી.

સાતમું લગ્ન જુવેરિયા નામની એક વિધવા સાથે થયું. જુવેરિયાનો બાપ હારિસ બની મુસ્તલિક કબીલાનો સરદાર હતો. મદીનાથી બસો માઈલ દૂર સમુદ્રકિનારે હારિસ માર્યો ગયો અને તે કબીલાના લગભગ બસો માણસો મુસલમાનોએ પકડી લીધા. બની મુસ્તલિકે સુલેહની માગણી કરી. તે કાળમાં બે કબીલા અથવા બે પક્ષો વચ્ચે ટકાઉ સુલેહ માટે હારેલા કબીલા તરફથી એક આવશ્યક શરત એ કરવામાં આવતી કે જીતેલા કબીલાનો કોઈ ખાસ માણસ હારેલા કબીલાની કોઈ સ્ત્રી સાથે લગ્ન કરે. આ જ રિવાજ પર ભાર મૂકીને યુનાની સરદાર સેલ્યુકસે વિજયી મૌર્ય સમ્રાટ ચંદ્રગુપ્ત સાથેની સુલેહ વખતે ચંદ્રગુપ્ત પોતાની પુત્રી સાથે લગ્ન કરે એવી હઠ પકડી હતી. અને ચંદ્રગુપ્તને તે માનવી પડી હતી. મહંમદસાહેબે બની મુસ્તલિકની વિનંતીથી એ લડાઈમાં માર્યા ગયેલા તેમના સરદાર હારિસની વિધવા પુત્રી જુવેરિયા સાથે લગ્ન કરીને એ આખા કબીલાને મુસલમાનો સાથે પ્રેમસૂત્રથી બાંધી દીધો. આ લગ્નને પરિણામે બસો મુસ્તલિક કેદીઓને વિનાશરતે એકદમ છોડી મૂકવામાં આવ્યા. ઘણાં વરસ પછી જુવેરિયાના આ લગ્નની વાત કરતાં મહંમદસાહેબની બીજી પત્ની આયશાએ કહ્યું હતું: "પોતાના કબીલાવાળાઓ માટે જુવેરિયા જેટલી કલ્યાણકારી નીવડી છે તેટલી બીજી કોઈ સ્ત્રી કદી નીવડી નથી."

બરાબર આ જ રીતે ખૈબરની લડાઈ પછી મહંમદસાહેબે આઠમું લગ્ન કુરેઝા કુળના સરદાર અખતરની વિધવા પુત્રી સફિયા સાથે કર્યું. સફિયાનું લગ્ન પહેલાં બે વાર થઈ ચૂક્યું હતું. તેનો બીજી વારનો પતિ ખૈબરની લડાઈમાં માર્યો ગયો હતો. સફિયા યહૂદી હતી

અને મહંમદસાહેબ સાથે લગ્ન કર્યા પછી પણ છેવટ સુધી પોતાનો યહૂદી ધર્મ જ પાળતી હતી.

નવમું લગ્ન મક્કાના જૂના હાકેમ અને ઈસ્લામના દુશ્મન કુરેશ સરદાર અબુ સુફિયાનની વિધવા પુત્રી ઉમ્મ-હબીબા (હબીબાની મા) સાથે થયું. ઉમ્મ-હબીબાનો પહેલો પતિ પોતાના દેશથી દૂર ઈથિયોપિયામાં મરણ પામ્યો હતો. મહંમદસાહેબની સાથે લગ્ન થયા પહેલાં ઉમ્મ-હબીબાને ઘણાં બાળકો હતાં. તેમાં એક પુત્રીનું નામ હબીબા હતું. લગ્નનું કારણ સાવ સ્પષ્ટ છે.

દશમું અને છેવટનું લગ્ન હુદેબિયાની સંધિ પછી મહંમદસાહેબ ત્રણ દિવસની યાત્રા માટે મક્કા ગયા ત્યારે ત્યાં થયું. આ લગ્ન એક કુરેશ સરદાર હારિસની વિધવા પુત્રી મેમૂના સાથે થયું હતું. મહંમદસાહેબે પોતાના એક કાકાના આગ્રહથી આ લગ્ન કર્યું હતું. અને કાકાનો ઉદ્દેશ પાર પડયો હતો. કારણ કે આ લગ્નથી વલીદના બેટા ખાલિદ અને આસના બેટા અમરૂ જેવા બે જબરદસ્ત દુશ્મન મહંમદસાહેબના પક્ષમાં આવી ગયા.

પોતાની આ બધી પત્નીઓ સાથે મહંમદસાહેબનું વર્તન હમેશાં સમાન રહેતું. અમે આગળ જણાવ્યું છે કે, તે કાળ સુધી દુનિયાના કોઈ પણ દેશમાં એક માણસને એકથી વધારે પત્નીઓ હોવી એ કોઈ રીતે ખરાબ નહોતું મનાતું. અને મહંમદસાહેબનાં આ લગ્નોનો આશય સ્પષ્ટ હતો.

મહંમદસાહેબને (માત્ર પ્રથમ પત્ની ખદીજાથી જ) બે પુત્રો અને ચાર પુત્રીઓ થયાં હતાં. બંને પુત્રો બાળપણમાં જ મરી ગયા. ત્રણ પુત્રીઓનાં લગ્ન તેમણે અરબસ્તાનના પુરાણા ધર્મના લોકોમાં કર્યાં અને એક પુત્રી ફાતમાનું લગ્ન હજરત અલી સાથે કર્યું[૧]

૧. Mirza Abul Fazl's *Life of Mohammad*, pp. 232-3.

## ૨૮

# અંતિમ દિવસો

મહંમદસાહેબની ઉંમર ૬૩ વરસની થવા આવી હતી. તેમનું મોટા ભાગનું જીવન કઠણ અને સાદું હતું. પોતાની જાત પર તેમનો સંપૂર્ણ કાબૂ હતો. મૃત્યુ સમયના તાવ પહેલાં કેવળ એક જ વાર હિજરી સનના છઠ્ઠા વરસમાં તેમની તબિયત કાંઈક બગડયાનો ઉલ્લેખ આવે છે. કદાચ તેમનું આયુષ્ય લંબાઈ શકયું હોત. પણ ખૈબરની લડાઈમાં તેમને જે ઝેર આપવામાં આવ્યું હતું તેથી, જોકે તે સમયે તો તેઓ બચી ગયા પણ, તેમને ઘણું નુકસાન પહોંચ્યું. એ ઝેરની અસર ઓછી કરવા માટે એક વાર તેમણે રૂમડી મુકાવી. છતાં તેમનું સ્વાસ્થ્ય બગડતું ગયું. મહંમદસાહેબના મત પ્રમાણે એમની છેલ્લી માંદગી એ ઝેરની અસરથી જ આવી હતી. આ ઉપરાંત તેમને "મક્કામાં સહેવાં પડેલાં દુઃખો, કષ્ટો, અપમાનો, કેદ, તેમને શહેરમાંથી કાઢી મૂકવામાં આવ્યા તે, તેમ જ મદીનામાં એક એવું કામ, જે પૂરું થશે કે કેમ આ વાત વરસો સુધી શંકાસ્પદ હતી, તેને વિશે બેચેની અને રોજ રોજ વધતાં જતાં રાજ્યની ફિકર-ચિંતા—આ બધાંનો પણ તેમના પર બહુ ભારે બોજો હતો." આ બધાં ઉપરાંત કુરાનના જુદા જુદા ભાગોની વહી જે રીતે આવી તેની પણ મહંમદસાહેબની તબિયત પર ઊંડી અસર થઈ. જ્યારે કાંઈ આધ્યાત્મિક મુશ્કેલી કે કઠિનતાને પ્રસંગે તેમને કાંઈ રસ્તો ન સૂઝતો ત્યારે તેઓ ખાવાપીવાનું છોડી દઈને ચાદર વીંટાળીને પડી રહેતા, પ્રાર્થના કરતા અને રોતા. કોઈ કોઈ વાર તો કેટલાય દિવસ આમ જ વીતતા. તેમનું શરીર વારંવાર કંપવા લાગતું અને ચાદર આંસુ અને પરસેવાથી ભીંજાઈ જતી. છેવટે તેઓ ઊઠતા અને તે વખતે જે નિર્ણય કે જે શબ્દો તેમના મોંમાંથી નીકળતા તેને તેઓ પોતાના 'માલિકનો સંદેશો' પોતાના 'અલ્લાની વહી' કહેતા. તેમની આવી બધી વહીઓ જ ભેગી મળીને 'કુરાન'

કહેવાય છે. તેમની બીજી સામાન્ય ઉક્તિઓ અને ઉદ્દેશો 'હદીસ' કહેવાય છે અને તેમને ઈશ્વરની આજ્ઞાઓ માનવામાં નથી આવતી. આ વારંવારનાં અસાધારણ દરદ અને બેચેનીની અસર મહંમદસાહેબના શરીર, સ્નાયુઓ અને મગજ પર બહુ ઊંડી પડી. એક વાર તેમની દાઢીમાં ધોળા વાળ જોઈને અબુ બક્ર રોવા લાગ્યા. મહંમદસાહેબે કહ્યું—"હા, વહી આવતી વખતે મને જે દર્દ થતું અને કષ્ટ પડતું તેનું આ બધું પરિણામ છે! સૂરે હૂદ, સૂરે અલવાકયા, સૂરે અલકારયા[1] અને તેમની સાથેની બીજી સૂરાઓએ મારા કેશ ધોળા કરી નાખ્યા."

મહંમદસાહેબને છેવટનો તાવ આવ્યો.

એક દિવસ મધરાતે જ્યારે મદીનાના સૌ લોકો ઊંઘતા હતા ત્યારે તેઓ ફક્ત એક માણસને સાથે લઈને શહેર બહાર કબરસ્તાનમાં ગયા અને કબરોની વચ્ચે બેસીને બહુ વાર સુધી ધ્યાનમગ્ન રહ્યા. છેવટે ભરેલે હૈયે તેમણે કહેવા માંડ્યું :

> "હે કબરોના વાસી, તમને સલામ (શાંતિ) હજો. અલ્લા તમને અને અમને સૌને ક્ષમા કરે. શાંત હજો એ સવાર જે દિવસે તમે સૌ ફરીથી જાગો, અને સુખી હોજો તે દિવસે તમારી સ્થિતિ. તમે અમારાથી પહેલા ચાલ્યા ગયા અને અમે તમારી પાછળ આવીએ છીએ."

બીજે દિવસે સવારે પોતાના બંને પિતરાઈ ભાઈઓ—અલી અને ફજલનો ટેકો લઈને તેઓ મસીદમાં ગયા. નમાજ પછી તેમણે લોકોને કહ્યું :

> "મુસલમાનો, તમારામાંથી કોઈને મેં કશું નુકસાન કર્યું હોય તો તેનો જવાબ દેવા અત્યારે હું મોજૂદ છું. જો તમારામાંથી કોઈનું મારી પાસે કશું લેણું હોય તો જે કંઈ આજે મારી પાસે છે તે બધું તમારું છે."

એક જણે યાદ દેવડાવ્યું કે મેં આપના કહેવાથી એક ગરીબ માણસને ત્રણ દિરહમ આપ્યા હતા. મહંમદસાહેબે તેને તે જ વખતે

---

૧. કુરાનના ભાગોનાં નામ.

ત્રણ દિરહમ આપી દીધા અને કહ્યું—"આ જગતમાં શરમાવું સારું છે જેથી કરીને આપણે પરલોકમાં કષ્ટ સહન કરવું ન પડે."

પછી તેમણે જે મુસલમાનોએ પોતાના ધર્મ માટે પ્રાણ આપ્યા હતા અને જેમણે ધર્મને ખાતર દુઃખો વેઠયાં હતાં તેમને માટે ભરેલે હૃદયે અલ્લાની પ્રાર્થના કરી. મક્કાના મોહાજરીન તરફ મોં કરીને 'અન્સાર' તરફ ઈશારો કરતાં તેમણે કહ્યું:

> "મુસલમાનોની સંખ્યા તો વધશે પણ મદીનાના 'અન્સાર'ની સંખ્યા હવે વધી ન શકે. તેઓ જ મારા કુટુંબી હતા જેમણે મને રહેવા ઘર આપ્યું. જ્યારે જગત મને દુઃખ દેતું હતું તે વખતે આ લોકોએ મારા પર વિશ્વાસ કર્યો અને મને અપનાવ્યો."

રોગ અને અશક્તિ વધતી ગઈ. શુક્રવારે નમાજ પઢાવવા માટે તેમણે અબુ બક્રને મસીદમાં મોકલ્યા. આજ સુધી હંમેશાં તેઓ પોતે જ નમાજ પઢાવતા હતા. અબુ બક્રને નમાજ પઢાવતા જોઈને લોકોમાં સનસનાટી ફેલાઈ ગઈ. કેટલાકે માન્યું કે પેગંબર ચાલ્યા ગયા. આ ખબર મળતાં જ મહંમદસાહેબ પાછા અલી અને ફજલના ખભા પર હાથ મૂકીને મસીદમાં આવ્યા. તેમને જોતાં જ લોકોનાં મોઢા પરનો રંગ બદલાઈ ગયો. કરમાઈ ગયેલા ચહેરા ખીલી ઊઠયા. અબુ બક્ર નમાજ પઢાવતા અટકી ગયા. મહંમદસાહેબે આજ્ઞા કરી, 'ચાલુ રાખો.' નમાજ પૂરી થયા પછી મહંમદસાહેબે લોકોને કહ્યું:

> "મેં સાંભળ્યું છે કે તમારા પેગંબરના મૃત્યુની અફવા સાંભળીને તમે ગભરાઈ ગયા હતા. પરંતુ શું મારા પહેલાં કોઈ પેગંબર હંમેશાં રહ્યો છે કે જેથી હું તમારાથી કદી જુદો નહીં પડું એમ તમે માનો છો? દરેક વસ્તુનો સમય નિશ્ચિત છે. તેમાં વહેલુંમોડું ન થઈ શકે અથવા તેને ટાળી ન શકાય. હું તેની જ પાસે જાઉં છું જેણે મને મોકલ્યો હતો. અને તમને મારી છેવટની વિનંતી એ છે કે, તમે આપસમાં સંપીને રહેજો, એકબીજા સાથે પ્રેમ રાખજો, એકબીજાને માટે આદર રાખજો અને દરેક ભલા કામમાં એકબીજાને મદદ કરજો. એકબીજાને ધર્મથી ચળવા ન દેવામાં, પોતાના

વિશ્વાસને દૃઢ કરવામાં અને ભલાં કાર્યો કરવામાં હિંમત આપતા રહેવું એ જ લોકોના કલ્યાણનો રસ્તો છે. બીજા બધા રસ્તા પાયમાલીના છે."

છેવટે તેમણે આ આયત લોકોને સંભળાવી:

"પરલોકમાં અલ્લા તેઓને જ સુખ આપશે જેઓ આ દુનિયામાં મોટા થવાની કોશિશ નથી કરતા, જે કોઈના પ્રત્યે અન્યાય નથી કરતા. પરલોકનો આનંદ કેવળ એ જ લોકો માટે છે જેઓ આ દુનિયામાં સંયમપૂર્વક રહે છે." (૨૮-૮૩)

મહંમદસાહેબે લોકોને આપેલો આ અંતિમ ઉપદેશ હતો. મસીદની પાસે જ આયશાની ઝૂંપડી હતી. અલી અને ફજલના ખભા પર હાથ મૂકીને મહંમદસાહેબ પછી આયશાને ત્યાં ચાલ્યા ગયા. એ તેમના તાવનો ચોથો દિવસ હતો.

શનિવારની રાતે તાવ બહુ જ વધી ગયો. તેમની બેચેની જોઈને તેમની એક પત્ની ઉમ્મ-સલમા મોટેથી રોવા લાગી. મહંમદસાહેબે તેને ધમકાવીને કહ્યું: "ચૂપ, જેને અલ્લા પર વિશ્વાસ છે તે કદી આમ ઘાંટા ન પાડે." એક પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું:

"હા, જેના હાથમાં મારો જાન છે તે અલ્લાના કસમ છે કે જ્યારે પણ આ દુનિયામાં ઈશ્વર પર વિશ્વાસ રાખનાર કોઈ પણ માણસને મુસીબત પડે છે કે રોગ થાય છે તો એ મુસીબત મારફતે તેનાં પાપોને અલ્લા એવી રીતે દૂર કરે છે જેવી રીતે પાનખર ઋતુમાં વૃક્ષો પરથી પાંદડાં ખરી પડે છે.

"આપણાં દુઃખ આપણાં પાપો ધોવા માટે છે. ખરેખર ઈશ્વર પર ભરોસો રાખનાર કોઈ માણસને એક કાંટો વાગે છે તો અલ્લા તેની મારફતે તેનો મોભો વધારી દે છે અને તેનું એક પાપ ધોવાઈ જાય છે.

"જેનો વિશ્વાસ જેટલો પાકો તેટલી તેની વધારે પરીક્ષા કરવામાં આવે છે. જેનો વિશ્વાસ અટળ છે તેને જ દુઃખ પણ વધારે આપવામાં આવે છે. વિશ્વાસ કાચો હોય તો દુઃખ પણ

તેવું જ હોય છે. પરંતુ કોઈ પણ સ્થિતિમાં, જ્યાં સુધી માણસનું અકેએક પાપ ધોવાઈને તે પૃથ્વી પર નિષ્કલંક થઈને ન ફરે ત્યાં સુધી તેને દુ:ખમાંથી ક્ષમા નહીં મળે."

આખી રાત મહંમદસાહેબ કુરાનની સૂરાઓ, જેમાં અલ્લાની સ્તુતિ કરવામાં આવી છે તે, વારંવાર પઢતા રહ્યા.

રવિવારે અશક્તિ અત્યંત હતી. બીમાર થયા તે દિવસથી જ તેઓ સતત ઉપવાસ કરતા હતા. રવિવારે અડધી બેશુદ્ધિની સ્થિતિમાં કોઈએ તેમના મોંમાં કોઈક દવા લાવીને રેડી દીધી. આથી તેમને ઘણું દુ:ખ થયું અને તે નારાજ થયા.

એક વાર મોં પરથી કપડું ખસેડીને કહ્યું:

"જે લોકો પોતાના પેગંબરોની કબરોની પૂજા કરવા માંડે છે તેમના પર અલ્લાનો કોપ હજો. હે અલ્લા, મારી કબરની કદી કોઈ પૂજા ન કરે."

રવિવારે જ તેમણે આયશાને કહ્યું, "તમારી પાસે બિલકુલ પૈસા ન રાખશો. જે કંઈ બચાવીને ક્યાંક રાખી મૂકયું હોય તે ગરીબોને વહેંચી દો." આયશાએ કાંઈક વિચાર કર્યો. તેણે ક્યાંકથી કોઈ પ્રસંગને માટે સોનાના છ દીનાર પોતાની પાસે છાનામાના બચાવીને રાખી મૂકયા હતા. થોડી વાર પછી મહંમદસાહેબે ફરીથી કહ્યું કે જે કાંઈ હોય તે મને આપી દો. આયશાએ છ દીનાર મહંમદસાહેબના હાથમાં ગણી આપ્યા. મહંમદસાહેબે તરત જ કેટલાંક ગરીબ કુટુંબોમાં તે વહેંચી દેવાની આજ્ઞા કરી. તે પ્રમાણે તે વહેંચી દેવામાં આવ્યા. પછી મહંમદસાહેબે કહ્યું: "હવે મને શાન્તિ મળી. હું મારા અલ્લાને મળવા જાઉં અને એ સોનું મારી મિલકત રહે એ ખરેખર સારું નહોતું."

હવે મહંમદસાહેબ ખરેખર અકિંચન હતા. રવિવારની રાતે દીવો કરવા માટે આયશાને એક પડોશીને ત્યાંથી તેલ માગવું પડયું. અને મરતી વખતે મહંમદસાહેબનું પોતાનું કવચ લગભગ દોઢ મણ જવના બદલામાં ગીરો મૂકેલું હતું.

રવિવારની રાત માંદગીમાં વીતી. સોમવારે સવારે તાવ હલકો પડયો અને તબિયત કાંઈક ઠીક લાગવા માંડી. બહાર મસીદના ચોકમાં હજારો

પુરુષો, સ્ત્રીઓ અને બાળકો પેગંબરની ખબર પૂછવા ભેગાં થયાં હતાં. નમાજનો વખત થયો. અબુ બક્ર નમાજ પઢાવવા લાગ્યા. હજી પહેલી રકાત પૂરી થઈ હતી એટલામાં આયશાની ઝૂંપડીનો પડદો ઊંચકાયો. બે માણસોને ટેકે મહંમદસાહેબ બહાર આવતા દેખાયા. તેમના મોં પર આનંદ હતો. તેમને જોતાં જ લોકોના ઊતરી ગયેલા ચહેરા ખીલી ઊઠયા. મહંમદસાહેબે સ્મિત કરીને પોતાના સાથી ફજલને કહ્યું: "સાચે જ આ નમાજ બનાવીને અલ્લાએ મારી આંખો ઠારી."

એ જ રીતે ટેકાથી મહંમદસાહેબ નમાજ પઢતા લોકો તરફ આગળ વધ્યા. લોકોએ વચ્ચેથી ખસી જઈને રસ્તો કર્યો. અબુ બક્ર નમાજ પઢાવતા હતા. તેઓ પાછે પગે ખસીને પેગંબર માટે ઈમામની જગ્યા કરવા જતા હતા. પેગંબરે હાથના ઈશારાથી તમને આગળ જઈને નમાજ પઢાવવાનું ચાલુ રાખવાની આજ્ઞા કરી. અને પોતે તેમનો હાથ પકડીને તેના ટેકાથી તેમની પાસે જમીન પર બેસી ગયા. અબુ બક્રે નમાજ પૂરી કરાવી.

નમાજ પછી મહંમદસાહેબ ફરી પાછા આયશાની ઝૂંપડીમાં ચાલ્યા ગયા. તેઓ અત્યંત થાકી ગયા હતા. એક લીલું દાતણ સાગીને તેમણે દાંત સાફ કર્યા. પછી કોગળા કરીને સૂઈ ગયા. આયશાનો હાથ મહંમદસાહેબના જમણા હાથ પર હતો. તેમણે તેને પોતાનો હાથ ખસેડી લેવા ઈશારો કર્યો. થોડી વાર પછી તેમના મોંમાંથી ધીરે ધીરે આ શબ્દો નીકળ્યા: "હે અલ્લા, મને ક્ષમા આપ અને મને પરલોકના સાથીઓ સાથે મેળવ." પછી "સદાને માટે સ્વર્ગ!" "ક્ષમા!" "હા! પરલોકના મુબારક સાથી!" આ શબ્દો સાથે, મસીદમાંથી પાછા ફર્યા પછી થોડા કલાકમાં જ હિજરી સનના ૧૧મા વરસના રબીઉલ અવલની બારમી તારીખ ને સોમવારે ઈ. સ. ૬૩૨ના જૂનની આઠમી તારીખે મધ્યાહ્ન પછી થોડી વારે મહંમદ સાહેબનો આત્મા આ દુનિયામાંથી ચાલ્યો ગયો.

બહાર મસીદમાં લોકોનું ટોળું ભેગું થયું હતું. ઘણાને વિશ્વાસ નહોતો પડતો કે ઈસ્લામના પેગંબર ચાલ્યા ગયા. અબુ બક્રે અંદર જઈને તેમના મોં પરથી ચાદર ખસેડી અને મોઢું ચૂમીને કહ્યું, "તું જીવનમાં

પ્રિય હતો અને મૃત્યુમાં પણ પ્રિય છે!" પછી, "તું મારાં મા અને બાપ બંને કરતાં પ્રિય હતો! તેં મૃત્યુનાં કડવાં દુઃખો ચાખી લીધાં. અલ્લાની નજરમાં તું એટલો કીમતી છે કે તે તને આ પ્યાલો બીજી વાર પીવા નહીં દે." એમ કહીને તેમણે મહંમદસાહેબના મોં પર ફરી ચુંબન કર્યું અને પછી મોં પર ચાદર ઢાંકીને તેઓ બહાર ચાલ્યા આવ્યા.

બહાર આવીને અબુ બક્રે લોકોને કુરાનની બે આયતોનું સ્મરણ કરાવ્યું. એક એ આયત જેમાં અલ્લાએ મહંમદને કહ્યું છે: "ખચીત, તું પણ મરણ પામશે અને આ બધા લોકો પણ મરણ પામશે." અને બીજી આયત આ: "મહંમદ એક રસૂલ છે; એથી વિશેષ કાંઈ નથી. ખરેખર તેની પહેલાંના સૌ પેગંબરો મરતા આવ્યા છે. તો પછી જો એ મરી જાય કે માર્યો જાય તો શું તમે તમારા ધર્મથી વિમુખ થઈ જશો?" ત્યાર પછી અબુ બક્રે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું: "જે કોઈ મહંમદની પૂજા કરે છે તેણે જાણવું જોઈએ કે મહંમદ ખરેખર મરી ગયા. પરંતુ જે કોઈ અલ્લાની ઈબાદત કરે છે તેણે જાણવું જોઈએ કે અલ્લા જીવે છે અને કદી મરતો નથી!"

અલી, ઓસામ, ફજલ અને કેટલાક બીજાઓએ મળીને મહંમદ-સાહેબને નવડાવ્યા. તેઓ મરણ પામ્યા ત્યારે તેમના શરીર પર જે કપડાં હતાં તેની ઉપર બે બીજી ચાદરો લપેટવામાં આવી. સૌથી ઉપર યમનની એક કિનારીદાર ચાદર ઓઢાડવામાં આવી. ૨૪ કલાક સુધી લાશ એમ જ રાખવામાં આવી. બીજે દિવસે મંગળવારે નગર અને બહારના સૌએ, સ્ત્રીઓ અને બાળકો સુધ્ધાંએ, આવીને પેગંબરના મુખનાં અંતિમ દર્શન કર્યાં. અબુ બક્ર અને ઉમરે જનાજા(સ્મશાનયાત્રા)ની નમાજ પઢાવી. તે જ દિવસે સાંજે આયશાની કોટડીમાં જે જગ્યાએ એમની આંખ મીંચાઈ હતી એ જ જગ્યાએ તેમનું શબ દાટવામાં આવ્યું.

હજરત અબુ બક્રનું કથન છે કે, મહંમદસાહેબ કહ્યા કરતા હતા કે: "નબીઓનો કોઈ વારસ (એટલે તેમના પછી તેમની માલમિલકતનો માલિક) નથી હોતો. તેઓ જે કાંઈ મૂકી જાય તે ગરીબોનું છે." (બુખારી, મુસ્લિમ, અબુ દાઊદ, નસાઈ.)

આ જ સિદ્ધાંત પ્રમાણે મૃત્યુ પહેલાં મહંમદસાહેબની પોતાની પાસે જે કાંઈ બચ્યું હતું—એક સફેદ ખચ્ચર, કેટલાંક હથિયાર અને થોડી જમીન—તે તેમણે ગરીબો અને અનાથો માટે દાન કરી દીધું. (બુખારી, નસાઈ)

આયશા કહે છે કે, મૃત્યુ વખતે પેગંબરે ન મૂક્યો પાછળ એકે પૈસો કે ઊંટ-બકરી કે દાસદાસી કે બીજી કોઈ ચીજ. (બુખારી, મુસ્લિમ, અબુ દાઊદ, નસાઈ.)

મહંમદસાહેબના મૃત્યુ પછી થોડા દિવસે અનસ નામના એક માણસ પાસે લાકડાનો એક પ્યાલો જોવામાં આવ્યો, જેનાથી મહંમદસાહેબ પાણી પીતા હતા. તેની વચ્ચે જરા ફાટ પડેલી હતી. મહંમદસાહેબે તેને લોઢાના પતરાથી જોડી રાખ્યો હતો. તેમના મૃત્યુ પછી તે કોઈક રીતે અનસને મળી ગયો. અનસે લોઢાનું પતરું કાઢી નાખીને તેને ચાંદીના તારથી જોડી દીધો હતો. (બુખારી)

હવે અમારે મહંમદસાહેબની રહેણીકરણી અને ઈસ્લામના મુખ્ય મુખ્ય સિદ્ધાંતોનું વર્ણન કરવાનું બાકી રહે છે.

## ૨૯

# પેગંબરનું અંગત જીવન

મહંમદસાહેબના મક્કાન જીવનનું અને ત્યાં તેમને પડેલાં કષ્ટોનું વર્ણન આગળ આવી ગયું.

મદીનામાં મહંમદસાહેબનું જીવન ગૃહસ્થજીવન અને ફકીરીનું એક અજબ મિશ્રણ હતું. છેવટ સુધી તેમની રહેણી અતિશય સાદી અને મહેનતુ હતી. પોતાને માટે કે પોતાના ઘરનાંને માટે સરકારી કરમાંથી, જકાત કે દાનમાંથી એક કોડી પણ લેવી તેઓ હરામ સમજતા હતા. કોઈની પાસે માગવાનું પણ એમને સારું નહોતું લાગતું. તેમના ખાસ ખાસ મિત્રો પાસેથી ભેટ લઈ લેતા. પણ જરૂર કરતાં વધારે કદી ન લેતા. તેમની

પોતાની મિલકતમાં કેટલાંક ખજૂરીનાં ઝાડ, થોડાં ઊંટ અને બકરાં હતાં. આમાંથી તેમને ખજૂર અને દૂધ મળી રહેતું, રાતે ઘરમાં જે કંઈ સીધું-સામાન બચે તે ગરીબોને વહેંચાવી દેતા. આવતી કાલ માટે બચાવી રાખવું એને તેઓ અલ્લા પરના વિશ્વાસની ઊણપ કહેતા. પરિણામે, જ્યારે ખજૂરની મોસમ ન હોય ત્યારે કે જાનવરો દૂધ ન દેતાં હોય ત્યારે તેમને અને તેમના ઘરવાળાંને કોઈ કોઈ વાર ત્રણ ત્રણ દિવસના સતત ઉપવાસ થતા.[1] કેવળ ખજૂર અને પાણી પર તેમને મહિના વીતી જતા. તેમના મૃત્યુ પછી આયશાએ એક વાર કહ્યું હતું—"કોઈ કોઈ વાર મહિનાઓ સુધી મહંમદના ઘરમાં ચૂલો સળગતો નહોતો." કોઈએ પૂછ્યું : "તો પછી આપ બધાં જીવતાં કેવી રીતે રહેતાં?" આયશાએ ઉત્તર આપ્યો: "પેલી બે કાળી વસ્તુઓ(ખજૂર અને પાણી)ને આધારે અને મદીનાવાળા અમને જે કાંઈ મોકલતા તેને આધારે. અલ્લા તેમનું ભલું કરે! જેમની પાસે દૂઝણાં જાનવર હતાં તેઓ કોઈ કોઈ વાર અમને દધ મોકલતા." આયશા કહે છે કે—"પેગંબરે કદી એક દિવસમાં બે પ્રકારની ખાવાની વસ્તુઓનો સ્વાદ નથી કર્યો. અમારા ઘરમાં ચાળણી નહોતી. અમે અનાજ ખાંડીને તેમાંનાં છોતરાં ફૂંક મારીને ઉડાડી દેતાં હતાં." કેટલીયે વાર રાત્રે દીવો કરવાને માટે ઘરમાં તેલ નહોતું. હદીસમાં લખ્યું છે કે કદીક ભૂખને કારણે મહંમદસાહેબના પેટ પર કપડાં નીચે પથ્થર બાંધેલો રહેતો હતો, પણ બહારનાને ઘરની હાલતની ખબર ન પડે એટલા માટે આ વિશે બહાર વાત કરવાની સખત મનાઈ હતી. એક વાર ભૂખના દુ:ખથી તેમની કોઈ પત્નીએ વ્યાકુળતા બતાવી. પેગંબરે શાન્તિથી ઉત્તર આપ્યો, "જે આ દુ:ખો ન વેઠી શકે તેને મારી પાસે છૂટાછેડા માગીને પોતાને ગમે ત્યાં જઈને રહેવાનો અધિકાર છે," પરંતુ છેવટ સુધી ન તો તેમણે કોઈ પત્નીને તલાક આપી અને ન તો કોઈએ તેમને છોડીને જવાનું પસંદ કર્યું.

પોતાના ઘરમાં મહંમદસાહેબ ઘણુંખરું પોતાને હાથે ઝાડુ કાઢતા, પોતાની બકરીઓ પોતે દોહતા, પોતાને હાથે પોતાનાં કપડાંને થીંગડાં

---

૧. વકીદીને આધારે મ્યૂર.

મારતા, પોતાને હાથે પોતાનાં ચંપલ સીવતા અને પોતાના ઊંટને પોતે જ ખરેરો કરતા. તેઓ ખજૂરીની ચટાઈ પર કે ખુલ્લી જમીન પર સૂઈ જતા. છેલ્લી માંદગીના દિવસોમાં એક વાર તેમની પીઠ પર સાદડીનાં નિશાન પડેલાં જોઈને કોઈએ ગાદી પાથરવાની રજા માગી. "હું આરામ ભોગવવા પેદા નથી થયો." એમ કહીને મહંમદસાહેબે ના પાડી.

અમે આગળ કહી ચૂકયા છીએ કે મરણ સમયે મહંમદસાહેબનું કવચ દોઢ મણ જવના બદલામાં ગીરો મૂકેલું હતું. આમ છતાં કોઈ મહેમાન તેમને ત્યાં આવતો તો પોતે ભૂખ્યા રહીને અને ક્યારેક પોતાનાં ઘરનાંને ભૂખ્યાં રાખીને તેઓ મહેમાનને પ્રેમપૂર્વક જમાડતા. જ્યારે ઈરાન, રોમ અને ઈથિયોપિયાના એલચીઓ મહંમદસાહેબના દરબારમાં આવતા-જતા તે દિવસોમાંયે આરબોનો આ અનોખો બાદશાહ કદી કોઈ પ્રકારના સિંહાસન, ગાદી કે કોઈ ઊંચા આસન પર નથી બેઠો. તેઓ બીજા આમલોકો સાથે મળીને એવી રીતે જમીન પર બેસી જતા કે જેથી કોઈને કશો ભેદ ન દેખાય. તેઓ આવે ત્યારે તેમના માનને ખાતર કોઈ ઊભું થતું તો તેમને દુઃખ થતું અને તેઓ નારાજ થતા.

મહંમદસાહેબ કદી રેશમી કપડું પહેરતા નહોતા. તેઓ કહેતા: "ધર્મિષ્ઠ માણસે કદી રેશમી કપડાં ન પહેરવાં જોઈએ." (વકીદી.) રંગીન કપડાં તેઓ ક્યારેક પહેરી લેતા. પરંતુ સફેદ રંગનું જાડું સુતરાઉ કપડું તેમને વધારે ગમતું અને ઘણુંખરું એવું જ પહેરતા. વગર સીવેલું કપડું તેઓ વધારે પહેરતા. સામાન્ય રીતે એક સફેદ ચાદર ઉપરથી નીચે સુધી લપેટી રાખતા અને તેના બંને છેડા ખભા પર ગરદન પાછળ બાંધી દેતા. તેઓ ઉઘાડે માથે અને ઉઘાડે પગે વધારે રહેતા. કોઈ કોઈ વાર તેઓ અર્ધી બાંયનું ઢીલું પહેરણ, લુંગી અને માથે ફેંટો પણ બાંધતા. પાયજામો તેમણે કદી નથી પહેર્યો. તેમણે માટીના કે લાકડાના એક લોટા ઉપરાંત વધારે વાસણ પોતાની પાસે કદી રાખ્યાં નથી.

તેમનું રહેવાનું મકાન કાચી ઈંટોનું હતું. તેમની બધી પત્નીઓ માટે જુદી જુદી કોટડીઓ હતી. એ કોટડીઓ વચ્ચે ખજૂરીનાં તાડછાંની ગારો છાંદીને બનાવેલી દીવાલો હતી. છાપરું પણ આ જ તાડછાંનું હતું.

તેમના ઘરના બારણાને કમાડ નહોતાં. કમાડની જગ્યાએ ચામડાના કે કાળા ધાબળાના પડદા લટકતા રહેતા હતા.

મહંમદસાહેબ ઊંટ કે બકરીનું માંસ ખાઈ લેતા. પણ સામાન્ય રીતે તેમનો ખોરાક ખજૂર અને પાણી અથવા જવની રોટી અને પાણી હતો. દૂધ અને મધ તેમને પસંદ હતાં પણ તે ખાતા ઓછાં. એક વાર કોઈએ બદામનો લોટ લાવીને તેમને ભેટ આપ્યો. તેમણે–"આ ઉડાઉ લોકોનો ખોરાક છે"–એમ કહીને તે લેવાનો ઇનકાર કર્યો. ડુંગળી અને લસણ પ્રત્યે તેમને એટલો બધો તિરસ્કાર હતો કે ડુંગળી અને લસણવાળી કોઈ ચીજ તેઓ કદી ખાતા નહીં તેમ જ જેના મોંમાંથી ડુંગળી અને લસણની વાસ આવતી હોય તેની પાસે બેસવાનું તેમને ગમતું નહીં. તેમની આજ્ઞા હતી કે મસીદમાં કોઈ ડુંગળી કે લસણ ખાઈને ન આવે.

નાનામોટા સૌ સાથે તેમનું વર્તન હમેશાં સમાન રહેતું. બાળકો પર તેમને વિશેષ પ્રીતિ હતી. રસ્તે ચાલતાં ચાલતાં ઊભા રહીને ગલીમાં બાળકો સાથે રમવા માંડવું એ એમને માટે રોજની વાત હતી. માંદાને જોવા જવું, મુસલમાન કે બિનમુસલમાન કોઈનો પણ જનાજો (સ્મશાન-યાત્રા) જતો હોય તો ઊઠીને થોડે દૂર સુધી તેની સાથે જવું અને કોઈ નાનામાં નાનો માણસ કે ગુલામ પણ નિમંત્રણ આપે તો તે ખુશીથી સ્વીકારવું–આ એમના સ્વભાવની ખાસિયત હતી.

> "નાનામાં નાના માણસો સાથે બહુ પ્રેમ અને આદરપૂર્વક વર્તવું, નમીને ચાલવું, સૌ પર દયા કરવી, કોઈ કાંઈ બોલ્યું-ચાલ્યું હોય તેનો ખાર ન રાખવો, પોતાની જાત પર કાબૂ રાખવો અને દિલ મોટું અને હાથ છૂટો રાખવો–આ મહંમદસાહેબના સ્વભાવની એવી બાબતો હતી જે વખતોવખત ઝળકી ઊઠતી અને જેમને લીધે આસપાસના સૌ લોકો તેમને ચાહવા માંડતા."[૧]

તે સમયે અરબસ્તાનમાં અને દુનિયાના ઘણા દેશોમાં ગુલામીનો રિવાજ મોજૂદ હતો. મહંમદસાહેબ વિશે લખવામાં આવ્યું છે કે તેમને જિંદગીમાં જેટલા ગુલામ મળ્યા તેટલા બધાને તેમણે આઝાદ કરી દીધા

---

૧. *Life of Mohammad, by* Sir W. Muir.

હતા. કુરાનમાં વારંવાર ગુલામોને આઝાદ કરવા કે કરાવવા એ બંને બાબતોને એક બહુ મોટું પુણ્યકર્મ કહેવામાં આવ્યું છે. અને મહંમદ-સાહેબ આ કાર્યમાં લોકોને ખૂબ મદદ અને ઉત્તેજન આપતા રહેતા હતા.

તેઓ ઘણુંખરું ચિંતનમાં ગરકાવ થયેલા અને ઉદાસ જણાતા. કોઈ કોઈ વાર એક પ્રેમાળ સ્મિત તેમના ચહેરા પર જણાતું. તેમની ચાલ એટલી ઝડપવાળી હતી કે બીજાઓને તેમની સાથે રહેવા દોડવું પડતું.

પોતાના ઉપદેશોમાં તેઓ—"હું તમારી પેઠે જ એક માણસ છું." —એ વસ્તુ પર વારંવાર ભાર મૂકતા અને વારંવાર પોતાનાં પાપની ક્ષમા માટે રોઈ રોઈને ઈશ્વરની પ્રાર્થના કરતા. કુરાનમાં આ બંને બાબતોનો અનેક વાર ઉલ્લેખ આવે છે.

કુરાનમાં એક જગ્યાએ આ પ્રમાણે આવે છે: "કહે કે જો હું (મહંમદ) ભૂલ કરું તો મારે કારણે અને જો હું ખરે રસ્તે ચાલું તો ખુદાએ મને આપેલા આદેશને કારણે છે. ખરેખર તે બધું સાંભળવાવાળો અને નજીક છે." (૩૪-૫૦)

## ૩૦

# ઈસ્લામ ધર્મનો સાર

મહંમદસાહેબના ધર્મના સિદ્ધાંતોમાં બે સૌથી મોટી વસ્તુઓ આ છે:

(૧) "તૌહીદ" એટલે 'એકેશ્વર' (ઈશ્વર એક જ છે એમ માનવું), અને (૨) સત્કર્મોની અગત્ય.

'તૌહીદ' (એકેશ્વરવાદ) ઈસ્લામનો સૌથી મોટો સિદ્ધાંત છે અને કુરાનના બધા ઉપદેશોનો સાર છે. કુરાનની ૧૧૨મી સૂરા (અધ્યાય) જે મક્કામાં ઊતરેલી શરૂઆતની સૂરાઓમાં ગણાય છે, તે આ છે:

> "તે અલ્લાના નામથી જે રહમાન (માતાના જેવા પ્રેમથી ભરેલો) અને રહીમ (દયાળુ) છે. કહી દે કે અલ્લા એક છે અને

સર્વ કાંઈ તે જ અલ્લાના આધારે છે. તે પોતે ન તો કદી જન્મ લે છે ન કોઈને જન્મ આપે છે, કોઈ તેના જેવું નથી. તે પોતે જ પોતાની ઉપમા છે."

કુરાનની આ સૂરાનું નામ જ "અલ ઈખલાસ" (એક હોવું) છે.

ઉપનિષદોના "एकमेवाद्वितीयम्" અથવા "एको देवः सर्वभूतेषु गूढः"ની પેઠે કુરાનમાં વારંવાર આવે છે કે "લાઈલાહ ઈલ્લલ્લાહ" (એ એક સિવાય બીજો અલ્લાહ નથી) અલ્લાને કુરાનમાં સૌથી પહેલાં "રબ્બિલ આલમીન" (બધાં વિશ્વો કે કોમોનો રબ એટલે પાલનહાર) અને સૌથી છેલ્લે "રબ્બિન્નાસ" (સૌ મનુષ્યોનો રબ), "મલેકિન્નાસ" (સૌનો બાદશાહ), "ઈલાહિન્નાસ" (સૌનો પૂજ્ય) કહેવામાં આવ્યો છે.

ઈશ્વર એક છે એ ઉપરથી જ માણસો બધાં એક છે એવું તારણ કુરાને કાઢયું છે.

"કાનન્ના સો ઉમ્મતંવ્વાહિદતન્" (સર્વ માણસો એક ઉમ્મત એટલે એક કોમ છે.) (૨-૨૧૩)

"વમા કાનન્ના સો ઈલ્લા ઉમ્મતંવ્વાહિદતન્" (અને સર્વે માણસો એક કોમ ઉપરાંત વિશેષ કાંઈ નથી.) (૧૦-૧૯)

> "ખરેખર તમે સૌ માણસો એક કોમ છો. હું તમારા સૌનો રબ (માલિક) છું. તમે સૌ મારી જ ઈબાદત (ઉપાસના) કરો. લોકોએ માંહોમાંહે પોતાના વિભાગો પાડી નાખ્યા છે, પરંતુ સૌએ અલ્લા પાસે જ પાછા જવાનું છે. એટલે જે કોઈ સત્કર્મ કરશે અને ઈશ્વરમાં વિશ્વાસ રાખશે તેને પોતાનાં કૃત્યોનું સારું ફળ મળશે." (૨૧-૯૨, ૯૩, ૯૪)

છેલ્લી આયતોમાં કુરાનના બંને સૌથી મોટા સિદ્ધાંત આવી ગયા.

સત્કર્મો પર કુરાનમાં પહેલેથી છેલ્લે સુધી વારંવાર ભાર મૂકવામાં આવ્યો છે.

"સૌ માણસો એક જ કોમ"ના સિદ્ધાંતથી જ ઈસ્લામે નાનામોટા, અમીર-ગરીબ, ઊંચ-નીચ, નાત-જાત, કુળ, વંશ, રંગ, ગુલામ અને માલિક વગેરેના સર્વ ભેદો દૂર કરીને સૌ માણસો સમાન હોવા પર અતિશય

ભાર મૂકયો અને કહ્યું કે, "તમારામાં સૌથી મોટો તે છે જે સૌથી વધારે ભલો અને સંયમી હોય." કુરાનના અને મહંમદસાહેબના બીજા ઉપદેશોમાં આ વાતનું વારંવાર પુનરાવર્તન કરવામાં આવ્યું છે.

આ બે મૂળ સિદ્ધાંતો—જે દુનિયાના સૌ ધર્મોમાં સમાન જણાય છે—ઉપરાંત મહંમદસાહેબે કોઈ વસ્તુ પર સૌથી વધારે ભાર મૂકયો હોય તો તે આ વસ્તુ પર કે દુનિયાના સૌ ધર્મો એક છે અને સૌ સાચા છે. કુરાનમાં વારંવાર આ વસ્તુ પર ભાર મૂકવામાં આવ્યો છે કે ન તો મહંમદ દુનિયામાં પહેલા કે અનોખા રસૂલ છે અને ન તો ઈસ્લામ દુનિયામાં કોઈ નવો ધર્મ છે. કુરાન કહે છે કે, દુનિયાની શરૂઆતથી દરેક કોમ અને દરેક જમાનામાં હંમેશાં રસૂલ થતા રહ્યા છે અને તે બધાએ એક જ સાચા સનાતન (હંમેશાંથી ચાલ્યા આવનાર) ધર્મનો ઉપદેશ કર્યો છે.

"દુનિયાની કોઈ કોમ એવી નથી જેમાં બૂરાં કર્મોના ફળનો ડર બતાવનાર ઈશ્વરનો કોઈ ને કોઈ પેગંબર પેદા ન થયો હોય." (૩૫-૨૪)

"દરેક કોમમાં રસૂલ થયા છે." (૧૦-૪૭)

"હે મહંમદ, તું કેવળ લોકોને બૂરાં કર્મોનાં ફળનો ડર દેખાડનાર છે. તેથી વિશેષ કંઈ નથી. અને દુનિયાની દરેક કોમમાં આ જ પ્રકારના ઉપદેશ કરનારા થયા છે." (૧૩-૭)

"દરેક જમાનામાં ઈશ્વરનું આપેલું કોઈ ને કોઈ પુસ્તક ઉપદેશ માટે રહ્યું છે." (૧૩-૩૮)

"ખરેખર અમે દુનિયાની દરેક કોમમાં રસૂલ મોકલ્યો છે. જેનો ઉપદેશ એ જ હતો કે ઈશ્વરની પૂજા કરો અને બૂરાઈથી બચો." (૧૬-૩૬)

કુરાન કહે છે કે દરેક મુસલમાનનો જ નહીં પણ દરેક માણસનો ધર્મ છે કે તે બધા દેશો, બધી કોમો અને બધા જમાનાઓના પેગંબરોનો સરખો આદર કરે. તેઓમાં કોઈ પણ જાતનો ભેદ સમજવો

એ પાપ છે. અને કુરાન તે બધા પેગંબરોના ઉપદેશો અને ધર્મપુસ્તકોની કેવળ 'તસ્દીક' કરે છે એટલે કે તેમને સાચાં ઠરાવે છે.

"પરમેશ્વરે આ પુસ્તક (કુરાન) જેમાં સત્યનો ઉપદેશ છે તે તારા પર મોકલ્યું છે. એ આથી પહેલાં આવેલા બધાં ધર્મપુસ્તકોને સાચાં ઠરાવે છે." (૩-૨)

"કહી દો કે અમે પરમાત્મા પર વિશ્વાસ કરીએ છીએ અને પરમાત્મા તરફથી અમને જે શિક્ષણ મળ્યું છે તેમાં વિશ્વાસ રાખીએ છીએ અને ઈબ્રાહીમ . . . મૂસા, ઈસા અને દુનિયાના બીજા બધા પેગંબરોને પરમાત્મા પાસેથી જે શિક્ષણ મળતું રહ્યું છે તે બધાને માનીએ છીએ. અમે તેઓમાં કોઈ જાતનો ભેદ માનતા નથી. અમે ઈશ્વરની આજ્ઞા માનીએ છીએ. (તેનું સત્ય જ્યાં કંઈ અને જે કોઈની વાણી મારફતે આવ્યું હોય તે પર અમારો વિશ્વાસ છે.)" (૩-૮૩)

"અમે અલ્લાના રસૂલોમાં કોઈ જાતનો ભેદભાવ કરતા નથી." (૨-૨૮૫)

"જેઓ અલ્લા અને તેના પેગંબરોમાં ભેદભાવ કરવા માગે છે અને કહે છે કે અમે તેઓમાંથી કોઈને માનીએ છીએ અને કોઈને નથી માનતા . . . તેઓ કાફર (એટલે ઈશ્વરનો આભાર ન માનનારા) છે, એમાં કાંઈ શક નથી." (૪-૧૪૯)

"જેઓ ઈસ્લામના પેગંબરને મળેલા સત્ય પર વિશ્વાસ રાખે છે અને ઈસ્લામ પહેલાં આ દુનિયામાં પ્રગટ થયેલાં સત્યો પર પણ વિશ્વાસ રાખે છે, તેમ જ પરલોક એટલે કર્મનાં ફળ પર પણ વિશ્વાસ રાખે છે તેઓ પોતાના પરમાત્માએ બતાવેલે સાચે રસ્તે છે અને તેઓ જ ભલાઈને રસ્તે છે." (૨-૪-૫)

સૌ ધર્મને સાચા અને સૌ ધર્મપ્રવર્તકોને ઈશ્વરે મોકલેલા માનીને મહંમદસાહેબનું કહેવું એમ છે કે દરેક ધર્મનાં બે અંગ હોય છે. પહેલું અંગ તે તેની પૂજાની રીત અને બીજું તેના મૂળ સિદ્ધાંતો. પહેલું—પૂજાની રીત—દેશકાળ પ્રમાણે જુદા જુદા ધર્મોમાં જુદું જુદું હોય છે,

અને બીજું – મૂળ સિદ્ધાંતો – સૌ ધર્મોમાં એક છે. પહેલા અંગને કુરાનમાં 'શરઅ' અને 'નુસુક' અથવા 'મિનહાજ' (વિધિવિધાન), અને બીજા અંગને 'અદ્દીન' (ધર્મ) અથવા 'અલ ઈસ્લામ' કહે છે. આ 'અદ્દીન' અથવા 'અલ ઈસ્લામ' તરફ લોકોનું ફરીથી ધ્યાન ખેંચવું એને જ કુરાન પોતાનું કાર્ય કહે છે. અને આ અદ્દીન અથવા અલ ઈસ્લામ એટલે એક ઈશ્વરને માનવો અને સત્કર્મો કરવાં. કુરાન પોતાની પહેલાંના સર્વ ધર્મોને ઈસ્લામ કહે છે.

> "હે પેગંબર, અમે દરેક સમાજ માટે પૂજાની એક ખાસ રીત (નુસુક) નિર્માણ કરી છે, જેનો તેઓ અમલ કરે છે. માટે લોકોએ આ બાબતમાં ઝઘડો ન કરવો જોઈએ." (૨૨-૬૬)

> "અમે તમારામાંથી દરેક ધર્મના માનનારાઓ માટે એક ખાસ વિધિવિધાન (શરઅ અને મિનહાજ) નિર્માણ કર્યું છે. જો પરમાત્મા ચાહત તો તમને બધાને એક જ સંપ્રદાયના (એક રિવાજ પાળનારા) બનાવી દેત. પણ આ ભેદ એટલા માટે છે કે (કાળ અને સ્થિતિને ઘટતી) તમને જે આજ્ઞાઓ આપવામાં આવી છે તે અનુસાર જ તમારી પરીક્ષા કરીએ. એટલે આ ભેદોની પાછળ પડયા સિવાય સત્કર્મો કરવામાં એકબીજાની હરીફાઈ કરો. (કારણ અસલ કામ એ જ છે.)" (૫-૪૮)

> "જે લોકોની માન્યતા ખોટી છે પરંતુ જેઓ સત્કર્મો કરે છે તેમનો નાશ તમારો રબ ન કરી શકે. તે ઈચ્છત તો સૌના વિચારો એકસરખા કરી દેત. પરંતુ લોકોમાં આ બાબતોમાં મતભેદ રહેશે." (૧૧-૧૧૭, ૧૧૮)

> "અને (જુઓ) ભલાઈનો રસ્તો એ નથી કે તમે (ઈબાદત વખતે) પોતાનું મોઢું પૂર્વ તરફ કરો કે પશ્ચિમ તરફ (અથવા એ જાતની બાહ્ય રીતરિવાજને લગતી બીજી કોઈ બાબત કરી લો). ભલાઈનો રસ્તો એનો છે જે પરમાત્મા પર, કયામતના દિવસે (જે દિવસે ઈશ્વરની સમક્ષ જવાનું છે) પર, ફિરસ્તાઓ પર ઈશ્વરના આપેલા સૌ ધર્મગ્રંથો પર અને સૌ પેગંબરો પર વિશ્વાસ

કરે છે, અને પોતાનું પ્રિય ધન સગાંસંબંધીઓ, અનાથો (યતીમો), ગરીબો, મુસાફરો અને યાચકોમાં અને ગુલામોને આઝાદ કરાવવામાં ખર્ચે છે, નમાજ પઢે છે, પોતાની કમાણીમાંથી દાન (જકાત) આપે છે, આપેલું વચન પાળે છે, દુઃખો, મુસીબતો અને ગભરાટને વખતે ધીરજ રાખે છે. યાદ રાખો એવા જ લોકો સાચા શ્રાદ્ધાળુ છે અને ધર્માત્મા (મુત્તકી) છે." (૨-૧૭૭)

"ખરેખર મુક્તિનો રસ્તો ખુલ્લો છે. તે કોઈ ખાસ સમુદાય માટે નથી. જે કોઈએ પરમાત્મા આગળ શિર નમાવ્યું અને સદાચારી બન્યો તે, ચાહે તો યહૂદી હોય કે ખ્રિસ્તી હોય કે કોઈ બીજો હોય, પોતાના રબ પાસેથી તેનું ફળ મેળવશે. તેને કોઈ જાતનો ભય કે શોક નથી." (૨-૧૧૨)

"જેઓ (મહંમદ પર) ઈમાન લાવ્યા છે (વિશ્વાસ લાવ્યા છે) તેઓ હોય કે યહૂદી, ખ્રિસ્તી કે સાબી (જૂના વખતના એક ધર્મના) હોય, કોઈ પણ હોય, અને કોઈ પણ જાતના હોય, મુક્તિ માટે અલ્લાનો કાયદો એ છે કે જે કોઈ અલ્લા પર અને અંતે એક દિવસ સૌને પોતાનાં કર્મના ફળ મળવા પર વિશ્વાસ રાખે છે અને સત્કર્મો કરે છે, તેને પોતાના વિશ્વાસ અને સત્કર્મોનું ફળ ઈશ્વર તરફથી જરૂર મળશે. તેને કોઈ જાતનો ભય કે શોક નથી." (૨-૬૨)

કુરાનનો દાવો છે કે બધા ધર્મના પ્રવર્તકોએ આ જ મૂળ સિદ્ધાંતનો ઉપદેશ કર્યો છે—'એક ઈશ્વરની પૂજા અને સત્કર્મ.' આને જ કુરાન 'ઈસ્લામ' કહે છે અને સૌ પુરાણા ધર્મોને માનનારાઓને,—જેઓ આ મૂળ સિદ્ધાંત પ્રમાણે વર્તે છે તેમને કુરાન 'મુસ્લિમ' કહે છે. અને બીજી બાબનોને, જેમ કે પૂજાની વિધિને કુરાન કામ ચલાવવાની વિધિઓ કહે છે અને આ એક મૂળ સિદ્ધાંત પર દુનિયાના સૌ માનવીઓને એક ભાઈચારાના સંબંધથી જોડાઈ જવાનો ઉપદેશ આપે છે.

કુરાનમાં એ જ કાર્યોને સારાં કહેવામાં આવે છે જેમને સૌ સારાં માને છે અને એ જ કાર્યોને બૂરાં કહ્યાં છે જેમને સૌ બૂરાં સમજે છે,

અને કુરાનમાં સારાં કાર્યોને માટે 'મારૂફ' અને બૂરાં કાર્યોને માટે 'મુનકર' શબ્દ આવ્યા છે તેના આ જ અર્થ છે.

"કુરાને કેવળ તે જ ધર્મપ્રવર્તકોને સાચા નથી માન્યા, જેમના નામ તેની સામે હતાં, પણ સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું કે મારા પહેલાં જેટલા રસૂલ અને ધર્મપ્રવર્તકો થઈ ગયા છે તે સૌને હું સાચા માનું છું અને તેમનામાંથી કોઈ એકને પણ સાચા ન માનવા તેને હું ઈશ્વરની સત્યતાનો ઈનકાર કરવા બરાબર સમજું છું. કુરાને કોઈ પણ ધર્મવાળા પાસે એવી અપેક્ષા નથી રાખી કે તે પોતાનો ધર્મ તજી દે બલકે કયારે પણ અપેક્ષા રાખી ત્યારે એ જ રાખી છે કે સૌ પોતપોતાના ધર્મોના અસલ શિક્ષણ પ્રમાણે આચરણ કરે; કેમ કે સૌ ધર્મોનું અસલ શિક્ષણ એક જ છે. કુરાને નથી તો કોઈ નવો સિદ્ધાંત રજૂ કર્યો, કે નથી કોઈ ખાસ નવો વિધિ ઠરાવ્યો. તેણે હંમેશાં એવી બાબતો પર ભાર મૂકયો જે દુનિયાના સૌ ધર્મોની સૌથી વધારે પ્રસિદ્ધ બાબતો છે—એટલે કે એક જગદીશ્વરની ઉપાસના અને સદાચારી જીવન. તેણે જ્યારે પણ લોકોને પોતા તરફ બોલાવ્યા છે ત્યારે એ જ કહ્યું છે કે પોતાના ધર્મોનું અસલ શિક્ષણ ફરી તાજું કરો; તમે એમ કરો એ મને માની લીધા બરાબર છે."[1]

આમ મહંમદસાહેબના ઉપદેશોનો સાર અથવા કુરાનના ખાસ સિદ્ધાંતો આ છે:

૧. કેવળ એક ઈશ્વરને માનવો અને તેની જ ઈબાદત કરવી,

૨. સત્કર્મ કરવાં અને દુષ્કર્મોથી દૂર રહેવું, અને

૩. સૌ ધર્મોને મૂળમાં એક માનવા અને સૌ ધર્મપ્રવર્તકોના તથા મહાપુરુષોનો એકસરખો આદર કરવો.

---

૧. 'તરજુમાનુલ કુરાન' લેખક: મૌલાના અબુલ કલામ આઝાદ.

## ૩૧

# ઉપદેશ અને પ્રાર્થનાઓ

હવે અમે મહંમદસાહેબના કેટલાક પ્રકીર્ણ ઉપદેશો નમૂના તરીકે આપીએ છીએ:

અમરૂ લખે છે—મેં પેગંબરને પૂછ્યું, "ઇસ્લામ શી ચીજ છે?" તેમણે જવાબ આપ્યો, "વાણી પવિત્ર રાખવી અને અતિથિનો સત્કાર કરવો." મેં પૂછ્યું, "ઈમાન શી વસ્તુ છે?" તેમણે કહ્યું, "ધીરજ ધરવી અને બીજાઓનું ભલું કરવું."

—અહમદ

*

અબુ ઉમામા લખે છે, કોઈએ પૂછ્યું, "હે પેગંબર, ઈમાન શી ચીજ છે?" તેમણે જવાબ આપ્યો—"જો તને સત્કાર્ય કરતાં આનંદ થાય અને દુષ્કર્મ કરતાં દુ:ખ થાય તો તું ઈમાનદાર છે." તેણે પૂછ્યું, "અને પાપ શી વસ્તુ છે?" ઉત્તર મળ્યો—"જે કોઈ કામ કરતાં તારા આત્માને આઘાત લાગે (તે પાપ છે) તે ન કરીશ."

—અહમદ

*

મહંમદસાહેબે કહ્યું—"ઈમાન માણસને દરેક પ્રકારનો જુલમ કરતાં અટકાવવા માટે છે. કોઈ મોમિન (ઈમાનદાર) કોઈ પર જુલમ ન કરી શકે."

—અબુ હુરેરા, અબુ દાઊદ

*

એક જણે પૂછ્યું—"હે પેગંબર, ઇસ્લામની સૌથી મોટી પિછાન કઈ છે?" ઉત્તર મળ્યો—"ભૂખ્યાંને ભોજન આપવું અને જાણીતા કે અજાણ્યા

સૌને સલામ કરવી." (અરબીમાં સલામનો અર્થ સલામતી એટલે ભલું ઈચ્છવું એવો છે.)

—મુસ્લિમ

*

મહંમદસાહેબે કહ્યું—"પોતાનો પડોશી પાસે જ ભૂખ્યો પડયો હોય ત્યારે પણ જે માણસ પોતે પેટ ભરીને ખાય છે તે મોમિન નથી."

—બૈહકી

*

"મોમિન તે છે જેના હાથમાં પોતાનો જાન અને માલ સોંપીને સૌ નિશ્ચિત રહે."

—બુખારી, મુસ્લિમ

*

"મોમિન થવા માગતો હોય તો તારા પડોશીનું ભલું કર, અને મુસ્લિમ થવા ઈચ્છતો હોય તો જે કંઈ તારા માટે સારું માનતો હોય તે જ સૌને માટે સારું માન અને બહુ હસીશ નહીં, કારણ કે ખરેખર, વધારે હસવાથી હૃદય કઠોર બની જાય છે."

—તિરમિઝી

*

"બળવાન તે નથી જે બીજાઓને નીચે પાડી નાખે; આપણામાં બળવાન તે છે જે પોતાના ગુસ્સાને કાબૂમાં રાખે છે."

— બુખારી, મુસ્લિમ

*

અબદુલ્લા કહે છે, એક વાર અમે પેગંબર સાથે મુસાફરી કરતા હતા. અમે એક પક્ષી જોયું. તેની સાથે બે બચ્ચાં હતાં. અમે બચ્ચાંને પકડી લીધાં. તેમની મા ટળવળવા લાગી. પેગંબરે અમારી પાસે આવીને કહ્યું—"આનાં બચ્ચાં છીનવી લઈને આને કોણે કનડી? એનાં બચ્ચાં એને પાછાં આપી દો."

એક જગ્યાએ અમે ઊધઈનો રાફડો સળગાવી મૂકયો હતો. એ જોઈને પેગંબરે પૂછયું—"આ કોણે સળગાવ્યો?" અમે કહ્યું કે "અમે."

પેગંબરે કહ્યું—"અલ્લા, જે અગ્નિનો માલિક છે, તેના સિવાય બીજા કોઈને અધિકાર નથી કે બીજાને અગ્નિ વડે શિક્ષા કરે."

—અબુ દાઊદ

*

એક જણ મહંમદસાહેબ પાસે આવ્યો. તેની પાસે એક શેતરંજીમાં કાંઈક વીંટાળેલું હતું. તેણે કહ્યું—"હે પેગંબર, હું જંગલમાંથી આવતો હતો ત્યાં મેં પક્ષીઓનાં બચ્ચાંનો અવાજ સાંભળ્યો અને કેટલાંક બચ્ચાંને પકડીને શેતરંજીમાં લપેટી લીધાં. બચ્ચાંની મા ટળટળવા લાગી. પછી મેં શેતરંજી ખોલી એટલે મા આવીને પોતાનાં બચ્ચાંમાં પડી. મેં માને પણ શેતરંજીમાં લપેટી લીધી. એ બધાં પક્ષી આ શેતરંજીમાં છે." પેગંબરે તેને આજ્ઞા કરી,—"હમણાં ને હમણાં જઈને મા અને તેનાં બચ્ચાં બંનેને જ્યાંથી પકડયાં હતાં તે જ જગ્યાએ મૂકી આવ." પેલા માણસે તે પ્રમાણે કર્યું.

—અબુ દાઊદ

*

એક વાર એક જણ કોઈ પંખીના માળામાંથી કેટલાંક ઈંડાં ચોરી લાવ્યો. પેગંબરે તે ઈંડાં તરત જ પાછાં તે જ જગ્યાએ મુકાવી દીધાં.

—બુખારી

*

પાસેથી એક જનાજો (ઠાઠડી) જતો હતો. તેના માનમાં મહંમદસાહેબ ઊભા થઈ ગયા. એક જણે કહ્યું—"આ તો એક યહૂદીનો જનાજો છે." તેમણે જવાબ આપ્યો—"શું યહૂદીને જીવ નથી હોતો?"

—બુખારી, મુસ્લિમ

*

કોઈએ પેગંબરને કહ્યું—"મુશરિકો(એક અલ્લા સાથે બીજા દેવોને પૂજનારા)ની વિરુદ્ધ અલ્લાને પ્રાર્થના કરો અને તેમને શાપ આપો." પેગંબરે જવાબ આપ્યો—"મને ફક્ત દયા કરવા મોકલવામાં આવ્યો છે, શાપ દેવા નહીં."

—મુસ્લિમ

*

"કોઈ પણ નશાની ચીજનો ઉપયોગ કરવો એ સૌ પાપોનું પાપ છે."

—કુરાન

*

મહંમદસાહેબની તલવારની મૂઠ પર આ શબ્દો કોતરેલા હતા— "જે તને અન્યાય કરે તેને તું ક્ષમા આપ, જે તને પોતાથી વિખૂટો કરે તેની સાથે મેળ કર, જે તારા પ્રત્યે બૂરાઈ કરે તેના પ્રત્યે તું ભલાઈ કર, અને હંમેશાં સત્ય બોલ, પછી ભલે તે તારી વિરુદ્ધ જતું હોય"

—કુરાન

*

સૌ પ્રાણીઓ પરમાત્માનું કુટુંબ છે, અને જે આ પરમાત્માના કુટુંબનું ભલું કરે છે તે પરમાત્માને સૌથી પ્રિય છે.

—બૈહકી

*

મહંમદસાહેબે એક વાર કહ્યું—મૃત્યુ પછી અલ્લા પૂછશે, "હે માનવ સંતાન, હું બીમાર હતો અને તું મને જોવા નહોતો આવ્યો!" માણસ કહેશે, "હે મારા રબ, હું તને જોવા કેવી રીતે આવી શકું? તું તો આખી દુનિયાનો માલિક છે." અલ્લા ફરી પૂછશે, "હે માનવ સંતાન, મેં તારી પાસે ભોજન માગ્યું હતું અને તેં મને ભોજન નહોતું આપ્યું!" માણસ કહેશે, "હે મારા રબ, તું તો આખી દુનિયાનો માલિક છે. હું તને ભોજન કેવી રીતે આપી શકું?" અલ્લા પૂછશે, "હે માનવ સંતાન, મેં તારી પાસે પાણી માગ્યું હતું અને તેં મને પાણી નહોતું આપ્યું." માણસ કહેશે, "હે મારા રબ, હું તને પાણી કેવી રીતે આપી શકું? તું તો આખી દુનિયાનો માલિક છે." પછી અલ્લા જવાબ આપશે, "શું તને ખબર નહોતી કે મારો એક બંદો બીમાર હતો? તું તેને જોવા ન ગયો. તને ખબર નહોતી કે તું એને જોવા જાત તો જરૂર મને તેની પાસે જોત? શું તને ખબર ન હતી કે મારા એક બંદાએ મારી પાસે ભોજન માગ્યું હતું અને તેં એને ભોજન નહોતું આપ્યું? શું તને ખબર નહોતી કે તું એને ભોજન આપત તો મને એની સાથે

જોત? મારા એક બંદાએ તારી પાસે પાણી માગ્યું અને તેં એને પાણી ન આપ્યું. જો તું એને પાણી આપત તો ખરેખર તું મને તેની સાથે જોત!"

—મુસ્લિમ

*

"અલ્લાના બંદાઓમાં કેટલાક એવા છે જેઓ નથી પેગંબર કે નથી શહીદ. પરંતુ અલ્લા સમક્ષ તેમને સન્માન પામતા જોઈને પેગંબરો અને શહીદો પણ ઈર્ષા કરશે. આ તે બંદાઓ છે જે કેવળ પોતાનાં સગાંને જ નહીં પણ બધાં માનવીઓને ચાહે છે. એમના ચહેરા અલ્લાના નૂરથી (પ્રકાશથી) ચમકશે. બીજા લોકોને માટે પરલોકમાં કશો ભય કે શોક હોય કે ન હોય, આ લોકોને માટે કશો ભય કે શોક નહીં હોય."

—અબુ દાઊદ

*

એક વાર મહંમદસાહેબ સફરમાંથી મદીને પાછા આવ્યા અને પોતાની પુત્રી ફાતમાને મળવા સીધા તેને ત્યાં ગયા. પુત્રીના ઘરમાં બે ચાંજો નવી હતી. એક રેશમી કાપડનો ટુકડો પડદાની પેઠે એક દરવાજા પર લટકતો હતો અને ફાતમાના હાથમાં ચાંદીનાં કડાં હતાં. આ જોઈને મહંમદસાહેબ પાછે પગે મસીદમાં પાછા આવ્યા અને ત્યાં બેસીને રોવા લાગ્યા. ફાતમાએ પોતાના પુત્ર હસનને પૂછવા મોકલ્યો કે નાના આટલા જલદી કેમ પાછા ગયા. હસને જઈને નાનાને કારણ પૂછ્યું. પેગંબરસાહેબે જવાબ આપ્યો – "મસીદમાં લોકો ભૂખ્યા બેઠા હોય અને મારી દીકરી ચાંદીનાં કડાં પહેરે તથા રેશમ વાપરે એ જોઈને મને શરમ આવી!" હસને જઈને માને કહ્યું. ફાતમાએ તરત જ કડાં ભાંગીને તે જ રેશમના કકડામાં બાંધીને પિતાને મોકલી દીધાં. મહંમદસાહેબ ખુશ થયા અને કડાં તથા કાપડ વેચીને રોટી મંગાવી અને ગરીબોને વહેંચી દીધી. પછી તેમણે ફાતમા પાસે જઈ કહ્યું – "હવે તું ખરેખર મારી દીકરી છે."

—બુખારી

"અલ્લા રહીમ (દયાળુ) છે. તે દયાળુ પર દયા કરે છે. જેઓ પૃથ્વી પર છે તેમના પર તમે દયા કરો અને આસમાન પર છે તે તમારા પર દયા કરશે."

—અબુ દાઊદ, તિરમિઝી

*

લડાઈના દિવસોમાં કોઈએ આવીને કહ્યું કે, "હે પેગંબર, હું (અલ્લાને માટે) લડાઈમાં જવા ઈચ્છું છું." મહંમદસાહેબે તેને પૂછયું, "તારી મા જીવે છે?" પેલાએ કહ્યું, "હા." મહંમદસાહેબે ફરી પૂછયું, "શું કોઈ બીજું તેનું પાલનપોષણ કરનાર છે?" પેલાએ જવાબ આપ્યો, "ના." મહંમદસાહેબે કહ્યું, "તો જા, તારી માની સેવા કર; કારણ કે ખરેખર તેના જ ચરણો નીચે સ્વર્ગ છે."

—નસાઈ

*

"અલ્લાએ મને હુકમ આપ્યો છે કે નમીને ચાલ અને નાનો બનીને રહે, જેથી કરીને કોઈ બીજાથી તું ઊંચો ન થઈ જાય તેમ જ બીજા કરતાં મોટો હોવાનો ઘમંડ ન કરે. જેના મનમાં રતીભાર પણ ઘમંડ છે તે કદી સ્વર્ગમાં નથી જઈ શકતો. સૌ માનવીઓ આદમનાં સંતાન છે અને આદમ માટીમાંથી પેદા થયો હતો."

—અબુ દાઊદ, મુસ્લિમ, તિરમિઝી

*

અનસ લખે છે કે મારી હાજરીમાં જ્યારે પણ કોઈએ પેગંબર પાસે આવીને ફરિયાદ કરી છે કે, આ માણસે મને જાન કે માલનું નુકસાન કર્યું છે, અને મને તેનો બદલો લેવાની પરવાનગી આપો, ત્યારે પેગંબરે હંમેશાં સૌને એવો જવાબ આપ્યો છે, "માફ કરી દો."

—અબુ દાઊદ, નસાઈ

*

"સૌથી મોટાં પાપ આ છે – શિર્ક (અલ્લા સાથે બીજા કોઈને તેની બરાબર માનવો), માતપિતાની આજ્ઞા ન માનવી, કોઈ પ્રાણીને

ઈજા કરવી, જૂઠા કસમ ખાવા અને જૂઠી સાક્ષી પૂરવી."

—બુખારી, મુસ્લિમ

*

"જેઓ ઈમાન રાખે છે તેઓ હત્યામાંથી સૌથી વધારે બચી જાય છે."

—અબુ દાઊદ

*

"જે માણસ એક બાજુ નમાજ પઢશે, રોજા રાખશે અને દાન કરશે અને બીજી બાજુ કોઈની પર જૂઠો આરોપ મૂકશે, બેઈમાની કરીને કોઈના પૈસા ખાઈ જશે કે કોઈનું લોહી રેડશે અથવા કોઈને દુઃખ દેશે, એવા માણસની નમાજ, તેના રોજા, દાન કશું કામમાં નહીં આવે. તેણે બીજાં જે કાંઈ સારાં કામ કર્યાં હશે તે બધાં તેના હિસાબમાંથી કાપીને તેણે જેમના પર જુલમ કર્યો હશે તેમના હિસાબમાં ઉમેરી દેવામાં આવશે. અને એમ કરવાથી પણ નહીં પતે ત્યારે પેલા પીડિતોએ પહેલાં જેટલાં પાપ કર્યાં હશે તે તેમના હિસાબમાંથી બાદ કરીને આ જુલમ કરનારનાં પાપોમાં ઉમેરી દેવામાં આવશે. તે એટલે સુધી કે અંતે તેણે નમાજ, રોજા અને દાન એ બધું કરવા છતાં તેને નરકના ભડભડતા અગ્નિમાં બાળી મૂકવામાં આવશે."

—મુસ્લિમ

*

"ખરેખર અલ્લાએ તમને પોતાની માની આજ્ઞાનો ભંગ કરવાની અને પોતાની પુત્રીઓને જીવતી દાટી દેવાની મનાઈ કરી છે અને લાલચને હરામ ઠરાવી છે."

—બુખારી, મુસ્લિમ

*

"હું કહું છું કે કોઈ માણસ જે શાંત, સદાચારી અને બીજાના સુખે સુખી રહે છે તે નરકમાં નથી જતો."

—તિરમિઝી

*

તમે તમારી તરફથી મને છ બાબતોની ખાતરી આપો અને હું તમને સ્વર્ગની ખાતરી આપું છું: (૧) જ્યારે બોલો ત્યારે સત્ય બોલો; (૨) વચન આપો તે પાળો; (૩) કોઈનો વિશ્વાસઘાત ન કરો; (૪) દુરાચારથી બચો; (૫) નજર હંમેશાં નીચી રાખો; અને (૬) કોઈના પર જબરજસ્તી ન કરો."

—બૈહકી

*

"એકબીજાને સલાહ આપો કે, તમારી પત્નીઓ સાથે સારી રીતે વર્તો. તેમની સાથે તમારું લગ્ન થાય છે પરંતુ તેઓ ખરેખર રીતે ગંદું કામ ન કરી બેસે ત્યાં સુધી તેમને શિક્ષા કરવાનો તમને કશો અધિકાર નથી. જો તેઓ સદાચારી રહે તો તેમની વિરુદ્ધ કશો વિચાર ન કરશો. અને ખરેખર જેમ તમારો તમારી પત્નીઓ પર અધિકાર છે તે જ પ્રમાણે તમારી પત્નીઓનો પણ તમારા પર અધિકાર છે."

—તિરમિઝી

*

"જ્યારે કોઈ પુરુષ કોઈ પરસ્ત્રી સાથે એકાંતમાં બેસે છે ત્યારે તેમની બેની વચ્ચે શેતાન આવીને બેસે છે."

—તિરમિઝી

*

"મને મારા લોકોને માટે જે બે વસ્તુઓનો સૌથી વધારે ડર છે તે ભોગવિલાસ અને મોટા થવાની ઈચ્છા છે. ભોગવિલાસ માણસને સત્યથી ચલિત કરે છે અને મોટા થવાની ઈચ્છામાં ફસાઈને માણસ પરલોકને ભૂલી જાય છે. આ દુનિયા રહેવાની નથી. અને પરલોક બહુ પાસે છે. બંનેના પોતપોતાના વારસો છે. તમારાથી બની શકે તો તમે આ દુનિયાના વારસ થઈને ન રહેશો. ખરેખર આજે તમે કર્મભૂમિમાં (કમાણીની દુનિયામાં) છો અને કાલે આ કર્મભૂમિમાંથી નીકળીને પરમાત્મા સમક્ષ તમારે પોતાનાં કર્મોનો હિસાબ આપવો પડશે."

—બૈહકી, બુખારી

*

"આ દુનિયાનો મોહ રાખવો (તેને અપનાવવી) એ જ બધાં પાપોનું મૂળ છે."

—અબુ દાઊદ

*

આ જ મહંમદસાહેબે કહેલો 'ઈસ્લામ' છે. આ જ દુનિયાના બધા ધર્મોનો સાર છે.

મહંમદસાહેબના ઉપદેશમાં અને કુરાનમાં બીજી બે એવી બાબતો છે જેમને વિશે કાંઈક કહેવાની જરૂર છે: (૧) જેહાદ, અને (૨) ચાર લગ્નોની પરવાનગી.

'જેહાદ' શબ્દ વિશે જેટલી ગેરસમજૂતી છે એટલી દુનિયામાં બીજા શબ્દ વિશે ભાગ્યે જ હશે.

'જેહાદ' શબ્દ કુરાનમાં જુદી જુદી રીતે સેંકડો વાર આવ્યો છે. પરંતુ આખા પુસ્તકમાં એકે જગ્યાએ એ શબ્દ લડાઈના અર્થમાં નથી આવ્યો. અરબીમાં જેહાદ શબ્દનો અર્થ કેવળ 'જેહદ' એટલે કોશિશ કરવી એવો છે. ધર્મમાં અલ્લાને નામે કોઈ પણ જાતની કોશિશ, ચેષ્ટા કે 'અભિક્રમ' કરવો, પોતાના જનમાલથી, ગરીબોની સેવા અને અનાથોનું પાલન કરીને, નમાજ પઢીને, રોજા રાખીને કે બીજાઓને દાન કરીને, પોતાના મન પર કાબૂ મેળવીને, પોતાના ગુસ્સાને મારીને, સાચા ધાર્મિક બનવાની કોશિશ કરવી, બીજાઓને ઉપદેશ કરીને તેમને સાચા ધર્મને રસ્તે વાળવા – આ અર્થોમાં જ 'જેહાદ' શબ્દ કુરાનમાં આવ્યો છે; અને આ જ જેહાદનો દરેક માણસને ઉપદેશ કરવામાં આવ્યો છે. મક્કામાં જે આયતોની વહી આવેલી તે આયતોમાં – જ્યારે હથિયારબંધ લડાઈની રજા પણ આપવામાં નહોતી આવી – ઠેકઠેકાણે (આ જ અર્થમાં) જેહાદ કરવાનો ઉપદેશ છે અને અનેક ઠેકાણે આવી આજ્ઞા છે – "જેહાદ કરો અને ધીરજ રાખો." જે મુસલમાનોએ પોતાના ધર્મનું રક્ષણ કરવા પોતાનાં ઘરબાર છોડીને ઈથિયોપિયાના ખ્રિસ્તી બાદશાહનું શરણ લીધું હતું તેમના એ કાર્યને 'જેહાદ' કહેવામાં આવી છે. ખુદ ઈસ્લામના પેગંબરે કહ્યું છે કે, પોતાના મનોવિકારો પર કાબૂ મેળવવો અને પોતાના

ગુસ્સાને જીતવો એ 'જેહાદે અકબર' એટલે 'સૌથી મોટી જેહાદ' છે. કુરાનમાં હથિયારબંધ લડાઈનો પણ અનેક ઠેકાણે ઉલ્લેખ છે. પરંતુ જ્યાં જ્યાં લડાઈનો ઉલ્લેખ આવ્યો છે ત્યાં 'જેહાદ' નહીં પણ 'કેતાલ' શબ્દ વાપરવામાં આવ્યો છે. અરબીમાં 'કેતાલ'નો અર્થ 'હથિયારબંધ લડાઈ' થાય છે. કુરાન ખાસ પરિસ્થિતિમાં અને બીજાઓના હુમલાઓના જવાબમાં હથિયાર ઉઠાવવાની પણ રજા આપે છે, પણ જે પરિસ્થિતિમાં અને જે કડક શરતોએ રજા આપવામાં આવી છે તેનું વર્ણન આગળ કરવામાં આવ્યું છે.

*

બહુપત્નીત્વનો રિવાજ તે કાળમાં યુરોપ અને એશિયાના બધા દેશોમાં હતો. યુરોપના બધા દેશોમાં ૧૫મી સદી સુધી એક પુરુષને ગમે તેટલી પત્નીઓ હોય એ કાયદેસર ગણાતું હતું. આ વીસમી સદીમાં યુરોપ અને અમેરિકામાં 'મૉરમન' નામનો ખ્રિસ્તી સંપ્રદાય છે. એ સંપ્રદાય સોથી થોડાં વધારે વરસ પહેલાં અમેરિકામાં સ્થપાયો હતો અને તે 'હજરત ઈસા મસીહ અને પછીના સંતોનો સંપ્રદાય'[1] કહેવાય છે. આ સંપ્રદાયનું ધર્મપુસ્તક 'બુક ઑફ મૉરમન' જે ઈશ્વરીય મનાય છે, તેમાં આ સિદ્ધાંતનો ખુલ્લો ઉલ્લેખ આવે છે. અમેરિકાના યુટાહ સ્ટેટ અને ગ્રેટ સૉલ્ટ લેકમાં હજી પણ આ લોકોની વધતી જતી અને સુખી વસ્તી છે. આ સંપ્રદાયના બીજા ગુરુ વિડહેમ યંગને ઈ. સ. ૧૮૭૭માં તેના મૃત્યુ સમયે ૧૭ પત્નીઓ હતી. યુરોપમાં પણ અનેક જગ્યાએ આ સંપ્રદાયના લોકોની વસ્તી વધતી જાય છે અને તેઓ કેટલાંયે લગ્નો કરે છે. ઈ. સ. ૧૯૩૩માં ફક્ત ઈંગ્લાંડમાં તેમનાં ૮૨ દેવળો હતાં. ઈ. સ. ૧૮૯૦ પછી કેટલાક દેશોમાં તેમના આ રિવાજ સામે કાયદા પસાર થયા છે. પરંતુ અમેરિકા સુધ્ધાંમાં હજી સુધી તેમનો આ રિવાજ બંધ થઈ શક્યો નથી.

હિંદુસ્તાનની કોર્ટોમાં જે હિંદુ ધર્મશાસ્ત્રોને આધારે હિંદુ રિવાજનો નિર્ણય કરવામાં આવે છે તે ધર્મશાસ્ત્રોમાં બહુપત્નીત્વને આજ સુધી

---

૧. The Church of Jesus Christ and of Latter-day Saints.

કાયદેસર માનવામાં આવે છે. મહંમદસાહેબે આ પુરાણા રિવાજને એક હદની અંદર મર્યાદિત કર્યો અને એક માણસને ચારથી વધારે પત્નીઓ કરવાનું હમેશને માટે બંધ કરી દીધું.

આ ઉપરાંત તે જમાનો અરબસ્તાનમાં રોજ રોજની લડાઈઓનો જમાનો હતો; પુરુષોની સંખ્યા ઘટતી જતી હતી. વિધવાઓ ને અનાથોની સંખ્યા વધતી જતી હતી અને તેમના ગુજરાન માટે તે જમાનાને અનુકૂળ વ્યવસ્થા કરવી આવશ્યક હતી. કુરાનની જે આયતોમાં ચાર લગ્નો સુધીની પરવાનગી છે તે આયતો આ છે :

> "અને જો તમને એ વાતનો ડર હોય કે તેમની સાથે લગ્ન કર્યા સિવાય અનાથો પ્રત્યે તમે ન્યાય નહીં કરી શકો તો જે સ્ત્રીઓ તમને ગમે તેમાંની બે, ત્રણ કે વધારેમાં વધારે ચાર સાથે લગ્ન કરી લો. પરંતુ તમને એવો ડર હોય કે તમે તે બધી સાથે સમાન ઈન્સાફથી નહીં વર્તી શકો તો પછી ફક્ત એકની સાથે જ લગ્ન કરો, અથવા જેમની સાથે લગ્ન કરી ચૂકયા હો તે કરી ચૂકયા. એ તમારે માટે વધારે સારું છે જેથી કરીને તમે નીતિને રસ્તેથી ચલિત ન થાઓ." (૪–૩)

> "અને તમે ઇચ્છો તોપણ બધી પત્નીઓ સાથે સમાન વર્તન કરી શકવાની તમારી તાકાત નથી." (૪–૧૨૯)

પહેલી આયત ઓહદની લડાઈ પછી તરતની છે. આ આયતો પરથી એ સ્પષ્ટ થાય છે કે કુરાન સામાન્ય રીતે એકપત્નીત્વના રિવાજને યોગ્ય માને છે.

*

તેમની હરેક વાતને લોકો અટળ ન માની બેસે તે માટે મહંમદ-સાહેબ પૂરતી કોશિશ કરતા રહેતા હતા.

એક વાર મદીનામાં તેઓ કયાંક જતા હતા. રસ્તામાં લોકો ખજૂરીઓની કલમો લગાડતા હતા. મહંમદસાહેબ કલમ લગાડવાનું જાણતા નહોતા. લોકોને કલમ લગાડતા જોઈને તેમણે કહ્યું – "મને લાગે છે કે તમે આ ઝાડોને એમ ને એમ જ વધવા દો તો સારું." લોકોએ

તેમની સલાહ માની લીધી. પછી મોસમ આવતાં આ વૃક્ષો પર ખજૂર બહુ ઓછું આવ્યું. મહંમદસાહેબને આ વાતની જાણ કરવામાં આવી ત્યારે તેમણે જવાબ આપ્યો—"હું તમારી પેઠે કેવળ એક માણસ છું. જ્યારે હું તમને ધર્મની બાબતમાં કાંઈ કહું ત્યારે તે માની લો અને જ્યારે ધર્મ સિવાય કોઈ બીજી બાબત વિશે કહું ત્યારે તમે તમારા મત પ્રમાણે વર્તો. દરેક વાતમાં મારો જ મત ખરો ન માનો. હું કેવળ એક માનવી જ છું."

—મુસ્લિમ

*

મક્કામાં, મદીનાના સૌથી પહેલા થયેલા મુસલમાનો પાસે 'અકબા-નો કરાર' નામનો જે કરાર કરાવવામાં આવ્યો હતો તેમાં આ શબ્દો સ્પષ્ટ હતા—"અમે કોઈ પણ એવી વાત જે 'મારૂફ' (વિવેકયુક્ત) હશે તેમાં પેગંબરની આજ્ઞાનો ભંગ નહીં કરીએ."

પહેલાં મહંમદસાહેબે કુરાન અને પોતાના બાકીના બધા ઉપદેશો એકબીજાથી જુદા પાડયા. ફક્ત કુરાન ઈશ્વરનું છે. બીજું બધું કેવળ 'એક માણસનો અભિપ્રાય' છે. "આ પુસ્તકની કેટલીક આયતો 'મોહક-માત'—અટળ આજ્ઞાઓ છે. એ જ આ પુસ્તકનો પાયો છે. અને બાકીની આયતો 'મુતશાબેહાત' (ઉપમા કે ઉદાહરણ તરીકે) છે. જે લોકોના અંતરમાં આડાઈ છે તેઓ એ જ ભાગ—જે ઉપમા કે ઉદાહરણ તરીકે છે તેને અનુસરે છે, તેમાંથી અર્થો કાઢતા ફરે છે અને લોકોમાં ટંટાફિસાદ ઊભા કરે છે." (૩—૬) કુરાન કહે છે, "દરેક જમાનાને માટે ધર્મપુસ્તકો છે. ખુદા ચાહે તે પુસ્તકને રદ કરે છે અને ચાહે તેને કાયમ રાખે છે અને આ બધાં ધર્મપુસ્તકોની માતા એટલે કે અસલ ધર્મપુસ્તક એ જ અલ્લા પાસે છે." (૧૩—૩૮, ૩૯)

એક હદીસ જેને સૌ સાચી (કુદસી) માને છે, તેમાં લખ્યું છે કે મહંમદસાહેબે પોતે પોતાના જમાનાના ઈરાની અને યુનાની મુસલ-માનોને પોતપોતાની ભાષામાં નમાજ પઢવાની રજા આપી હતી. ઉપર ઉપરના રીતરિવાજોને વળગી રહેવા વિરુદ્ધ તેઓ લોકોને વારંવાર ચેતવતા રહેતા હતા. એક વાર મહંમદસાહેબે કહ્યું હતું :

"ખરેખર તમે લોકો અત્યારે એક એવા જમાનામાં રહો છો કે તમને જે આદેશ આપવામાં આવ્યા છે તેના દશમા ભાગનો પણ જે ભંગ કરશે તે પાયમાલ થશે. પરંતુ હવે પછી એવો સમય આવશે જ્યારે લોકોમાંથી જે અત્યારના આદેશોના દસમા ભાગનો પણ અમલ કરશે તેને મુક્તિ મળશે."

—તિરમિઝી

*

મહંમદસાહેબ પોતાના ઈશ્વર આગળ જે જાતની પ્રાર્થનાઓ કરતા તે પરથી તેમના વિચારો અને શ્રદ્ધાનું ખાસું ચિત્ર આપણી સમક્ષ ખડું થાય છે. નમાજમાં ઊભા થવાને વખતે તેઓ કહેતા :

"એક સત્યશોધક તરીકે હું તેના તરફ મોં કરું છું જેણે આસમાન અને જમીન બનાવ્યાં છે. હું એક અલ્લા સાથે બીજા કોઈને સામેલ કરતો નથી. ખરેખર મારી પ્રાર્થના, મારી ભક્તિ, મારું જીવન અને મારું મૃત્યુ — બધું અલ્લાને માટે છે. તે આખા જગતનો માલિક છે. તેનો કોઈ ભાગીદાર નથી. હું તેનો જ દાસ છું. હું મુસ્લિમ (જેણે પોતાનું સર્વ કાંઈ ઈશ્વર પર છોડી દીધું હોય તે) છું. હે અલ્લા, તું જ અમારો બાદશાહ છે. તારા સિવાય અમારે કોઈની ઈબાદત ન કરવી જોઈએ. તું મારો માલિક છે અને હું તારો દાસ છું . . . તું મારાં સર્વે પાપોની ક્ષમા આપ. ખરેખર તારા સિવાય કોઈ બીજો પાપોની ક્ષમા આપી ન શકે. મને એવો આદેશ આપ કે મારી ચાલચલગત સૌથી સારી થાય. તારા સિવાય કોઈ મારી ચાલચલગતમાંના દોષો દૂર કરી શકે એમ નથી. હું તારી સમક્ષ છું, તારી સેવામાં હાજર છું. સર્વ ભલાઈ તારા હાથમાં જ છે. અને બૂરાઈ સાથે તારે કંઈ સંબંધ નથી. હું તારી પાસેથી જ આવ્યો છું અને તારી પાસે જ મારે પાછા આવવાનું છે. બધી શોભા અને બધી મહત્તા તારી જ છે. હું તારી ક્ષમા માગું છું અને તારી આગળ પ્રાયશ્ચિત્ત કરું છું."

સામે નમતી વખતે (રુકુ વખતે) તેઓ કહેતા :

"હે અલ્લા, હું તને નમસ્કાર કરું છું. તારા પર જ મને

શ્રદ્ધા છે. હું મારી જાત તને જ સોંપું છું. મારા કાન અને મારી આંખો, મારું મગજ, મારાં હાડકાં અને મારી કરોડ એ સૌ તને મારી તુચ્છ ભેટ છે.”

પછી શિર ઊંચું કરતા ત્યારે કહેતા :

“હે અલ્લા, અમારા માલિક, આસમાન અને જમીન તથા તેમની વચ્ચેની સર્વે વસ્તુઓ અને હવે પછી તું જે પેદા કરે તે બધું તારી સ્તુતિથી ભરાઈ જાઓ.”

પછી સિજદા (નમસ્કાર) વખતે કહેતા :

“હે અલ્લા, હું તારી ઈબાદત કરું છું. તારા પર જ મને ભરોસો છે. હું મારી જાત તને સોંપું છું. મારું મોં તેની સ્તુતિ કરે છે જેણે મને પેદા કર્યો, મને રૂપ આપ્યું, મારાં આંખ, કાન બનાવ્યાં. અલ્લાની શોભા છે. તે સૌથી સારો સર્જક છે.”

છેવટે કહેતા :

“હે અલ્લા, મારાં સર્વે પાપોની ક્ષમા આપ – જે મેં આજ સુધી કર્યાં હોય તેની અને હવે પછી જે મારાથી થઈ જાય તેની પણ, જે પાપ મેં છાનાંમાનાં કર્યાં હોય તેની પણ, અને જે કોઈ બાબતમાં મેં મર્યાદા ઓળંગી હોય તેની, અને બીજી વસ્તુઓ જે મારામાં મને દેખાય તે કરતાં તને વધારે દેખાતી હોય તેની – બધાંની ક્ષમા આપ. તું જ સૌનો આદિ અને તું જ સૌનો અંત છે. તારા સિવાય કોઈ ઈબાદતને પાત્ર નથી.”

—મુસ્લિમ

*

એક બીજા વખતની મહંમદસાહેબની પ્રાર્થના આવી છે :

“હે અલ્લા, મારા અંતઃકરણને પવિત્ર કર, જેથી તેમાં કપટ ન રહે. મારાં કાર્યોને પવિત્ર કર, જેથી તેમાં ઉપર ઉપરનો દેખાવ ન રહે. મારી જીભને પવિત્ર બનાવ જેથી તે કદી જૂઠું ન બોલે. મારી આંખોને પવિત્ર કર, જેથી તેમાં છળકપટ ન રહે. ખરેખર આંખોની અંદરનું છળ અને જે કંઈ લોકોના અંતરમાં છુપાઈ રહે છે તે બધું તું જાણે છે.”

## ૩૨

# યુરોપિયનોના કેટલાક અભિપ્રાયો

પ્રખ્યાત અંગ્રેજ તત્ત્વજ્ઞાની કાર્લાઈલ મહંમદસાહેબ વિશે લખે છે :

"તેઓ પ્રકૃતિના મોટા ખોળામાંથી નીકળેલો જીવનનો એક જબરજસ્ત બળતો અગ્નિ હતા, જગતના સર્જનહારની આજ્ઞાથી જગતને પ્રકાશમાન કરવા અને તેને જગાડવા માટે આવ્યા હતા."

વળી આગળ ચાલતાં કાર્લાઈલ લખે છે :

"તેઓ શરૂઆતથી શાંત પણ મહાન હતા. ધ્યેયના પાકા અને દિલના સાચા થયા સિવાય રહી જ શકે નહીં એવાઓમાંના તે એક હતા. આ પ્રકારના પુરુષોને ખુદ પ્રકૃતિ શરૂઆતથી જ સાચા બનાવે છે. બીજા લોકો રીતરિવાજો પ્રમાણે અને સાંભળેલી વાતો પ્રમાણે ચાલે છે, એટલાથી જ તેમને સમાધાન મળી રહે છે. પરંતુ આ પ્રકારના પુરુષનો આત્મા રીતરિવાજના પડદા પાછળ છુપાઈ રહી શકે તેમ નહોતું. તેમણે પૂરા દિલથી વસ્તુઓનું સાચું સ્વરૂપ જાણવાનો પ્રયાસ કર્યો. તેમણે આ જીવનના જબરદસ્ત રહસ્યને, તેની બિહામણી બાજુઓ અને તેનો પ્રકાશ બંનેને પૂરેપૂરી રીતે સમજવાનો પ્રયત્ન કર્યો. કોઈ સાંભળેલી વાત તેમના આત્માને, તેમની 'હસ્તી'ને દબાવી શકતી નહોતી. આવી સાચી લગનીવાળા માણસમાં ઈશ્વરનો કાંઈક ખાસ અંશ હોય છે એમાં શક નથી. આવા માણસના મોઢામાંથી નીકળેલા શબ્દ સીધા પ્રકૃતિના અંતરમાંથી નીકળેલા અને પ્રકૃતિનો જ અવાજ હોય છે. લોકો તેની વાત, બીજા કોઈની ન સાંભળે એવી રીતે, સાંભળે છે અને સાંભળશે. તેના શબ્દો આગળ બીજું બધું કેવળ પોકળ છે. શરૂઆતથી જ આ માણસના અંતરમાં હજારો પ્રકારના વિચાર, યાત્રાઓમાં અને મુસાફરીમાં, ઉત્પન્ન

થતા રહ્યા. હું શું છું? આ અથાગ વસ્તુ, જેને લોકો દુનિયા કહે છે અને જેમાં હું રહું છું એ શું છે? જીવન શી વસ્તુ છે? મૃત્યુ શી વસ્તુ છે? હું શું માનું? શું કરું? હિરા પહાડ અને સિનાઈ પર્વતના સૂમસામ ખડકોએ કે રણોએ કશો જવાબ ન આપ્યો. શિર ઉપર વિસ્તરેલા વિશાળ આસમાને, જેના નીલ રંગ પર તારાઓ ઝગમગી રહ્યા હતા તેણે કશો જવાબ ન દીધો. ક્યાંયથી કશો ઉત્તર ન મળ્યો. છેવટે તેના પોતાના આત્માને, અને તે આત્માની અંદર કામ કરી રહેલા પરમેશ્વરના અવાજને જવાબ આપવો પડ્યો."[૧]

મહંમદસાહેબના પ્રયત્નો અને તેમની સફળતાઓનું વર્ણન કરતાં એક બીજો વિદ્વાન લખે છે :

"મહંમદસાહેબના જમાનામાં અરબસ્તાનમાં સૌથી વધારે ફેલાયેલા દુર્ગુણો, જેમને કુરાનમાં ભારપૂર્વક વખોડવામાં આવ્યા છે અને જેમની બિલકુલ મનાઈ કરવામાં આવી છે તે આ હતા – શરાબખોરી, વ્યભિચાર, બહુપત્નીત્વ, બાળકીઓની હત્યા, અમર્યાદ જુગાર, વ્યાજખોરી અને તેને બહાને લોકોને લૂંટવા અને જંતરમંતર જેવી બાબતોમાં અંધશ્રદ્ધા. મહંમદસાહેબના પ્રયત્નથી આ બૂરા રિવાજોમાંના કેટલાક બિલકુલ બંધ થઈ ગયા અને બાકીના ઓછા થઈ ગયા. આથી આરબોના આચરણમાં બહુ ભારે સુધારો થયો અને તે ઉચ્ચ બન્યું. એ મહંમદસાહેબની શક્તિ અને તેમની અસર બંનેનું એક અજબ અને જબરજસ્ત પ્રમાણ છે. બાળકીઓની હત્યા અને મદ્યપાન બિલકુલ બંધ થઈ ગયાં એ મહંમદસાહેબના કાર્યની સૌથી મોટી સફળતા છે."

"મહંમદસાહેબે પોતાની કોમને બહુ ભારે લાભ પહોંચાડ્યો અને તેના પર બહુ ઉપકાર કર્યો. તેઓ એવા દેશમાં

---

૧. *Heroes, Heroworship and the Heroic in History,* Sec. II.

જન્મ્યા હતા જ્યાં ન તો કોઈ જાતનું વ્યવસ્થિત રાજ્ય હતું, ન તો અક્કલમાં ઊતરી શકે એવો કોઈ ધર્મ હતો અને ન તો કોઈ જાતનો સદાચાર હતો. આ ત્રણેનું ત્યાં નામ પણ નહોતું. મહંમદસાહેબે એ ત્રણેની સ્થાપના કરી. પોતાની અસામાન્ય સૂઝના કેવળ એક જ ઘાથી તેમણે પોતાના દેશવાસીઓની હકૂમત, તેમનો ધર્મ અને તેમનું આચરણ ત્રણેને એકીસાથે સુધારી દીધાં. છૂટા છૂટા અનેક કબીલાઓને બદલે તેઓ એક સંયુક્ત કોમ મૂકી ગયા. અનેક દેવદેવીઓ અને ખુદાઓમાં અંધશ્રદ્ધાને બદલે તેમણે બુદ્ધિથી સમજી શકાય તેવી સૌના નાથ, સર્વશક્તિમાન એક દયાળુ પરમાત્મામાં શ્રદ્ધા પેદા કરી. તેમણે લોકોને જણાવ્યું કે, પરમાત્મા આપણને હર ક્ષણે જોતો રહે છે અને આપણાં સારાં-માઠાં સૌ કર્મોનાં બરાબર ફળ આપે છે. આ શ્રદ્ધાને આધારે જ તેમણે લોકોને સારું જીવન ગુજારવાનું શીખવ્યું."[૧]

મહંમદસાહેબનો ઉપદેશ ઈશ્વરી વાણી કે ઈશ્વરનો સંદેશો હોવા વિશે એક બીજો વિદ્વાન લખે છે :

"ખરેખર, પરમેશ્વર બધી ભલાઈનો ઝરો છે. એ પરમેશ્વર તરફની આકાશવાણી જેવી કોઈ વસ્તુ હોય તો જે ધર્મનો મહંમદ-સાહેબે ઉપદેશ કર્યો તે ધર્મ, કેવળ બીજાઓની નકલ કરીને અથવા બીજાઓમાંથી સારી સારી વાતો વીણી વીણીને ઘડી કાઢવામાં નહોતો આવ્યો પણ, ખરેખર ઇલહામી (ઈશ્વરીય Inspired) હતો. મારી ક્ષુદ્રતા બરાબર સમજતાં છતાં હું કહેવાની હિંમત) કરું છું કે, આત્મબલિદાન, સાચી દાનત અને લગની, પોતાના જમાનાની બૂરાઈઓ અને દોષોને સમજી લેવાની અસામાન્ય શક્તિ અને તે બૂરાઈઓ તથા દોષો દૂર કરવાના સારામાં સારા ઉપાય સમજી લઈને તેમનો ઉપયોગ કરવો – આ બધી બાબતો જો ઈલહામ(ઈશ્વરીય વાણી)ની સૌ જોઈ શકે તેવી નિશાનીઓ

---

૧. W. R. W. Stephen's *Christianity and Islam : The Bible and the Quran*, pp. 112 and 129.

હોય તો મહંમદસાહેબનું મિશન ઇલહામી (ઈશ્વરપ્રેરિત) હતું તેમાં કંઈ શક નથી."[૧]

એક બીજો વિદ્વાન લખે છે :

"આજ સુધીમાં કોઈ પણ જમાનામાં ઊંડામાં ઊંડા અર્થમાં જે સાચામાં સાચા અને વધારેમાં વધારે લગનીવાળા આત્મા પેદા થયા છે તેમાંના મહંમદસાહેબ એક હતા. તે એક મહાપુરુષ જ નહોતા બલકે માણસજાતે જે મહાનમાં મહાન એટલે સાચામાં સાચા માણસ ક્યારેય પેદા કર્યા છે તેમાંના એક હતા અને રાજનીતિજ્ઞ તરીકે પણ મહાન હતા. તેઓ સમાજ તથા ધર્મ બંનેને સુધારવાવાળા તથા આગળ વધારવાવાળા હતા. તેમણે એક મહાન કોમ બનાવી, તેથી મહાન એક સામ્રાજ્ય સ્થાપ્યું અને એથીયે મહાન એક ધર્મ સ્થાપ્યો....તેઓ એવા પુરુષ હતા કે જેમનું ભવિષ્યમાં કોઈ કાળે—આજકાલ ધર્મને નામે જાતજાતના જુદા જુદા વાડાઓ બનાવીને બેઠેલા જગતના લોકો એ વાડાઓમાંથી નીકળીને એક વધારે વ્યાપક અને વધારે સમજાય એવો માનવ-ધર્મ માનવાનું શરૂ કરશે ત્યારે—આજના કરતાં ક્યાંય વધારે આદરપૂર્વક સ્મરણ કરવામાં આવશે. ખરેખર મહંમદ મહાનમાં મહાન પુરુષ કરતાં પણ મહાન હતા."[૨]

છેવટે, એક બીજો વિદ્વાન લખે છે:

"મહંમદસાહેબને એકીસાથે ત્રણ વસ્તુઓ સ્થાપવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું. એક કોમ (નૅશન), એક રાજ (સ્ટેટ) અને એક ધર્મ. ઇતિહાસમાં ક્યાંય આ જાતનો બીજો દાખલો નથી મળતો."[૩]

---

૧. Dr. Leitner Quoted by M. A. Fazl in the *Life of Mohammad*, pp. 219-20.

૨. *Islam, Her Moral and Spiritual Value*, by Major A. G. Leonard, pp. 21 and 109.

૩. *Mohammad and Mohammadanism*, by Bosworth Smith, p. 34.

મહંમદસાહેબના મૃત્યુ પછી સો વરસે આરબોનું સામ્રાજ્ય જેટલું મોટું અને જેટલે દૂર સુધી વિસ્તરેલું હતું તેટલું મોટું અને તેટલે દૂર સુધી વિસ્તરેલું તો રોમન સામ્રાજ્ય પોતાના સારામાં સારા કાળમાં પણ કદી નહોતું.[1]

ઈ. સ.ની વીસમી સદીની શરૂઆતમાં દુનિયામાં ઇસ્લામ ધર્મ માનનારા ૩૦ કરોડથી વધારે માણસો હતા.

1. *The Preaching of Islam*, by T. W. Arnold, p. 2.

## લેખકે જેમાંથી મદદ લીધી છે એવાં
## કેટલાંક પુસ્તકોની યાદી


૧. *The Holy Quran*, Arabic Text with English Translation and Commentary, by Maulvi Muhammad Ali, M.A., LL.B.

૨. *The Quran*, with Preliminary Discourse, by George Sale

૩. *The Quran*, in English, with Arabic Text, by Mirza Abul Fazl

૪. तर्जुमानुल कुरान — मौलाना अबुल कलाम आझाद (उर्दू)

૫. *Selections from the Quran*, by E. W. Lane

૬. *The Wisdom of the Quran*, by General Mahmud Muhtar Pasha

૭. *The Quran*, by J. M. Rodwell

૮. *The Quran*, by E. H. Palmer

૯. *Islam : Her Moral and Spiritual Value*, by Major Arthur Glyn Leonard

૧૦. *The Spirit of Islam*, by Syed Amir Ali, M.A., C.I.E.

૧૧. *The Preaching of Islam*, by T. W. Arnold

૧૨. *Mohammad and Mohammadanism*, by R. Bosworth Smith, M.A.

૧૩. *The Life of Mohammad*, by Mirza Abul Fazl

૧૪. *Sayings of the Prophet Mohammad*, by Mirza Abul Fazl

૧૫. *Higgins, An Apology for Mohammad*, Edited by Mirza Abul Fazl with an Introduction

૧૬. *Essays on the Life of Muhammad, etc.*, by Sir Syed Ahmed

૧૭. *Heroes, Heroworship and the Heroic in History*, by Thomas Carlyle

૧૮. *A Critical Exposition of the Popular 'Jihad'*, by Maulvi Chirag Ali
૧૯. *The Doctrine of Sin*, by Rev. Gardner
૨૦. *The Quranic Doctrine of Sin*, by Rev. Gardner
૨૧. *The Quranic Doctrine of Salvation*, by Rev. W. R. W. Gardner, M. A.
૨૨. *The Speeches and Table Talk on the Prophet Muhammad*, by Stanley Lane Pool
૨૩. *The Ideal Prophet*, by Khwaja Kamaluddin
૨૪. *A History of the Intellectual Development of Europe*, by J. W. Draper
૨૫. सीरतुन्नबी — शिबली (उर्दू)
૨૬. *Life of Mohammet*, by Sir William Muir
૨૭. *A Description of the East and Other Countries*, by Richard Pococke, Bishop of Meath
૨૮. तफसीरुल कुरान — सैयद अहमदखां (उर्दू)
૨૯. *Christianity and Islam : The Bible and the Quran*, by W. R. W. Stephens
૩૦. *Life of Muhammad*, by Washington Irwing
૩૧. मज्ञाकूल आरकीन — (उर्दू) तरजुमा अहियाय उलमुद्दीन इमाम (गिज़ाली)
૩૨. मसनवी — मौलाना रूम (फ़ारसी)
૩૩. गुलशने राज़ (फ़ारसी)

## ધર્મ એક જ છે

''મારી દઢ માન્યતા છે કે જગતના બધા મહાધર્મો સાચા છે, બધા ઈશ્વરે નિર્મેલા છે, અને બધા તેનો જ આદેશ ફેલાવે છે, ને તે તે વાતાવરણમાં ને તે તે ધર્મમાં ઊછરેલા લોકોની આધ્યાત્મિક ભૂખને તૃપ્ત કરે છે. હું નથી માનતો એવો સમય કદી આવે જ્યારે આપણે કહી શકીએ કે જગતમાં ધર્મ એક જ છે. એક અર્થમાં આજે પણ જગતમાં મૂળ ધર્મ એક જ છે. પણ કુદરતમાં ક્યાંયે સીધી લીટી છે જ નહીં. ધર્મ એ અનેક શાખાઓવાળું મહાવૃક્ષ છે. શાખાઓ રૂપે ધર્મો અનેક છે એમ કહી શકાય; વૃક્ષરૂપે ધર્મ એક જ છે.''

– ગાંધીજી

## ધર્મને સમજો

સાત પુસ્તકોનો સંપુટ

| | |
|---|---|
| ૧. હિંદુ ધર્મનું હાર્દ | ૪૦.૦૦ |
| ૨. રામ અને કૃષ્ણ | ૨૦.૦૦ |
| ૩. બુદ્ધ અને મહાવીર | ૧૫.૦૦ |
| ૪. ગીતા અને કુરાન | ૩૦.૦૦ |
| ૫. હજરત મહમદ અને ઈસ્લામ | ૨૦.૦૦ |
| ૬. ઈશુ ખ્રિસ્ત | ૨૦.૦૦ |
| ૭. અશો જરથુષ્ટ્ર | ૫.૦૦ |

આ સાત પુસ્તકો એકસાથે ખરીદનારને રૂ.૧૫૦ને બદલે રૂ.૬૦માં આપવામાં આવશે.

SABARMATI ASHRAM
004916 Ahmedabad
HAJRAT MAHMAND ANE ISHLAM
MRP : Rs. 20

કિંમત : ૧૫૦/- (સેટના)

ISBN 81-7229-124-8(Set)